# સુયં મે આઉસં !

સંપાદક
જિતેન્દ્ર બી. શાહ



પ્રકાશક
શ્રુતરત્નાકર
અમદાવાદ

# સુયં મે આઉસં !

(જિનવચનોનો સંગ્રહ)

સંપાદક

જિતેન્દ્ર બી. શાહ

: પ્રકાશક :

શ્રુતરત્નાકર

અમદાવાદ

# સુયં મે આઉસં !

(જિનવચનોનો સંગ્રહ)

•

સંપાદક

જિતેન્દ્ર બી. શાહ

•

પ્રકાશક

શ્રુતરત્નાકર

૧૦૪, સાર૫, નવજીવન પ્રેસ સામે,

આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

•

પ્રથમ આવૃતિ : ૨૦૦૯

•

પ્રત : ૫૦૦

•

કિંમત : ૧૫૦/-

## આર્થિક સહયોગ

મહેશભાઈ તથા હંસાબેન

વિનોદભાઈ તથા રસિલાબેન

ચેરિહિલ, ન્યૂજર્સી

અમેરિકા

मंगलं भगवान वीरो, मंगलं गौतमप्रभुः ।
मंगलं स्थूलभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलम् ॥

❖ ❖ ❖

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,
તે ગુરુ ગૌતમ સમરીએ, વાંચ્છિત ફલ દાતાર.

# પ્રકાશકીય

ચરમ શાસનનાયક તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીની દેશના જગતના જીવોનું કલ્યાણ કરનારી છે. તેમની વાણી સાંભળી અનેક જીવો ત્રિવિધ તાપથી મુક્ત થઈ શાશ્વત આત્મિક આનંદને પામ્યા છે. આવી ત્રિવિધ તાપહારિણી વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરવાનું કાર્ય ગણધર ભગવંતોએ કર્યું છે. સૂત્રબદ્ધ થયેલી વાણી આગમ રૂપે પ્રસિદ્ધ છે. આગમોની સંખ્યા ૪૫ છે. મૂળ આગમો અર્ધમાગધી-પ્રાકૃતમાં લખાયાં છે. આજે તો આ ભાષા દુર્ગમ બની છે. પરંતુ એક કાળે આ જ ભાષા લોકભાષા રૂપે સુપ્રસિદ્ધ હતી પરમાત્માએ સર્વ જીવોનું કલ્યાણ થાય તે માટે પંડિતોની ભાષાને ઉપદેશનું માધ્યમ ન બનાવતા લોકભાષાને જ દેશનાનું માધ્યમ બનાવી અનન્ય ઉપકાર કર્યો છે.

પ્રત્યેક આગમની શરૂઆતનાં પદો સુયં મે આઉસં !થી થાય છે. એટલે કે હે આયુષ્યમાન્ શિષ્ય ! મેં ભગવન્ પાસેથી આવું સાંભળ્યું છે તે તમે સાંભળો ! આ વાક્યમાં પરમાત્મા પ્રત્યે ભક્તિ અને દેશનામાં અનન્ય શ્રદ્ધા જણાઈ આવે છે. આથી જ આ પવિત્ર શબ્દોને ગ્રંથના શીર્ષક તરીકે પસંદ કર્યા છે. મૂળ તો આ શબ્દો જિનવાણીને જ ઇંગિત કરે છે.

જિનવાણી આગમોમાં સૂત્રાત્મક શૈલીમાં રજૂ થયેલી છે. સૂત્ર અર્થગંભીર છે. અને છતાંય તે બધાં જ વચનો આત્મકલ્યાણના અનન્ય ઉપાય સ્વરૂપ છે. આ વચનોમાંથી કેટલાંક જિનવચનોનું ચયન કરી અહીં પ્રકાશિત કરવામાં આવ્યાં છે. અહીં સંગ્રહિત

કરવામાં આવેલાં જિનવચનો મુખ્યત્વે આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર, ભગવતીસૂત્ર ઉત્તરાધ્યયન સૂત્ર આદિ આગમ ગ્રંથોમાંથી ચૂંટી રજૂ કરવામાં આવ્યાં છે. મુખ્યત્વે પાંચમા અંગ આગમ ભગવતીસૂત્રમાંથી પસંદ કરેલા અંશો રજૂ કરવામાં આવ્યાં છે. આ અંશો ગોપાલદાસ જીવાભાઈ પટેલ અનુવાદિત ભગવતીસાર તથા મહાવીર કથામાંથી પસંદ કરવામાં આવ્યા છે. આ માટે અમે લેખક અને પ્રકાશક બન્નેનો આભાર માનીએ છીએ.

આ ગ્રંથ ચાર વિભાગમાં વિભક્ત થયેલો છે. તેમાં પ્રથમ ચારિત્રખંડ છે. તેમાં ભગવતીસૂત્રમાં આવતી કથાઓમાંથી પસંદ કરેલી કથાઓ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે. આ ખંડમાં આપવામાં આવેલી કથાઓ આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે થયેલા સાધકોની જીવન-ગાથા છે. તેમાં સાધનામાર્ગની કઠિનતા, ઉપસર્ગો, પરિષહો અને અવરોધોની વાત છે. તેમ છતાં સાધકો મોહમાયામાં અટવાયા વગર દઢવૈરાગ્ય ધારણ કરી આત્મકલ્યાણ સાધે છે. આ કથાઓ આજે ય સાધકોને માર્ગદર્શન પૂરૂં પૂડે છે. બીજો ખંડ કથાખંડ છે. જેમાં ભગવાન મહાવીરસ્વામીએ કહેલી દષ્ટાંતકથાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ધર્મકથાઓ જ્ઞાતાધર્મકથા આગમગ્રંથમાંથી લેવામાં આવી છે. કથાઓ નાની પણ માર્મિક અને સાધકને સાધનામાર્ગમાં વધુ મક્કમતા દેનારી છે. તૃતીય ખંડમાં ઉપદેશનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ચતુર્થ ખંડમાં જૈનધર્મના સિદ્ધાન્તોનો છે. ભગવતીસૂત્રમાં ગણધર ભગવંત ગૌતમસ્વામીજીએ પરમાત્માને પૂછેલા પ્રશ્નો અને પરમાત્માએ આપેલા જવાબો છે. આ સંવાદ અત્યંત રોચક અને પ્રબુદ્ધ શિષ્યે પૂછેલા પ્રશ્નોનો પરમાત્માએ આપેલા સમાધાનનો સંવાદ છે. આ સંવાદ જૈનધર્મના સિદ્ધાન્તોને સમજવા માટે ઉપયોગી છે. આ ગ્રંથમાં આત્મકલ્યાણ અને ધર્મને સમજવા માટે ઉપયોગી થાય તેવી દષ્ટિથી સંગ્રહ કરવામાં આવેલાં જિનવચનો છે.

આ પૂર્વે આ જ સંસ્થા દ્વારા વર્ધમાન મહાવીર અને ઇન્દ્રભૂતિ ગૌતમ નામનો એક ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો હતો તે જ શ્રેણીમાં આ દ્વિતીય ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે. પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવામાં મારા સ્નેહી મિત્રો સર્વશ્રી મહેશભાઈ તથા હંસાબેન તેમજ વિનોદભાઈ તથા રસિલાબેન નિમિત્ત બન્યાં છે. તેમણે આવો ગ્રંથ તૈયાર કરવા મને પ્રોત્સાહિત કર્યો તે માટે હું તેમનો આભારી છે.

આ ગ્રંથના પ્રૂફવાંચનનું કામ ચાલતું હતું ને એક દિવસ શ્રીદેવીબેન મહેતા મળવા આવ્યા તેમણે સંસ્થામાં કામ કરવાની ભાવના પ્રદર્શિત કરી એટલે મેં આ ગ્રંથનાં પ્રૂફ તપાસવાં આપ્યાં. તેમણે ખૂબ જ ખંત, ચીવટ અને ઉત્સાહપૂર્વક દ્રુતગતિથી કાર્ય આરંભ્યું અને સંપન્ન પણ કર્યું. તેમણે માત્ર પ્રૂફ જ ન જોયાં પણ કેટલાંક ઉપયોગી સુધારા અને સૂચનો પણ કર્યાં, જેના કારણે ગ્રંથ વધુ સુંદર થઈ શક્યો છે. તે માટે તેમનો આભાર માનું છું. ગ્રંથપ્રકાશનમાં સંસ્થાના કર્મચારીશ્રી વિક્રમભાઈ, ગૌતમભાઈ આદિનો સંપૂર્ણ સહયોગ મળ્યો છે. તે માટે તેમનો પણ આભાર માનું છે.

આ ગ્રંથ અનેક જિજ્ઞાસુઓને ઉપયોગી થશે તેવી શ્રદ્ધા છે.

**જિતેન્દ્ર શાહ**

# અનુક્રમણિકા


ખંડ ૧લો ૩ થી ૯૨

૧. આર્યશ્રી સ્કંદક ૩
૨. દેવરાજ ઈશાનેંદ્ર ૧૭
૩. અસુરરાજ ચમર ૨૫
૪. ત્રાયસ્ત્રિંશક દેવો ૩૨
૫. શિવરાજ ૩૪
૬. સુદર્શન શેઠ ૩૭
૭. શંખશેઠ ૪૪
૮. જયંતી શ્રાવિકા ૪૮
૯. ઉદાયન રાજા ૫૨
૧૦. ગંગદત્ત દેવ ૫૬
૧૧. મદ્દુક શ્રાવક ૬૦
૧૨. સોમિલ બ્રાહ્મણ ૬૪
૧૩. નાનો અતિમુક્તક ૬૭
૧૪. કેટલા શિષ્યો સિદ્ધ થશે ? ૬૮
૧૫. ગૌતમને આશ્વાસન ૭૦
૧૬. મહાશિલાકંટક સંગ્રામ ૭૧
૧૭. દેવાનંદા બ્રાહ્મણી ૭૮
૧૮. જમાલિ ૮૧

| | | |
|---|---|---|
| ખંડ ૨જો | | ૯૫ થી ૧૨૭ |
| ૧. | તુંબડાં | ૯૫ |
| ૨. | બે કાચબા | ૯૬ |
| ૩. | બે ઈંડાં | ૯૮ |
| ૪. | નંદીફળ | ૧૦૦ |
| ૫. | ચંદ્રમા | ૧૦૧ |
| ૬. | રોહિણી | ૧૦૩ |
| ૭. | ઘોડાઓ | ૧૦૭ |
| ૮. | મલ્લિ | ૧૧૦ |
| ૯. | ખાઈનું પાણી | ૧૧૩ |
| ૧૦. | બે સાથે બાંધ્યા | ૧૧૬ |
| ૧૧. | કંડરીક અને પુંડરીક | ૧૨૦ |
| ૧૨. | ગળિયો બળદ | ૧૨૩ |
| ૧૩. | દાવદ્દવનાં ઝાડ | ૧૨૫ |
| ૧૪. | શ્વેત કમળ | ૧૨૬ |
| ખંડ ૩જો | | ૧૩૧ થી ૧૮૮ |
| ૧. | ચાર દુર્લભ વસ્તુઓ | ૧૩૧ |
| ૨. | અપ્રમાદ | ૧૩૩ |
| ૩. | વિવેક-વૈરાગ્ય | ૧૩૮ |
| ૪. | સદ્‌ગુરુશરણ | ૧૪૯ |
| ૫. | મુમુક્ષુની તૈયારી | ૧૫૨ |
| ૬. | સાચું વીરત્વ | ૧૭૮ |
| ૭. | મોક્ષમાર્ગ | ૧૮૦ |

ખંડ ૪થો ૧૯૧ થી ૩૦૨


| | | |
|---|---|---|
| ૧. | સત્સંગનો મહિમા | ૧૯૧ |
| ૨. | ધર્મજ્ઞાનનું મૂળ | ૨૦૧ |
| ૩. | જ્ઞાન અને ક્રિયા | ૨૧૪ |
| ૪. | ક્રિયા અને બંધ | ૨૧૮ |
| ૫. | વેદના અને નિર્જરા | ૨૨૯ |
| ૬. | જીવોનું ભારેપણું અને અલ્પાયુષીપણું | ૨૩૩ |
| ૭. | સાધુ | ૨૩૬ |
| ૮. | ભિક્ષા | ૨૭૨ |
| ૯. | કયું પાપ લાગે ? | ૨૭૮ |
| ૧૦. | સાધકોની વિવિધ શક્તિઓ | ૨૯૧ |

# સુયં મે આઉસં !

## ખંડ ૧લો

## ચારિત્રખંડ

# ૧

# આર્યશ્રી સ્કંદક

તે સમયની વાત છે.

શ્રાવસ્તી[1] નગરીમાં કાત્યાયન ગોત્રનો, ગર્દભાલ નામના પરિવ્રાજકનો શિષ્ય સ્કંદક નામનો પરિવ્રાજક (તાપસ) રહેતો હતો. તે ચાર વેદનો, પાંચમા ઈતિહાસ-પુરાણનો અને છઠ્ઠા નિઘંટુ નામના કોશનો સાંગોપાગ ધારણ કરનાર, તથા પ્રવર્તક હોઈ, તે સંબંધી ભૂલોનો અટકાવનાર હતો. તે ષડંગનો પણ જાણકાર અને ષષ્ટિતંત્ર (કાપિલીય શાસ્ત્ર)માં વિશારદ હતો. વળી ગણિત, શિક્ષા[2], કલ્પ (આચાર), વ્યાકરણ, છંદ, વ્યુત્પત્તિ, જ્યોતિષ તથા બીજાં પણ અનેક બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી નીતિશાસ્ત્રો તથા દર્શનશાસ્ત્રોમાં ઘણો ચતુર હતો.

તે જ નગરીમાં પિંગલ નામનો મહાવીર ભગવાનનો અનુયાયી નિર્ગ્રંથ સાધુ રહેતો હતો. તેણે એક દિવસ સ્કંદક પાસે જઈને તેને આક્ષેપપૂર્વક પૂછ્યું : હે માગધ ! શું લોક અંતવાળો છે કે અંત વિનાનો છે ? જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે ? સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની છે ? સિદ્ધો અંતવાળા છે કે અંત વિનાના છે ? તથા કયા મરણ વડે મરતો જીવ વધે અથવા ઘટે, અર્થાત્ જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અથવા ઘટે ?

---

૧. પ્રાચીન કોશલ દેશની રાજધાની. અયોધ્યાથી ઉત્તર તરફ પાચસેક માઈલ ઉપર રાપટી નદીના દક્ષિણ કિનારે આવેલાં સાહેતમાહેતનાં ખંડેરોને શ્રાવસ્તીનાં વર્તમાન અવશેષ ગણવામાં આવે છે.

૨. અક્ષરના સ્વરૂપને જણાવનારું શાસ્ત્ર.

આ પ્રશ્નો સાંભળી સ્કંદકને શંકા, કાંક્ષા અને અવિશ્વાસ[1] ઉત્પન્ન થતાં તેની બુદ્ધિ કુંઠિત થઈ ગઈ, અને તે બહુ ક્લેશ પામ્યો. તથા કાંઈ જવાબ ન આપી શકવાથી મૌન રહ્યો.

તે અરસામાં નજીકમાં આવેલી કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક ચૈત્યમાં શ્રી મહાવીર ભગવાન પધાર્યા. તે જાણી લોકો તેમના દર્શને ઊમટ્યા. સ્કંદકને પણ ત્યાં જવાનો વિચાર આવ્યો. તેથી પોતાનો ત્રિદંડ, કુંડી (કમંડલુ), રુદ્રાક્ષની માલા (કાંચનિકા), કરોટિકા (માટીનું પાત્ર), ભૃશિકા (આસન), કેસરિકા (લૂછણિયું), ષડ્નાલક (ત્રિગડી), અંકુશક,[2] પવિત્રક (વીંટી), ગણેત્રિકા (કલાઈનું ઘરેણું), છત્ર, પગરખાં, પાવડી અને ગેરુવાં વસ્ત્રો વગેરે ધારણ કરીને તે કૃતંગલા જવા નીકળ્યો.

આ તરફ મહાવીર ભગવાને ગૌતમને સંબોધીને કહ્યું, "હે ગૌતમ ! આજ તું તારા જૂના સંબંધીને જોઈશ." એમ કહી, તેમણે સ્કંદક કેવી રીતે આ તરફ આવવા નીકળ્યો હતો તે કહી સંભળાવ્યું. ત્યારે ગૌતમે પૂછ્યું કે 'તે આપની પાસે દીક્ષા લેશે કે કેમ ?' ત્યારે મહાવીર ભગવાને હા પાડી.

એવામાં સ્કંદક ત્યાં આવી પહોંચ્યો; ગૌતમ ઊઠીને તેની સામા ગયા; અને તે શા માટે આવ્યો છે તે બધું તેને કહી સંભળાવ્યું. આથી વિસ્મિત થઈ સ્કંદકે ગૌતમને પૂછ્યું કે તમને આ બધું સ્વશક્તિથી જાણી લઈને કોણે કહ્યું ? ત્યારે ગૌતમે મહાવીર ભગવાનનું નામ દીધું. પછી બંને મહાવીર ભગવાન પાસે ગયા.

---

૧. પ્રશ્નનો ઉત્તર શું આ હશે કે તે, તથા તેનો જવાબ હું શી રીતે નિશ્ચિત કરું એ કાંક્ષા; અને મારા જવાબથી પૂછનારને પ્રતીતિ થશે કે કેમ એ, અવિશ્વાસ.

૨. વૃક્ષ ઉપરથી પાંદડા લેવાનું સાધન

મહાવીર ભગવાન તે સમયે હંમેશ ભોજન કરતા હતા. તેમનું શરીર ઉદાર, શણગારેલા જેવું, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગલરૂપ, અલંકારો વિના પણ શોભતું તથા સારાં લક્ષણો,[1] ચિહ્નો અને ગુણોથી યુક્ત હતું. તેમને જોઈ સ્કંદક અત્યંત હર્ષ પામ્યો, તથા પુલકિત ચિત્તયુક્ત થઈ, ત્રણ પ્રદક્ષિણા કરી, તેણે તેમને વંદનાદિ કર્યાં. મહાવીર ભગવાને પણ તેને પિંગલકના પ્રશ્નો વગેરેની વાત કહી સંભળાવી, તથા તેના જવાબ પણ કહી સંભળાવ્યા :

હે સ્કંદક ! 'લોક અંતવાળો છે કે અંત વિનાનો છે' એ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે : મેં લોકને ચાર પ્રકારનો જણાવ્યો છે : દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક અને ભાવલોક. દ્રવ્યલોક તો એક છે અને અંતવાળો છે. ક્ષેત્રલોક અસંખ્ય કોડાકોડી યોજન સુધી લંબાઈ અને પહોળાઈવાળો છે; તથા તેનો પરિધિ અસંખ્ય યોજન કોડાકોડીનો કહ્યો છે. તેનો પણ અંત—છેડો—છે. કાળલોક કોઈ દિવસ ન હતો તેમ નથી, કોઈ દિવસ નથી એમ પણ નથી અને કોઈ દિવસ નહીં હશે એમ પણ નથી. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તેનો અંત નથી. ભાવલોક વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શના અનંત પર્યવો (પરિણામો) રૂપ છે; અનંત સંસ્થાન (આકાર) પર્યવરૂપ છે; તથા તેનો અંત નથી. એટલે કે લોકને દ્રવ્ય અને ક્ષેત્રની દૃષ્ટિએ વિચારીએ તો તે અંતવાળો છે; પણ કાલ અને ભાવની દૃષ્ટિએ વિચારીએ તો તે અંત વિનાનો છે.

હવે, 'જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે' તે પ્રશ્નનો

---

૧. એટલે કે માન તથા ઉન્માનયુક્ત. પાણીથી ભરેલી કૂંડીમાં કોઈ પુરુષ પ્રવેશ કરે, અને જેના પ્રવેશથી તે કૂંડીનું ૩૨ શેર પાણી (દ્રોણ) બહાર નીકળે, તે માનયુક્ત કહેવાય. જે પુરુષનું વજન ૪૦૦૦ તોલા (અર્ધો ભાર) થાય તે ઉન્માનયુક્ત કહેવાય. પોતાના આંગળથી માપતાં જેની ઊંચાઈ ૧૦૮ આંગળ હોય, તે પ્રમાણયુક્ત કહેવાય.

જવાબ આ પ્રમાણે છે : દ્રવ્યથી જીવ એક છે અને અંતવાળો છે. ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો છે, તથા તેનો અંત પણ છે. કાળથી જીવ નિત્ય છે અને તેનો અંત નથી. ભાવથી જીવ અનંત જ્ઞાનપર્યાયરૂપ છે, અનંત દર્શનપર્યાયરૂપ છે, અને અનંત અગુરુલઘુ[1] પર્યાયરૂપ છે.

તે જ પ્રમાણે સિદ્ધિ[2] પણ દ્રવ્યથી એક છે અને અંતવાળી છે; ક્ષેત્રથી સિદ્ધિની લંબાઈ તથા પહોળાઈ ૪૫ લાખ યોજનની છે; અને તેનો પરિધિ ૧ કરોડ, ૪૨ લાખ, ૩૦ હજાર અને ૨૪૯ યોજન કરતાં કાંઈક વિશેષાધિક છે. તેનો અંત–છેડો–પણ છે. કાળથી સિદ્ધિ કોઈ દિવસ ન હતી એમ નથી, નથી એમ પણ નથી, તથા નહિ હોય એમ પણ નથી. ભાવથી સિદ્ધિ ભાવલોક પ્રમાણે જાણવી. એટલે કે, દ્રવ્યસિદ્ધિ અને ક્ષેત્રસિદ્ધિ અંતવાળી છે; અને કાળસિદ્ધિ અને ભાવસિદ્ધિ અંત વિનાની છે.

તે જ પ્રમાણે સિદ્ધ પણ દ્રવ્યથી એક છે, અને અંતવાળો છે. ક્ષેત્રથી સિદ્ધ અસંખ્ય પ્રદેશવાળો છે; તથા તેનો અંત પણ છે. કાળથી સિદ્ધ આદિવાળા છે અને અંત વિનાના છે. ભાવથી સિદ્ધ અનંત જ્ઞાનપર્યવરૂપ છે, અનંત દર્શનપર્યવરૂપ છે, અનંત અગુરુલઘુ પર્યવરૂપ છે અને તેનો અંત નથી.

'જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે' એ પ્રશ્નનો જવાબ આ છે : મેં મરણના બે પ્રકાર જણાવ્યા છે : બાલમરણ, અને પંડિતમરણ[3].

---

૧. અણુઓના, સૂક્ષ્મસ્કંધોના તથા અમૂર્ત વસ્તુઓના પર્યાયો અગુરુલઘુ (નહીં ભારે, નહીં હલકા) ગણાય છે.

૨. એટલે કે સિદ્ધશિલા, જે સિદ્ધજીવોના આધારભૂત આકાશની નજીક આવેલી છે.

૩. સરખાવો ઉત્તરાધ્યયન અ. ૫; તથા અ. ૩૬-૨૫૯.

તેમાં બાલમરણના બાર ભેદ કહ્યા છે : વલન્મરણ (તરફડિયાં ખાતા મરવું); વશાર્તમરણ (પરાધીનતાપૂર્વક રિબાઈને મરવું); અંતઃશલ્યમરણ (શરીરમાં શસ્ત્રાદિક પેસી જવાથી મરવું); તદ્ભવમરણ (જે ગતિમાં મર્યા હોય તે જ ગતિમાં પાછું જન્મવું); પહાડથી પડીને મરવું, ઝાડથી પડીને મરવું, પાણીમાં ડૂબીને મરવું, અગ્નિમાં પેસીને મરવું, ઝેર ખાઈને મરવું, શસ્ત્ર વડે મરવું, ઝાડ વગેરે સાથે ગળે ફાંસો ખાઈને મરવું, અને ગીધ વગેરે શરીરને ફાડી ખાય તે રીતે મરવું. એ બાર પ્રકારના બાલમરણ વડે મરે, તો જીવ અનંત વાર નૈરયિક ભવોને પામે છે; અનાદિ અનંત તથા ચાર ગતિ[1]વાળા સંસારમાં રખડ્યા કરે છે; તથા તે પ્રકારે પોતાના સંસારને વધારે છે.

પંડિતમરણ પણ બે પ્રકારનું છે : પાદપોપગમન (ઝાડની પેઠે સ્થિર રહીને આહાર- ત્યાગપૂર્વક મરવું) અને ભક્તપ્રત્યાખ્યાન (હાલવાચાલવાની છૂટ સાથે ખાનપાનના ત્યાગ-પૂર્વક મરવું[2]). પાદપોપગમનમાં બીજાની સેવા લેવાની છૂટ નથી હોતી, જ્યારે ભક્તપ્રત્યાખ્યાનમાં હોય છે; બંનેમાં આહારત્યાગ સરખો જ છે. એ બંને જાતના પંડિતમરણ વડે મરતો જીવ પોતે નૈરયિકના અનંત ભવને પામતો નથી; સંસારરૂપ વનને વટી જાય છે, તથા તે પ્રકારે તે જીવનો સંસાર ઘટે છે.

આ વાત સાંભળતાં સ્કંદક પરિવ્રાજક બોધ પામ્યો અને ભગવાન પાસે કેવળીએ કહેલ ધર્મની દીક્ષા માગવા લાગ્યો. ત્યાર પછી ભગવાને તેને તથા ભેગી થયેલી મોટી સભાને ધર્મ કહ્યો. તેથી હર્ષિત થઈ સ્કંદક ઊભો થઈને તથા ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા

---

૧. તિર્યંચ, મનુષ્ય, દેવ, નારક.

૨. અનશનનાં બે પ્રકાર છે : (૧) ઈત્વરિક - એટલે કે અમુક કાળ સુધી આહાર ત્યાગ, અને (૨) યાવત્કથિક - એટલે જીવન પર્યંત આહારત્યાગ.

કરીને બોલ્યો, હે ભગવન્ ! નિર્ગ્રંથના પ્રવચનમાં હું શ્રદ્ધા રાખું છું. પ્રીતિ રાખું છું, તથા તે મને રુચે છે. તેનો હું સ્વીકાર કરું છું. હે ભગવન્ ! તે સત્ય છે, સંદેહ વિનાનું છે, ઇષ્ટ છે, અને પ્રતીષ્ટ છે. આમ કહી, ભગવાનને વંદન કરી, તે ઈશાન ખૂણામાં ગયો, અને ત્યાં પોતાનો ત્રિદંડ વગેરે ઉપકરણો એકાંત જગાએ છોડી આવ્યો; પછી ભગવાન પાસે આવી તેમને ત્રણ પ્રદક્ષિણા કરી તે બોલ્યો : હે ભગવન્ ! ઘડપણ અને મોતના દુઃખથી આ લોક સળગેલો છે. જેમ કોઈ ગૃહસ્થ પોતાના સળગતા ઘરમાંથી બહુ મૂલ્યવાળા અને ઓછા વજનવાળા સામાનને બચાવી લે છે, કારણ કે તે થોડો સામાન પણ તેને આગળપાછળ હિતરૂપ, સુખરૂપ, કુશળરૂપ અને છેવટે કલ્યાણરૂપ થાય છે, તેમ મારો આત્મા પણ એક જાતના બહુમૂલ્ય સામાનરૂપ છે; તે ઇષ્ટ છે, કાંત છે, પ્રિય, સુંદર, મનગમતો, સ્થિરતાવાળો, વિશ્વાસપાત્ર, સંમત, અનુમત, બહુમત અને ઘરેણાના કરંડિયારૂપ છે. માટે તેને ટાઢતડકો, ભૂખતરસ, ચોરવાઘ, કે સંનિપાતાદિ અનેક રોગો, મહામારીઓ, અને પરિષહો તથા ઉપસર્ગો[1] નુકસાન કરે, ત્યાર પહેલાં તેને તે બધામાંથી બચાવી લઉં, તો તે આત્મા મને પરલોકમાં હિતરૂપ, સુખરૂપ, કુશળરૂપ અને પરંપરાએ કલ્યાણરૂપ થશે. માટે હે દેવાનુપ્રિય ! હું ઇચ્છું છું કે, આપની પાસે હું પ્રવ્રજિત થાઉં, મુંડિત થાઉં, પ્રતિલેખનાદિ આચારક્રિયાઓ શીખું, તથા સૂત્ર અને તેના અર્થો ભણું. માટે હું ઇચ્છું છું કે તમે આચાર, વિનય, વિનયનું ફળ, ચારિત્ર, પિંડવિશુદ્ધિ (-રૂપ કરણ), સંયમમાત્રા અને સંયમના નિર્વાહક આહારના નિરૂપણને કહો.

પછી શ્રમણભગવંત મહાવીરે પોતે જ તે પરિવ્રાજકને પ્રવ્રાજિત કર્યો ને પોતે જ તેને ધર્મ કહ્યો કે, "હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું, આ પ્રમાણે રહેવું, આ પ્રમાણે બેસવું, આ પ્રમાણે સૂવું, આ પ્રમાણે

---

૧. વિઘ્નો.

ખાવું, આ પ્રમાણે બોલવું, અને આ પ્રમાણે ઊઠીને પ્રાણ, ભૂત, જીવ તથા સત્ત્વો વિષે સંયમપૂર્વક વર્તવું તથા એ બાબતમાં જરા પણ આળસ ન રાખવી.''

આ પ્રમાણે સ્કંદક મુનિ ભગવાનનો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકારી તેમની આજ્ઞા મુજબ ચાલવા લાગ્યા. તે ચાલવામાં, બોલવામાં, ખાનપાન લાવવામાં, પોતાનો સરસામાન લેવા-મૂકવામાં, મળમૂત્ર તથા મુખ, કંઠ, અને નાકનો મેલ વગેરે નિરુપયોગી વસ્તુઓ નાખી આવવામાં[1] સાવધાન હતા; મન-વાણી-કાયાની ક્રિયાઓમાં સાવધાન હતા, તેમને વશ રાખનાર હતા, ઇંદ્રિયનિગ્રહી હતા, ગુપ્ત બ્રહ્મચારી હતા, તથા ત્યાગી, સરળ, ધન્ય, ક્ષમાશીલ, જિતેંદ્રિય, શુદ્ધવ્રતી, નિરાકાંક્ષી, ઉત્સુકતાદિના સંયમમાં જ ચિત્તવૃત્તિવાળા, સુંદર સાધુપણામાં રત તથા દમનશીલ હતા. એ પ્રમાણે નિર્ગ્રંથશાસ્ત્ર અનુસાર તે વિહરતા હતા.

તે સ્કંદક મુનિ મહાવીર ભગવાનના વૃદ્ધ શિષ્યો (સ્થવિરો) પાસે અગિયાર અંગો[2] ભણ્યા તથા પછી મહાવીર ભગવાનની

---

૧. અનુક્રમે ઈર્યા, ભાષા, એષણા, આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા, અને ઉચ્ચાર-પ્રસ્રવણ,-ખેલ-શિંઘાનક- પરિષ્ઠાપનિકા એ પાંચ સમિતિઓના વર્ણનં છે.

૨. અગિયાર અંગોમાં ભગવતીસૂત્રનો પણ સમાવેશ થાય છે. તો પછી અગિયાર અંગોમાંના એક અંગમાંની કથામાં 'અગિયાર અંગ' ભણ્યા એમ કેવી રીતે કહી શકાય ? કારણ કે જે ગ્રંથમાં જેનું જીવન હોય તે પુરુષ તે ગ્રંથની પહેલાં હયાત હોય. ટીકાકાર આનો ખુલાસો બે રીતે આપે છે : એક તો, સ્કંદકની વિદ્યમાનતા નથી ત્યાં સુધી સ્કંદકના જેવી બીનાને બીજા કોઈના ચરિત્ર દ્વારા જણાવાય છે; અને સ્કંદક થયા પછી સ્કંદકના ચરિત્રનો આધાર લઈને કહેવાય છે. અને બીજું, ગણધરો અતિશય જ્ઞાનવાળા હોવાથી ભવિષ્યકાળની બીના પણ તેઓ જાણીને કહી શકે.

પરવાનગીથી તેમણે એક પછી એક એમ ભિક્ષુની બારે પ્રતિમાઓ આરાધી. તે પ્રતિમાઓ એટલે કે વિશિષ્ટ તપોનો વિધિ આ પ્રમાણે છે : ગચ્છની બહાર નીકળી, જુદા રહી, એક મહિના સુધી અન્ન અને પાણીની એક દત્તિ વડે જ જીવવું તે પહેલી પ્રતિમા કહેવાય. દત્તિ એટલે દાન દેનાર જ્યારે અન્ન કે પાણીને દેતો હોય, ત્યારે દેવાતા અન્ન કે પાણીની જ્યાં સુધી એક ધાર હોય અને તે એક ધારમાં જેટલું આવે તેટલું જ લેવું; ધાર તૂટ્યા પછી જરા પણ ન લેવું તે. બીજી પ્રતિમામાં બે માસ સુધી અન્ન અને પાણીની બે દત્તિ લેવાની હોય છે. તે જ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી પ્રતિમામાં અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ અને સાત દત્તિઓ અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ અને સાત માસ સુધી લેવાની હોય છે. આઠમી પ્રતિમામાં સાત રાત્રીદિવસ પાણી પીધા વિના એકાંતર ઉપવાસ કરવાના હોય છે; પારણામાં આંબેલ[1] કરવાનું હોય છે; ગામની બહાર રહેવાનું હોય છે; ચતા કે પડખે સૂવાનું હોય છે; તથા ઉભડક બેસીને જે આવે તે સહન કરવાનું હોય છે. નવમી પ્રતિમામાં તેટલાં જ રાત્રીદિવસ તે પ્રમાણે જ ઉભડક રહેવાનું હોય છે તથા વાંકા લાકડાની પેઠે સૂવાનું હોય છે. દસમી પ્રતિમામાં પણ તેટલા જ રાત્રીદિવસ તે પ્રમાણે જ ગોદોહાસન અને વીરાસનમાં રહેવાનું તથા સંકોચાઈને બેસવાનું હોય છે. અગિયારમી પ્રતિમામાં પાણી વિનાનો છઠ-છ ટંકનો ઉપવાસ કરવાનો હોય છે, તથા એક રાત્રીદિવસ ગામ બહાર હાથ લંબાવીને રહેવાનું હોય છે. બારમી પ્રતિમામાં એક અઠ્ઠમ- ત્રણ ઉપવાસ કરીને એક રાત્રી નદી વગેરેને કાંઠે ભેખડ ઉપર આંખો પટપટાવ્યા વિના રહેવાનું હોય છે.

---

૧. આયંબિલ એટલે ઘી-દૂધ વગેરે રસ વિનાનું અન્ન એક વાર ખાવું અને ગરમ પાણી પીવું તે.

સ્કંદક મુનિએ આ બારે પ્રતિમાઓ[૧] સૂત્ર અનુસાર, આચાર અનુસાર, માર્ગ અનુસાર, સત્યતાપૂર્વક અને સારી રીતે સ્પર્શી, પાળી, શોભાવી અને સમાપ્ત કરી.[૨]

ત્યાર પછી સ્કંદક મુનિએ મહાવીર ભગવાન પાસે આવી 'ગુણરત્ન સંવત્સર' નામનું તપ સ્વીકારવાની પરવાનગી માગી. અને તેમણે પણ તે પરવાનગી આપી. તે તપનો વિધિ આ પ્રમાણે છે : પહેલા માસમાં નિરંતર ચતુર્થના ઉપવાસ કરવા એટલે કે ચાર ટંક ન ખાવું[૩]; દિવસે સૂર્યની સામે નજર માંડી જ્યાં તડકો આવતો હોય તેવી જગામાં *(આતાપના ભૂમિમાં)* ઉભડક બેસી રહેવું; તથા રાત્રીએ કાંઈ પણ વસ્ત્ર

---

૧. આ ભિક્ષુપ્રતિમાઓ ગમે તે સાધુ ન કરી શકે; પણ લગભગ દશ પૂર્વ જેટલો જેને અભ્યાસ હોય તે જ કરી શકે. "કારણ કે તેટલા અભ્યાસી મુનિની વાણી અમોઘ હોય છે; તેથી તે જિનશાસનની વૃદ્ધિ કરવાપૂર્વક લોકકલ્યાણમાં સિદ્ધહસ્ત, સિદ્ધવાક્ હોય છે." અર્થાત્ એ મુનિ પોતાની શક્તિનો ઉપયોગ લોકકલ્યાણમાં જ કરે છે. સ્કંદક મુનિ પૂર્વ ગ્રંથો ભણ્યા જ નહોતો. છતાં તેમને મહાવીરે પોતે પ્રતિમાઓની પરવાનગી આપેલી તેથી તેમાં કોઈ દોષ નથી.

૨. આ પ્રતિમાઓ સ્વીકારતા પહેલાં તે પ્રતિમામાં જે જાતનો નીરસ આહાર લેવાતો હોય તથા જેવી જાતનું ધ્યાન અને વિચરણ થતું હોય તે બધું પોતાની જાત ઉપર અજમાવી લેવું જોઈએ, જેથી તે બરાબર પાર પડી શકે. 'જે પ્રતિમા જેટલા કાળ સુધી ચાલવાની હોય તેટલા કાળ સુધી તેનો અભ્યાસ કરવો જોઈએ' આ નિયમ શરૂઆતની સાત પ્રતિમાને લાગુ પડે છે. સાત પ્રતિમામાંની પહેલી અને બીજીનો તો એક સાથે એક વર્ષમાં અભ્યાસ થાય છે. પછીની ત્રીજીના અભ્યાસ માટે એક વર્ષની જરૂર છે; તથા ચોથી માટે પણ એમ છે. પછીની ત્રણ પ્રતિમાઓનો અભ્યાસ જુદે વર્ષે થાય છે, તથા તેનો સ્વીકાર પણ જુદે વર્ષે થાય છે; એક જ વર્ષમાં સાથે તેનો અભ્યાસ અને સ્વીકાર થઈ શકતો નથી. એ પ્રમાણે શરૂઆતની સાત પ્રતિમાઓ ૯ વર્ષ વડે સમાપ્ત થાય છે.

૩. તેમાં ઉપવાસના દિવસના બે ટંક, એક આગલા દિવસનો અને એક પછીના દિવસનો એમ કુલ ચાર ટંક

ઓઢ્યા પહેર્યા વિના વીરાસને બેસી રહેવું[1]. પછી બીજે મહિને તે જ પ્રમાણે નિરંતર છઠના એટલે કે છ ટંકના ઉપવાસ કરવા; પછી ત્રીજે મહિને નિરંતર અઠ્ઠમ એટલે કે આઠ ટંકના ઉપવાસ કરવા; ચોથે માસે દશમ એટલે કે દશ ટંકના ઉપવાસ કરવા; પાંચમે માસે દ્વાદશ એટલે કે બાર ટંકના ઉપવાસ કરવા; છઠ્ઠે માસે ચતુર્દશ એટલે કે ચૌદ ટંકના ઉપવાસ કરવા; સાતમે માસે ષોડશ એટલે કે સોળ ટંકના ઉપવાસ કરવા; આઠમે માસે અષ્ટાદશ એટલે કે અઢાર ટંકના ઉપવાસ કરવા; નવમે માસે વિંશતિ એટલે કે વીસ ટંકના ઉપવાસ કરવા; દશમે માસે દ્વાવિંશતિ એટલે કે બાવીસ ટંકના ઉપવાસ કરવા; અગિયારમે માસે ચતુર્વિંશતિ એટલે કે ચોવીસ ટંકના ઉપવાસ કરવા; બારમે માસે ષડ્વિંશતિ એટલે કે છવ્વીસ ટંકના ઉપવાસ કરવા; તેરમે માસે અષ્ટાવિંશતિ એટલે કે અઠ્ઠાવીસ ટંકના ઉપવાસ કરવા; ચૌદમે માસે ત્રિંશત્ એટલે કે ત્રીસ ટંકના ઉપવાસ કરવા; પંદરમે માસે દ્વાત્રિંશત્ એટલે કે બત્રીસ ટંકના ઉપવાસ કરવા; તથા સોળમે માસે નિરંતર ચોત્રીસ ટંકના ઉપવાસ કરવા. દિવસ અને રાત દરમ્યાન જે રીતે બેસવાનું શરૂઆતમાં જણાવ્યું છે, તે બધે જ કાયમ ગણવું.

નોંધ : આમ આ તપમાં કુલ તેર માસ અને સત્તર દિવસ ઉપવાસના છે, અને ૭૩ દિવસ પારણાના છે. તે આ પ્રમાણે : પહેલા માસમાં પંદર દિવસ ઉપવાસના અને પંદર દિવસ પારણાના છે; બીજામાં ૨૦ ઉપવાસના અને ૧૦ પારણાના; ત્રીજામાં તે જ પ્રમાણે અનુક્રમે ૨૪ અને ૮; ચોથામાં ૨૪ અને ૬; પાંચમામાં ૨૫ અને ૫, છઠ્ઠામાં ૨૪ અને ૪; સાતમામાં ૨૧ અને ૩, આઠમામાં ૨૪ અને ૩; નવમામાં ૨૭ અને ૩; દશમામાં ૩૦ અને ૩; ૧૧મામાં ૩૩ અને

---

૧. દિવસે નિતંબના ભાગ જમીનને ન અડકે તેમ ઉભડક બેસવું; અને રાત્રે વીરાસને બેસવું એટલે કે સિંહાસન વિના, સિંહાસન ઉપર બેઠો હોય તે રીતે ઊભા રહેવું.

૩; ૧૨મામાં ૨૪ અને ૨; ૧૩મામાં ૨૬ અને ૨; ૧૪મામાં ૨૮ અને ૨; ૧૫મામાં ૩૦ અને ૨; અને ૧૬મામાં ૩૨ અને ૨. જે માસમાં દિવસો ખૂટતા હોય તે આગળના માસમાંથી ખેંચીને પૂરા કરવા. અર્થાત્ જેમાં ૩૨ દિવસ તપ કરવાનું કહ્યું હોય, તે માસની પાસેના માસના બે દિવસો ઉપરના માસમાં ખેંચી લેવા; અને જે માસમાં તપ કરતાં વધારે દિવસો હોય તે દિવસો તેની પછીના માસમાં મેળવી દેવા.

હવે સ્કંદક મુનિ આ પ્રકારના ઉદાર (આશા વિનાના), વિસ્તીર્ણ, કલ્યાણરૂપ, મંગળરૂપ, શોભાયુક્ત, (સારી રીતે પાળેલું હોવાથી) ઉત્તમ, ઉજ્જવળ, અને મોટા પ્રભાવવાળા તપકર્મથી શુષ્ક થઈ ગયા, ભૂખને પ્રભાવે રુખા થઈ ગયા, માંસ રહિત થયા, માત્ર હાડકાં અને ચામડાથી જ ઢંકાયેલા રહ્યા. તે ચાલતા ત્યારે શરીરનાં બધાં હાડકાં ખડખડતાં હતાં તથા તેમના શરીરની નાડીઓ ઉપર તરી આવી હતી. હવે તે માત્ર પોતાના આત્મબળથી જ ચાલવું બેસવું વગેરે ક્રિયાઓ કરી શકતા હતા. તે એટલા બધા દુર્બળ થઈ ગયા હતા કે, બોલી રહ્યા પછી, અને બોલતાં બોલતાં તથા બોલવાનું કામ પડે ત્યારે પણ ગ્લાનિ પામતા હતા. પાંદડાં, તલ કે તેવા સૂકા સામાનથી ભરેલી સગડીને કોઈ ઢસડે ત્યારે જેવો અવાજ થાય, તેવો જ અવાજ તે સ્કંદક મુનિ ચાલતા ત્યારે પણ થતો. તે મુનિ તપથી પુષ્ટ હતા, જોકે માંસ અને લોહીથી ક્ષીણ હતા. તેમ છતાં રાખમાં ભારેલા અગ્નિની જેમ તે તપ અને તેજથી શોભતા હતા.

હવે કોઈ એક દિવસે રાત્રીને પાછળે પહોરે જાગતાં જાગતાં તથા ધર્મ વિષે વિચાર કરતાં તે સ્કંદક મુનિના મનમાં આ પ્રમાણે સંકલ્પ થયો કે, હું અનેક પ્રકારના તપકર્મથી દૂબળો થઇ ગયો છું, બોલતાં બોલતાં પણ થાકી જાઉં છું, તથા ચાલું છું ત્યારે પણ સૂકાં લાકડાં વગેરેથી ભરેલી સગડીઓ ઢસડાતી હોય તેવો અવાજ થાય છે. આવી સ્થિતિમાં પણ હજુ જ્યાં સુધી મારામાં ઊઠવાની શક્તિ, કર્મ, બળ, વીર્ય અને

પુરુષકાર-પરાક્રમ છે, ત્યાં સુધી હું મારા ધર્માચાર્ય શ્રમણ ભગવંત પાસે જઈને અનશન વ્રત સ્વીકારું. માટે આવતી કાલે મળસકું થયા પછી[1] શ્રીરાજગૃહ નગરમાં પધારેલા મહાવીર ભગવાન પાસે જઈ, તેમની અનુમતિ લઈ, પાંચ મહાવ્રતોને આરોપી, શ્રમણ તથા શ્રમણીઓની ક્ષમા માગી, ઉત્તમ સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે ધીમે ચડી, મેઘના સમૂહ જેવા વર્ણવાળી અને દેવોને ઊતરવાના ઠેકાણારૂપ કાળી શિલાને જોઈ-તપાસી, તેના ઉપર ડાભનો સંથારો પાથરી, ખાનપાનનો ત્યાગ કરી, સંલેખના[2] વ્રત સ્વીકારી, તથા મૃત્યુની કાંક્ષા તજી, હું વૃક્ષની પેઠે સ્થિર થાઉં.

તે પ્રમાણે મહાવીર ભગવાનની અનુમતિ મેળવીને તે સ્કંદક મુનિ વિપુલ પર્વત ઉપર ધીરે ધીરે ચડ્યા અને કાળી શિલાનો ભાગ જોઈ-તપાસી, પાસે મલમૂત્રનાં સ્થાનો જોઇ-તપાસી[3], તેના ઉપર ડાભનો સંથારો પાથરી, પૂર્વ દિશામાં મુખ રાખી, પર્યંકાસને (પદ્માસને) બેસી, દશે નખ સહિત બંને હાથ ભેગા કરી, તથા માથા સાથે અડકાડી, આ પ્રમાણે બોલ્યા :

“અરિહંત ભગવંતો, સિદ્ધો વગેરેને નમસ્કાર ! તથા અચળસ્થાનને પામવાની ઇચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર ! ત્યાં રહેલા શ્રમણ ભગવંત મહાવીરને અહીં રહેલો હું વંદું

---

૧. મૂળમાં ‘કોમળ કમળ ખીલ્યા પછી, કમલ નામના હરણની આંખો ઊઘડ્યા પછી, નિર્મળ પ્રભાત થયા પછી, અને રાતા અશોક જેવા પ્રકાશવાળો; કેસુડાં, પોપટની ચાંચ અને ચણોઠીના અડધા ભાગ જેવો લાલ; કમળના સમૂહવાળા વનખંડોને વિકસાવનારો; હજાર કિરણોવાળો તથા તેજથી ઝળહળતો સૂર્ય ઊગ્યા પછી, એટલું વધારે છે.

૨. શરીર અને કષાયોને અનાહારથી કૃશ કરવારૂપી તપ.

૩. પાદપોપગમન અવસ્થા સ્વીકાર્યા પહેલાં લઘુશંકા વગેરેની જરૂર રહે છે; તે માટે. પછી તો હાલવા ચાલવાનું હોતું જ નથી.

છું. ત્યાં રહેલા શ્રમણ ભગવંત મહાવીર અહીં રહેલા મને જુઓ. મેં પહેલાં પણ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ‘કોઈ પણ જીવનો વિનાશ ન કરવો, તથા કોઈ પણ પ્રકારે કોઈને દુઃખ ન દેવું’ – એવો નિયમ જિંદગી ટકે ત્યાં સુધી લીધો હતો; તેમ જ તે તથા બીજા પણ નિયમો લીધા હતા; ‘વસ્તુનું જ્ઞાન જેવી વસ્તુ હોય તેવું જ કરવું, પણ તેથી જુદું કે ઊલટું ન કરવું’ – એવો નિયમ પણ જીવું ત્યાં સુધી પાળવાનો નિર્ણય કર્યો હતો. અત્યારે પણ શ્રમણ ભગવાન મહાવીર પાસે તે બધા નિયમો લઉં છું, તથા સર્વ પ્રકારની ખાવાની વસ્તુનો, સર્વ પ્રકારની પીવાની વસ્તુનો, સર્વ પ્રકારનાં મેવા-મીઠાઈનો, અને સર્વ પ્રકારના મસાલા-મુખવાસનો એમ ચારે જાતના આહારનો જ્યાં સુધી જીવું ત્યાં સુધી ત્યાગ કરું છું. વળી દુઃખ દેવાને અયોગ્ય, ઇષ્ટ, કાંત અને પ્રિય એવું જે મારું શરીર છે, તેને પણ હું મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે ત્યાગી દઈશ.” આ પ્રમાણે તેમણે ખાનપાનનો ત્યાગ કરી, ઝાડની પેઠે સ્થિર રહી, મૃત્યુની આકાંક્ષા કર્યા વિના રહેવા માંડ્યું.

આ પ્રમાણે સ્કંદક મુનિ ૬૦ ટંક ખાધા વિના વીતાવી, પોતે કરેલા દોષોની કબૂલાત (આલોચના) અને પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરી, મરણ પામ્યા. પછી તેમને મરણ પામેલા જાણી પેલા સ્થવિર ભગવંતોએ તેમના પરિનિર્વાણ નિમિત્તે ધ્યાન (કાયોત્સર્ગ) કર્યું; તથા તેમનાં વસ્ત્રો અને પાત્રો લઈ તેઓ શ્રી મહાવીર ભગવાન પાસે આવ્યા અને શ્રી સ્કંદક મુનિના[1] મરણની વાત કરી, તેમનાં વસ્ત્રપાત્રો તેમને નિવેદિત કર્યાં.

પછી, ‘હે ભગવન્ !’ એમ કહી ભગવાન ગૌતમે શ્રમણ

---

૧. અહીં મૂળમાં તેમનાં આટલાં વિશેષણ આપ્યાં છે : સ્વભાવે ભદ્ર, વિનયી, શાંત, ઓછા ક્રોધ-માન-માયા-લોભવાળા, અત્યંત નિરભિમાની, ગુરુની ઓથે રહેનારા, કોઈને ન સંતાપનારા અને ગુરુભક્ત

ભગવાન મહાવીરને વંદન કરી આ પ્રમાણે પૂછ્યું :

"આપના શિષ્ય સ્કંદક મરણ પામી ક્યાં ગયા છે, અને ક્યાં ઉત્પન્ન થયા છે ?"

ત્યારે, 'હે ગૌતમ !' એમ કહી તેમણે જવાબ આપ્યો, "તે સાધુ અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે; તે કલ્પમાં કેટલાક દેવોનું ૨૨ સાગરોપમનું આયુષ્ય છે. સ્કંદક દેવનું પણ તેટલું જ છે. તે ભવનો ક્ષય થયા પછી તે દેવ ત્યાંથી ચ્યુત થઈ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો વિનાશ કરશે.

—શતક ૨, ઉદ્દે ૧

□ □ □

# ૨

# દેવરાજ ઈશાનેંદ્ર

'સૂર્યચંદ્રાદિ જ્યોતિષ્ક દેવોના ચક્રની ઉપર અસંખ્યાત યોજન ચડ્યા પછી, સૌધર્મ, ઐશાન આદિ બાર સ્વર્ગલોક છે. તે એકએકથી ઉપર આવેલા છે. ઐશાન કલ્પ અનુક્રમમાં બીજો છે. ઐશાન કલ્પનો ઇંદ્ર ઈશાન કહેવાય છે.'

એક વખત પોતાની સુધર્મા નામની સભામાં, ઈશાન નામના સિંહાસન ઉપર, દેવેંદ્ર દેવરાજ ઈશાન પોતાના પરિવાર સાથે બેઠો હતો. ત્યાં તેણે પોતાના અવધિજ્ઞાનથી રાજગૃહ નગરમાં પધારેલ મહાવીર ભગવાનને જોયા. તેમને જોઈ, તે એકાએક પોતાના આસન ઉપરથી ઊભો થઈ ગયો, અને સાત આઠ પગલાં તીર્થંકરની સામો ગયો. પછી કપાળે હાથ જોડી તેણે તેમને વંદન કર્યું. ત્યારબાદ પોતાના આભિયોગિક[1] દેવોને બોલાવીને તેણે કહ્યું કે, હે દેવો ! તમે રાજગૃહ નગરમાં જાઓ અને ભગવાન મહાવીરને વંદનાદિ કરી, એક યોજન જેટલું વિશાળ ક્ષેત્ર સાફ કરો; તથા મને તરત ખબર આપો. તેમણે તેમ કર્યા બાદ ઈશાનેંદ્રે પોતાના સેનાપતિને કહ્યું કે, તું ઘંટ વગાડીને બધાં દેવ-દેવીને ખબર આપ કે 'ઈશાનેંદ્ર મહાવીર ભગવાનને વંદન કરવા જાય છે, માટે તમે જલદી તમારા ઐશ્વર્ય સહિત તૈયાર થઈને તેની પાસે જાઓ.' પછી તે બધાથી વીંટળાઈને એક લાખ યોજનના પ્રમાણવાળા વિમાનમાં બેસી તે ઇંદ્ર મહાવીરને વંદન કરવા નીકળ્યો. રસ્તામાં નંદીશ્વર દ્વીપમાં તેણે પોતાનું મોટું વિમાન ટૂંકું કર્યું. પછી તે રાજગૃહ નગરમાં ગયો.

---

૧. તે સેવક જેવા હોય છે.

ત્યાં તેણે ભગવંતને ત્રણ પ્રદક્ષિણાઓ કરી. પછી, પોતાના વિમાનને જમીનથી ચાર આંગળ ઊંચું રાખી, ભગવંતની પાસે જઈ, તે તેમની પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યારબાદ ભગવાનની પાસે ધર્મ સાંભળી, તે ઇંદ્ર આ પ્રમાણે બોલ્યો : 'હે ભગવન્ ! તમે તો બધું જાણો છો અને જુઓ છો. માત્ર ગૌતમાદિ મહર્ષિઓને હું દિવ્ય નાટ્યવિધિ દેખાડવા ઇચ્છું છું'. એમ કહી, તેણે ત્યાં એક દિવ્ય મંડપ ખડો કર્યો. તેની વચ્ચે મણિપીઠિકા અને સિંહાસન પણ રચ્યું. પછી ભગવાનને પ્રણામ કરી તે ઇંદ્ર તે સિંહાસન ઉપર બેઠો. પછી તેના જમણા હાથમાંથી ૧૦૮ દેવકુમારો નીકળ્યા; અને ડાબા હાથમાંથી ૧૦૮ દેવકુમારીઓ નીકળી. પછી અનેક જાતનાં વાજિંત્ર અને ગીતોના શબ્દથી તેણે બત્રીશ[૧] જાતનું નાટક ગૌતમાદિને દેખાડ્યું. ત્યાર બાદ પોતાની બધી ઋદ્ધિને સંકેલી લઈ, પોતે જ્યાંથી આવ્યો હતો ત્યાં તે પાછો ચાલ્યો ગયો.

પછી ગૌતમે ભગવાનને પ્રશ્ન પૂછ્યો : હે ભગવન્ ! દેવરાજ ઈશાને આ બધી દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ શી રીતે પ્રાપ્ત કર્યો ? તે પૂર્વભવમાં કોણ હતો ? તેણે શું સાંભળ્યું હતું, શું દીધું હતું, શું ખાધું હતું, શું આચર્યું હતું, તથા કયા શ્રમણ યા બ્રાહ્મણ પાસે એવું કયું આર્ય અને ધાર્મિક વચન સાંભળીને અવધાર્યું હતું, કે જેને લઈને તેને આ બધું પ્રાપ્ત થયું ?

મ.— હે ગૌતમ ! તામ્રલિપ્તી[૨] નામની નગરીમાં તામલી નામનો મૌર્યવંશી ગૃહસ્થ રહેતો હતો. તે અતિ ધર્મસંપન્ન હતો. એક વખત તેને રાત્રીના આગળના અને પાછળના ભાગમાં— મધરાતે— જાગતાં જાગતાં કુટુંબની ચિંતા કરતાં એવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન

---

૧. જુઓ પ્રકરણને અંતે પાન ૨૩ પરની ટિપ્પણ.

૨. મહાવીરના સમયમાં તે બંગાળ દેશની મુખ્ય રાજધાની તરીકે જાણીતી હતી.

થયો કે, પૂર્વે કરેલાં, સારી રીતે આચરેલાં, સુપરાક્રમયુક્ત, શુભ અને કલ્યાણરૂપ મારાં કર્મોનો કલ્યાણફળરૂપ પ્રભાવ હજુ સુધી જાગતો છે કે જેથી મારે ઘેર હિરણ્ય (રૂપું), સુવર્ણ, ધન[1], ધાન્ય, પુત્ર, પશુ વગેરે પુષ્કળ વધતાં જાય છે. તો શું હું પૂર્વે કરેલાં તે કર્મો તદ્દન ખરચાઈ જાય તે બેઠો બેઠો જોયા કરું ? તથા ભવિષ્યત્ લાભ વિષે બેદરકાર રહું ? જરાય નહિ ! ઊલટું, મારે તો જ્યાં સુધી મારા મિત્રો, જ્ઞાતિજનો, અને સગાંસંબંધીઓ વગેરે મારો આદર કરે છે, અને મને કલ્યાણરૂપ જાણી ચૈત્યની પેઠે મારી વિનયપૂર્વક સેવા કરે છે, ત્યાં સુધી મારું કલ્યાણ સાધી લેવાની જરૂર છે. માટે કાલે સવાર થયે સૂર્ય ઊગ્યા પછી મારાં સગાંવહાલાંને નોતરી, જમાડી, તેમની સમક્ષ મારા મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી, લાકડાનું પાત્ર લઈને, મુંડ થઈને 'પ્રાણામા' નામની દીક્ષા[2] વડે દીક્ષિત થાઉં. દીક્ષિત થયા બાદ જીવીશ ત્યાં સુધી હું નિરંતર છ ટંકના ઉપવાસ કરીશ તથા સૂર્યની સામે ઊંચા હાથ રાખી તડકો સહન કરીશ; પારણાને દિવસે આતાપના લેવાની જગાએથી ઊતરી લાકડાનું પાત્ર લઈ તામ્રલિપ્તી નગરીમાં ઊંચ–નીચ–મધ્યમ કુળોમાંથી, ભિક્ષા લેવાની વિધિપૂર્વક, દાળ શાક વિનાના કેવળ રાંધેલા ચોખા લાવી તેમને પાણી વડે એકવીસ વાર ધોઈ, ત્યાર પછી ખાઈશ.

તે પ્રમાણે બીજે દિવસે તેણે પ્રાણામા દીક્ષા તેમ જ ધોયેલા ચોખા ખાવાનો નિયમ લીધો. પ્રાણામા દીક્ષા લેનાર જ્યાં જ્યાં ઇંદ્ર,

---

૧. ધનના ચાર પ્રકાર : ગણિમ (ગણવા લાયક : જાયફળ સોપારી વગેરે); ધરિમ (ધરી રાખવા લાયક–કંકુ, ગોળ વગેરે); મેય (માપવા લાયક : ચોપ્પટ (?), લવણ વગેરે); અને પરિચ્છેદ્ય (એટલે પહેરવા લાયક : રત્નો, વસ્ત્રો વગેરે).

૨. તેમાં વારંવાર પ્રણામ કરવાના હોય છે.

સ્કંદ (કાર્તિકેય), રુદ્ર, શિવ[1], કુબેર, પાર્વતી, મહિષાસુરને કૂટતી ચંડિકા, રાજા, યુવરાજ, તલવરો[2], માડંબિક[3], કૌટુંબિક, ઇભ્ય[4], શ્રેષ્ઠી[5], સેનાપતિ, સાર્થવાહ, કાગડો, કૂતરો તથા ચાંડાળ જુએ છે, ત્યાં ત્યાં તેને પ્રણામ કરે છે : ઊંચાને જોઈને ઊંચી રીતે પ્રણામ કરે છેઃ નીચાને જોઈને નીચી રીતે પ્રણામ કરે છે; જેને જેવી રીતે જુએ છે, તેવી રીતે તેને પ્રણામ કરે છે.

ત્યાર પછી તે મૌર્યપુત્ર તામલી તેવા બાલ(મૂઢ) તપકર્મ વડે સુકાઈ ગયા અને દુબળા થયા. પછી કોઈ વખત મધરાતે જાગતાં જાગતાં, અનિત્યતા સંબંધે વિચાર કરતાં તે તામલી બાલતપસ્વીને એવો વિકલ્પ થયો કે, હજુ જ્યાં સુધી મારામાં ઊઠવા બેસવાની શક્તિ છે, ત્યાં સુધી હું આવતી કાલે સૂર્યોદય પછી મારા બધા જાણીતા ગૃહસ્થો તથા સાધુઓને પૂછીને ચાખડી, કુંડી, લાકડાનું પાત્ર વગેરે મારાં ઉપકરણોને અલગાં કરી, તામ્રલિપ્તી નગરના ઈશાન ખૂણામાં નિર્વર્તનિક મંડળને આલેખી (એટલે કે પોતાના શરીર જેટલી જગાની આસપાસ કૂંડાળું દોરી), ખાવાપીવાનો ત્યાગ કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી, મૃત્યુની આકાંક્ષા કર્યા વિના રહું.

બીજે દિવસે તેણે તે પ્રમાણે અનશન વ્રત સ્વીકાર્યું. તે સમયે

---

૧. એક જાતનો વ્યંતરઃ અથવા અમુક જાતનો આકાર ધારણ કરનાર રુદ્ર.– ટીકા.

૨. રાજાએ ખુશ થઈ જેઓને પટ્ટા આપ્યા છે તેવા રાજા જેવા પુરુષો.

૩. જેની આસપાસ વસતી કે ગામ ન હોય તેવા સ્થળને મડંબ કહે છે; અને તેના માલિકને માડંબિક કહે છે.

૪. જેના દ્રવ્યના ઢગલામાં મોટો હાથી-ઇભ ઢંકાઈ જાય તે.

૫. શ્રીદેવતાની મૂર્તિવાળા સુવર્ણપટ્ટને જેઓ માથા પર બાંધે છે તે.

બલિચંચા[1] નગરીમાં વસનારા અસુરકુમારદેવોએ વિચાર કર્યો કે, હાલમાં બલિચંચા નગરી ઇંદ્ર અને પુરોહિત વિનાની છે; તથા આપણે બધા ઇંદ્રને તાબે રહેનારા છીએ અને આપણું બધું કાર્ય ઇંદ્રને તાબે છે; માટે આપણે તામલી તપસ્વીને બલિચંચા નગરીમાં ઇંદ્ર તરીકે આવવાનો સંકલ્પ કરાવીએ.

આમ વિચારી તેઓ દિવ્યગતિથી[2] બાલતપસ્વી તામલી તપ કરતો હતો ત્યાં આવ્યા, અને તેની બરાબર સામે ઊભા રહી, તેને પોતાની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવપ્રભાવ અને ૩૨ જાતનો દિવ્ય નાટકવિધિ બતાવ્યો. ત્યાર બાદ તેની ત્રણ પ્રદક્ષિણા કરીને તથા તેને વંદન કરીને તેમણે કહ્યું : "હે દેવાનુપ્રિય ! અમે બલિચંચા નગરીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો તથા દેવીઓ આપને વંદીએ છીએ. હાલમાં અમારી રાજધાની ઇંદ્ર અને પુરોહિત વિનાની છે; માટે તમે બલિચંચાના સ્વામી થવાનો સંકલ્પ કરો." એ પ્રમાણે તેઓએ ત્રણ વાર કહ્યું છતાં તામલીએ મૌન રહી કાંઈ જવાબ ન આપ્યો. તેથી તેઓ પાછા ચાલ્યા ગયા.

પછી બે માસ– ૧૨૦ ટંક –સુધી અનશન વ્રત ધારણ કર્યા બાદ મૃત્યુ પામી[3] તે તપસ્વી- એ ઈશાન કલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં, ઉપપાત[4] સભામાં, દેવશય્યામાં, દેવવસ્ત્રથી ઢંકાયેલ

---

૧. ઉત્તર દિશાના અસુરકુમારોના ઇંદ્ર બલિની રાજધાની.

૨. મૂળમાં તેમની દિવ્યગતિનાં ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ, ચંડ, જયવતી, (બીજાઓની ગતિઓને જીતનારી), નિપુણ, સિંહ જેવી (શ્રમરહિત હોવાથી), શીઘ્ર, ઉદ્ધૂત (વેગવતી)– એવાં વિશેષણ છે.

૩. મૂળમાં '૬૦,૦૦૦ વર્ષ સુધી સાધુપણે રહીને' એમ છે.

૪. દેવોને માતાના ગર્ભમાંથી યોનિ વાટે જન્મ નથી લેવો પડતો; તેઓ સીધા દેવશય્યામાં દેવવસ્ત્રથી ઢંકાયેલા જન્મે છે. તે જન્મ ઉપપાત કહેવાય છે.

તથા આંગળના અસંખ્યેય ભાગ જેટલી અવગાહનામાં ઈશાનદેવેંદ્રપણે જન્મ ધારણ કર્યો. તે વખતે તે સ્વર્ગ ઇંદ્ર અને પુરોહિત વિનાનું હતું.

જ્યારે અસુરકુમારોએ જાણ્યું કે તામલી ઈશાન કલ્પમાં દેવેંદ્રપણે ઉત્પન્ન થયો, ત્યારે તેઓ ઘણા ગુસ્સે થયા. પછી તેમણે તામ્રલિપ્તીમાં જઈ તામલીના મડદાને ડાબે પગે દોરડી બાંધીને તથા તેના મોંમાં ત્રણ વાર થૂંકીને, તે નગરના બધા માર્ગોમાં ઢસડ્યું તથા તેની મન ભાવતી કદર્થના કરી. પછી તેને એક બાજુ ફેંકી તેઓ પાછા ચાલ્યા ગયા.

આ બધું ઈશાન કલ્પનાં ઘણાં દેવ-દેવીઓએ જોયું. એટલે તેઓએ દેવરાજ ઈશાનને તેની ખબર કહી. આ સાંભળી ગુસ્સે થઈ તે દેવરાજે દેવશય્યામાં રહ્યા રહ્યા બલિચંચા નગરી તરફ ક્રોધપૂર્વક કપાળમાં ત્રણ આડ પડે તેમ ભવાં ચડાવીને જોયું. તે જ સમયે તે દિવ્ય પ્રભા વડે તે નગરી અંગારા જેવી, આગના કણિયા જેવી; રાખ જેવી, તપેલી રેતીના કણિયા જેવી તથા ખૂબ તપેલી લાય જેવી થઈ ગઈ. એ જોઈ અસુરકુમારો ભયથી વ્યાકુળ થઈ ગયા, અને ચારે બાજુ નાસભાગ કરી સંતાવા લાગ્યા. પછી જ્યારે તેઓએ જાણ્યું કે, આમ થવાનું કારણ ઇશાનેંદ્રનો કોપ છે, ત્યારે તેઓ દેવરાજ ઈશાનેંદ્ર સામે અંજલિ જોડી કરગરવા લાગ્યા. પછી ઈશાનેંદ્રે પોતાની પ્રભા (તેજોલેશ્યા) પાછી ખેંચી લીધી. ત્યારથી અસુરકુમાર દેવો તથા દેવીઓ તેની આજ્ઞામાં અને તાબામાં રહે છે. હે ગૌતમ ! દેવેંદ્ર દેવરાજ ઇશાનેંદ્રે પોતાની દિવ્ય દેવઋદ્ધિ આ પ્રમાણે મેળવી છે.

શતક ૩, ઉદ્દે. ૧

□ □ □

## ટિપ્પણ

રાજ્યપ્રશ્નીય સૂત્રમાં ૩૨ પ્રકારના નાટ્યવિધિનું સવિસ્તર વર્ણન છે. તેનાં નામ નીચે પ્રમાણે છે :

૧. અષ્ટ મંગલના આકારોનો અભિનય. (સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય, અને દર્પણ એ આઠ મંગલો.) ૨. આવર્ત, પ્રત્યાવર્ત, મત્સ્યાણ્ડક, જાર, માર, પદ્મપત્ર, વાસંતીલતા અને પદ્મલતા વગેરેના ચિત્રનો અભિનય. ૩. ઈહામૃગ, ઋષભ, તુરગ, નર, મકર, વિહગ, કિંનર, કુંજર, વનલતા અને પદ્મલતા વગેરેના ચિત્રનો અભિનય. ૪. એકતઃચક્ર દ્વિધાચક્ર, ચક્રાર્ધ વગેરેનો અભિનય. ૫. ચંદ્રાવલિપ્રવિભાગ, સૂર્યાવલિપ્રવિભાગ, હંસાવલિપ્રવિભાગ વગેરેનો અભિનય. ૬. ઉદ્ગમનોદ્ગમન પ્રવિભાગ. ૭. આગમાગમન પ્રવિભાગ ૮. આવરણાવરણ પ્રવિભાગ. ૯. અસ્તગમનાસ્તગમન પ્રવિભાગ ૧૦. મંડલ પ્રવિભાગ. ૧૧. દ્રુતવિલંબિત. ૧૨. સાગર-નાગ પ્રવિભાગ. ૧૩. નંદા-ચંપા પ્રવિભાગ. ૧૪. મત્સ્યાણ્ડક મકરાકણ્ડક-જાર-માર પ્રવિભાગ. ૧૫. કવર્ગ પ્રવિભાગ. ૧૬. ચવર્ગ પ્રવિભાગ.૧૭. ટવર્ગ પ્રવિભાગ. ૧૮. તવર્ગ પ્રવિભાગ. ૧૯. પવર્ગ પ્રવિભાગ. ૨૦. પલ્લવ પ્રવિભાગ. ૨૧. લતા પ્રવિભાગ. ૨૨. દ્રુત. ૨૩. વિલંબિત. ૨૪. દ્રુતવિલંબિત. ૨૫. અંચિત. ૨૬. રિભિત. ૨૭. અંચિતરિભિત. ૨૮. આરભટ. ૨૯. ભસોલ. ૩૦. આરભટ ભસોલ. ૩૧. ઉત્પાત, નિપાત, પ્રસક્ત, સંકુચિત, રેચિત, ભ્રાન્ત વગેરે અભિનય. ૩૨. ચરમચરમ અને અનિબદ્ધનામ.

આ બધા અભિનયો વિષે જૈન ગ્રંથોમાં કોઈ જાણવા જોગ ઉલ્લેખ મળતો જણાતો નથી. કેટલાક પ્રકારો તો સમજમાં જ આવતા નથી, કેટલાંક નામો તો અશુદ્ધ જ લખાયેલાં લાગે છે.

ટીકાકારોએ પણ નામો આપવા સિવાય અન્ય વિવેચન આપ્યું નથી. આમાંનાં કેટલાંકનાં નામ ભરતનાટ્યશાસ્ત્રના ૯મા અધ્યાયમાં વર્ણવેલા અભિનયોના પ્રકાર સાથે મળતાં આવે છે. તે ઉપરથી જણાય છે કે બધા સામાન્ય રીતે હાથ વગેરે અવયવોના અભિનયોનાં નામ છે.

□□□

# ૩

# અસુરરાજ ચમર

રાજગૃહ નગરમાં મહાવીર ભગવાન પધાર્યા હતા, તે વખતે અસુરરાજ ચમર ગૌતમાદિને નાટ્યવિધિ દેખાડી ગયો. તે ઉપરથી ગૌતમ પ્રશ્ન પૂછે છે :

ગૌ.— હે ભગવન્ ! અસુરકુમાર દેવો ક્યાં રહે છે ?

મ.— હે ગૌતમ ! એક લાખ અને એંશી હજાર યોજનની જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીની વચગાળે તે અસુરકુમાર દેવો રહે છે. (અસુરકુમારોનો આવાસ દક્ષિણે અને ઉત્તરે એમ બે દિશામાં આવેલો છે. તેમાં દક્ષિણમાં ચમર અને ઉત્તરમાં બલિ એ નામના બે ઇંદ્રો છે. ચમરની રાજધાનીને ચમરચંચા અને બલિની રાજધાનીને બલિચંચા કહેવામાં આવે છે. ચમરચંચામાં ૩૪ લાખ ઘર છે, અને બલિચંચામાં ૩૦ લાખ છે. તે દેવોનું આયુષ્ય ઓછામાં ઓછું દશ હજાર વર્ષ અને વધારેમાં વધારે એક સાગરોપમ વર્ષોથી અધિક છે).

ગૌ.— હે ભગવન્ ! તે અસુરકુમારોમાં પોતાના સ્થાનથી ઊંચે નીચે જવાનું સામર્થ્ય છે ખરું ?

મ.— હે ગૌતમ ! તેઓ પોતાના સ્થાનથી નીચે (નરકની) સાતમી પૃથ્વી સુધી જઈ શકે; પરંતુ તેઓ ત્યાં સુધી ગયા નથી, જશે નહિ અને જતા પણ નથી. તેઓ માત્ર ત્રીજી પૃથ્વી સુધી જાય છે, ગયા છે અને જશે પણ ખરા. પોતાના જૂના શત્રુને દુઃખ દેવા અને પોતાના જૂના મિત્રને સુખી કરવા તે દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે, જાય છે તથા જશે.

તે પ્રમાણે પોતાના સ્થાનથી તીરછે પણ અસંખ્ય દ્વીપ અને સમુદ્ર સુધી જવાની તેઓની શક્તિ છે; પરંતુ તેઓ અરિહંત ભગવંતોના જન્મ-દીક્ષા-જ્ઞાનોત્પત્તિ અને પરિનિર્વાણના ઉત્સવો નિમિત્તે નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે, ગયા છે, અને જશે.

પોતાના સ્થાનથી ઊંચે તેઓ અચ્યુત કલ્પ સુધી જઈ શકે છે; પરંતુ તેઓ માત્ર સૌધર્મ કલ્પ સુધી જાય છે, ગયા છે, અને જશે.

ગૌ.– હે ભગવન્ ! તેઓ ઊંચે સૌધર્મ કલ્પ સુધી કયા નિમિત્તે ગયા છે, જાય છે, અને જશે ?

મ.– હે ગૌતમ ! તે દેવોને જન્મથી જ વૈરાનુબંધ હોય છે; તેથી તેઓ આત્મરક્ષક[1] દેવોને ત્રાસ ઉપજાવે છે. તથા યથોચિત નાનાં નાનાં રત્નોને લઈ ઉજ્જડ ભાગમાં ચાલ્યા જાય છે.

ગૌ. – હે ભગવન્ ! જ્યારે તે અસુરો વૈમાનિકોનાં રત્નો ઉપાડી જાય, ત્યારે વૈમાનિકો તેઓને શું કરે ?

મ. – હે ગૌતમ ! તેઓ તેમને શારીરિક વ્યથા ઉપજાવે છે.

ગૌ.– હે ભગવન્ ! ઊંચે ગયા પછી તે અસુરકુમારો ત્યાં રહેલી અપ્સરાઓ સાથે ભોગો ભોગવી શકે ખરા ?

મ.– હે ગૌતમ ! જો તે અપ્સરાઓ તેમનો આદર કરે અને તેઓને સ્વામી તરીકે સ્વીકારે, તો તેમની સાથે તેઓ ભોગો ભોગવી શકે છે, નહિ તો નહિ.

વળી તેઓનું આમ ઉપર જવું હંમેશ નથી બનતું; અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી વીત્યા પછી લોકમાં અચંબો

---

૧. દેવવર્ગમાં પણ ઇંદ્ર, પુરોહિત, આત્મરક્ષક, લોકપાલ, સૈનિક, નગરવાસી, સેવક, અંત્યજ વગેરે ભેદ હોય છે.

પમાડનાર એ ભાવ[1] ઉત્પન્ન થાય છે. પરંતુ તેઓ પોતાના આપબળથી ત્યાં નથી જઈ શકતા; પણ જેમ કોઈ શબર, બબ્બર, પુલિંદ[2] વગેરે અનાર્ય જાતિના લોકો જંગલ, ખાડા, ગુફા વગેરેનો આશ્રય કરીને સુસજ્જિત લશ્કરને પણ હંફાવવાની હિંમત કરે છે, તેમ અસુરકુમારો પણ અરિહંતોનો, આશ્રય લઈને ઊંચે જાય છે. તેમાં પણ મોટી ઋદ્ધિવાળા જ જઈ શકે છે, ગમે તે નહિ. અસુરેંદ્ર અસુરરાજ ચમર એક વખત મારો આશ્રય લઈ ઊંચે સુધી ગયો હતો તેની કથા તું સાંભળ.

તે કાળે, તે સમયે વિંધ્ય પર્વતની તળેટીમાં વેભેલ નામનો સંનિવેશ હતો. તેમાં પૂરણ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તે પણ વખત જતાં તામલીની પેઠે વિચાર કરી ચાર ખાનાંવાળું લાકડાનું પાત્ર લઈ 'દાનામા' નામની દીક્ષા વડે દીક્ષિત થયો. તેમાં વિધિ એ હોય છે કે, પાત્રના પહેલા ખાનામાં જે ભિક્ષા આવે તે વાટમાં મળતા વટેમાર્ગુઓને આપવી; બીજા ખાનામાં આવે તે કાગડા, કૂતરાંને આપવી; ત્રીજા ખાનામાં આવે તે માછલાં-કાચબાને ખવરાવવી; અને ચોથા ખાનામાં આવે તે પોતે ખાવી.

આમ કરતાં કરતાં અંતે તે પણ અનશન સ્વીકારી દેવગત થયો.

હે ગૌતમ ! તે કાળે હું છદ્મસ્થ[3] અવસ્થામાં હતો; અને મને

---

૧. આ અવસર્પિણીનાં તેવાં દશ આશ્ચર્યો ગણાય છે. તે માટે જુઓ આ માળાનું 'આચારધર્મ' પુસ્તક, પા. ૧૮૯.

૨. મૂળમાં ઢંકણ, ભુત્તુઅ, પણ્ડ એટલા વધારે છે. સૂત્રકૃતાંગ, પૃ. ૧૨૩, પ્રશ્નવ્યાકરણ પૃ. ૧૪, પ્રજ્ઞાપના પૃ. ૫૫ વગેરેમાં અનાર્ય દેશો, અનાર્ય પ્રજાઓ અને અનાર્ય જાતિઓનાં વર્ણન છે.

૩. કેવળજ્ઞાન હજુ ન થયું હોય તેવી અવસ્થા. ૧૧-૧૨ ગુણસ્થાનની દશા.

દીક્ષા લીધાં અગિયાર વર્ષ થયાં હતાં. હું નિરંતર છ ટંકના ઉપવાસ કર્યા કરતો હતો. તે વખતે ક્રમાનુક્રમે ફરતો ફરતો હું સુંસુમાર નગરમાં આવી પહોંચ્યો અને અશોક વનખંડમાં એક અશોકની નીચે શિલા ઉપર બેસી આઠ ટંકના ઉપવાસનું તપ આચરવા લાગ્યો. હું બંને પગ ભેળા કરીને, હાથને નીચે નમતા લાંબા કરીને, અને માત્ર એક પદાર્થ ઉપર નજર માંડીને આંખો ફફડાવ્યા વિના શરીરને જરાક આગળના ભાગમાં નમતું મૂકીને, તથા સર્વ ઇંદ્રિયોને સુરક્ષિત કરીને એક રાત્રિની મોટી પ્રતિમા[૧] સ્વીકારીને વિહરતો હતો.

તે કાળે ચમરચંચા રાજધાનીમાં ઇંદ્ર ન હતો, તેમ જ પુરોહિત ન હતો. પેલો પૂરણ તપસ્વી સાઠ ટંક અનશન રાખીને મૃત્યુ પામી, ચમરચંચામાં ઇંદ્રપણે ઉત્પન્ન થયો. એક વખત અવધિજ્ઞાન વડે તેણે સૌધર્મ કલ્પના દેવરાજ (મઘવા, પાકશાસન, શતક્રતુ, સહસ્રાક્ષ, વજ્રપાણિ, પુરંદર[૨]) શક્રને શક્ર નામના સિંહાસન ઉપર બેસી દિવ્ય ભોગો ભોગવતો જોયો. તેને જોઈ ચમરને એવો વિચાર આવ્યો કે, આ નઠારાં લક્ષણવાળો, લાજ અને શોભા વિનાનો, મરણનો ઇચ્છુક, હીણી પુણ્ય ચૌદશને[૩] દહાડે જન્મેલો એવો કોણ છે, જે મારી ઉપર વિના ગભરાટે ભોગોને ભોગવતો વિહરે છે ?

પછી દેવેંદ્ર શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવાની ઇચ્છાથી તેણે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને મને ઉપર પ્રમાણે મહા પ્રતિમા લઈને બેઠેલો જોયો. પછી મારે આશરે શક્રને શોભાભ્રષ્ટ કરવાના ઇરાદાથી તેણે પોતાના અસ્ત્રાગારમાંથી પરિઘરત્ન નામનું હથિયાર

---

૧. પ્રતિમા એટલે એક પ્રકારનું તપ. જુઓ આગળ પા. ૧૧.

૨. આ બધા શબ્દો અને વિશેષણો સાચે જ આ દેવેંદ્રને લાગુ પડતાં હતાં ? કે ઇંદ્રને માટે પ્રચલિત બધા શબ્દો કોશમાંથી અહીં મૂકવા એ જ વૃત્તિ હશે ?

૩. જન્મને માટે ચૌદશની તિથિ પવિત્ર ગણાય છે; અને અત્યંત ભાગ્યવંતના જન્મ સમયે જ તે તિથિ પૂર્ણ હોય છે.

લીધું; પછી મારી પાસે આવી મને નમસ્કાર કરી તેણે પોતાનો અભિપ્રાય નિવેદિત કર્યો તથા એક લાખ યોજન ઊંચું શરીર બનાવ્યું પછી તે પોતાના પરિઘરત્નને લઈને એકલો જ ઊંચે ઊડ્યો. રસ્તામાં તેણે ઘણા દેવલોકોને વિવિધ પ્રકારે ત્રાસ પમાડ્યો. પછી સુધર્મસભા આગળ આવી તેણે પોતાનો એક પગ પદ્મવરવેદિકા ઉપર મૂક્યો અને બીજો સુધર્મસભામાં મૂક્યો તથા પોતાના પરિઘરત્ન વડે મોટા ઇંદ્રકીલને[1] ત્રણ વાર કૂટ્યો. પછી તેણે પડકાર કરીને કહ્યું કે, દેવેંદ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? આજે હું તેનો વધ કરી તેની કરોડો અપ્સરાઓને તાબે કરું છું.

દેવેંદ્ર દેવરાજ શક્ર આ બધું જોઈ-સાંભળી ઘણો ક્રોધે ભરાયો. પછી તેણે સિંહાસન ઉપર બેઠાં બેઠાં જ વજ્રને હાથમાં લીધું, અને તેની ઉપર ફેંક્યું. તે ભયંકર વજ્રને સામે આવતું જોઈ, નવાઈ પામી, તેવા હથિયારની કામના કરતો તે ભાગ્યો અને 'હે ભગવન્ ! તમે મારું શરણ છો' એમ બોલતો મારા બંને પગની વચ્ચે પડ્યો.

તે જ વખતે દેવરાજ શક્રને વિચાર આવ્યો કે, કોઈ અરિહંતાદિ પરમ પુરુષોનો આશરો લીધા વિના આ અસુરરાજ આટલે ઊંચે આવી શકે નહીં; માટે મારા વજ્રથી તે અરિહંતાદિનો અપરાધ ના થાય એ મારે જોવું જોઈએ. એમ વિચારી અવધિજ્ઞાનથી જોતાં તેણે મને જોયો એટલે તરત જ 'આ શું ! હું મરાઈ ગયો !!' એમ બોલતો પોતે ફેંકેલા વજ્રને પાછું પકડવા ઉત્તમ દિવ્ય દેવગતિથી તે દોડ્યો અને મારાથી માત્ર ચાર આંગળ છેટે રહેલા વજ્રને પકડી પાડ્યું. જ્યારે તેણે તે વજ્રને મૂઠીમાં પકડ્યું ત્યારે તેની મૂઠી એવા વેગથી વળી હતી કે તે મૂઠીના વાયુથી મારા કેશાગ્ર કંપ્યા. પછી તેણે ત્રણ વાર પ્રદક્ષિણા કરી મને નમન કર્યું અને કહ્યું, 'હે ભગવન્ !

---

૧. દરવાજાનાં બે કમાડ બંધ કરવા, તેમને અટકાવનારો, જમીન વચ્ચે ગાડેલો ખીલો.

આ ચમર તમારો આશરો લઈ મને મારી શોભાથી ભ્રષ્ટ કરવા આવ્યો હતો; તેથી મેં આ વજ્ર તેની પાછળ મૂક્યું હતું, એમ કહી, ક્ષમા માગી. તે પાછો ફર્યો અને ઉત્તર-પૂર્વ ભાગમાં થોડે દૂર ગયા પછી ત્રણ વાર ડાબો પગ પૃથ્વી ઉપર પછાડી તેણે ચમરને કહ્યું કે, 'હે અસુરેંદ્ર, અસુરરાજ, ચમર ! શ્રમણ ભગવંત મહાવીરના પ્રભાવથી તું બચી ગયો છે; હવે તને મારાથી જરા પણ ભય નથી'. આમ કહી તે ચાલ્યો ગયો.

ગૌ.– હે ભગવન્ ! પોતે હાથે ફેંકેલી વસ્તુને તેની પાછળ દોડી દેવ પકડી શકે ?

મ.– હા ગૌતમ ! વસ્તુને જ્યારે ફેંકવામાં આવે છે, ત્યારે તેની ગતિ ઉતાવળી હોય છે, અને પછી મંદ થઈ જાય છે; જ્યારે મોટી ઋદ્ધિવાળો દેવ તો પહેલાં પણ અને પછી પણ શીઘ્ર ગતિવાળો હોય છે; તેથી તેને પકડી શકે છે.

ગૌ.– હે ભગવન્ ! તો પછી દેવેંદ્ર શક્ર પોતાને હાથે અસુરેંદ્ર ચમરને કેમ ન પકડી શક્યો ?

મ.– હે ગૌતમ ! અસુરકુમારો નીચે બહુ શીઘ્ર જઈ શકે છે અને ઉપર બહુ મંદ રીતે જઈ શકે છે; જ્યારે વૈમાનિક દેવો ઊંચે બહુ જલદી જઈ શકે છે, પણ નીચે બહુ મંદ રીતે જઈ શકે છે. એક સમયમાં શક્ર જેટલો ભાગ ઉપર જઇ શકે છે, તેટલું જ ઉપર જવાને વજ્રને બે સમય લાગે છે; અને ચમરને ત્રણ સમય લાગે છે; પરંતુ અસુરેંદ્ર ચમર એક સમયમાં જેટલું નીચે જઈ શકે, તેટલું નીચે જવાને શક્રને બે સમય લાગે છે, અને વજ્રને ત્રણ સમય લાગે છે.

હવે વજ્રના ભયથી મુક્ત થયેલો, અને દેવરાજ શક્ર દ્વારા મોટા અપમાનથી અપમાનિત થયેલો, તથા શોકસાગરમાં ડૂબેલો અસુરેંદ્ર વિચાર કરવા લાગ્યો કે, શ્રમણ ભગવંત મહાવીરના

પ્રભાવથી જ હું બચી ગયો છું. પછી તેણે પોતાના સામાનિકો[૧]ને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! ચાલો આપણે બધા જઈએ અને શ્રમણ ભગવંત મહાવીરની પર્યુપાસના કરીએ. પછી તે બધા સાથે તે અશોક વૃક્ષ નીચે આવ્યો અને મને ત્રણ વાર પ્રદક્ષિણા કરી બોલ્યો, 'હે ભગવન્ ! હું આપના પ્રભાવથી બચી ગયો છું; હું આપની ક્ષમા માગું છું'. પછી તે પાછો ચાલ્યો ગયો.

હે ગૌતમ ! તે ચમરેંદ્રની આવરદા સાગરોપમ વર્ષની છે; અને તે ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે તથા સર્વ દુઃખોનો નાશ કરશે.

ગૌ.– હે ભગવન્ ! બીજા અસુરકુમારો સૌધર્મ કલ્પ સુધી ઊંચે જાય છે તેનું શું કારણ ?

મ.– હે ગૌતમ ! તે તાજા ઉત્પન્ન થયેલા કે મરવાની અણી ઉપર આવેલા દેવોને એવો સંકલ્પ થાય છે કે, આપણે જેવી દિવ્ય દેવઋદ્ધિ પ્રાપ્ત કરી છે, તેવી દેવરાજ શક્રે પણ પ્રાપ્ત કરી છે; તો આપણે જઇએ અને તેની દેવઋદ્ધિ જોઈએ, તથા આપણી દેવઋદ્ધિ તેને બતાવીએ. એ કારણથી તેઓ ત્યાં સુધી જાય છે.

–શતક ૩, ઉદ્દે. ૨

□ □ □

૧. જેઓ આયુષ આદિમાં ઇંદ્ર સમાન છે, પણ જેમનામાં ફક્ત ઇંદ્રત્વ નથી તેવા દેવો.

## ૪

# ત્રાયસ્ત્રિંશક દેવો

મંત્રી અથવા પુરોહિતનું કામ કરનારા દેવો ત્રાયસ્ત્રાંશ કહેવાય છે. ચાર દેવવર્ગોમાંથી વ્યંતર અને જ્યોતિષ્ક વર્ગોમાં ત્રાયસ્ત્રિંશ જાતિના દેવો નથી.

વાણિજ્યગ્રામ નગરના દૂતિપલાશ ચૈત્યમાં એક વખત ભગવાન મહાવીર પધાર્યા હતા, તે પ્રસંગની વાત છે. ધર્મકથાદિ પતી ગયા પછી ભગવાન મહાવીરના શ્યામહસ્તી નામના શિષ્ય ભગવાનના મોટા શિષ્ય ઇંદ્રભૂતિ પાસે જઈને પૂછવા લાગ્યા :

પ્ર. – હે ભગવન્ ! અસુરકુમારના ઇંદ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ?

ઉ. – હા. તે દેવોનો સંબંધ આ પ્રમાણે છે : કાકંદી નગરીમાં જૂના કાળમાં પરસ્પર સહાય કરનારા તેત્રીશ શ્રમણોપાસક ગૃહસ્થો રહેતા હતા. તેઓ ધનિક, જીવાજીવને જાણનારા તથા પુણ્ય પાપના જ્ઞાતા હતા. તે ગૃહસ્થો પ્રથમ તો ઉગ્ર, ઉગ્રચર્યાવાળા, મોક્ષ મેળવવા તત્પર થયેલા તથા સંસારથી ભયભીત થયેલા હતા; પણ પાછળથી જ્ઞાનાદિથી બાહ્ય પુરુષોના આચારવાળા, થાકી ગયેલા, શિથિલાચારી, કુશીલ તથા યથાછંદવિહારી થઈ, મરણ સમયે ત્રીસ ટંકોનો ઉપવાસ કરી, પોતાનાં પ્રમાદસ્થાનોનું આલોચન-પ્રતિક્રમણ કર્યા વિના જ મરણ પામ્યા; તેથી તેઓ અસુરેંદ્ર અસુરકુમાર રાજા ચમરના ત્રાયસ્ત્રિંશ દેવપણે ઉત્પન્ન થયા.

પ્ર.– હે ભગવન્ ! જ્યારથી તેઓ ત્રાયસ્ત્રિંશપણે ઉત્પન્ન થયા, ત્યારથી જ અસુરેંદ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ?

જ્યારે શ્યામહસ્તીએ આ પ્રમાણે પૂછ્યું, ત્યારે ભગવાન ગૌતમ શંકિત થઈને શ્યામહસ્તી સાથે ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા અને તેમને નમસ્કારાદિ કરીને ઉપરનો પ્રશ્ન પૂછ્યો. ત્યારે ભગવાને જવાબ આપ્યો : હે ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી; ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોનાં નામો શાશ્વત કહ્યાં છે; તેથી તેઓ કદી ન હતાં એમ નથી, કદી ન હશે એમ નથી, તથા કદી નથી એમ પણ નથી; માત્ર અન્ય ચ્યવે છે, અને અન્ય ઉત્પન્ન થાય છે, એ રીતે તેમનો કદી વિચ્છેદ થતો નથી.

આ પ્રમાણે બલિ, નાગરાજ ધરણ, દેવરાજ શક્ર, ઈશાનેંદ્ર, અને સનત્કુમારના ત્રાયસ્ત્રિંશક દેવોના પૂર્વજન્મની વાતો પણ સમજી લેવી.

—શતક ૧૦, ઉદ્દે. ૪

□ □ □

# ૫

# શિવરાજ

તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું. તેના ઈશાન ખૂણામાં ફળફૂલથી સંપન્ન સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. તે નગરમાં શિવ નામે રાજા હતો. તેને ધારિણી નામની સુકુમાર પટરાણી હતી, તથા શિવંભદ્ર નામનો પુત્ર હતો.

એક દિવસ તે રાજાને પૂર્વ રાત્રિના પાછલા ભાગમાં રાજ્યકારભારનો વિચાર કરતાં કરતાં પોતાના કલ્યાણનો વિચાર આવ્યો. તેથી બીજે દિવસે પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી, અન્ય કોઈ દિવસે પોતાનાં સગાંવહાલાં વગેરેની રજા માગી, અનેક પ્રકારની લોઢી, લોઢાનાં કડાયાં, કડછા અને ત્રાંબાનાં બીજાં ઉપકરણો ઘડાવીને તે ઉપકરણો જ લઈને ગંગાને કાંઠે રહેતા વાનપ્રસ્થ તાપસો પાસે દીક્ષા લઈ દિશાપ્રોક્ષક[1] તાપસ થયો; તથા નિરંતર છ ટંકનો ઉપવાસ કરવાનો નિયમ લઈ રહેવા લાગ્યો.

પહેલા ઉપવાસના પારણાને દિવસે તે શિવરાજર્ષિ તડકો તપવાની જગાએથી ઊતરી નીચે આવ્યો અને વલ્કલનાં વસ્ત્ર પહેરી પોતાની ઝૂંપડીએ આવ્યો તથા કાવડને લઈ પૂર્વ દિશામાં પાણી છાંટી, "પૂર્વ દિશાના સોમ મહારાજા ધર્મસાધનમાં પ્રવૃત થયેલા શિવરાજર્ષિનું રક્ષણ કરો, અને પૂર્વ દિશામાં રહેલ કંદ, મૂલ, છાલ, પાંદડાં, પુષ્પ, ફળ, બીજ અને હરિયાળી ગ્રહણ કરવાની અનુમતિ આપો", એમ કહી, પૂર્વ દિશા તરફ ચાલ્યો, અને કાવડ ભરીને

---

૧. શુદ્ધિ વગેરે માટે ચારે દિશામાં પાણી છાંટી ફલફૂલાદિ ગ્રહણ કરનારો. તેમના વધુ વર્ણન માટે જુઓ ઉવવાઈસૂત્ર, પૃ. ૯૦-૧.

પાંદડાં, પુષ્પ વગેરે લઈ આવ્યો. પછી ઝૂંપડીએ પાછા આવી, કાવડને નીચે મૂકી, વેદિકાને સાફ કરી, તેને છાણ-પાણી વડે લીંપી લીધી. પછી ડાભ તથા કલશને હાથમાં લઈ તે ગંગા મહાનદીએ ગયો, અને ત્યાં સ્નાન-આચમન કરી, પરમ પવિત્ર થઈ, દેવતા અને પિતૃકાર્ય કરી, ઝૂંપડીએ પાછો આવ્યો. પાછા આવી ડાભ, કુશ અને રેતીની વેદી બનાવી, ત્યાં મથનકાષ્ઠ વડે અરણીને ઘસી અગ્નિ પાડ્યો; પછી સમિધ નાખી તેને પ્રજવલિત કર્યો તથા તેની દક્ષિણ બાજુએ નીચેની સાત વસ્તુઓ મૂકીઃ સકથા (એક ઉપકરણ), વલ્કલ, દીપ, શય્યાનાં ઉપકરણ, કમંડલુ, દંડ અને આત્મા (એટલે કે પોતાની જાત). પછી મધ, ઘી અને ચોખા વડે અગ્નિમાં હોમ કર્યો,તથા ચરુ-બલિ તૈયાર કર્યો. ચરુ વડે વૈશ્વદેવની પૂજા કરી, પછી અતિથિની પૂજા કરી, અને પછી પોતે આહાર કર્યો.

એ પ્રમાણે બીજા પારણા વખતે દક્ષિણ દિશા અને તેના લોકપાલ મહારાજા યમ; ત્રીજા વખતે પશ્ચિમ દિશા અને તેના લોકપાલ વરુણ મહારાજા; અને ચોથે પારણે ઉત્તર દિશા અને તેના લોકપાલ વૈશ્રમણ (કુબેર) મહારાજા સમજવા.

એ પ્રમાણે દિક્ચક્રવાલ તપ કરતાં કરતાં તે રાજર્ષિને પ્રકૃતિની ભદ્રતાથી અને વિનીતતાથી આવરણભૂત કર્મોનો ક્ષયોપશમ થતાં વિભંગજ્ઞાન[૧] ઉત્પન્ન થયું. તે વડે તે આ લોકમાં સાત દ્વીપો અને સાત સમુદ્રો જોઈ શક્યા. તે ઉપરથી તેમણે માન્યું કે, ત્યાર પછી દ્વીપો અને સમુદ્રો નથી.

તેમના એ જ્ઞાનની વાત હસ્તિનાપુરમાં બધે ફેલાઈ ગઈ. તે અરસામાં મહાવીરસ્વામી ત્યાં આવ્યા. તેમના શિષ્ય ગૌતમે ભિક્ષા

---

૧. સમ્યગ્દર્શન વિનાનાને (અજૈનને) થતું અવધિજ્ઞાન વિભંગજ્ઞાન કહેવાય છે.

માગવા જતાં ગામમાં શિવરાજર્ષિએ જણાવેલી સાત જ દ્વીપો અને સમુદ્રોની વાત સાંભળી. આ ઉપરથી તેમણે પાછા આવ્યા બાદ મહાવીર ભગવાનને પૂછ્યું, કે હે ભગવન્ ! શિવરાજર્ષિ કહે છે તેમ સાત દ્વીપ અને સાત સમુદ્ર પછી કાંઈ નથી, એમ કેમ હોઈ શકે ?

ત્યારે મહાવીર ભગવાને જણાવ્યું, 'હે ગૌતમ ! એ અસત્ય છે. હે આયુષ્મન્ ! આ તિર્યંગ્લોકમાં સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો કહ્યા છે.

આ વાત પણ બધે ફેલાઈ ગઈ. તે સાંભળી શિવરાજર્ષિ શંકિત, કાંક્ષિત, સંદિગ્ધ અને અનિશ્ચિત થયા, અને તેની સાથે જ તેમનું વિભંગ નામે અજ્ઞાન તરત જ નાશ પામ્યું. પછી તેમને વિચાર આવ્યો કે, મહાવીર ભગવાન તીર્થંકર, સર્વજ્ઞ અને સર્વદર્શી છે, માટે હું તેમની પાસે જાઉં અને તેમનો ઉપદેશ સાંભળું, તો મને આ ભવમાં અને પરભવમાં શ્રેય માટે થશે.

પછી મહાવીર ભગવાન પાસે ધર્મ સાંભળી, તેમાં શ્રદ્ધાયુક્ત બની, તેમણે પોતાનાં લોઢાનાં ઉપકરણોનો ત્યાગ કર્યો, અને પોતાની મેળે પંચમુષ્ટિ લોચ કરી, ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી. પછી અગિયાર અંગો ભણી વિચિત્ર તપકર્મ વડે ઘણાં વરસ સુધી તેમણે આત્માને ભાવિત કરતાં કરતાં સાધુપર્યાય પાળ્યો. અને અંતે મહિનાના ઉપવાસ વડે સાઠ ટંકો ન ખાઈ, મરણ પામી, સિદ્ધ થઈ, સર્વ દુઃખનો અંત પ્રાપ્ત કર્યો.

—શતક ૧૧, ઉદ્દે. ૯

□□□

## ૬

# સુદર્શન શેઠ

એક વખત મહાવીર ભગવાન વાણિજ્યગ્રામની બહાર દૂતિપલાશક ચૈત્યમાં પધાર્યા હતા. તે પ્રસંગે તે ગામના શ્રમણોપાસક સુદર્શન શેઠે[૧] તેમને નીચેના પ્રશ્નો પૂછ્યા :

પ્ર.– હે ભગવન્ ! કાળ કેટલા પ્રકારનો છે ?

ઉ.– હે સુદર્શન ! કાળ ચાર પ્રકારનો છે :

પ્રમાણ કાલ, યથાયુર્નિર્વૃતિ કાલ, મરણ કાલ, અને અદ્ધા કાલ.

તેમાં પ્રમાણ કાલ બે પ્રકારનો છે : દિવસ પ્રમાણ કાલ, અને રાત્રિ પ્રમાણ કાલ. ચાર પૌરુષી[૨] એટલે કે પ્રહરનો દિવસ થાય છે, અને ચાર પૌરુષીની રાત્રિ થાય છે. મોટામાં મોટી દિવસ અને રાત્રિની પૌરુષી સાડા ચાર મુહૂર્તની થાય છે; અને નાનામાં નાની ત્રણ મુહૂર્તની થાય છે. જ્યારે તે ઘટે છે કે વધે છે ત્યારે તે મુહૂર્તના એકસો બાવીશમા ભાગ જેટલી ઘટે છે યા વધે છે. જ્યારે અઢાર મુહૂર્તનો મોટો દિવસ હોય અને બાર મુહૂર્તની નાની રાત્રિ હોય ત્યારે સાડાચાર મુહૂર્તની દિવસની મોટોમાં મોટી પૌરુષી હોય

---

૧. તેના વર્ણનમાં, 'કોરંટક પુષ્પની માળાવાળું છત્ર તેણે માથે ધારણ કર્યું હતું' –એમ છે.

૨. દિવસ કે રાતનો ચોથો ભાગ પૌરુષી કહેવાય. સૂર્યના તડકામાં પોતાની છાયા ઇત્યાદિથી તેને જાણવાની રીત વગેરે માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૫૬, ટિ. ૧.

છે. આષાઢ પૂર્ણિમાને દિવસે અઢાર મુહૂર્તનો મોટો દિવસ હોય છે, અને બાર મુહૂર્તની નાની રાત્રિ હોય છે; તથા પોષમાસની પૂર્ણિમાને સમયે અઢાર મુહૂર્તની મોટી રાત્રિ અને બાર મુહૂર્તનો નાનો દિવસ હોય છે. ચૈત્રી પૂનમ અને આસો માસની પૂનમ હોય, ત્યારે દિવસ અને રાત્રિ સરખાં—પંદર પંદર મુહૂર્તનાં —હોય છે.

યથાયુનિર્વૃતિ કાલ એટલે નૈરયિક, મનુષ્ય, દેવ વગેરેએ પોતે જેવું આયુષ્ય બાંધ્યું હોય, તે પ્રકારે તેનું પાલન કરવું તે.

શરીરથી જીવનો અને જીવથી શરીરનો વિયોગ થાય એ મરણ કાલ કહેવાય.

અદ્ધા કાલ[૧] અનેક પ્રકારનો છે. કાલનો નાનામાં નાનો અવિભાજ્ય અંશ 'સમય' કહેવાય છે. એવા અસંખ્યેય સમયોની એક આવલિકા થાય છે; સંખ્યેય[૨] આવલિકાનો એક ઉચ્છ્વાસ કાલ થાય છે; અને સંખ્યેય આવલિકાનો એક નિઃશ્વાસ કાલ થાય છે. વ્યાધિરહિત એક જંતુનો એક ઉચ્છ્વાસ અને એક નિઃશ્વાસ તે એક પ્રાણ કહેવાય. સાત પ્રાણ એટલે એક સ્તોક; સાત સ્તોકનો એક લવ; ૭૭ લવનું એક મુહૂર્ત : ૩૭૭૩ ઉચ્છ્વાસનું એક મુહૂર્ત થાય એમ અનંત જ્ઞાનીઓએ કહ્યું છે; ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર; પંદર અહોરાત્રનો પક્ષ ઈ. ૮૪ લાખ વર્ષ એટલે એક પૂર્વાંગ; ચોરાશી લાખ પૂર્વાંગ એટલે એક પૂર્વ. તે પ્રમાણે ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહૂઆંગ, હૂહૂઅ, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિઉરાંગ, અર્થનિઉર,

---

૧. મનુષ્યલોકમાં સૂર્યના ઉદયાસ્તથી મપાતો કાળ.

૨. ૨૫૬ આવલિકા = એક ક્ષુલ્લકભવ; અને ૧૭થી વધારે ક્ષુલ્લકભવ = એક ઉચ્છ્વાસનિઃશ્વાસકાળ,

અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, નયુતાંગ, નયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા — જાણવાં. ત્યાં સુધી ગણિત છે. ત્યાર બાદ સંખ્યા વડે નહિ પણ ઉપમા વડે જ કાળ જાણી શકાય છે.

તે ઔપમિક કાળ બે પ્રકારનો છે : એક પલ્યોપમ; અને બીજો સાગરોપમ. પલ્યોપમનું વર્ણન આ પ્રમાણે છે :

સુતીક્ષ્ણ શસ્ત્ર વડે પણ જેને છેદીભેદી ન શકાય તે પરમ અણુ; એવાં અનંત પરમાણુઓના સમુદાયના સમાગમ વડે એક ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય. તેવી આઠ મળે ત્યારે એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થયા. તેવી આઠનો એક ઊર્ધ્વરેણુ, તેવા આઠનો એક ત્રસરેણુ, તેવા આઠનો એક રથરેણુ, તથા તેવા આઠનો દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્યોનો વાળનો એક અગ્ર ભાગ થાય. તેવા આઠનો હરિવર્ષ અને રમ્યકના મનુષ્યનો એક વાલાગ્ર; તેવા આઠનો હૈમવત અને ઐરવતના મનુષ્યોનો વાલાગ્ર; તેવા આઠનો પૂર્વવિદેહના મનુષ્યનો વાલાગ્ર; તેવા આઠની એક લિક્ષા, આઠ લિક્ષાની એક યૂકા, આઠ યૂકાનો એક યવમધ્ય, આઠ યવમધ્યનો એક અંગુલ; (છ અંગુલનો એક પાદ; બાર અંગુલની એક વેંત; ૨૪ અંગુલનો એક હાથ; ૪૮ અંગુલની એક કુક્ષિ); ૯૬ અંગુલનો એક દંડ, ધનુષ, યુગ, નાલિકા, અક્ષ અથવા મુસલ થાય; એવા ૨૦૦૦ ધનુષનો એક ગાઉ; અને એવા ચાર ગાઉનું એક યોજન.

એવા એક યોજન આયામ અને વિષ્કંભકવાળો, એક યોજન ઊંચાઈવાળો અને ત્રણ યોજન પરિધિવાળો એક પલ્ય (ખાડો) હોય; તેમાં એક દિવસના ઊગેલા, બે દિવસના ઊગેલા, ત્રણ દિવસના ઊગેલા અને વધારેમાં વધારે સાત રાતના ઊગેલા કરોડો વાલાગ્રો કાંઠા સુધી ઠસોઠસ ભર્યા હોય; પછી તે પલ્યમાંથી સો સો વરસે એક વાલાગ્ર કાઢવામાં આવે, અને એ રીતે જેટલે

વર્ષે તે ખાડો બિલકુલ ખાલી થઈ જાય, તેટલાં વર્ષને પલ્યોપમ કહે છે. તેવાં કોટાકોટી પલ્યોપમને ૧૦ ગણાં કરીએ તો એક સાગરોપમ થાય છે.[૧]

પ્ર.— હે ભગવન્ ! એ પલ્યોપમનો તથા સાગરોપમનો કદી ક્ષય કે અપક્ષય થાય ખરો?

ઉ.— હા, થાય.

પ્ર.— હે ભગવન્ ! એમ આપ કયા કારણથી કહો છો ?

ઉ.— હે સુદર્શન ! તે બાબતમાં હું કહું છું તે સાંભળ. તે કાળે હસ્તિનાપુર નામે નગર હતું. ત્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. તે નગરમાં બલ નામે રાજા હતો; અને તેને પ્રભાવતી નામે રાણી હતી. તેને એક વખત સ્વપ્નમાં એવું દેખાયું કે જાણે કોઈ સિંહ આકાશમાંથી ઊતરી તેના મુખમાં પ્રવેશ કરે છે. આવું સ્વપ્ન જોઈ તે જાગી ઊઠી, અને રાજાના શયનગૃહમાં આવીને તેણે તેને તે સ્વપ્નની વાત કહી સંભળાવી. રાજાએ આનંદિત થઈને તેને કહ્યું કે, એ સ્વપ્ન કોઈ તેજસ્વી પુત્રનો જન્મ સૂચવે છે. બીજે દિવસે રાજાએ સ્વપ્ન-લક્ષણ-પાઠકોને બોલાવી તેમને રાણીના સ્વપ્નનું ફળ નિશ્ચિત કરીને કહેવા જણાવ્યું. તેમણે કહ્યું :

હે દેવાનુપ્રિય ! તીર્થંકરની માતા કે ચક્રવર્તીની માતા જ્યારે તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભમાં આવી ઊપજે ત્યારે આ ચૌદ સ્વપ્નોને જોઈને જાગે છે : હાથી, બળદ, સિંહ, લક્ષ્મીનો અભિષેક, પુષ્પમાળા, ચંદ્ર, સૂરજ, ધજા, કુંભ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન અથવા ભવન[૨], રત્નનો ઢગલો અને અગ્નિ.

---

૧. ભગવતી, શતક ૬, ઉદ્દે. ૭

૨. જો તીર્થંકર દેવલોકથી આવીને ઊપજે તો વિમાન જુએ, અને નરકથી આવીને ઊપજે તો ભવન જુએ.—ટીકા.

વાસુદેવની માતાઓ તેમાંથી કોઈ પણ સાત સ્વપ્નો જુએ છે. બલદેવની માતાઓ કોઈ પણ ચારને, અને માંડલિક રાજાની માતાઓ કોઈ પણ એકને જુએ છે. માટે પ્રભાવતી રાણીને નવ માસ અને સાડાસાત દિવસ વીત્યા પછી કુલધ્વજ સમાન જે પુત્ર થશે, તે રાજ્યનો પતિ થશે અથવા ભાવિતાત્મા સાધુ થશે.

વખત જતાં રાણીએ ઉત્તમ પુત્રરત્નને જન્મ આપ્યો. તે વખતે પ્રજાજનોએ દશ દિવસ ધામધૂમથી જન્મમહોત્સવ કર્યો. રાજાએ પણ બારમે દિવસે સગાંસંબંધીઓને બોલાવી તેમની સમક્ષ તે પુત્રનું 'મહાબલ' એવું નામ પાડ્યું.

મહાબલ વિદ્યાકળા ભણીને મોટો થયા બાદ તેને આઠ કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો. તે વખતે તેનાં માતા-પિતાએ ઉત્તમ પ્રકારનું પ્રીતિદાન[૧] આપ્યું. અને તેને આઠ મહેલો તથા તેમની બરાબર મધ્યમાં સેંકડો થાંભલાવાળું એક ભવન બંધાવી આપ્યું. તેમાં તે મહાબલ અપૂર્વ ભોગો ભોગવતો વિહરે છે.

તે કાળે વિમલનાથ તીર્થંકરના પ્રપૌત્ર ધર્મઘોષ નામે સાધુ હતા. તે પાંચસો સાધુની સાથે ગામેગામ ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. તેમનાં દર્શને જતાં અનેક મનુષ્યોને જોઈ મહાબલ પણ ત્યાં ગયો; અને તેમનો ઉપદેશ સાંભળી પ્રવ્રજ્યા ધારણ કરવા ઉત્સુક થયો. પરંતુ માતપિતાના કહેવાથી રાજ્યાભિષેક થતા સુધી ચૂપ રહ્યો. પછી દીક્ષા લઈ તે ધર્મઘોષ અનગાર પાસે ૧૪ પૂર્વગ્રંથોને ભણ્યો અને વિચિત્ર પ્રકારનાં અનેક તપકર્મો વડે આત્માને ભાવિત કરી, બાર વર્ષ શ્રમણપર્યાય પાળી, અંતે સાઠ ટંકો ઉપવાસ કરી, સમાધિયુક્ત ચિત્તે મરણ પામી, બ્રહ્મલોક કલ્પમાં દેવપણે ઉત્પન્ન

૧. તેનું વર્ણન રસિક થશે એમ માની પ્રકરણને અંતે પાન ૪૨ પર ટિપ્પણમાં આપ્યું છે.

થયો. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દસ સાગરોપમ વર્ષની છે. તેમાં મહાબલ દેવની પણ દસ સાગરોપમની હતી. હે સુદર્શન ! તું પોતે જ તે મહાબલદેવ છે, અને દસ સાગરોપમ વર્ષો સુધી દિવ્ય અને ભોગ્ય એવા ભોગો ભોગવીને તે સ્થિતિનો ક્ષય થયા પછી અહીં વાણિજ્યગ્રામમાં ઉત્પન્ન થયો છે.

એ સાંભળી પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થતાં વધુ શ્રદ્ધા અને વૈરાગ્યસંપન્ન થઈ, તેણે મહાવીર ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી. પછી બાર વર્ષ સુધી સાધુપર્યાયને પાળી, અંતે સાઠ ટંકનો ઉપવાસ કરી, મૃત્યુ પામી, તે સિદ્ધિને પામ્યો તથા સર્વ દુઃખથી રહિત થયો.

—શતક ૧૧ ઉદ્દે. ૧૧

□ □ □

# ટિપ્પણ

## પ્રીતિદાનનું વર્ણન

આઠ કોટી હિરણ્ય, આઠ કોટી સોનૈયા, આઠ મુકુટ એમ આઠ આઠ કુંડલ, હાર, અર્ધહાર, એકસરા હાર, મુક્તાવલીઓ, કનકાવલીઓ, રત્નાવલીઓ, કડાની જોડીઓ, બાજુબંધની જોડી, રેશમી વસ્ત્રની જોડી, સુતરાઉ વસ્ત્રની જોડી, ટસરની જોડી, પટ્ટયુગલ, તથા દુકૂલયુગલ; આઠ આઠ શ્રી, હ્રી, ધી, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી દેવીની પ્રતિમાઓ, (ઉત્તમ રત્નનાં) આઠ નંદો, આઠ ભદ્રો, આઠ તાલવૃક્ષો; આઠ ધ્વજો, આઠ ગોકુલ (દશહજાર ગાયનું એક એવાં), આઠ નાટકો (૩૨ માણસથી ભજવી શકાય તેવાં), આઠ ઘોડા, આઠ હાથી, આઠ યાન, આઠ યુગ્ય (વાહન) તથા તે પ્રમાણે આઠ આઠ અંબાડી, પલાણ, રથ, હાથી, ગામ

(દશહજાર કુલનું એક એવાં), દાસો, દાસીઓ, કંચુકિઓ, વર્ષધરો (અંતઃપુરના ખોજા), સોના-રૂપાની હાંડીઓ (અવલંબન દીપો), દંડયુક્ત દીવાઓ, પંજર દીપો, થાળ, તાસક, ચપણિયાં, રકેબીઓ (તલિકા), ચમચા (કલાચિકા), તવેથા, તવી, પાદપીઠ, ભિસિકા (આસન), કરોટિકા (લોટા), પલંગ, ઢોયણી, હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઊંચા આસનો, દીર્ઘાસનો, ભદ્રાસનો, પક્ષાસનો, મકરાસનો, પદ્માસનો, દિક્સ્વસ્તિકાસનો, તેલના ડાબડા, (જુઓ રાજપ્રશ્નીયસૂત્ર પ. ૬૮-૧), સરસવના દાબડા, કુબ્જ દાસીઓ (ઔપપાતિક પ. ૭૬-૨); આઠ પારસિક દેશની દાસીઓ; આઠ છત્રો, આઠ છત્ર ધરનારી દાસીઓ, તેમ આઠ ચામરો, ચામર ધરનારી દાસીઓ, પંખા, પંખા વીંજનારી દાસીઓ, તાંબૂલના કરંડિયા, તેમને ધારણ કરનારી દાસીઓ, ક્ષીરધાત્રીઓ, અંકધાત્રીઓ, અંગમર્દિકાઓ, ઉન્મર્દિકાઓ. સ્નાન કરાવનારી દાસીઓ, અલંકાર પહેરાવનારીઓ, ચંદન ઘસનારીઓ, તાંબૂલ-ચૂર્ણ પીસનારીઓ, કોષ્ઠાગારનું રક્ષણ કરનારી, પરિહાસ કરનારી, સભામાં પાસે રહેનારી, નાટક કરનારી, સાથે જનારી, રસોઈ કરનારી, ભાંડાગારનું રક્ષણ કરનારી, માલણો, પુષ્પ ધારણ કરનારી, પાણી લાવનારી, બલિ કરનારી, પથારી તૈયારી કરનારી, તથા આઠ અંદરની અને આઠ બહારની પ્રતિહારીઓ, આઠ માલા કરનારી, આઠ પેષણ કરનારી. ...ઈ

□ □ □

# ૭

## શંખશેઠ

જૂના સમયની વાત છે.

તે વખતે શ્રાવસ્તી નગરીમાં શંખ વગેરે ઘણા શ્રાવકો રહેતા હતા. તેઓ જીવ-અજીવ વગેરે તત્ત્વોને જાણનારા હતા તથા અતિ ધનિક હતા. શંખને ઉત્પલા નામની શ્રમણોપાસિકા સ્ત્રી હતી.

એક વખત મહાવીર સ્વામી શ્રાવસ્તીમાં કોષ્ઠક ચૈત્યમાં પધાર્યા. તેમના આવ્યાની વાત સાંભળી બધાં તેમનાં દર્શને નીકળ્યા. શ્રમણભગવંત મહાવીરે પણ તે મોટી સભાને ધર્મકથા કહી. તે શ્રમણોપાસકોએ પણ મહાવીર ભગવાન પાસે ધર્મ સાંભળી હર્ષિત અને સંતુષ્ટ થઈ, તેમને નમન કર્યું અને પ્રશ્નો પૂછ્યા તથા તેના અર્થો ગ્રહણ કર્યા. પછી ઊભા થઈ ત્યાંથી તેઓએ શ્રાવસ્તી નગરી તરફ જવાનો વિચાર કર્યો.

પછી શંખે તે બધા શ્રમણોપાસકોને કહ્યું કે, હે દેવાનુપ્રિયો ! તમે પુષ્કળ ખાન-પાન વગેરે તૈયાર કરાવો; પછી આપણે તે બધાનો આસ્વાદ લેતા, તથા પરસ્પર દેતા અને ખાતા પાક્ષિક પોષધનું[1] અનુપાલન કરતા વિહરીશું. તે બધા શ્રાવકોએ શંખનું વચન વિનયપૂર્વક સ્વીકાર્યું.

પરંતુ, ત્યારબાદ તે શંખને એવો સંકલ્પ થયો કે,

---

૧. પોષધ વ્રત બે પ્રકારનું છે : એક, ઇષ્ટજનને ભોજન દાનાદિરૂપ તથા આહારદિરૂપ છે; અને બીજું, પોષધશાળામાં જઇ બ્રહ્મચર્યાદિપૂર્વક ધ્યાનાદિ કરવારૂપ હોય છે.

અન્નપાનાદિનો આસ્વાદ લેતા, પરસ્પર દેતા-ખાતા પાક્ષિક પોષધનું ગ્રહણ કરીને રહેવું એ મારે માટે શ્રેયસ્કર નથી; પરંતુ પોષધશાળામાં બ્રહ્મચર્યપૂર્વક, મણિ અને સુવર્ણનો ત્યાગ કરી, ચંદન, વિલેપન, શસ્ત્ર અને મુસલ વગેરેને ત્યાગી, તથા ડાભના સંથારા સહિત મારે એકલાએ—બીજાની સહાય સિવાય—પોષધનો સ્વીકાર કરી વિહરવું શ્રેય છે. એમ વિચાર કરી, તે પાછો આવ્યો અને પોતાની પત્નીને પૂછી, પોષધશાળામાં જઈ, તેને વાળી-ઝૂડી, મળ-મૂત્રાદિની જગા જોઈ-તપાસી, ડાભનો સંથારો પાથરી, તેના ઉપર બેઠો; અને પોષધ ગ્રહણ કરી, બ્રહ્મચર્યપૂર્વક પાક્ષિક પોષધનું પાલન કરવા લાગ્યો.

પેલા શ્રમણોપાસકોએ તો પોતપોતાને ઘેર જઈ, પુષ્કળ અન્નપાનાદિ તૈયાર કરાવ્યાં અને એકબીજાને બોલાવીને કહ્યું કે, આપણે બધાએ તો પુષ્કળ અન્નપાનાદિ તૈયાર કરાવેલ છે; પણ હજુ શંખ શ્રાવક આવ્યા નહિ, માટે આપણે તેમને બોલાવવા મોકલીએ. પછી તેઓએ પુષ્કલી નામના શ્રાવકને શંખની પાસે મોકલ્યો. પુષ્કલીએ ઉત્પલાને જઈને શંખ વિષે પૂછ્યું અને પોષધશાળામાં જઈ શંખને બધી વાત કરી. ત્યારે તેણે કહ્યું કે, પુષ્કળ અન્નપાનાદિ આહારનો આસ્વાદ લેતા પોષધનું પાલન કરવું મને યોગ્ય ન લાગ્યું; મને તો આ રીતે પોષધશાળામાં પોષધયુક્ત થઈને વિહરવું યોગ્ય લાગે છે. પરંતુ, તમે બધા તો પહેલાં નક્કી કર્યા પ્રમાણે અન્નપાનાદિનો આસ્વાદ લેતા વિહરો.

પછી પેલા બધા શ્રમણોપાસકો તો વિપુલ અન્નપાનાદિનો આસ્વાદ લેતા વિહરવા લાગ્યા.

ત્યાર બાદ મધ્યરાત્રીના સમયે ધર્મ-જાગરણ કરતા શંખને એવો વિચાર આવ્યો કે, આવતી કાલે સૂર્ય ઊગવાને સમયે મહાવીર ભગવાનને વંદનાદિ કરીને મારા પોષધવ્રતને પૂરું કરું. એમ વિચારી તે યથોચિત સમયે પોષધશાળામાંથી બહાર નીકળી, શુદ્ધ, બહાર જવા

યોગ્ય, તથા મંગલરૂપ વસ્ત્રો ઉત્તમ રીતે પહેરી, પગે ચાલતો મહાવીર ભગવાનને વંદનાદિ કરવા ગયો.

પેલા શ્રમણોપાસકો પણ ભેગા થઈ ભગવાનને વંદનાદિ કરવા આવ્યા. પછી મહાવીર ભગવાને તેમને ધર્મકથા કહી. પછી તે બધા ઊભા થઈ જ્યાં શંખ હતો ત્યાં આવ્યા અને, તેને ઠપકો આપવા લાગ્યા. ત્યારે મહાવીર ભગવાને તે શ્રમણોપાસકોને કહ્યું કે, 'હે આર્યો ! તમે શંખની હીલના, નિંદા અને અપમાન ના કરો; કારણ કે તે ધર્મને વિષે પ્રીતિવાળો અને દઢતાવાળો છે; તથા તેણે પ્રમાદ અને નિદ્રાના ત્યાગથી સુદૃષ્ટિ–જ્ઞાની–નું જાગરણ[1] કરેલ છે.

પછી, તે શાંત શ્રમણોપાસકે ભગવાનને વંદન કરીને પૂછ્યું : 'ભગવન્ ! ક્રોધને વશ હોવાથી પીડિત થયેલો જીવ કયું કર્મ બાંધે તથા એકઠું કરે ?

મ.–હે શંખ ! ક્રોધને વશ થવાથી પીડિત થયેલો જીવ આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓ શિથિલ બંધનથી બાંધેલી હોય તો તેમને કઠિન બંધનવાળી કરે છે; અલ્પ સ્થિતિવાળીને દીર્ઘ સ્થિતિવાળી, મંદ અનુભાગવાળીને તીવ્ર અનુભાગવાળી, તથા અલ્પ પ્રદેશવાળીને બહુ પ્રદેશવાળી કરે છે; અશાતાવેદનીય કર્મ વારંવાર એકઠું કરે છે, તથા અનાદિ અનંત અને દીર્ઘમાર્ગવાળા આ સંસારારણ્યને વિષે પર્યટન કરે છે. તે કારણથી તે સિદ્ધ થતો નથી તેમ જ સર્વ દુઃખોનો અંત લાવી શકતો નથી. તે પ્રમાણે માન, માયા અને લોભને વશ થયેલાઓનું પણ સમજવું.

ત્યારબાદ તે શ્રમણોપાસકો ભગવાન પાસેથી એ વાત

---

૧. જાગરિકા ત્રણ પ્રકારની છે : (બ્રહ્મચારી સાધુઓ વગેરે) બુદ્ધોની; (જેમને હજુ કેવલજ્ઞાન નથી થયું એવા) અબુદ્ધોની; અને (શ્રદ્ધાળુ શ્રાવકો રૂપી) સુદર્શનોની.

સાંભળી ભય પામ્યા અને ઉદ્વિગ્ન થયા; પછી તેઓ ભગવાનને વંદન કરી શંખ પાસે આવ્યા અને તેની વારંવાર વિનયપૂર્વક ક્ષમા માગવા લાગ્યા. ત્યારબાદ તેઓ પાછા ચાલ્યા ગયા.

તે પછી ગૌતમે ભગવાનને પૂછ્યું : ભગવન્ ! તે શંખ શ્રમણોપાસક આપની પાસે પ્રવ્રજ્યા લેશે ?

મ.—હે ગૌતમ ! એ અર્થ યથાર્થ નથી. પણ હે ગૌતમ ! તે શંખ શ્રમણોપાસક ઘણાં શીલવ્રત, ગુણવ્રત, વગેરે વડે તથા યથાયોગ્ય સ્વીકારેલાં તપકર્મ વડે આત્માને ભાવિત કરતો, ઘણાં વરસો સુધી શ્રમણોપાસકપણું પાળી, અંતે સાઠ ટંક ઉપવાસ કરી, સમાધિયુક્ત ચિત્તે મરણ પામી, સૌધર્મ કલ્પમાં અરુણાભ નામે વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. તેમાં તેની પણ ચાર પલ્યોપમની સ્થિતિ હશે. પછી તે સ્થિતિનો ક્ષય થયા બાદ, તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે અને સર્વ દુઃખોનો અંત લાવશે.

—શતક ૧૨, ઉદ્દે. ૧.

□ □ □

— ૮ —

# જયંતી શ્રાવિકા

કૌશાંબી નગરીમાં ચંદ્રાવતરણ નામનું ચૈત્ય હતું. તે નગરીમાં ઉદાયન નામે રાજા હતો. તેના પિતાનું નામ શતાનીક હતું, તથા તેની માતાનું નામ મૃગાવતી દેવી હતું. તે ચેટક રાજાની પુત્રી હતી. શતાનીકને જયંતી નામની બહેન હતી. તે શ્રાવિકા હતી; તથા શ્રમણ ભગવંત મહાવીરના સાધુઓની પ્રથમ 'શય્યાતર' (ઉતારો આપનાર) હતી.

એક વખત મહાવીરસ્વામી તે નગરમાં પધાર્યા. તે સાંભળી બધાં તેમનાં દર્શને નીકળ્યાં. ઉદાયન રાજા પણ તેમનાં દર્શને ગયો. પછી જયંતીએ પોતાની ભોજાઈ મૃગાવતીને કહ્યું કે, 'હે દેવાનુપ્રિયે! અહીં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા છે; તેવાનાં નામ-ગોત્રના શ્રવણથી પણ મોટું ફળ થાય છે; તો પછી તેમને વંદનાદિ કરવાથી તો શું જ કહેવું ? તથા એક પણ આર્ય અને ધાર્મિક સુવચનના શ્રવણથી મોટું ફળ થાય છે; તો પછી વિપુલ અર્થને ગ્રહણ કરવા વડે મહાફલ થાય તેમાં નવાઈ શી? માટે ચાલ, આપણે જઈએ અને તેમને વંદન કરીએ. એ આપણને આ ભવમાં તથા પરભવમાં હિત, સુખ, અને નિઃશ્રેયસ માટે થશે.

આ સાંભળી મૃગાવતી પણ મહાવીરસ્વામીનાં દર્શન માટે તત્પર થઈ; તથા જયંતીની સાથે વાહનમાં બેસી જ્યાં મહાવીર ભગવાન હતા ત્યાં ગઈ.

દર્શનાદિ કર્યા બાદ, તથા ધર્મકથા સાંભળ્યા બાદ બધા લોકો સાથે ઉદાયન અને મૃગાવતી પાછાં ફર્યાં.

પરંતુ જયંતી તો ભગવાને નમસ્કાર કરી પૂછવા લાગી: 'હે ભગવન્ ! જીવો ભારેપણું શાથી પામે ?'

મ.— હે જયંતી ! જીવો જીવહિંસાદિથી[૧] ભારે કર્મીપણું પામે છે.

જયંતી – હે ભગવન્ ! જીવોનું ભવસિદ્ધિકપણું[૨] સ્વભાવથી છે કે પરિણામથી છે ?

મ. – હે જયંતી ! ભવસિદ્ધિક જીવો સ્વભાવથી છે, પણ પરિણામથી નથી.

જયંતી – હે ભગવન્ ! જો સર્વે ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે, તો આ લોક ભવસિદ્ધિક જીવોરહિત થશે ?

મ. – તે અર્થ યથાર્થ નથી. જેમ સર્વ આકાશની શ્રેણી હોય; તે અનાદિ અનંત, તથા ઉપરની બાજુઓએ પરિમિત અને બીજી શ્રેણીઓથી પરિવૃત હોય; તેમાંથી સમયે સમયે એક પરમાણુ પુદ્ગલ માત્ર ખંડો કાઢતાં કાઢતાં અનંત યુગો વીતી જાય, તો પણ તે શ્રેણી ખાલી થાય નહીં, તે પ્રમાણે બધાય ભવસિદ્ધિક જીવો સિદ્ધ થવાની યોગ્યતાવાળા છે, તો પણ લોક ભવસિદ્ધિક જીવો વિનાનો થશે નહીં.

જયંતી – હે ભગવન્ ! સૂતેલાપણું સારું કે જાગેલાપણું સારું ?

મ. – હે જયંતી ! કેટલાક જીવોનું સૂતેલાપણું સારું;

---

૧. વિગતો માટે જુઓ આગળ પા. ૨૩૩

૨. મોક્ષ પામવાને યોગ્ય હોવા પણું. જૈન દર્શન પ્રમાણે કેટલાક જીવો અભવ્ય છે. તેમનો કદી મોક્ષ થવાનો નથી.

અને કેટલાક જીવોનું જાગેલાપણું સારું. અધર્મી લોકોનું સૂતેલાપણું જ સારું; કારણ કે તો જ એ લોકો અનેક ભૂતપ્રાણીઓને દુઃખ આપનારા ન થાય; તેમ જ પોતાને કે બીજાને કે બંનેને ઘણી અધાર્મિક સંયોજના (ક્રિયા) સાથે ન જોડે. પરંતુ જે જીવો ધાર્મિક છે, તેઓનું જાગેલાપણું સારું છે; કારણ કે તેઓ અનેક ભૂતપ્રાણીઓને સુખ આપનારા થાય છે; અને પોતાને, પરને કે બંનેને ઘણી ધાર્મિક સંયોજના (ક્રિયા) સાથે જોડનાર થાય છે. વળી એ જીવો જાગતા હોય તો ધર્મજાગરિકા વડે પોતાને જાગૃત રાખે છે. માટે એ જીવોનું જાગેલાપણું સારું છે.

જયંતી – હે ભગવન્ ! સબળપણું સારું કે દુર્બલપણું સારું ?

મ. – હે જયંતી ! કેટલાક જીવોનું સબલપણું સારું અને કેટલાકનું દુર્બલપણું સારું : ધાર્મિક જીવોનું સબલપણું સારું, અને અધાર્મિકનું દુર્બલપણું સારું.

જયંતી – દક્ષપણું–ઉદ્યમીપણું સારું કે આળસુપણું સારું?

મ. – હે જયંતી ! ધાર્મિક જીવોનું ઉદ્યમીપણું સારું; અને અધાર્મિક જીવોનું આળસુપણું સારું. ધાર્મિક જીવો ઉદ્યમી (દક્ષ) હોય, તો આચાર્યાદિની ઘણી સેવા કરે છે, માટે તેઓનું દક્ષપણું સારું છે.

જયંતી – શ્રોત્રેંદ્રિયને વશ થવાથી પીડિત થયેલો જીવ શું બાંધે ?

મ. – હે જયંતી ! જેમ ક્રોધને વશ થયેલા જીવ સંબંધે આગળ શંખશેઠ વખતે કહ્યું, તેમ અહીં પણ જાણવું. તેમ બીજી

ઇંદ્રિયોને વશ થયેલાઓ વિષે પણ જાણવું.

ત્યારબાદ તે જયંતી શ્રમણોપાસિકા શ્રમણ ભગવંત મહાવીર પાસે એ વાત સાંભળી હર્ષવાળી અને સંતુષ્ટ થઈ તથા તેમની પાસે પ્રવ્રજ્યા સ્વીકારી, આર્ય ચંદનાના શિષ્યાપણાએ રહી, અગિયાર અંગો ભણી, ઘણાં વર્ષો સાધ્વીપણું પાળી, અંતે સાઠ ટંક ઉપવાસ કરી, મરણ પામી, નિર્વાણ પામી, તથા સર્વ દુઃખથી મુક્ત થઈ.

—શતક ૧૨, ઉદ્દે. ૨

□□□

# ૯

# ઉદાયન રાજા

તે સમયે સિંધુસૌવીર દેશને વિષે વીતભય નામે નગર હતું. તેના ઈશાનખૂણામાં મૃગવન નામે ઉદ્યાન હતું. તે નગરને વિષે ઉદાયન નામે રાજા હતો. તેને પ્રભાવતી નામની રાણી હતી, તથા તે રાણીથી થયેલો અભીચિ નામે કુમાર હતો. તે રાજાને કેશીકુમાર નામે ભાણેજ હતો. તે ઉદાયન રાજા સિંધુસૌવીર વગેરે ૧૬ દેશો, વીતભય વગેરે ત્રણસો ને ત્રેસઠ નગરો અને ખાણો તથા જેમને છત્ર-ચમર-વીંજણા હાથમાં આપેલા છે એવા મહાસેન[1] વગેરે દશ મુકુટબદ્ધ રાજાઓ તથા એવા બીજા ઘણા રાજાઓ, યુવરાજો,

---

૧. આ મહાસેન તે ઈતિહાસપ્રસિદ્ધ અવન્તીનો પ્રદ્યોત અથવા ચંડપ્રદ્યોત. તેની સાથેના યુદ્ધની વિગત આવ. સૂત્ર ટીકા પા. ૨૯૬-૩૦૦માં આ પ્રમાણે વર્ણવેલી છે. : કેટલાક મુસાફરોને સમુદ્રના તોફાનમાંથી બચાવી એક દેવે ચંદનની જિનમૂર્તિ આપી હતી. તેને ઉદાયનની રાણી પ્રભાવતીએ પોતાના મહેલમાં સ્થાપી હતી. રાણીના મૃત્યુ પછી એક કૂબડી દાસી તેની પૂજા કરતી હતી. દૈવીપ્રભાવવાળી ગોળીઓ ખાતાં તે દાસી અપૂર્વ સુંદરી બની ગઈ. પછી તેની ઇચ્છાથી ઉજ્જયિનીનો ચંડપ્રદ્યોત તે દાસીને અને પેલી મૂર્તિને હરી ગયો. પછી ઉદાયનને તેની સાથે યુદ્ધ થયું, અને તેમાં ચંડપ્રદ્યોત હાર્યો અને પકડાયો. પછી તેને પજુસણ દરમ્યાન છોડી મૂકી ઉદાયન પેલી મૂર્તિ સાથે પાછો આવ્યો. તે મૂર્તિ રાજાના વધ પછી દેવે વરસાવેલા ધૂળના વરસાદમાં દટાઈ ગઈ. પછી હેમચંદ્રે પોતે પોતાના 'મહાવીરચરિત'માં જણાવ્યા પ્રમાણે મહાવીરના નિર્વાણ પછી ૧૬૬૯ વર્ષે, કુમારપાળ દ્વારા ખોદાવી મંગાવી અને પાટણમાં પધરાવી. આ તથા બીજી અનેક ઐતિહાસિક વિગતો માટે જુઓ 'પુરાતત્ત્વ', પુ. ૧, પા. ૨૬૩માં આચાર્યશ્રી જિનવિજયજીનો લેખ.

કોટવાલો (તલવર), નગરશેઠો અને સાર્થવાહો વગેરેનું અધિપતિપણું કરતો હતો; તથા રાજ્યનું પાલન કરતો, જીવ-અજીવ વગેરે તત્ત્વોને જાણતો તથા શ્રાવકપણું પાળતો ઉપાસક થઈને વિહરતો હતો.

એક વખત તે રાજાને મધ્યરાત્રીને સમયે ધર્મજાગરણ કરતાં કરતાં એવો સંકલ્પ થયો કે, 'તે ગામ, નગર વગેરેને ધન્ય છે, જ્યાં શ્રમણભગવંત મહાવીર વિચરે છે; તથા તે રાજા, શેઠ વગેરેને ધન્ય છે, જેઓ શ્રમણભગવંત મહાવીરને નમસ્કાર કરે છે. જો શ્રમણભગવંત મહાવીર ફરતા ફરતા અહીં આવે અને આ નગરની બહાર મૃગવન ઉદ્યાનમાં ઊતરે, તો હું તેમને વંદન કરું તથા તેમની ઉપાસના કરું.

તે વખતે ભગવાન ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં હતા. તે ઉદાયન રાજાનો આ સંકલ્પ જાણી ત્યાંથી નીકળ્યા અને વીતભયમાં આવી મૃગવનમાં ઊતર્યા. એ વાત જાણી પ્રજાજનો હર્ષિત થઈ તેમનાં દર્શને નીકળ્યા; અને ઉદાયન રાજા પણ પરિવારથી વીંટળાઈને ઝટપટ ત્યાં ગયો. ત્યારબાદ ભગવંતે ધર્મકથા કહી. તે સાંભળી હર્ષિત થઈ ઉદાયન રાજાએ ભગવાનને પ્રદક્ષિણા કરીને કહ્યું કે, અભીચિકુમારને રાજ્ય વિષે સ્થાપન કરી, આપની પાસે હું પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું. પછી મહાવીર ભગવાનની પરવાનગી મળતાં રાજા ઘર તરફ જવા નીકળ્યો. પરંતુ તેને રસ્તામાં વિચાર આવ્યો કે, મારા પ્રિય પુત્રને હું રાજ્ય સોંપી પ્રવ્રજિત થાઉં, તો મારો તે પ્રિય પુત્ર મનુષ્ય સંબંધી કામભોગોમાં મૂર્છિત, લુબ્ધ અને બદ્ધ થઈને અનાદિ અને અનંત સંસારસાગરમાં અટવાયા કરશે. માટે હું તો મારા ભાણેજ કેશીકુમારને રાજ્ય વિષે સ્થાપું.

ઘેર આવી રાજાએ કેશીકુમારના રાજ્યાભિષેકના મહોત્સવની

તૈયારી કરવાનો હુકમ આપ્યો. અને યોગ્ય સમયે વિધિપુરઃસર કેશીકુમાર રાજા થયો પણ ખરો. પછી ઉદાયન પણ પ્રવ્રજિત થઈ, યોગ્ય તપ-કર્મ કરતો મરણ પામી સિદ્ધ થયો-મુક્ત થયો.[1]

ત્યાર પછી અન્ય કોઈ દિવસે અભીચિકુમારને મધ્યરાત્રિને સમયે કુટુંબજાગરણ કરતાં-કરતાં એવો વિચાર થયો કે, 'હું ખરેખર ઉદાયન રાજાનો પ્રભાવતીદેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો પુત્ર છું; છતાં ઉદાયન રાજાએ મને છોડી પોતાના ભાણેજ કેશીકુમારને રાજ્ય ઉપર બેસાડી, ભગવંત મહાવીર પાસે પ્રવ્રજ્યા લીધી.' આવા પ્રકારના મોટા અપ્રીતિયુક્ત માનસિક દુઃખથી પીડિત થયેલો તે અભીચિકુમાર પોતાના અંતઃપુરના પરિવાર સહિત પોતાનો સરસામાન લઈને ચાલી નીકળ્યો અને ચંપાનગરમાં કૂણિક રાજાને આશ્રયે રહ્યો. ત્યાં તેને વિપુલ ભોગસામગ્રી પ્રાપ્ત થઈ. પછી તે શ્રાવક પણ થયો; પરંતુ ઉદાયન રાજર્ષિ પ્રત્યે તેની વૈરવૃત્તિ કાયમ જ રહી. રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોની પાસે ચોસઠ લાખ અસુરકુમારોના આવાસો કહ્યા છે. અભીચિકુમાર ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસકપણું પાળી, અર્ધમાસિક સંલેખનથી (ત્રીસ ટંક ઉપવાસ

---

૧. પછીના આવશ્યકચૂર્ણિ, ટીકા આદિ ગ્રંથોમાં ઉદાયનના મૃત્યુની નોંધ આ પ્રમાણે લીધી છે : દીક્ષા લીધા પછી લૂખા-સૂકા ભિક્ષાહારને કારણે તેના શરીરમાં વ્યાધિ થયો. વૈદ્યોએ તેને દહીં ખાવાનું જણાવ્યું તે માટે તે વ્રજમાં રહેવા લાગ્યો. એક વખત તે વીતભયમાં ગયો. ત્યાં તેનો ભાણેજ કેશી રાજ્ય કરતો હતો. તેને દુષ્ટ મંત્રીઓએ ભરમાવ્યો કે, આ રાજા ભિક્ષુજીવનથી કંટાળી રાજ્ય મેળવવા ચાહે છે. ત્યારે તેણે કહ્યું કે, તેણે રાજ્ય આપ્યું છે, તો તે પાછું ઇચ્છશે તો આપી દઈશ. પરંતુ અંતે દુષ્ટ મંત્રીઓની સલાહ મુજબ કેશીએ તે રાજાને એક ગોવાલણના હાથે દહીંમાં ઝેર નંખાવી મારી નંખાવ્યો. પછી નગરના દેવતાએ તે આખું નગર ધૂળના વરસાદથી દાટી દીધું. આવ. સૂત્ર. ટીકા. પૃ. ૫૩૭-૮.

કરી,) પોતાના વેરની આલોચના વગેરે કર્યા વિના મરણ પામ્યો; અને અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાક અસુરકુમાર દેવોની એક પલ્યોપમ સ્થિતિ કહી છે, અને અભીચિદેવની પણ તેટલી જ છે. તે સ્થિતિનો ક્ષય થયા પછી તે મહાવિદેહ ક્ષેત્ર વિષે સિદ્ધ થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

—શતક ૧૩, ઉદ્દે. ૬

□ □ □

## ૧૦

# ગંગદત્ત દેવ

તે કાળે ઉલ્લુકતીર નામે નગર હતું. તેની બહાર એક જંબૂક નામે ચૈત્ય હતું. એક વખત મહાવીરસ્વામી ત્યાં પધાર્યા. તે વખતે શક્ર દેવેન્દ્ર મહાવીર ભગવાનને સંક્ષિપ્ત આઠ પ્રશ્નો પૂછી ઉતાવળપૂર્વક ભગવાનને વંદન કરી, દિવ્ય વિમાન ઉપર પાછો ચડી, જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો. તે પ્રશ્નો આ પ્રમાણે હતા : હે ભગવન્! મોટી ઋદ્ધિવાળો દેવ બહારના પુદ્ગલો ગ્રહણ કરીને જેમ અહીં આવવાને સમર્થ છે, તેમ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને જવા-બોલવા-ઉત્તર દેવા-આંખ ઉઘાડવા મીંચવા-શરીરના અવયવોને સંકોચવા પહોળા કરવા-સ્થાન શય્યા કે સ્વાધ્યાય ભૂમિ (નિષદ્યા) ભોગવવાને-વૈક્રિયરૂપ ધારણ કરવાને અને વિષયોપભોગ કરવાને સમર્થ છે?

તેના જવાબમાં મહાવીરસ્વામીએ કહ્યું કે, હે શક્ર, મોટી ઋદ્ધિવાળો દેવ બહારના પુદ્ગલો ગ્રહણ કરીને એ બધું કરવા સમર્થ છે; પણ તેમને ગ્રહણ કર્યા વિના સમર્થ નથી[1].

પછી ગૌતમે ભગવાનને વંદન કરી પ્રશ્ન પૂછ્યો કે, હે ભગવન્ ! ઇંદ્ર આ પ્રમાણે સંક્ષિપ્ત પૂછી ઉત્સુકતાપૂર્વક નમન કરી કેમ ઉતાવળો ચાલ્યો ગયો ?

---

૧. સર્વ સંસારી જીવ (શ્વાસરૂપે, આહારાદિરૂપે, કે કર્મરૂપે) બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યા વિના કાંઇ ક્રિયા કરી નથી શકતા; પણ કદાચ મહાઋદ્ધિશાળી દેવ કરી શકતો હોય એવી આશંકાથી શક્રનો પ્રશ્ન છે.

ત્યારે ભગવાને ઉત્તર આપ્યો – હે ગૌતમ ! મહાશુક્ર કલ્પના મહાસામાન્ય નામના વિમાનમાં મોટી ઋદ્ધિવાળા બે દેવો એક જ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. તેમાં એક માયી મિથ્યાદૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો; અને એક અમાયી સમ્યગ્ દૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો. પછી પેલા માયી દેવે અમાયી દેવને કહ્યું કે, પરિણામ પામતી વસ્તુને પરિણત ન કહેવાય; કારણ કે હજુ તે પરિણમે છે, માટે પરિણત નથી પણ અપરિણત છે. ત્યારે પેલા અમાયી દેવે કહ્યું કે, પરિણામ પામતા પુદ્ગલો પરિણમે છે માટે પરિણત કહેવાય, પણ અપરિણત ન કહેવાય. પછી તે સમ્યગ્દૃષ્ટિ દેવે અવધિજ્ઞાન વડે મને અહીં આવેલો જોઈ, એ બાબતની ખાતરી કરવા આવવાનો વિચાર કર્યો; અને તેથી પોતાના મોટા પરિવાર સાથે તે અહીં આવવા નીકળ્યો છે. પણ દેવરાજ શક્ર મારી તરફ આવતા તે દેવની તેવા પ્રકારની દિવ્ય દેવદ્યુતિ, ઋદ્ધિ અને પ્રભાવને ન સહન કરતો, આઠ સંક્ષિપ્ત પ્રશ્નો પૂછી, ઉત્સુકતાપૂર્વક વંદીને ચાલ્યો ગયો.

આ વાત ચાલે છે તેટલામાં તો પેલો સમ્યગ્દૃષ્ટિ દેવ શીઘ્ર ત્યાં આવ્યો અને ભગવાનની પ્રદક્ષિણાપૂર્વક તેણે પેલો પ્રશ્ન તેમને પૂછ્યો. ત્યારે ભગવાને તેનું મંતવ્ય જ સાચું કહ્યું. આથી હર્ષિત થઈ તે દેવ ત્યાં જ બેસી ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યો. પછી ભગવાને તે દેવને અને સભાજનોને ધર્મકથા કહી. તેથી સંતુષ્ટ તથા આરાધક બની તે દેવ ઊભો થયો અને ભગવાનને વંદન કરીને બોલ્યો : ‘હે ભગવંત ! હું ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક[1] ? સમ્યગ્દૃષ્ટિ છું કે

---

૧. કદી મોક્ષ ન પામનાર.

મિથ્યાદૃષ્ટિ ? પરિમિત સંસારવાળો છું કે અપરિમિત સંસારવાળો ? સુલભબોધિક છું કે દુર્લભબોધિક ? આરાધક છું કે વિરાધક ? (ચરમ) અંતિમ શરીરવાળો છું કે અચરમ શરીરવાળો ?

ત્યારે ભગવાને તેને જવાબ આપ્યો : 'હે ગંગદત્ત ! તું ભવસિદ્ધિક છે, તથા ચરમ શરીરવાળો છે.

પછી ગંગદત્ત દેવ ગૌતમાદિને બત્રીસ પ્રકારનાં નાટક દેખાડીને જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો.

ગૌ.–હે ભગવન્ ! ગંગદત્ત દેવની તે બધી દિવ્ય ઋદ્ધિ ક્યાં ચાલી ગઈ ?

મ.–હે ગૌતમ ! તે તેના શરીરમાં સમાઈ ગઈ.

ગૌ.– હે ભગવન્ ! ગંગદત્તે તે દિવ્ય ઋદ્ધિ કેવી રીતે મેળવી ?

મ.–હે ગૌતમ ! હસ્તિનાપુરમાં જૂના સમયમાં ગંગદત્ત નામનો ગૃહસ્થ રહેતો હતો. તે વખતે આદિકર, સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશગત ચક્રવાળા, તથા દેવો વડે ખેંચાતા ધર્મધ્વજયુક્ત શ્રી મુનિસુવ્રત તે નગરમાં સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં ફરતા ફરતા આવીને ઊતર્યા. તેમને આવેલા જાણી પ્રજાજનો સાથે ગંગદત્ત પણ તેમનાં દર્શને ગયો, અને તેમની ધર્મકથા સાંભળી, પોતાના પુત્રને બધો કારભાર સોંપી પ્રવ્રજિત થયો. પછી તે અગિયાર અંગો ભણ્યો અને અનેક તપ આચરવા લાગ્યો. અંત સમયે ૬૦ ટંકનો ઉપવાસ કરી, તે મરણ પામ્યો અને મહાશુક્ર કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. તેની તે સ્થિતિ સત્તર

સાગરોપમ વર્ષની છે. ત્યાંથી ચ્યુત થયા પછી તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે[1]

—શતક ૧૬, ઉદ્દે. ૫

□□□

---

૧. બીજે પ્રસંગે વિશાલા નગરીમાં બહુપુત્રિક ચૈત્યમાં ભગવાન પધાર્યા હતા ત્યારે શક્રદેવ આવીને ૩૨ પ્રકારનો નાટ્યવિધિ બતાવી ગયો. તેણે તે ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી એવા પ્રશ્નના જવાબમાં ભગવાને હસ્તિનાપુરના ૧૦૦૮ વાણિયાઓના નાયક કાર્તિક શેઠની વાત કહી. તે પણ મુનિસુવ્રતનો ઉપદેશ સાંભળી ૧૦૦૮ વાણિયાઓ સાથે પ્રવ્રજિત થયો હતો, ૧૪ પૂર્વ ભણ્યો હતો, તથા બાર વર્ષ સાધુપણે રહી અંતે ૬૦ ટંક ભૂખ્યો રહી મરણ પામ્યો હતો અને બે સાગરોપમ આયુષ્યવાળો દેવરાજ થયો હતો. તે અંતે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે.

—શતક ૧૮, ઉદ્દે. ૨

૧૧

# મદ્રુક શ્રાવક

તે કાલે રાજગૃહ નામે નગર હતું. તેની પાસે ગુણશીલ નામે ચૈત્ય હતું. તે ચૈત્યની પાસે થોડે દૂર કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય અન્યપાલક, શૈલપાલક, શંખપાલક અને સુહસ્તી ગૃહસ્થ નામના અન્યતીર્થિકો[1] રહેતા હતા. એક વખત તેઓ એકઠા થઈ સુખપૂર્વક બેઠા હતા, ત્યારે તેમનામાં આ પ્રકારનો વાર્તાલાપ થયો : 'શ્રમણ જ્ઞાતપુત્ર (મહાવીર) પાંચ અસ્તિકાયો જણાવે છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. તેમાં જીવાસ્તિકાયને તે જીવકાય જણાવે છે. વળી પુદ્ગલ સિવાયના અસ્તિકાયોને અરૂપીકાય (અમૂર્ત) જણાવે છે અને પુદ્ગલાસ્તિકાયને રૂપીકાય (મૂર્ત)જણાવે છે. એ પ્રમાણે કેમ માની શકાય[2] ?

---

૧. અન્યના તીર્થને – સંપ્રદાયને – મતને અનુસરનાર.

૨. જેનો બીજો ભાગ ન થઈ શકે એવા અંશને – ખંડને 'અસ્તિ' અથવા 'પ્રદેશ' કહે છે; અને એના સમુદાયને 'કાય' કહે છે. અર્થાત્ અસ્તિકાય એટલે પ્રદેશોનો સમૂહ. એ દ્રવ્યો એવા એક અખંડ સ્કંધરૂપ છે કે જેના અવિભાજ્ય સૂક્ષ્મ અંશ બુદ્ધિથી કલ્પી શકાય છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશ પોતાના સ્કંધથી જુદા થઈ શકે છે; પણ બીજાં ચાર દ્રવ્યના તેમ થઈ શકતા નથી. કારણ કે, તે ચારે અમૂર્ત છે. વધુ માટે જુઓ આગળ ખંડ ૩, અસ્તિકાય વિભાગ. ધર્મ અને અધર્મનો અહીં પ્રસિદ્ધ અર્થ નથી લેવાનો. આ બે દ્રવ્યો ગતિ અને સ્થિતિમાં સહાયક છે. પાણી વિના જેમ માછલી ગતિ કે સ્થિતિ ન કરી શકે, તેમ આ બે દ્રવ્યો અન્ય દ્રવ્યોની ગતિ તથા સ્થિતિમાં સહાયક છે. પુદ્ગલ અસ્તિકાય એટલે જેને અન્ય દર્શનો પ્રકૃતિ કે જડ તત્ત્વ કહે છે તે.

હવે તે નગરમાં મદ્રુક નામનો ધનવાન શ્રાવક રહેતો હતો. એક વખત મહાવીરને રાજગૃહમાં આવેલા જાણી મદ્રુક તેમનાં દર્શને જતો હતો; તેટલામાં પેલા અન્યતીર્થિકોએ તેને જોયો; એટલે તેમણે તેને બોલાવીને પોતાનું ઉપરનું મંતવ્ય જણાવ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો : 'જો કોઈ વસ્તુ કાર્ય કરે, તો આપણે તેને કાર્ય દ્વારા જાણી શકીએ કે જોઈ શકીએ. પણ જો તે પોતાનું કાર્ય ન કરે તો આપણે તેને જાણી શકતા નથી તેમ જોઈ શકતા નથી. પવન વાય છે, પણ આપણે તેનું રૂપ જોઈ શકતા નથી; ગંધગુણવાળા પુદ્‌ગલો છે, છતાં તેમનું રૂપ આપણે જોઈ શકતા નથી; અરણિના કાષ્ઠમાં અગ્નિ છે, છતાં તે અગ્નિનું રૂપ આપણે જોતા નથી; સમુદ્રને પેલે પાર રૂપો છે, પણ આપણે તેમને જોતા નથી. દેવલોકમાં પણ પદાર્થો છે, પણ તેમને આપણે જોતા નથી. એ પ્રમાણે તમે કે હું કે એવા અજ્ઞાની[1] જેને ન જાણીએ કે ન દેખીએ, તે બધું ન હોય, તો ઘણી વસ્તુઓનો અભાવ થઈ જાય !'

આમ કહીને મદ્રુકે તેમને નિરુત્તર કર્યા. પછી તે આગળ ચાલ્યો અને ભગવાન પાસે જઈ તેમને વંદનાદિ કર્યા. ત્યારે ભગવાને તેને એ બધું બનેલું કહી સંભળાવીને જણાવ્યું કે, હે મદ્રુક ! જે કોઈ પુરુષ, પોતે નહિ જોયેલી, નહિ સાંભળેલી, નહિ સ્વીકારેલી કે નહિ જાણેલી વસ્તુને, હેતુને, પ્રશ્નને કે ઉત્તરને ઘણા માણસો વચ્ચે કહે છે; તે અર્હંતોની અને તેમણે કહેલા ધર્મની આશાતના (અવમાનના) કરે છે. માટે તેં પેલાઓને એ પ્રમાણે ઠીક કહ્યું છે, સારું કહ્યું છે.' જ્યારે ભગવાને મદ્રુકને એમ કહ્યું, ત્યારે તે અતિ સંતુષ્ટ થયો. પછી ભગવાને તેને અને સભાજનોને ધર્મકથા કહી. પછી મદ્રુક પણ ભગવાનને ઘણા પ્રશ્નો પૂછ્યા અને અર્થો જાણ્યા. પછી તે તેમને વંદનાદિ કરી પાછો ચાલ્યો ગયો.

---

૧. એટલે કે કેવલજ્ઞાન વિનાના—છદ્મસ્થ

ગૌ.— હે ભગવન્ ! તે મદ્દુક શ્રાવક આપની પાસે પ્રવ્રજ્યા લેશે ?

મ.— હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ તે ઘણાં શીલવ્રતાદિ વડે તથા યથાયોગ્ય સ્વીકારેલાં તપકર્મ વડે આત્માને ભાવિત કરતાં અંતે સાઠ ટંક ઉપવાસ કરી, મરણ પામી સૌધર્મ કલ્પમાં અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે; પછી ચાર પલ્યોપમ કાળ સુધી ત્યાં રહી, અંતે તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પદ પામશે

—શતક ૧૮, ઉદ્દે. ૭

❖ ❖ ❖

કાલોદાયી વગેરેએ આ પ્રકારનો જ પ્રશ્ન રાજગૃહમાં ભિક્ષા માગવા નીકળેલા ગૌતમને પૂછ્યો હતો. ત્યારે તેમણે જણાવ્યું હતું : “હે દેવાનુપ્રિયો ! અમે જે વસ્તુ ન હોય તેને ‘છે’ એમ નથી કહેતા; અને હોય તેને અવિદ્યમાન નથી કહેતા. માટે તમે જ્ઞાન વડે સ્વયમેવ તે વસ્તુનો વિચાર કરો.”

પછી એક વાર મહાવીર ભગવાન ઘણા માણસોને ધર્મોપદેશ કરતા હતા ત્યારે કાલોદાયી ત્યાં આવ્યો. એટલે ભગવાને તેને બોલાવીને ઉપરનો પ્રસંગ કહી સંભળાવ્યો અને જણાવ્યું કે, હું પંચાસ્તિકાયોની પ્રરૂપણા કરું છું.

ત્યારે કાલોદાયીએ તેમને પૂછ્યું : ‘હે ભગવન્ ! અરૂપી ચાર અસ્તિકાયોમાં કોઈ બેસવા-સૂવા-આળોટવા શક્તિમાન છે ?’

મ.— ના, પરંતુ રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં તેમ કરવા શક્તિમાન છે.

કાલો.– હે ભગવન્ ! રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયને જીવનાં પાપકર્મ લાગે ?

મ.– ના. અરૂપી જીવકાયને પાપકર્મો લાગે છે.

પછી કાલોદાયી બોધ પામ્યો અને સ્કંદકની પેઠે તેણે ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી, અને અગિયાર અંગોનું અધ્યયન વગેરે કર્યાં. પછી મહાવીર ભગવાન રાજગૃહથી બહારના દેશોમાં ચાલ્યા ગયા. પછી જ્યારે તે ફરી પાછા આવ્યા, ત્યારે કાલોદાયી તેમને વંદનાદિ કરવા ગયો અને ત્યાં તેને તેમની સાથે આ પ્રમાણે પ્રશ્નોત્તર થયા :

કા.– હે ભગવન્ ! પાપકર્મો અશુભ ફળવાળાં કેમ હોય ?

મ.– હે કાલોદાયી ! જેમ કોઈ પુરુષ સુંદર થાળીમાં સુંદર તથા અઢાર પ્રકારનાં શાકદાળાદિ યુક્ત પરંતુ વિષમિશ્રિત ભોજન કરે, તો તે ભોજન શરૂઆતમાં સારું લાગે, પણ પછી તેનું પરિણામ બૂરું આવે; તેમ જીવોનાં પાપકર્મો અશુભ ફળવાળાં હોય છે. તથા જેમ ઔષધમિશ્રિત ભોજન શરૂઆતમાં સારું ન લાગે, પણ પછી સુખપણે પરિણામ પામે છે. તેમ જીવોને હિંસાદિ મહાપાપનો ત્યાગ, તેમ જ ક્રોધાદિ પાપસ્થાનોનો ત્યાગ પ્રારંભમાં સારો નથી લાગતો, પણ પછી પરિણામે સુરૂપપણે પરિણત થાય છે.

– શતક ૭, ઉદ્દે. ૧૦

□ □ □

# ૧૨

## સોમિલ બ્રાહ્મણ

તે વખતે વાણિજ્યગ્રામ નગરમાં દૂતિપલાશ નામનું ચૈત્ય હતું. તે નગરમાં સોમિલ નામે ધનિક તેમજ ઋગ્વેદાદિ બ્રાહ્મણશાસ્ત્રોમાં કુશળ બ્રાહ્મણ રહેતો હતો. એક વખત ભગવાન મહાવીર તે નગરમાં આવ્યા. ત્યારે સોમિલને વિચાર આવ્યો કે, હું તેમને આવા પ્રકારના અર્થો તથા ઉત્તરો પૂછું; જો તેઓ મને તે અર્થો અને ઉત્તરો યથાર્થ રીતે કહેશે તો તેમને વંદન કરીશ; પરંતુ નહિ કહે તો તેમને નિરુત્તર કરીશ.

એમ વિચારી તે મહાવીર પાસે આવ્યો અને થોડે દૂર બેસી તેણે આ પ્રમાણે કહ્યું :

પ્ર.– હે ભગવન્ ! તમને યાત્રા[૧], યાપનીય[૨], અવ્યાબાધ અને પ્રાસુક[૩] વિહાર છે ?

ઉ.– હે સોમિલ ! મને તે બધું છે.

પ્ર.– હે ભગવન્ ! તમને યાત્રા શું છે ?

ઉ.– હે સોમિલ ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, અને ધ્યાનાદિમાં જે મારી પ્રવૃત્તિ છે, તે મારી યાત્રા છે.

પ્ર.– હે ભગવન્ ! તમને યાપનીય શું છે ?

ઉ.– હે સોમિલ ! યાપનીય બે પ્રકારનું છે : ઇંદ્રિયયાપનીય અને નોઇંદ્રિયયાપનીય. શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયો મને આધીન વર્તે છે,

---

૧. સારી રીતે સંયમનો નિર્વાહ કરવો તે.

૨. સુખરૂપ સમય વિતાવવો તે.

૩. નિર્જીવ, નિર્દોષ.

એ મારે ઇંદ્રિયયાપનીય છે; અને મારા ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારે કષાયો વ્યુચ્છિન્ન થયેલા છે અને ઉદયમાં આવતા નથી.એ મારે નોઇંદ્રિયયાપનીય છે.

પ્ર.– હે ભગવન્ ! તમને અવ્યાબાધ શું છે ?

ઉ.– હે સોમિલ ! મારા વાત, પિત્ત, કફ અને સંનિપાતજન્ય અનેક પ્રકારના શરીરસંબંધી દોષો ઉપશાંત થયા છે અને ઉદયમાં આવતા નથી, એ મને અવ્યાબાધ છે.

પ્ર.– હે ભગવન્ ! તમારે પ્રાસુક વિહાર શું છે ?

ઉ.– હે સોમિલ ! આરામો, ઉદ્યાનો, દેવકુલો, સભાઓ, પરબો તથા સ્ત્રી-પશુ-નપુંસક રહિત વસતિઓમાં નિર્દોષ અને સ્વીકારવાયોગ્ય પીઠ (સૂવાનું પાટિયું), ફલક (પીઠ પાછળ ઓઠિંગણ રાખવાનું પાટિયું) શય્યા અને પથારીને પ્રાપ્ત કરી હું વિહરું છું. તે મારો પ્રાસુક વિહાર છે.

પ્ર.– હે ભગવન્ ! સરિસવો આપને ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

ઉ.– હે સોમિલ તારાં બ્રાહ્મણનાં શાસ્ત્રોમાં સરિસવ શબ્દના બે અર્થ કહ્યા છે : ૧. સદશવયાઃ – એટલે કે મિત્ર અને ૨. સર્ષપ- એટલે કે સરસવ. તેમાં જે મિત્રસરિસવ છે, તે ત્રણ પ્રકારના છે : સાથે જન્મેલા, સાથે ઊછરેલા અને સાથે ધૂળમાં રમેલા. તે ત્રણે શ્રમણ-નિર્ગ્રંથને અભક્ષ્ય છે; પરંતુ ધાન્યસરિસવ બે પ્રકારના છે : શસ્ત્રાદિથી નિર્જીવ થયેલા (શસ્ત્રપરિણત), અને શસ્ત્રાદિથી નિર્જીવ ન થયેલા (અશસ્ત્રપરિણત). તેમાં અશસ્ત્રપરિણત તો નિર્ગ્રંથને અભક્ષ્ય છે. શસ્ત્રપરિણતના પાછા બે પ્રકાર છે : એષણીય (ઇચ્છવાલાયક, નિર્દોષ) અને (ન ઇચ્છવાલાયક, અનેષણીય). તેમાં અનેષણીય તો નિર્ગ્રંથને અભક્ષ્ય છે. જે એષણીય છે તે બે પ્રકારના છે : યાચિત (માગેલા) અને અયાચિત (ન માગેલા). તેમાં જે અયાચિત છે, તે તો શ્રમણને અભક્ષ્ય છે; અને યાચિત બે

પ્રકારના છે : મળેલા અને નહિ મળેલા. તેમાં જે નહિ મળેલા છે, તે નિર્ગ્રંથને અભક્ષ્ય છે; અને મળેલા ભક્ષ્ય છે.

પ્ર.– હે ભગવન્ ! માસ તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

ઉ.– હે સોમિલ ! માસ એટલે મહિના તો અભક્ષ્ય છે; તેમજ માષ એટલે સોનું રૂપું તોળવાનું માપ, તે પણ અભક્ષ્ય છે; પરંતુ માસ એટલે અડદ જો શસ્ત્રાદિપરિણત, યાચિત વગેરે હોય તો ભક્ષ્ય છે.

પ્ર.– હે ભગવન્ ! આપને કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

ઉ.– હે સોમિલ ! કુલીન સ્ત્રી એ અર્થમાં કુલત્થા અમારે અભક્ષ્ય છે; પણ કળથી એ અર્થમાં કુલત્થા અમારે શસ્ત્રાદિપરિણતાદિ હોય તો ભક્ષ્ય છે.

પ્ર.– હે ભગવન્ ! આપ એક છો, બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો કે અનેક ભૂત-વર્તમાન-ભાવી પરિણામને યોગ્ય છો ?

ઉ.– હે સોમિલ ! હું એક પણ છું; અને તેં કહ્યું તે બધું ભૂત-વર્તમાન-ભાવી પરિણામોને યોગ્ય (સુધી પણ) છું. દ્રવ્યરૂપે હું એક છું; અને જ્ઞાનરૂપે તથા દર્શનરૂપે બે છું; પ્રદેશ (આત્મપ્રદેશ) રૂપે હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું; તથા ઉપયોગની દૃષ્ટિએ હું અનેક ભૂત-વર્તમાન-ભાવી પરિણામને યોગ્ય છું.

અહીં સોમિલ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યો અને પ્રવ્રજ્યા લેવાની પોતાની અશક્તિ હોવાથી બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કરી વિહરવા લાગ્યો. બાકીનું બધું શંખ શ્રાવકની જેમ જાણવું.

—શતક ૧૮, ઉદ્દે. ૧૦

□ □ □

# ૧૩

# નાનો અતિમુક્તક

તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય અતિમુક્તક નામના કુમારશ્રમણ[1] હતા. તે ભોળા અને વિનયી હતા. એક વખત ભારે વરસાદ વરસતો હતો ત્યારે પોતાની કાખમાં પાત્ર અને રજોહરણ લઈને મલત્યાગ માટે તે બહાર ચાલ્યા. રસ્તામાં તેમણે વહેતા પાણીનું એક ખાબોચિયું જોયું. તેમણે તેના ફરતી એક માટીની પાળ બાંધીને તેમાં પોતાનું પાત્ર તરતું મૂક્યું, અને 'આ મારી નાવ છે' એમ કહી રમત રમવા માંડી. કેટલાક સ્થવિરોએ એ બધું જોયું. તેઓએ આવીને મહાવીર ભગવાનને પૂછ્યું :

'હે દેવાનુપ્રિય ! આપના અતિમુક્તક નામના કુમારશ્રમણ કેટલા ભવો કર્યા બાદ સિદ્ધ થશે ?'

મ.— હે આર્યો ! તે આ ભવ પૂરો કરીને જ સિદ્ધ થશે. માટે હે આર્યો ! તમે તેની અવહેલના, નિંદા, તિરસ્કાર અને અપમાન કરો નહિ, પણ ગ્લાનિ રાખ્યા વિના તેને સાચવો, સહાય કરો અને તેની સેવા કરો. કારણ કે તે આ છેલ્લા શરીરવાળો છે. પછી તે સ્થવિરો અતિમુક્તકને વગર ગ્લાનિએ સાચવવા લાગ્યા તથા તેની સેવા કરવા લાગ્યા.

—શતક ૫, ઉદ્દે. ૪

□□□

---

૧. તે છ વર્ષની ઉંમરે નિર્ગ્રંથ પ્રવચન ઉપર રુચિ કરીને પ્રવ્રજિત થયા હતા. સામાન્ય રીતે આઠ વર્ષ પહેલાં દીક્ષા હોવી સંભવતી નથી.

## ૧૪

# કેટલા શિષ્યો સિદ્ધ થશે ?

એક વખત મહાશુક્ર નામના દેવલોકમાંથી, મહાસર્ગ નામના મોટા વિમાનમાંથી મોટી ઋદ્ધિવાળા બે દેવો શ્રમણ ભગવંત મહાવીરની પાસે પ્રાદુર્ભૂત થયા. તેમણે મનથી જ ભગવાનને વંદનાદિ કરી, પ્રશ્ન પૂછ્યા ; તથા ભગવાને પણ તેમને મનથી જ જવાબ આપ્યા, તે સાંભળી સંતુષ્ટ થઈ તેઓ ફરી મનથી જ તેમને વંદનાદિ કરી તેમની પર્યુપાસના કરવા લાગ્યા.

તે વખતે ભગવાનના મોટા શિષ્ય ગૌતમ મહાવીરસ્વામીની પાસે ઉભડક બેસીને ધ્યાન ધરતા હતા. ધ્યાન પૂરું થયા પછી તેમને *સંકલ્પ થયો કે, બે દેવો ભગવાન પાસે પ્રાદુર્ભૂત થયા હતા, તે ક્યાંથી* શા માટે આવ્યા હતા તે હું ભગવાનને પૂછું.

ભગવાને તેમનો ઈરાદો તેમને પ્રથમથી જ કહી બતાવીને તેમને તે દેવો પાસે જ શંકા ટાળવા મોકલ્યા. દેવો તેમને આવતા જોઈ હર્ષિત થયા તથા ઝટ ઊભા થઈ ગયા. પછી ગૌતમને તેમણે કહ્યું કે, "હે ભગવન્ ! અમે મહાશુક્ર કલ્પમાંથી મહાસર્ગ વિમાનમાંથી આવ્યા છીએ; અમે ભગવાનને મનથી જ પૂછ્યું હતું કે, હે 'હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા શિષ્યો સિદ્ધ થશે ?' ત્યારે ભગવાને પણ મનથી જ અમને જવાબ આપ્યો કે, 'હે દેવાનુપ્રિયો ! મારા સાતસેં શિષ્યો સિદ્ધ થશે.' એ રીતે અમે મનથી જ પૂછેલા પ્રશ્નના જવાબ પણ અમને શ્રમણ ભગવંત તરફથી મન દ્વારા જ મળ્યા; તેથી અમે તેમની પર્યુપાસના કરીએ છીએ." એમ

કહીને તે દેવો ગૌતમને વંદન કરી, જે દિશામાંથી પ્રગટ્યા હતા, તે દિશામાં જ અંતર્ધાન થઈ ગયા.

—શતક ૫, ઉદ્દે. ૪

□□□

# ૧૫

# ગૌતમને આશ્વાસન

તે સમયે ભગવાન્ રાજગૃહમાં પધાર્યા હતા. તે અરસામાં ગૌતમસ્વામી પોતાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી ખિન્ન રહેતા હતા. એટલે ધર્મકથા પૂરી થયા પછી લોકો વીખરાઈ ગયા બાદ મહાવીરસ્વામી ગૌતમને સંબોધીને કહેવા લાગ્યા :

હે ગૌતમ ! તું મારી સાથે ઘણા કાળ સુધી સ્નેહથી બંધાયેલ છે; હે ગૌતમ ! તે ઘણા લાંબા કાળથી મારી પ્રશંસા કરી છે; હે ગૌતમ ! તારો મારી સાથે ઘણા લાંબા કાળથી પરિચય છે; હે ગૌતમ ! તે ઘણા લાંબા કાળથી મારી સેવા કરી છે; હે ગૌતમ ! તું ઘણા લાંબા કાળથી મને અનુસર્યો છે; હે ગૌતમ ! તું ઘણા લાંબા કાળથી મારી સાથે અનુકૂળપણે વર્ત્યો છે; હે ગૌતમ ! તુરતના દેવભવમાં અને તુરતના મનુષ્યભવમાં તારી સાથે મારો સંબંધ છે. વધારે તો શું ? પણ મરણ પછી શરીરનો નાશ થયા બાદ અહીંથી ચ્યવી આપણે બંને સરખા, એક પ્રયોજનવાળા (એક સિદ્ધિક્ષેત્રમાં રહેવાવાળા), તથા વિશેષતા અને ભેદરહિત (સિદ્ધ) થઈશું.

ગૌ – હે ભગવન્ ! આ વાત અનુત્તરૌપપાતિક દેવો પણ જાણે છે અને જુએ છે ?

મ – હા ગૌતમ ! તે દેવોએ અનંત મનોદ્રવ્યની વર્ગણાઓને જ્ઞેયરૂપે પ્રાપ્ત કરી છે તથા વ્યાપ્ત કરી છે. તેથી તેઓ આ વાત જાણે છે અને જુએ છે.

—શતક ૧૪, ઉદ્દે. ૭

□ □ □

# ૧૬

# મહાશિલાકંટક સંગ્રામ

## ઐતિહાસિક નોંધ

આ યુદ્ધમાં તે વખતના મુખ્ય રાજવંશોનો ઉલ્લેખ છે. મગધદેશના રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક (બૌદ્ધ ગ્રંથોનો બિંબિસાર) રાજ્ય કરતો હતો. તેના પુત્ર કોણિકે (બૌદ્ધ ગ્રંથોના અજાતશત્રુએ) શ્રેણિકના મરણ[1] પછી ચંપાનગરીને[2] પોતાની રાજધાની બનાવી. કોણિક પછી તેના પુત્ર ઉદાયિએ પાટલિપુત્રને રાજધાની બનાવી, અને તેના પછી નવ નંદોએ રાજ્ય કર્યું. પછી મૌર્યવંશી ચંદ્રગુપ્ત આવ્યો.

તે સમયમાં મહાજનસત્તાક રાજ્યો પણ અસ્તિત્વમાં હતાં. તેવું એક રાજ્ય વજ્જી-વિદેહનું હતું. વિદેહોનું રાજ્ય વજ્જીઓ સાથે જોડાઈ ગયું હતું.[3] વજ્જીઓની રાજધાની વૈશાલી હતી. તેનો રાજા ચેટક હતો. મહાવીરની માતા ત્રિશલા, ચેટકની સગી બહેન થતી હતી. ચેટકને સાત પુત્રીઓ હતી. તેમાં વચલી જયેષ્ઠાને મહાવીરના મોટાભાઈ નંદીવર્ધન સાથે પરણાવવામાં આવી હતી. મામાની કન્યા

---

૧. રાજ્યલોભને કારણે અજાતશત્રુએ બિંબિસારને કેદ કરી મારી નાખ્યો હતો. જુઓ આ માળાનું 'બુદ્ધચરિત' પુસ્તક, પા. ૧૨૯.

૨. ચંપા એ અંગદેશની રાજધાની હતી. પરંતુ મગધદેશના રાજાએ અંગદેશ જીતી લીધા પછી 'અંગ-મગધા' એ દ્વંદ્વસમાસથી અંગનો મગધ સાથે ઉલ્લેખ કરવામાં આવતો. જુઓ 'બુદ્ધચરિત' પુસ્તક, પા. ૧૨૮.

૧. જુઓ આ માળાનું 'બુદ્ધચરિત' પા. ૧૩૨.

સાથે ભાણેજનું લગ્ન થવાનો રિવાજ આજે કેટલાક ભાગોમાં છે તેમ તે વખતે પણ પ્રચલિત હતો. મહાવીરની પુત્રી પ્રિયદર્શનાનાં લગ્ન પણ મહાવીરની સગી બહેન સુદર્શનાના પુત્ર જમાલિ વેરે થયાં હતાં.

ચેટકની બીજી પુત્રીઓ (એક સિવાય)[1] પણ તે વખતના પ્રસિદ્ધ રાજાઓ સાથે પરણી હતી : પ્રભાવતીને ઉદાયન સાથે પરણાવવામાં આવી હતી. તે ઉદાયનની કથા આ ગ્રંથમાં આગળ પા. પર ઉપર આપેલી છે. પદ્માવતીને ચંપાના દધિવાહન સાથે, મૃગાવતીને કૌશાંબીના શતાનીક સાથે, શિવાને ઉજ્જયિનીના પ્રદ્યોત સાથે, અને ચેલ્લણાને મગધના શ્રેણિક સાથે પરણાવવામાં આવી હતી.[2]

ચેલ્લણાનો પુત્ર તે જ કોણિક રાજા.

તેને હલ્લ અને વિહલ્લ નામે બે નાના ભાઈઓ હતા. તે બંને હંમેશાં સેચનક નામના ગંધહસ્તી[3] ઉપર બેસી વિલાસ કરતા. તે જોઈને કોણિકની પત્ની પદ્માવતીએ અદેખાઈથી તેમની પાસેથી તે હસ્તી લઈ લેવા માટે કોણિકને કહ્યું. કોણિક તેઓની પાસે હાથીની માગણી કરી. ત્યારે વેહલ્લે[4] જણાવ્યું કે એ હાથી તથા હાર બંને શ્રેણિક રાજા જીવતા હતા ત્યારે તેમની મારફતે અમને મળેલાં છે; માટે તારે તે હાથી જોઈતો હોય તો અર્ધું રાજ્ય મને બદલામાં આપ.

---

૧. સુજ્યેષ્ઠા કુમારિકાવસ્થામાં જ જૈન ભિક્ષુણી થઈ ગઈ હતી.

૨. તેમનો બાપ તો શ્રાવક હોવાથી પુત્રીઓને પરણાવતો ન હતો; ચેલ્લણા સિવાય બાકીનીને તેમની તેમની માતાઓએ રાજાની સંમતિથી પરણાવી હતી. ચેલ્લણાને મેળવવા શ્રેણિકને મોટો ભોગ આપવો પડ્યો હતો. (જુઓ હેમચંદ્રાચાર્યરચિત 'મહાવીરચરિત').

૩. ઉત્તમ હાથી, જેની ગંધથી જ બીજા હાથી ભાગી જાય છે.

૪. નિરયાવલિ સૂત્રમાં માત્ર વેહલ્લનો જ ઉલ્લેખ છે; ભગવતીની ટીકામાં બંને ભાઈઓનો ઉલ્લેખ છે.

પરંતુ તેમ કરવું કબૂલ ન રાખતાં કોણિકે તો પોતાની માગણી ચાલુ રાખી. પછી તેના ભયથી બંને ભાઈઓ પોતાનો હાથી તથા હાર લઈને દાદા ચેટકને ત્યાં વૈશાલી નગરીમાં નાસી આવ્યા. કોણિકે દૂત મોકલી તે બંને ભાઈઓને સોંપી દેવાની ચેટક પાસે માગણી કરી, પણ ચેટક રાજાએ તેમ કરવાની ના પાડી. પછી કોણિકે પોતાના કાલ વગેરે દશ ભાઈઓને ચેટક સાથે યુદ્ધ કરવા બોલાવ્યા. ચેટકે પણ નવ મલ્લકિ અને નવ લેચ્છકિ એમ અઢાર ગણ- રાજાઓને એકઠા કર્યા. યુદ્ધ શરૂ થયું. ચેટક રાજાને એવું વ્રત હતું કે દિવસમાં એક વાર બાણ ફેંકવું. દશ દિવસમાં ચેટકે કોણિકના કાલાદિ દશ ભાઈઓનો નાશ કર્યો. અગિયારમે દિવસે ચેટકને જીતવા કોણિકે દેવનું આરાધન કરવા અષ્ટમ (આઠ ટંકના ઉપવાસ)નું તપ કર્યું તેથી શક્ર અને ચમરેન્દ્ર આવ્યા. શક્રે કહ્યું કે ચેટક પરમ શ્રાવક છે, માટે તેને હું મારીશ નહીં. પણ તારું રક્ષણ કરીશ. પછી શક્રે કોણિકનું રક્ષણ કરવા સારુ વજ્રના જેવું અભેદ્ય કવચ કર્યું –ટી૦ પ૦ ૩૧૬.

ગૌ૦ – હે ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે કોણ જીત્યા અને કોણ હાર્યા ?

મ૦ – હે ગૌતમ ! વજ્જીવિદેહપુત્ર કોણિક જીત્યો, અને નવ મલ્લકિ અને નવ લેચ્છકિ જેઓ કાશી અને કોશલ દેશના અઢાર ગણ-રાજાઓ હતા. તેઓ પરાજય પામ્યા. તે સંગ્રામ માટે કોણિકે પોતાના પટ્ટહસ્તી ઉદાયિને તથા ચતુરંગ સેનાને તૈયાર કરાવી. પછી કોણિક સ્નાન કરી, બલિકર્મ (પૂજા) કરી, પ્રાયશ્ચિત્તરૂપ (વિઘ્નોનો નાશ કરનાર), કૌતુક (મષીતિલકાદિ) અને મંગલો કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, બખ્તર ધારણ કરી, ધનુર્દંડ ગ્રહણ કરી, માથે કોરંટક પુષ્પની માળાવાળા છત્ર સહિત બહાર નીકળ્યો અને પોતાના ઉદાયિ હસ્તી ઉપર સવાર થઈને મહાશિલાકંટક સંગ્રામમાં આવ્યો. તેની આગળ દેવરાજ શક્ર મોટું વજ્ર સરખું અભેદ્ય કવચ

વિકુર્વીને ઊભો હતો. તે કોણિક રાજા એકલા હાથી વડે પણ શત્રુપક્ષનો પરાભવ કરવા સમર્થ હતો. તેણે નવ મલ્લકિ અને નવ લેચ્છકિ જેઓ કાશી અને કોસલના અઢાર ગણ-રાજાઓ હતા, તેઓના મહાન યોદ્ધાઓને હણ્યા, ઘાયલ કર્યા અને મારી નાંખ્યા, તેઓની ચિહ્નયુક્ત ધ્વજાઓ અને પતાકાઓ ફાડી નાખી, તથા જેઓના પ્રાણ મુશ્કેલીમાં છે એવા તેઓને ચારે દિશાએ નસાડી મૂક્યા.

તે સંગ્રામમમાં જે ઘોડા, હાથી, યોદ્ધા અને સારથિઓ તૃણ, કાષ્ઠ, પાંદડાં કે કાંકરા વતી હણાયા, તેઓ સઘળા એમ જાણતા હતા કે હું મહાશિલાથી હણાયો, તે હેતુથી તે મહાશિલાકંટક સંગ્રામ કહેવાય છે[૧]. તે સંગ્રામમમાં ૮૪ લાખ માણસો હણાયા; તથા નિ:શીલ, રોષે ભરાયેલા, ગુસ્સે થયેલા, યુદ્ધમાં ઘાયલ થયેલા અને અનુપશાંત એવા તેઓ ઘણે ભાગે નરક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા છે.

પછી રથમુશલ નામે બીજો સંગ્રામ થયો. તેમાં કોણિક અને દેવેન્દ્ર શક્ર ઉપરાંત અસુરેન્દ્ર ચમર રાજાએ પણ ભાગ લીધો હતો; તે એક મોટું લોઢાનું કિઠીન (તાપસોનું વાંસનું પાત્ર) જેવું કવચ વિકુર્વીને ઊભો રહ્યો હતો. કોણિક તે વખતે ભૂતાનંદ નામના હાથી ઉપર હતો. તે સંગ્રામમમાં અશ્વ રહિત, સારથિ રહિત, યોદ્ધાઓ રહિત, અને મુશલ સહિત એક રથ ઘણો જનસંહાર કરતો ચારે બાજુ દોડતો હતો માટે તે રથમુશલ સંગ્રામ કહેવાય છે. તેમાં પણ કોણિક જીત્યો અને નવ મલ્લકિ અને નવ લેચ્છકિ પરાજય પામ્યા અને ચારે દિશામાં ભાગી ગયા.

---

૧. પછી આવતા 'રથમુશલ' યંત્ર જેવું આ 'મહાશિલાકંટક' પણ એક યુદ્ધયંત્ર હશે, જે મોટી શિલાઓ ફેંકતું હશે. પછીના વખતમાં ઇરાનીઓ તલવારોવાળો રથ શત્રુસૈન્યમાં મોકલતા, જેની વીંઝાતી તલવારો દારુણ કતલ ચલાવતી, તેવું આ 'રથમુશલ' યંત્ર લાગે છે.

તે સંગ્રામમાં ૯૬ લાખ માણસો મરાયાં. તેમાંથી દશ હજાર એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયાં; એક દેવલોકમાં ઉત્પન્ન થયો; એક ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયો, અને બાકીના ઘણે ભાગે નરક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા.

ગૌ૦–હે ભગવન્ ! દેવના ઇંદ્ર શક્રે અને અસુરરાજે કોણિકને કેમ સહાય આપી ?

મ૦–હે ગૌતમ ! દેવોનો ઇંદ્ર શક્ર કોણિક રાજાનો પૂર્વભવ સંબંધી મિત્ર હતો; અને ચમર પણ કોણિક રાજાનો તાપસની અવસ્થામાં મિત્ર હતો. તેથી તેમણે તેને મદદ કરી હતી.

ગૌ૦–હે ભગવન્ ! ઘણાં માણસો એમ કહે છે કે, સંગ્રામમાં હણાયેલા મનુષ્યો દેવલોકમાં ઉત્પન્ન થાય છે[૧], એ પ્રમાણે કેમ હોય ?

મ૦–હે ગૌતમ ! એમનું એ કહેવું મિથ્યા છે. હું તો એમ કહું છું કે :

તે કાળે વૈશાલી નગરીમાં વરુણ નામે નાગનો પૌત્ર રહેતો હતો. તે શ્રાવક હતો તથા ધનાઢ્ય હતો અને નિરંતર છ ટંકનો ઉપવાસ કર્યા કરતો હતો. પછી જ્યારે તેને રાજાના અને ગણના આદેશથી તથા બળજબરીથી રથમુશલ સંગ્રામમાં જવા માટે આજ્ઞા થઈ, ત્યારે તેણે છ ટંકના ઉપવાસ વધારી આઠ ટંકના કર્યા; અને પછી તે ચાર ઘંટાવાળા અશ્વરથમાં બેસી સંગ્રામમાં ઊતર્યો. ત્યાં તેણે એવો નિયમ લીધો કે આ સંગ્રામમાં મને જે પહેલો મારે તેને મારે મારવો; બીજાને નહિ. પછી એક પુરુષ રથમાં બેસી તેની સામે આવ્યો અને તેને પ્રહાર કરવાનું કહેવા લાગ્યો; ત્યારે વરુણે તેને પોતાનો નિયમ કહી સંભળાવ્યો. એટલે પેલાએ બાણથી વરુણને સખત ઘાયલ

---

૧. જુઓ ગીતા, અધ્યાય ૨, શ્લોક ૩૭.

કર્યો. પછી વરુણે પણ તેને બાણથી હણ્યો. પછી પોતાનો પણ અંતકાળ આવ્યો જાણી તે એકાંત સ્થાનમાં ચાલ્યો ગયો અને ઘોડાઓને છૂટા કરી, ડાભના સંથારા ઉપર પૂર્વ દિશામાં પર્યંકાસને (પદ્માસને) બેઠો; અને આ પ્રમાણે બોલ્યો :

'પૂજ્ય અર્હંતોને નમસ્કાર થાઓ, જેઓ સિધ્ધગતિને પ્રાપ્ત થયા છે. શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ, જે તીર્થના આદિકર છે, સિદ્ધિને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા છે; તથા જે મારા ધર્માચાર્ય અને ધર્મના ઉપદેશક છે. ત્યાં રહેલા ભગવાનને અહીં રહેલો હું વંદું છું. ત્યાં રહેલા ભગવાન મને જુઓ.' પછી તે આ પ્રમાણે બોલ્યો : 'પહેલાં મેં શ્રમણભગવાન મહાવીર પાસે જીવનપર્યંત સ્થૂલ હિંસા વગેરે પાંચ મહાપાપોના ત્યાગનો નિયમ લીધો હતો. પરંતુ હવે અત્યારે તો સર્વ પ્રકારનાં હિંસાદિ મહાપાપોનો ત્યાગ કરું છું.— વગેરે સ્કંદક મુનિની કથાની પેઠે જાણવું. પછી તેણે બખ્તર છોડી નાખ્યું અને બાણને ખેંચી કાઢ્યું. પછી આલોચનાદિ કરી સમાધિને પ્રાપ્ત થયેલો તે મરણ પામ્યો.

હવે તે નાગના પૌત્ર વરુણનો એક પ્રિય બાલમિત્ર પણ તે યુદ્ધમાં સામેલ હતો. તે પણ જ્યારે ઘાયલ થયો ત્યારે તેણે નાગના પૌત્ર વરુણને સંગ્રામમાંથી બહાર નીકળતો જોયો. એટલે તેણે પોતાના ઘોડાઓને થોભાવ્યા અને વરુણની પેઠે વિસર્જિત કર્યા. પછી વસ્ત્ર પાથરી, તે ઉપર બેસી તે પૂર્વદિશા તરફ અંજલિ કરીને બોલ્યો કે, 'હે ભગવન્ ! મારા પ્રિય બાલમિત્ર વરુણને જે શીલવ્રતાદિ હોય તે મને પણ હો'. એમ કહી તેણે બખ્તર છોડ્યું અને બાણને ખેંચી કાઢ્યું. પછી તે પણ અનુક્રમે મરણ પામ્યો.

વરુણને મરણ પામેલો જોઈ, પાસે રહેલા વાનવ્યંતર દેવોએ તેના ઉપર દિવ્ય સુગંધી ગંધોદકની વૃષ્ટિ કરી, પાંચ વર્ણનાં ફૂલ તેની ઉપર નાખ્યાં, અને દિવ્ય ગીતગાંધર્વનો શબ્દ પણ કર્યો. તે પ્રમાણે

નાગના પૌત્ર વરુણની દિવ્ય ઋદ્ધિ અને પ્રભાવ સાંભળીને તથા જોઈને ઘણા માણસો (ઉપર જણાવ્યા પ્રમાણે) પરસ્પર એમ કહે છે કે, સંગ્રામમમાં ઘાયલ થયેલા દેવલોકને પામે છે !

ગૌ૰ – હે ભગવન્ ! તે વરુણ મરીને ક્યાં ગયો ?

મ૰ – હે ગૌતમ ! તે સૌધર્મ દેવલોકને વિષે અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો છે; તેની આયુષસ્થિતિ ચાર પલ્યોપમ વર્ષની છે. ત્યાંથી મરીને તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિ પામશે.

—શતક ૭, ઉદ્દે૰ ૯

□ □ □

## ૧૭

# દેવાનંદા બ્રાહ્મણી

તે કાલે બ્રાહ્મણકુંડગ્રામ[1] નામે નગર હતું. તેમાં બહુશાલક નામે ચૈત્ય હતું. તે નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ધનિક તેમ જ ચારે વેદોમાં નિપુણ હતો. તે શ્રમણોનો ઉપાસક હતો. તેની પત્ની દેવાનંદા પણ શ્રમણોની ઉપાસિકા હતી.

એક વખત મહાવીરસ્વામી તે ગામમાં પધાર્યા. તે વાત જાણી ઋષભદત્ત અને દેવાનંદા[2] પણ ખુશ થઈ રથમાં બેસી મહાવીર ભગવાનનાં દર્શને ગયાં. ઋષભદત્ત ભગવાનને વિધિસર પ્રણામ કરી ઊભો રહ્યો. દેવાનંદા પણ ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન કરી, ઋષભદત્તને આગળ કરી, પોતાના પરિવારસહિત હાથ જોડી, વિનયપૂર્વક ઊભી રહી.

---

૧. તે વખતે વૈશાલિ શહેરમાં (અત્યારનું બસાર. પટણાથી ૨૭ માઈલ ઉત્તરે) તેની પાસેનાં બે ત્રણ પરાંનો પણ સમાવેશ થતો હતો. કુંડગ્રામ તેનું પરું હોય તેમ લાગે છે. તેમાં ક્ષત્રિયોનો મહોલ્લો ક્ષત્રિયકુંડગ્રામ તરીકે પ્રસિદ્ધ હતો; તેવો બ્રાહ્મણોનો મહોલ્લો બ્રાહ્મણકુંડગ્રામ નામે પ્રસિદ્ધ હશે.

૨. મૂળમાં દેવાનંદાની તૈયારીનું રાજરાણીને શોભે તેવી અતિશયતાવાળું વર્ણન છે. જેમ કે – આભરણો પહેર્યાં, ચીનાંશુક વસ્ત્ર પહેર્યું , ઉપર રેશમી વસ્ત્ર ઓઢ્યું, સુગંધિત પુષ્પોથી કેશ ગૂંથ્યા, કપાળમાં ચંદન લગાવ્યું, કાલાગરુના ધૂપ વડે સુગંધિત થઈ; ઘણી કુબ્જ દાસીઓ, ચિલાત દેશની દાસીઓ એમ અનેક દેશ વિદેશથી આવીને એકઠી થયેલી, પોતાના દેશના પહેરવેશ જેવા વેશને ધારણ કરનારી, કુશલ અને વિનયવાળી દાસીઓનો પરિવાર સાથે લીધો; તથા પોતાના દેશની દાસીઓ, ખોજાઓ, વૃદ્ધ કંચુકિઓ અને માન્ય પુરુષોના વૃંદ સાથે રથ આગળ આવી ઈ૦.

તે વખતે દેવાનંદા બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, તેનાં લોચન આનંદાશ્રુથી ભીનાં થયાં, તેનું શરીર હર્ષથી પ્રફુલ્લ થતાં તેનો કંચુક વિસ્તીર્ણ થયો, તેનાં રોમકૂપ ઊભાં થયાં, તથા તે શ્રમણભગવાન મહાવીરને અનિમિષ દૃષ્ટિથી જોતી જોતી ઊભી રહી.

એ જોઈ ગૌતમે મહાવીરસ્વામીને પૂછ્યું કે, 'હે ભગવન્ ! આ દેવાનંદા બ્રાહ્મણીને આપને જોઈ સ્તનમાંથી દૂધની ધારા કેમ છૂટી ?

મ૰ – હે ગૌતમ ! આ દેવાનંદા મારી ખરી માતા છે; અને હું તેનો પુત્ર છું[૧], માટે તેને તેમ થયું છે.

પછી ભગવાને ઋષભદત્તને, દેવાનંદાને અને ત્યાં ભેગા થયેલા લોકોને ધર્મ કહ્યો. ત્યાર પછી તુષ્ટ થઈ ઋષભદત્તે સ્કંદકની પેઠે ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી, ૧૧ અંગોનું અધ્યયન કર્યું, અનેક તપકર્મો કર્યા અને અંતે સાઠ ટંકના અનશન વડે મરણ પામી, તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો.

---

૧. શક્રેંદ્રની આજ્ઞાથી તેના સેનાપતિ હરિણેગમેસિ દેવે મહાવીરના ગર્ભાધાન પછી ૮૩ મા દિવસે તેમને દેવાનંદાની કૂખમાંથી ઉપાડી ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં મૂકી દીધા હતા; અને ત્રિશલાનો ગર્ભ દેવનંદાની કૂખમાં મૂક્યો હતો. જુઓ આચારાંગ સૂત્ર શ્રુ૰ ૨, અ૰ ૧૫. આ માળાનું 'આચારધર્મ' પુસ્તક, પા. ૧૬૮. દેવાનંદાને આવા ગર્ભરત્નની હાનિ થઈ તેના કારણમાં એમ જણાવવામાં આવે છે કે પૂર્વજન્મમાં તે અને ત્રિશલા જેઠાણી દેરાણી હતાં. તે વખતે દેવાનંદાએ ત્રિશલાનો રત્નકરંડ ચોર્યો હતો. તીર્થંકર અંત્યકુલોમાં,દરિદ્રકુલોમાં, ભિક્ષુકકુલોમાં કે બ્રાહ્મણકુલોમાં ન અવતરી શકે. મહાવીરને બ્રાહ્મણીના પેટે અવતરવું પડ્યું તેનું કારણ એ હતું કે , પોતાના આગલા જન્મમાં તેમણે ગોત્રમદ કર્યો હતો.

દેવાનંદાએ પણ ભગવાન પાસે દીક્ષા લીધી. ત્યારબાદ મહાવીરે તેમને આર્યચંદના નામની આર્યાને શિષ્યાપણે સોંપ્યાં. તેમણે પણ ૧૧ અંગોનું અધ્યયન કર્યું, અનેક તપ કર્યાં અને અંતે સાઠ ટંકના ઉપવાસ વડે મરણ પામી સિદ્ધિ પ્રાપ્ત કરી.

—શતક ૫, ઉદ્દે. ૩૩

□□□

## ૧૮

# જમાલિ

બ્રાહ્મણકુંડગ્રામની પશ્ચિમ દિશાએ એ જ સ્થળે ક્ષત્રિયકુંડગ્રામ નગર હતું. તેમાં જમાલિ નામનો ક્ષત્રિયકુમાર રહેતો હતો.[૧] તે ધનિક હતો તથા પોતાના મહેલમાં અનેક પ્રકારની સુંદર યુવતીઓ વડે ભજવાતાં બત્રીશ પ્રકારનાં નાટકો વડે નૃત્ય અનુસાર નાચતો, ખુશ થતો, તથા ઋતુ અનુસાર ભોગ ભોગવતો વિહરતો હતો.

એક વખત ભગવાન મહાવીર તે ગામમાં પધાર્યા. તેમને આવ્યા જાણી મોટો જનસમુદાય આનંદિત થતો તથા કોલાહલ કરતો તે તરફ જવા લાગ્યો. તે જોઈ જમાલિએ કંચુકિને બોલાવીને પૂછ્યું કે, આજે ઇંદ્ર, સ્કંદ, વાસુદેવ, નાગ, યક્ષ, ભૂત, કૂવો, તળાવ, નદી, ધરો, પર્વત, વૃક્ષ, મંદિર, સ્તૂપ કે શાનો ઉત્સવ છે કે જેથી બધા આમ કોલાહલ કરતા બહાર જાય છે ? ત્યારે કંચુકિએ તેને મહાવીર ભગવાનના આવ્યાની વાત કરી. તે જાણી જમાલિ પણ સ્નાનાદિથી પવિત્ર થઈ રથમાં બેસી ત્યાં જવા નીકળ્યો. પછી ચૈત્ય પાસે આવતાં રથમાંથી ઊતરી, તેણે પુષ્પ, તાંબૂલ, આયુધાદિ તથા પગરખાં દૂર કર્યાં; ખેસને જનોઈની પેઠે વીંટાળ્યો; અને કોગળો કરી, ચોખ્ખો થઈ, અંજલિ વડે હાથ જોડી તે મહાવીર પાસે ગયો, અને વંદનાદિ કરી ધર્મોપદેશ સાંભળવા લાગ્યો.

ભગવાનનો ધર્મોપદેશ સાંભળ્યા બાદ સંતુષ્ટ થઈ, તેણે ઊભા થઈને ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, તથા નમસ્કાર કરી આ

---

૧. તે જમાલિ મહાવીરની સગી બહેન સુદર્શનાનો પુત્ર અને મહાવીરની પુત્રી પ્રિયદર્શનાનો પતિ હતો. જુઓ વિશેષાવશ્યકસૂત્ર ૨૩-૭.

પ્રમાણે કહ્યું, "હે ભગવન્ ! હું નિર્ગ્રંથના પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું, તથા હે ભગવન્ ! હું તે પ્રવચન અનુસાર વર્તવાને તૈયાર થયો છું. હે ભગવન્ ! તમે જે ઉપદેશ આપો છો તે તેમ જ છે, સત્ય છે, તથા અસંદિગ્ધ છે; પરંતુ, હે દેવાનુપ્રિય ! મારાં માતપિતાની રજા માગીને હું આપની પાસે દીક્ષિત થઈ, ગૃહવાસનો ત્યાગ કરી, સાધુપણું સ્વીકારવા ઇચ્છું છું.

પછી તે પોતાને ઘેર ગયો અને માતપિતાને ભગવાનના ધર્મોપદેશની અને તેમાં પોતાને થયેલી રુચિની વાત કરી. તે જાણી તેનાં માતપિતા તેના પુણ્યશાળીપણાથી ખુશ થયાં. પરંતુ જ્યારે તેણે સંસારભયથી ઉદ્વિગ્ન થઈ સાધુ થવાની વાત કરી, ત્યારે તેની માતા એકદમ પરસેવાથી ભીના શરીરવાળી થઈ ગઈ; તેના અંગો શોકભારથી કંપવા લાગ્યાં; તે નિસ્તેજ તથા શોભા વિનાની થઈ ગઈ; તેનાં આભૂષણો ઢીલાં થઈ ગયાં; તેનું ઉત્તરીય વસ્ત્ર સરી ગયું અને વીખરાયેલા કેશપાશ સહિત મૂર્છિત થઈને તે કુહાડાથી છેદાયેલી ચંપકલતાની પેઠે, કે ઉત્સવ પૂરો થતાં ઇંદ્રધ્વજની જેમ નીચે પડી ગઈ. તરત જ તેના ઉપર પાણી છાંટવામાં આવ્યું, અને તેને પંખો નાખવામાં આવ્યો. પછી કંઈક સ્વસ્થ થતાં તે આક્રંદ કરવા લાગી. 'હે જાત ! તું મારો ઇષ્ટ, કાંત, અને પ્રિય છે; આભરણની પેટી જેવો, અને જીવિતના ઉત્સવ જેવો આનંદજનક છે; ઉંબરાના પુષ્પની પેઠે તારા નામનું શ્રવણ પણ દુર્લભ છે, તો તારું દર્શન તો દુર્લભ હોય તેમાં નવાઈ શી ? તારો વિયોગ અમારાથી એક ક્ષણ પણ સહન નહિ થઈ શકે; માટે અમે જીવીએ છીએ ત્યાં સુધી તું ઘેર જ રહે; પછી કુલવંશતંતુની વૃદ્ધિ કરીને વૃદ્ધાવસ્થામાં તું સાધુ થજે.'

ત્યારે જમાલિએ તેમને કહ્યું, 'હે માતપિતા ! આ મનુષ્યભવ અનેક જન્મ–જરા–મરણ–રોગ વગેરે શારીરિક અને માનસિક દુઃખોની અત્યંત વેદનાથી અને સેંકડો વ્યસનોથી પીડિત, અધ્રુવ અને

સંધ્યાના રંગ જેવો, પરપોટા જેવો, ડાભની સળી ઉપર રહેલા જલબિંદુ જેવો, સ્વપ્નદર્શન જેવો, અને વીજળીના ચમકારા જેવો ચંચળ છે. સડવું, પડવું, અને નાશ પામવો એ તેનો ધર્મ છે. પહેલાં કે પછી તેનો અવશ્ય ત્યાગ કરવાનો છે; તો હે માતપિતા ! કોણ જાણે છે કે, કોણ પ્રથમ જશે અને કોણ પછી જશે ? માટે હે માતપિતા ! હું તમારી અનુમતિથી ભગવાન પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છું છું.'

માતપિતા—હે પુત્ર ! તારું શરીર ઉત્તમ રૂપ, લક્ષણ, વ્યંજન (મસા-તલ વગેરે) અને ગુણોથી યુક્ત છે; તથા ઉત્તમ બળ, વીર્ય અને સત્ત્વસહિત છે. તું વિજ્ઞાનમાં વિચક્ષણ છે, સૌભાગ્યગુણથી ઉન્નત છે, કુલીન છે, અત્યંત સમર્થ છે,અનેક પ્રકારના વ્યાધિ અને રોગથી રહિત છે; નિરુપહત, ઉદાત્ત અને મનોહર છે. માટે હે પુત્ર ! જ્યાં સુધી તારા શરીરમાં રૂપ-યૌવનાદિ ગુણો છે, ત્યાં સુધી તું તેનો અનુભવ કર; પછી અમારા મરણ પામ્યા બાદ, કુલતંતુની વૃદ્ધિ કરી, વૃદ્ધાવસ્થામાં તું સાધુ થજે.

જમાલિ—હે માતપિતા ! આ શરીર દુઃખનું ઘર છે, અનેક વ્યાધિઓનું સ્થાન છે; અસ્થિ, સ્નાયુ અને નાડીના સમૂહનું બનેલું છે; માટીના વાસણ જેવું દુર્બલ છે; અશુચિથી ભરેલું છે; તેની સારવાર નિરંતર કરવી પડે છે; તથા જીર્ણ ઘરની પેઠે સડવું, પડવું અને નાશ પામવો એ તેના સહજ ધર્મો છે. વળી એ શરીર પહેલાં કે પછી અવશ્ય છોડવાનું છે. તો હે માતાપિતા ! કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ?

માતપિતા—હે પુત્ર ! તારે આ આઠ સ્ત્રીઓ છે. તે વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલી બાળાઓ છે. તે રૂપ, લાવણ્ય અને યૌવનથી યુક્ત છે. વળી તે સમાન કુલથી આણેલી, કલામાં કુશલ એ સર્વકાલ લાડસુખને યોગ્ય છે. તે માર્દવગુણથી યુક્ત, નિપુણ, વિનયોપચારમાં

પંડિત અને વિચક્ષણ છે. સુંદર, મિત અને મધુર બોલવામાં, તેમ જ હાસ્ય, કટાક્ષ, ગતિ, વિલાસ અને સ્થિતિમાં વિશારદ છે; ઉત્તમ કુલ અને શીલથી સુશોભિત છે; વિશુદ્ધ કુલરૂપ વંશતંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ યૌવનવાળી છે; મનને અનુકૂલ અને હૃદયને ઇષ્ટ છે; ગુણો વડે પ્રિય અને ઉત્તમ છે; તેમ જ હંમેશાં ભાવમાં અનુરક્ત અને સર્વ અંગમાં સુંદર છે. માટે હે પુત્ર ! તું એ સ્ત્રીઓ સાથે મનુષ્ય સંબંધી વિશાલ કામભોગો ભોગવ; ત્યાર પછી ભુક્તભોગી થઈ, વિષયોની ઉત્સુકતા દૂર થયા બાદ, અમારા મૃત્યુ પછી દીક્ષા લેજે.

જમાલિ—હે માતપિતા ! મનુષ્યસંબંધી કામભોગો અશુચિ અને અશાશ્વત છે; વાત, પિત્ત, શ્લેષ્મ-વીર્ય અને લોહીને ઝરવાવાળા છે; વિષ્ઠા, મૂત્ર, શ્લેષ્મ, નાસિકાનો મેલ, વમન, પિત્ત, પરુ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલા છે; વળી તે અમનોજ્ઞ તથા ખરાબ મૂત્ર અને દુર્ગંધી વિષ્ઠાથી ભરપૂર છે; મૃતકના જેવી ગંધવાળા ઉચ્છ્વાસથી અને અશુભ નિઃશ્વાસથી ઉદ્વેગ ઉત્પન્ન કરે છે; બીભત્સ, હલકા અને કલમલ (અશુભ દ્રવ્ય)ના સ્થાનરૂપ હોવાથી દુઃખરૂપ અને સર્વ મનુષ્યોને સાધારણ છે; શારીરિક અને માનસિક અત્યંત દુઃખ વડે સાધ્ય છે; અજ્ઞાન જનથી સેવાયેલા છે; સાધુ પુરુષોથી હંમેશાં નિંદનીય છે; અનંત સંસારની વૃદ્ધિ કરનારા છે, પરિણામે કટુક ફળવાળા છે; બળતા ઘાસના પૂળાની પેઠે ન મૂકી દઈએ તો દુઃખાનુબંધી અને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે.

માતપિતા—હે પુત્ર ! અર્યા (પિતામહ), પર્યા (પ્રપિતામહ) અને પિતાના પર્યા થકી આવેલું અખૂટ દ્રવ્ય તારે વિદ્યમાન છે; તે તારે સાત પેઢી સુધી પુષ્કળ દાન દેવાને, પુષ્કળ ભોગવવાને અને પુષ્કળ વહેંચવાને પૂરતું છે. માટે તેના વડે માનુષિક કામભોગો ભોગવ, અને પછી સુખનો અનુભવ કરી... દીક્ષા લેજે.

જમાલિ— હે માતાપિતા ! એ હિરણ્ય વગેરે અગ્નિને

સાધારણ છે, ચોરને સાધારણ છે, રાજાને સાધારણ છે, મૃત્યુને સાધારણ છે, તથા દાયાદ (ભાયાત)ને સાધારણ છે. વળી તે અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે. કોણ જાણે છે કે પહેલાં કોણ જશે અને પછી કોણ જશે... માટે હું પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.

આ પ્રમાણે જ્યારે વિષયને અનુકૂલ ઉક્તિઓથી તેને મનાવી ન શકાયો, ત્યારે વિષયને પ્રતિકૂલ અને સંયમને વિષે ભય અને ઉદ્વેગ કરનારી ઉક્તિઓથી તેનાં માતપિતાએ તેને આ પ્રમાણે સમજાવવા માંડ્યો : 'હે પુત્ર ! એ નિર્ગ્રંથ પ્રવચન ખરેખર સત્ય, અદ્વિતીય, ન્યાયયુક્ત, શુદ્ધ, શલ્યને કાપનાર, સિદ્ધિમાર્ગરૂપ, મુક્તિમાર્ગરૂપ, નિર્યાણમાર્ગરૂપ અને નિર્વાણમાર્ગરૂપ છે; તેમજ અસત્યરહિત તથા નિરંતર અને સર્વ દુઃખના નાશનું કારણ છે. તેનામાં તત્પર થયેલા જીવો સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ, નિર્વાણને પ્રાપ્ત થાય છે તથા સર્વ દુઃખોનો નાશ કરે છે. પરંતુ તે સર્પની પેઠે એકાંત નિશ્ચિત દૃષ્ટિવાળું, અસ્ત્રાની પેઠે એકાંત ધારવાળું, લોઢાના જવને ચાવવાની પેઠે દુષ્કર, અને વેળુના કોળિયા જેવું નિસ્વાદ છે; વળી તે ગંગા નદીને સામે પ્રવાહે જવાની પેઠે અને બે હાથથી સમુદ્ર તરવા જેવું મુશ્કલે છે; તીક્ષ્ણ તલવારની ધાર ઉપર ચાલવા જેવું દુષ્કર છે; તથા મોટી શિલા ઊંચકવા બરાબર છે. નિર્ગ્રંથોને આધાકર્મિક (સાધુને ખ્યાલમાં રાખીને તૈયાર કરેલો આહાર), ઔદ્દેશિક (સાધુને ઉદ્દેશીને દહીં ગોળ વગેરેથી સ્વાદુ કરેલો), મિશ્રજાત (થોડોક પોતાને માટે અને થોડોક સાધુ માટે એમ પહેલેથી ભેગો રાંધેલો આહાર), અધ્યવપૂરક (પોતાને માટે રાંધવા માંડ્યું હોય તેમાં સાધુને આવ્યો જાણી નવો ઉમેરેલો), પૂતિકૃત (આધાકર્મિક વગેરેના અંશોથી મિશ્રિત), ક્રીત (સાધુ માટે ખરીદેલો), પ્રામિત્યક (સાધુને માટે ઊછીનો આણેલો), આચ્છેદ્યક (બીજાનો ઝૂંટવીને આપેલો), અનિઃસૃષ્ટ (ઘણાનો સહિયારો, બધાની રજા વિના આપેલો), અભ્યાહૃત (ઘર અથવા ગામથી સાધુ માટે આણેલો), કાંતારભક્ત (વનમાં સાધુ માટે માંડેલા સદાવ્રતનો),

દુર્ભિક્ષભક્ત (દુકાળમાં માંડેલા સદાવ્રતનો), ગ્લાનભક્ત (રોગી માટે તૈયાર કરેલો), વાર્દલિકાભક્ત (વાદળ ચડી આવ્યાં હોય ત્યારે સાધુથી બહાર ભિક્ષા માટે જવાય નહિ માટે તૈયાર કરેલો), અને પ્રાઘૂર્ણભક્ત (મહેમાન માટે તૈયાર કરેલો) આહાર, તથા શય્યાતરપિંડ (જેને ત્યાં ઉતારો કર્યો હોય તેનો પિંડ), રાજપિંડ, તેમ જ મૂલ, કંદ, ફલ, બીજ અને હરિયાળીનું ભોજન ખાવું કે પીવું કલ્પતું નથી. વળી હે પુત્ર ! તું સુખને યોગ્ય છે, પણ દુઃખને યોગ્ય નથી. તેમ જ ટાઢ, તડકો, ભૂખ, તરસ,ચોર, શ્વાપદ (જંગલી જાનવર), ડાંસ અને મચ્છરના ઉપદ્રવોને, વાતપિત્તાદિ જન્ય રોગોને અને તેમનાં દુઃખોને તેમ જ તેવા વિવિધ પરિષહો (સંકટો) અને ઉપસર્ગો (વિઘ્નો)ને સહવાને તું સમર્થ નથી.

જમાલિ—હે માતપિતા ! ખરેખર, નિર્ગ્રંથ પ્રવચન ક્લીબ (મંદશક્તિવાળા), કાયર અને હલકા પુરુષોને તથા આ લોકમાં આસક્ત, અને પરલોકથી પરાङ्मુખ એવા વિષયતૃષ્ણાવાળા સામાન્ય પુરુષોને દુષ્કર છે; પણ ધીર, નિશ્ચિત અને પ્રયત્નવાન પુરુષને તેનું અનુપાલન જરા પણ દુષ્કર નથી.

આમ જ્યારે તેઓ જમાલિને કોઈ રીતે સમજાવવાને સમર્થ ન થયાં, ત્યારે વગર ઇચ્છાએ તેઓએ તેને દીક્ષા લેવા અનુમતિ આપી. પછી બે લાખ સોનૈયા વડે તેઓએ મહાદુકાનમાંથી[૧] એક રજોહરણ અને પાત્ર મંગાવ્યું, તથા એક લાખ સોનૈયા આપીને હજામને બોલાવ્યો. અને જમાલિના ચાર આંગળ જેટલા ભાગમાં વાળ છોડી બાકીના વાળ કપાવી નંખાવ્યાં[૨]. તે કેશ તેની માતાએ

---

૧. કુત્રિકાપણ-જેમાં ત્રણે ભુવનની વસ્તુ મળી શકે, તેવી દુકાન.

૨. મૂળમાં, હજામે પ્રથમ સુગંધી ગંધોદકથી હાથ ધોયા અને શુદ્ધ આઠ પડવાળા વસ્ત્રથી મોઢાને બાંધ્યું—એટલું વધારે છે.

સફેદ વસ્ત્રમાં યત્નપૂર્વક ગ્રહણ કર્યા તથા તેમને ગંધોદકથી ધોઈને ગંધમાલ્ય વડે પૂજ્યા અને શુદ્ધ વસ્ત્ર વડે બાંધીને રત્નકરંડમાં મૂક્યા; પછી હાર, પાણીની ધાર, સિંદુવારનાં પુષ્પ અને તૂટી ગયેલી મોતીની માળા જેવાં દુઃસહ આંસુ પાડતી તે બોલી કે, ઉત્સવો, તિથિઓ અને પર્વોમાં હવે મારે માટે આ કેશ જ જમાલિકુમારના દર્શનરૂપ થશે. ત્યારબાદ તે કેશ તેણે પોતાને ઓશિકે મુકાવ્યા.

પછી જમાલિનાં માતપિતાએ ઉત્તર દિશા તરફ બીજું સિંહાસન મુકાવ્યું, અને તેના ઉપર બેસાડીને જમાલિને નવરાવ્યો; પછી તેને સફેદ રેશમી વસ્ત્ર પહેરાવ્યું; તથા મુકુટ, હાર વગેરે મહામૂલ્ય આભૂષણો[1] પહેરાવ્યાં, પછી હજાર યુવાનોથી ઊંચકાતી એક પાલખી સજાવીને તેમાં જમાલિને પૂર્વ દિશા તરફ સિંહાસન ઉપર બેસાડ્યો. પછી તેમાં જમાલિની માતા તેને જમણે પડખે ભદ્રાસન ઉપર બેઠી. પછી તેની ધાવમાતા રજોહરણ અને પાત્ર લઈ તેને ડાબે પડખે ભદ્રાસન ઉપર બેઠી. પછી તેની પાછળ એક સુંદર યુવતી સફેદ છત્ર હાથમાં લઈને ઊભી રહી. પછી જમાલિને બંને પડખે બે યુવતીઓ ધોળાં ચામર ગ્રહણ કરીને ઊભી રહી. પછી તેની ઉત્તરપૂર્વ દિશાએ એક ઉત્તમ યુવતી કલશને ગ્રહણ કરીને ઊભી રહી. પછી તેની દક્ષિણપૂર્વે એક રમણી વીંઝણો લઈને ઊભી રહી. પછી તે પાલખીને એક સરખા વર્ણ અને કદવાળા ૧૦૦૦ પુરુષોએ ઊંચકી. સૌ પહેલાં સ્વસ્તિક, શ્રીવત્સ, દર્પણ વગેરે મંગલો અનુક્રમે ચાલ્યાં. પછી પૂર્ણ કલશ ચાલ્યો. પછી ગગનતલનો સ્પર્શ કરતી વૈજયંતી ધજા ચાલી. પછી ઉત્તમ ઘોડાઓ, હાથીઓ તથા રથોથી વીંટળાયેલો જમાલિકુમાર સર્વ ઋદ્ધિ સહિત વાજિંત્રોના શબ્દ સહિત ચાલ્યો. તેને

---

૧. તેમાં ગ્રંથિમ (ગુંથેલી), વેષ્ટિમ (વીટેલી), પૂરિમ (પૂરેલી) અને સંઘાતિમ (પરસ્પર સંઘાત વડે તૈયાર થતી) એમ ચાર પ્રકારની માળાઓનું પણ વર્ણન છે.

ચકલાં, પંચોટીઓ વગેરે રસ્તાઓમાં ઘણા ધનના અર્થીઓ તથા કામના અર્થીઓ અભિનંદન આપતા તથા સ્તુતિ કરતા કહેવા લાગ્યા, 'હે નંદ ! તારો ધર્મ વડે જય થાઓ; તારો તપ વડે જય થાઓ, તારું ભદ્ર થાઓ; અખંડિત અને ઉત્તમ જ્ઞાન-દર્શન- ચારિત્ર વડે અજિત ઇંદ્રિયોને તું જીત, તથા શ્રમણધર્મનું પાલન કર. હે દેવ ! વિઘ્નોને જીતી તું સિદ્ધિગતિમાં નિવાસ કર. ધૈર્યરૂપ કચ્છને મજબૂત બાંધી, તપ વડે રાગદ્વેષરૂપ મલ્લોનો તું ઘાત કર. ઉત્તમ શુક્લધ્યાન વડે અષ્ટ કર્મરૂપ શત્રુનું તું મર્દન કર. હે ધીર ! તું અપ્રમત્ત થઈ, ત્રણ લોકરૂપ રંગમંડપ મધ્યે આરાધના પતાકાને ગ્રહણ કરી, નિર્મળ અને અનુત્તર એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કર તથા જિનવરે ઉપદેશેલ સરલ સિદ્ધિમાર્ગ વડે પરમપદરૂપ મોક્ષને પ્રાપ્ત કર. તું પરિષહરૂપ સેનાને હણીને ઇંદ્રિયોને પ્રતિકૂલ ઉપસર્ગોનો પરાજય કર; તને ધર્મમાર્ગમાં અવિઘ્ન થાઓ !'

પછી ચૈત્ય નજીક આવતાં, જમાલિ શિબિકાથી નીચે ઊતર્યો. પછી તેને આગળ કરી તેનાં માતપિતા શ્રમણ ભગવાન મહાવીર પાસે આવ્યાં. પછી તેમને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને તેઓ બોલ્યાં. 'હે ભગવન્ ! આ અમારો એક ઇષ્ટ અને પ્રિય પુત્ર છે. જેમ કોઈ કમળ કાદવમાં ઉત્પન્ન થાય અને પાણીમાં વધે, તો પણ તે પંકની રજથી તેમ જલના કણથી લેપાતું નથી, તેમ આ જમાલિ ક્ષત્રિયકુમાર પણ કામથી ઉત્પન્ન થયો છે અને ભોગોથી વૃદ્ધિ પામ્યો છે, તો પણ તે કામરજથી અને ભોગરજથી લેપાતો નથી તેમ જ મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી અને પરિજનથી પણ લેપાતો નથી. હે દેવાનુપ્રિય ! આ જમાલિ ક્ષત્રિયકુમાર સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ-મરણથી ભયભીત થયો છે, અને આપની પાસે મુંડ—દીક્ષિત થઈને સાધુપણું સ્વીકારવા ઇચ્છે છે; તો આપ દેવાનુપ્રિયને અમે આ શિષ્યરૂપ ભિક્ષા આપીએ છીએ. તો હે દેવાનુપ્રિય ! આપ આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો'.

પછી ભગવાનની અનુમતિ મળતાં જમાલિએ ઉત્તરપૂર્વ દિશા તરફ જઈ પોતાની મેળે આભરણ, માલા અને અલંકારાદિ ઉતારી નાખ્યાં; તે તેની માતાએ સફેદ વસ્ત્રમાં ઝીલી લીધાં. પછી ધારબંધ આંસુથી રડતાં રડતાં તેણે કહ્યું : 'હે પુત્ર ! સંયમને વિષે પ્રયત્ન કરજે ! હે પુત્ર ! યત્ન કરજે ! હે પુત્ર ! પરાક્રમ કરજે. સંયમ પાળવામાં પ્રમાદ ન કરીશ ! એ પ્રમાણે કહીને જમાલિનાં માતપિતા મહાવીરને વંદન કરી પાછાં ચાલ્યાં ગયાં.

પછી જમાલિ પંચમુષ્ટિક લોચ[1] કરી, ભગવાન પાસે આવી પ્રવ્રજ્યા લે છે. તે વખતે તેની સાથે બીજા પાંચસો પુરુષોએ પણ દીક્ષા લીધી. ત્યારબાદ અગિયાર અંગો ભણી તે વિચિત્ર તપકર્મ કરતો વિહરે છે.

એક દિવસ તેણે મહાવીરસ્વામી આગળ આવીને જણાવ્યું કે, 'હે ભગવન્ ! હું આપની અનુમતિથી પાંચસેં સાધુઓની સાથે બહારના દેશોમાં વિહાર કરવા ઇચ્છું છું.' ત્યારે ભગવાને તેની આ વાતનો આદર તેમ જ સ્વીકાર ન કર્યો, પરંતુ તે મૌન રહ્યા. ત્યારે જમાલિએ તેમને તે પ્રમાણે જ ત્રણ વાર કહ્યું, છતાં ભગવાન તો મૌન જ રહ્યા. પછી જમાલિ પાંચસો સાધુઓની સાથે બહારના દેશોમાં ચાલી નીકળ્યો.

એક વખત જમાલિ એક ગામથી બીજે ગામ પાંચસો સાધુ સાથે ફરતો ફરતો શ્રાવસ્તીમાં કોષ્ઠક ચૈત્યમાં આવીને ઊતર્યો. ભગવાન મહાવીર તે વખતે ચંપાનગરીમાં પૂર્ણભદ્ર ચૈત્યમાં ઊતર્યા હતા.

હવે કોઈ દિવસે જમાલિને રસસહિત, લૂખું, તુચ્છ, ભૂખ-તરસનો કાળ વીતી ગયા પછીનું પ્રમાણથી વધારે કે ઓછું એવું

---

૧. પાંચ મૂઠી ભરી બધા વાળ ખેંચી કાઢવા તે.

તથા શીત પાનભોજન વારંવાર ખાવામાં આવ્યાથી શરીરમાં મોટો વ્યાધિ થયો. તેનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત હોવાથી તે દાહયુક્ત હતો. વેદનાથી પીડિત થઈ તેણે પોતાના શ્રમણ નિર્ગ્રંથોને બોલાવીને કહ્યું, 'હે દેવાનુપ્રિયો ! તમે મારે માટે પથારી પાથરો'. પેલાઓ તે વાતનો વિનયપૂર્વક સ્વીકાર કરી પથારી પાથરવા લાગ્યા. પરંતુ જમાલિએ અત્યંત વેદનાથી વ્યાકુલ થઈ તેમને ફરી બોલાવીને પૂછ્યું, 'હે દેવાનુપ્રિયો ! મારે માટે પથારી પાથરી ?' ત્યારે તેઓએ કહ્યું કે, હજુ પાથરી નથી, પણ પથરાય છે. ત્યારે જમાલિએ એવો સંકલ્પ થયો કે, "શ્રમણ ભગવાન મહાવીર તો એમ કહે છે કે, ચાલતું હોય તે ચાલ્યું કહેવાય[1] ઈ.' પણ આ તો સ્પષ્ટ દેખાય છે કે, જ્યાં સુધી પથારી પથરાતી હોય, ત્યાં સુધી તેને પાથરી એમ ન કહેવાય." એમ વિચારી તેણે શ્રમણ નિર્ગ્રંથોને બોલાવીને કહ્યું, "હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર કહે છે કે. 'ચાલતું તે ચાલ્યું કહેવાય ઈ.' પરંતુ મને તો પ્રત્યક્ષ દેખાય છે કે, ચાલતું હોય ત્યાં સુધી ચાલ્યું ન કહેવાય ઈ."

તેની આ વાત કેટલાકોએ માની, અને કેટલાકોએ ન માની. તેથી તે ન માનનારા તેનો ત્યાગ કરી ભગવાન પાસે ચાલ્યા ગયા. જમાલિ પણ વખત જતાં નીરોગી થયો ત્યારે ત્યાંથી નીકળી ચંપામાં આવ્યો, તથા ભગવાન પાસે આવીને કહેવા લાગ્યો, 'આપના ઘણા શિષ્યો હજુ છદ્મસ્થ છે, કેવલજ્ઞાની નથી; પરંતુ હું તો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનારો અર્હત્, જિન અને કેવલી થઈને વિહરું છું.'

ત્યારે ગૌતમે તેને કહ્યું કે, કેવલજ્ઞાનીનું જ્ઞાન કે દર્શન પર્વત વગેરેથી આવૃત કે નિવારિત થતું નથી. તો તું જો કેવલજ્ઞાની હોય, તો મને આ બે પ્રશ્નોનો ઉત્તર આપ. હે જમાલિ ! લોક શાશ્વત છે કે

---

૧. જુઓ ભગવતીસાર પુસ્તકના સિદ્ધાંતખંડ વિભાગ ૭, પ્રકરણ ૧.

અશાશ્વત ? તથા જીવ શાશ્વત છે કે અશાશ્વત ?

ત્યારે જમાલિ આ પ્રશ્નોનો ઉત્તર આપી શક્યો નહીં અને ચૂપ રહ્યો. ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, "હે જમાલિ ! મારા ઘણા છદ્મસ્થ શિષ્યો આ બે પ્રશ્નોનો મારી પેઠે ઉત્તર આપવા સમર્થ છે, છતાં તેઓ તારી પેઠે એમ કહેતા નથી. કે, 'અમે સર્વજ્ઞ અને જિન છીએ.' હે જમાલિ ! લોક શાશ્વત છે; કારણ કે તે કદાપિ ન હતો એમ નથી; તેમ જ તે કદાપિ નથી અને હશે નહિ એમ પણ નથી. પરંતુ લોક હતો, છે અને હશે. તે શાશ્વત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી હે જમાલિ ! લોક અશાશ્વત પણ છે. કારણ કે અવસર્પિણી થઈને ઉત્સર્પિણી થાય છે; અને ઉત્સર્પિણી થઈને અવસર્પિણી થાય છે. તે જ પ્રમાણે જીવ પણ નિત્ય છે, તેમ જ અશાશ્વત પણ છે, કારણ કે તે નૈરયિક થઈને તિર્યંચયોનિક પણ થાય છે; અને તિર્યંચયોનિક થઈને મનુષ્ય, તથા મનુષ્ય થઈને દેવ પણ થાય છે.

પરંતુ જમાલિને આ વાત ગમી નહીં; તેથી તે ત્યાંથી બીજી વાર ચાલી નીકળ્યો. ત્યાર બાદ તે અસત્ય ભાવો પ્રગટ કરીને તથા મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને તથા પરને ભ્રાંત કરતો અને મિથ્યાજ્ઞાનવાળા કરતો, ઘણાં વરસ સાધુપણે જીવ્યો, અને અંતે ત્રીશ ટંકના ઉપવાસ કરી, પોતાના પાપસ્થાનકને આલોચ્યા-પ્રતિક્રમ્યા વિના મરણ પામી લાન્તક દેવલોકમાં તેર સાગરોપમ સ્થિતિવાળો કિલ્વિષિક[૧] દેવ થયો.

જમાલિને મરણ પામેલો જાણી ગૌતમે મહાવીર ભગવાનને તેની ગતિ વિષે પ્રશ્ન પૂછ્યો અને તેની વિગત જાણી તેમણે કિલ્વિષિક દેવો વિષે વધુ પ્રશ્નો પૂછ્યા :

---

૧. દેવોમાં અંત્યજ જેવી એ હીન કોટી છે.

પ્ર —હે ભગવન્ ! કિલ્વિષિક દેવો કેટલા પ્રકારના છે ?

ઉ —હે ગૌતમ ! ત્રણ પ્રકારના છે : ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા, અને તેર સાગરોપમની સ્થિતિવાળા. તેમાં પહેલા પ્રકારના દેવો જ્યોતિષ્ક દેવોની ઉપર અને સૌધર્મ અને ઈશાન દેવલોકની નીચે રહે છે. બીજા પ્રકારના દેવો સૌધર્મ અને ઈશાન દેવલોકની ઉપર, તથા સનત્કુમાર અને મહેન્દ્ર દેવલોકની નીચે રહે છે. તથા ત્રીજા પ્રકારના દેવો બ્રહ્મલોકની ઉપર અને લાંતક કલ્પની નીચે રહે છે.

જે જીવો આચાર્યના દ્વેષી, ઉપાધ્યાયના દ્વેષી; કુલ, ગણ અને સંઘના દ્વેષી, તથા તે બધાનો અયશ અને અકીર્તિ કરનારા હોય; તથા ઘણા અસત્ય અર્થો પ્રગટ કરવાથી અને મિથ્યા કદાગ્રહથી પોતાને અને પરને ભ્રાન્ત કરતા મરણ પામે, તેઓ કિલ્વિષિક દેવ તરીકે જન્મે છે.

□□□

# સુયં મે આઉસં !

## ખંડ ૨જો

## કથાખંડ

# ૧

# તુંબડાં

ભગવાન મહાવીરે કહ્યું : હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ મોટા, સૂકા, કાણા વિનાના, આખા તુંબડાને દાભથી વીંટે; તેના ઉપર માટીનો લેપ લગાવે, પછી તેને તડકે સુકવે, તથા એવી જ રીતે ઉપરા ઉપરી આઠ વાર કરે; અને ત્યાર બાદ તેને ઊંડા પાણીમાં ફેંકે, તો માટીના આઠ લેપોથી ભારે થયેલું તે તુંબડું પાણીની સપાટીની નીચે ચાલ્યું જાય છે. એ જ પ્રમાણે હે ગૌતમ ! જીવો હિંસા, અસત્ય, ચૌર્ય, પરિગ્રહ, અબ્રહ્મચર્ય, ક્રોધ, માન, માયા, લોભ વગેરેના કુસંસ્કારોને લીધે ભારે થાય છે. તેવા જીવો મરણ પામીને અધોગતિએ જાય છે.

હવે હે ગૌતમ ! પાણીમાં ડૂબેલા તે તુંબડા ઉપરના લેપનો પહેલો થર કોહાઈને ઊખડી જાય છે, ત્યારે તે નીચેથી જરાક ઉપર આવે છે. એ રીતે જ્યારે તેની ઉપરના બધા જ થરો ઊખડી જાય છે, ત્યારે તે પોતાના મૂળસ્વભાવને– એટલે કે હલકાપણાને પામીને સપાટી ઉપર આવી જાય છે. એ જ પ્રમાણે જીવો અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, ક્ષમા, મૃદુતા, સરળતા, અને નિર્લોભતા વગેરેના આચરણથી હિંસા વગેરેના કુસંસ્કારોને ધીરે ધીરે ઓછા કરે છે. તે રીતે જ્યારે તે સંસ્કારો છેક નિર્મૂળ થઈ જાય છે, ત્યારે આત્મા પોતાના અસલ સ્વભાવમાં આવી જાય છે, અને ઊર્ધ્વગતિને પામી, અજરામર બની જાય છે.

(જ્ઞાતા. ૧-૬)

□□□

## ૨

# બે કાચબા

શ્રી મહાવીર કહે છે :

કાશીમાં ગંગાતીરે એક મોટો ધરો હતો. તેમાં અનેક માછલાં, કાચબા, મગર, વગેરે જલચર પ્રાણીઓ રહેતાં હતાં. તે ધરાની પાસે એક મોટી ઝાડી હતી. તેમાં બે શિયાળ રહેતાં હતાં. રાત પડ્યે જળચરોને પકડવા તે બંને ધરા પાસે આવતાં.

એક વાર રાત પડ્યે જળ ઝંપી ગયું, ત્યારે એ ધરામાંથી બે કાચબા બહાર નીકળ્યા અને ખાવાનું શોધવા આમતેમ ફરવા લાગ્યા. પેલાં શિયાળ તે બંનેને જોતાં જ તેમના ઉપર તૂટી પડ્યાં.

પરંતુ પેલા બે કાચબાઓએ તરત જ પોતાનાં અંગ (બે હાથ, બે પગ, અને ડોક.) પોતાની ઢાલ નીચે છુપાવી દીધાં અને તેઓ હાલ્યાચાલ્યા વિના જ એક જગાએ પડી રહ્યા.

પેલાં શિયાળોએ આવીને તેમને વારંવાર હલાવ્યા, બચકાં ભર્યાં અને નખ માર્યા પણ કાંઈ જ વળ્યું નહીં. છેવટે થાકીને તેઓ કાચબા ફરી હાલે-ચાલે તેની રાહ જોતાં થોડે છેટે છુપાઈને બેસી રહ્યાં.

શિયાળ ચાલ્યાં ગયાં સમજીને બેમાંના એક કાચબાએ પોતાનો એક પગ ધીરે ધીરે બહાર કાઢ્યો. તે જોતાં જ એક શિયાળે એકદમ આવીને તેનો પગ કરડી ખાધો. એ જ રીતે તે મૂઢ કાચબાના બીજા અવયવો પણ કરડી ખાઈને તે શિયાળોએ તેનો નાશ કર્યો.

બીજો કાચબો પણ તે પ્રમાણે જ કરશે એમ માની શિયાળ લાંબો વખત સંતાઈ રહ્યાં. પરંતુ તે કાચબો તો પોતાનો એકે અવયવ બહાર ન કાઢતાં કેટલોય વખત ત્યાં ને ત્યાં નિશ્ચેષ્ટ થઈને પડી રહ્યો. તે શિયાળોએ તે જગાએ બે ત્રણ વાર ફેરા ખાધા, પણ તેમનું કાંઈ વળ્યું નહિ. છેવટે કંટાળીને હતાશ થઈ તે ચાલ્યાં ગયાં.

શિયાળ ચાલ્યાં ગયાં ત્યાર બાદ પણ કેટલોક વખત જવા દઈને તે ચતુર કાચબાએ પોતાની ડોક ધીરે ધીરે ઊંચી કરીને ચારે કોર જોયું. આસપાસ કોઈને ન જોવાથી તે ઝપાટાબંધ દોડીને પોતાના ઘરમાં પેસી ગયો અને પોતાનાં સગાસંબંધીઓને મળીને સુખે રહેવા લાગ્યો.

આ પ્રમાણે જે શ્રમણો અને શ્રમણીઓ પોતાની પાંચ ઇંદ્રિયોને તાબામાં ન રાખતાં સ્વચ્છંદે વર્તે છે, આહાર ઉપરનો સંયમ ગુમાવી સ્વાદમાં લોલુપ થઈ જાય છે, અતિશય મિષ્ટ અને સ્નિગ્ધ પદાર્થોને જ શોધ્યા કરે છે, તથા આખો સમય પ્રમાદમાં જ ગાળે છે, તેવા શ્રમણ અને શ્રમણીઓનો પહેલા કાચબાની પેઠે બૂરે હાલે નાશ થાય છે.

તેથી ઊલટું, જે શ્રમણો અને શ્રમણીઓ પોતાની પાંચે ઇંદ્રિયો તાબામાં રાખે છે, સંયમથી વર્તે છે, આહારનું પ્રમાણ બરાબર સમજી, લૂખાસૂખા ભોજનનો પણ શરીરના પોષણ પૂરતો જ ઉપયોગ કરે છે, તથા સ્વાધ્યાયાદિ આત્મકલ્યાણમાં ઉપયોગી પ્રવૃત્તિમાં જ પોતાનો સમય ગાળે છે, તે બધાં બીજા કાચબાની પેઠે સુખેથી પોતે તરે છે, અને બીજાને પણ તારે છે.

(જ્ઞાતા. ૧-૪)

□□□

# ૩

# બે ઈંડાં

ચંપા નગરીમાં બે સાર્થવાહ મિત્રો રહેતા હતા : જિનદત્ત અને સાગરદત્ત. તે બંનેને એક એક પુત્ર હતો. તે બંને પુત્રો સાથે જન્મેલા, સાથે ઊછરેલા, સાથે રમેલા, સાથે પરણેલા અને પરસ્પર અત્યંત અનુરાગવાળા હતા. એકબીજાની ઇચ્છાને તેઓ સંપૂર્ણ રીતે અનુસરતા.

એક વખત તે બંને જણા નગરી બહારના ઉદ્યાનમાં વિહાર કરવા ગયા હતા. ત્યાં ફરતાં ફરતાં તેઓ એક જાળા પાસે આવ્યા. તેમનાં પગલાંના અવાજથી તે જાળામાં વિયાયેલી એક ઢેલડી ભયની મારી મોટી ચીસો નાખતી ત્યાંથી નીકળીને સામેના ઝાડની ડાળ ઉપર બેઠી.

પેલા મિત્રોએ જાળામાં જોયું તો ઢેલડીએ બે સુંદર ઇંડાં મૂક્યાં હતાં. આ ઈંડાં આપણે ઘેર લઈ જઈએ તો તેમાંથી આપણને રમવા મોર થશે, એમ વિચારી, તેમણે પોતાના નોકરો દ્વારા તે ઇંડાં ઉપાડાવીને પોતાને ત્યાંની ઉત્તમ કૂકડીઓનાં ઇંડાંની ભેળાં મુકાવ્યાં.

આમ એક ઈંડું સાગરદત્તને ત્યાં અને બીજું જિનદત્તને ત્યાં સેવાવા લાગ્યું. કૂકડીનાં ઈંડાં ભેળા રાખેલા તે ઇંડામાંથી મોર થશે કે નહીં તે જોવાને સાગરદત્તનો પુત્ર વારંવાર તેને ખખડાવવા લાગ્યો, વારંવાર હલાવવા લાગ્યો, તથા આમથી તેમ ફેરવી ફેરવીને જોવા લાગ્યો. આમ ઘણી વાર થવાથી તે ઇંડું નિર્જીવ થઈ ગયું. પોતાના ઇંડાને નિર્જીવ થઈ ગયેલું જોઈ તે ઘણો ખેદ પામ્યો,

અને મન સાથે કહેવા લાગ્યો કે આ ઈંડામાંથી મારે રમવાનો મોર ન થયો.

બીજી બાજુ જિનદત્તના પુત્રે કુકડીનાં ઈંડાં ભેગા રહેલા પોતાના ઈંડામાંથી યોગ્ય સમયે મોર અવશ્ય થવાનો છે, એ વિશ્વાસથી તેને કદી ખખડાવ્યું નહીં, ફેરવ્યું નહીં, અને જોયું સરખું પણ નહીં. પરિણામે, યોગ્ય કાળે તે ઈંડામાંથી મોરનું બચ્ચું થયું.

પછી જિનદત્તના પુત્રે મયૂરપોષકોને બોલાવી તે બચ્ચાને કાળજીપૂર્વક ઉછેરાવ્યું તથા તેને નાચવા-કૂદવાની તાલીમ અપાવી. હવે તે મોર જિનદત્તને ત્યાં કળા કરીને નાચે છે, ટહુકા કરે છે, અને ચંદ્રકળાવાળાં પોતાનાં પીંછાથી સૌને ખુશ કરે છે.

એ પ્રમાણે જે શ્રમણનિર્ગ્રંથો અહિંસા, સત્ય, ત્યાગ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગરે સંયમોની બાબતમાં સાગરદત્તના પુત્રની જેમ શંકાશીલ રહે છે, તેમનું બરાબર આચરણ ન કરતાં તેમના ફળ વિષે વિવાદ કર્યા કરે છે, પક્ષાપક્ષી માંડે છે, કે કદાગ્રહ કરીને ભારે ઘમસાણ મચાવે છે, તે ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ સાગરદત્તનાં પુત્રની જેમ પસ્તાય છે. અને છેવટે કકળાટમાં ને કકળાટમાં જ પોતાનું જીવન પૂરું કરે છે.

પરંતુ જે શ્રમણો અને શ્રમણીઓ જિનદત્તના પુત્રની જેમ અહિંસા, સત્ય, ત્યાગ, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ વગેરે સંયમોની બાબતમાં શંકાશીલ ન રહેતાં તેમનું અશંકભાવે આચરણ કર્યા કરે છે, તેઓ ચોક્કસ આ સંસાર-સમુદ્રને તરી જાય છે.

(જ્ઞાતા. ૧-૩)

□□□

# ૪

# નંદીફળ

ચંપા નગરીમાં ધન્ય નામે એક સમૃદ્ધ તથા કુશળ સાર્થવાહ રહેતો હતો. એકવાર તે સાર્થવાહે વેપાર માટે અહિચ્છત્રા નગરી તરફ જવાનો વિચાર કર્યો.

તે માટે તેણે અનેક પ્રકારનાં કરિયાણાંનાં મોટાં મોટાં ગાડાં ભરાવ્યાં, તથા પ્રયાણની તૈયારી પહેલાં ચંપામાં તેણે ઘોષણા કરાવી કે જે કોઈ પરિવ્રાજક કે ગૃહસ્થ ધન્ય સાર્થવાહની સાથે અહિચ્છત્રા આવવા ઇચ્છતા હોય, તે ઘણી ખુશીથી આવી શકે છે. ધન્ય સૌને જોઈતી મદદ કરશે.

એ ઘોષણા સાંભળતાં કેટલાય સાધુ-સંન્યાસી, તથા ગૃહસ્થો ધન્યના સાર્થમાં જોડાયા. પછી નાની નાની મજલો કરતો ધન્ય બધા સાર્થ સાથે અંગદેશની વચ્ચે થઈ, સરહદ ઉપર આવી પહોંચ્યો. ત્યાં પડાવ નાખ્યા બાદ ભવિષ્યના પ્રવાસમાં રાખવાની સાવચેતીની જાણ માટે તેણે પોતાના સાર્થમાં નીચે પ્રમાણે ઘોષણા કરાવી.

'હવે પછીના પ્રવાસમાં વૃક્ષોથી ગીચ એવી એક મોટી અટવી આવનાર છે. તેમાં પત્ર-પુષ્પ-ફળથી શોભતાં નંદીફળ નામનાં વૃક્ષો આવશે. તે દેખાવમાં ઘણાં મનોહર હોય છે, પણ જે કોઈ તેમની છાયામાં વિસામો લે છે, કે તેમનાં ફળફૂલ ચાખે છે, તેનું અકાળે મૃત્યુ થાય છે. માટે કોઈ પ્રવાસીએ તેમ કરવું નહીં.'

પરંતુ સાર્થનાં કેટલાંય માણસો ધન્યની આ ઘોષણા તરફ લક્ષ્ય ન રાખી, તે વૃક્ષોની છાયા અને ફળફૂલોથી આકર્ષાઈ અકાળ

મૃત્યુ પામ્યાં. પરંતુ જેઓએ તે ઘોષણા ધ્યાનમાં રાખી, તેઓ તે ઝાડોથી દૂર જ રહ્યાં.

બાકી રહેલાંઓ સાથે પ્રવાસ કરતો ધન્ય યથાકાળે અહિચ્છત્રા જઈ પહોંચ્યો.

એ પ્રમાણે જે નિર્ગ્રંથ, નિર્ગ્રંથીઓ વીતરાગ પુરુષોએ કહેલા સંયમનો સ્વીકાર કરીને પણ કામગુણોમાં લલચાઈને ફસાઇ જાય છે, તથા શ્રમણત્વથી ભ્રષ્ટ થાય છે, તેઓ ધન્યની ઘોષણા ન માની નંદીફળ પ્રત્યે આકર્ષાનારા પ્રવાસીઓની જેમ નાશ પામે છે; અને સંસારસાગરમાં રખડ્યા કરે છે.

પરંતુ જેઓ ધન્યની ઘોષણાને સ્વીકારીને ચાલનારા પ્રવાસીઓની જેમ પોતાના સંયમમાં વધારે ને વધારે સાવધાન તથા પ્રયત્નશીલ રહે છે, તેઓ સમસ્ત લોકમાં વંદનીય અને પૂજનીય થઈ, થોડા જ વખતમાં સંસારનો પાર પામી સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થાય છે.

(જ્ઞાતા. ૧-૧૫)

□ □ □

# ૫

# ચંદ્રમા

શ્રી મહાવીર કહે છે :

વર્ણ, શીતલતા, સ્નિગ્ધતા, કાંતિ, દીપ્તિ, દ્યુતિ, છાયા, પ્રભા, ઓજસ અને મંડળની બાબતમાં કૃષ્ણપક્ષના પડવાનો ચંદ્ર પૂર્ણિમાના ચંદ્ર કરતાં હીન હોય છે.

તે જ પ્રમાણે કૃષ્ણપક્ષના પડવાના ચંદ્ર કરતાં બીજનો ચંદ્ર હીનતર હોય છે. અને એ રીતે દરરોજ હીન થતો થતો અમાસની રાત્રે તે છેક નષ્ટ થઈ જાય છે.

એ જ પ્રમાણે ક્ષમા, નિર્લોભતા, જિતેંદ્રિયતા, સરલતા, મૃદુતા, લઘુતા, સત્ય, તપ, ત્યાગ, અકિંચનતા, અને બ્રહ્મચર્યના ગુણોથી રહિત થતાં જનારાં નિર્ગ્રંથ નિર્ગ્રંથી દિનપ્રતિદિન હીન, હીનતર અને હીનતમ દશાને પામતાં પામતાં છેવટે અમાસના ચંદ્રની જેમ બિલકુલ નાશ પામે છે.

પરંતુ શુક્લપક્ષના પડવાનો ચંદ્ર વર્ણ, દ્યુતિ વગેરે ગુણોની બાબતમાં અમાવાસ્યાના ચંદ્ર કરતાં અધિક હોય છે. તે જ પ્રમાણે શુક્લપક્ષમાં બીજનો ચંદ્ર પડવાના ચંદ્ર કરતાં અધિકતર હોય છે. એ રીતે વધતાં વધતાં પૂર્ણિમાનો ચંદ્ર એ બધા ગુણોથી પરિપૂર્ણ થાય છે.

એ જ પ્રમાણે ક્ષમા વગેરે ગુણોને વધારે ને વધારે ખિલવનારાં નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી છેવટે પૂર્ણિમાના ચંદ્રની પેઠે પરિપૂર્ણ થાય છે.

(જ્ઞાતા. ૧-૧૦)

□□□

# ૬

# રોહિણી

રાજગૃહ નગરના ધન્ય નામે તવંગર સાર્થવાહને એક વાર વિચાર આવ્યો કે, અત્યારે તો હું મારો સર્વ વ્યવહાર મારી દેખરેખ નીચે સારી રીતે ચલાવું છું; પરંતુ મારી ગેરહાજરીમાં એ બધું કોણ સંભાળશે ? મારે ચાર પુત્રો છે; પરંતુ તે ધન કમાઈ જાણનારા છે. ધન તો મેં જ એટલું ભેગું કર્યું છે કે, નવું ન આવે તો પણ ખૂટે નહીં. એટલે જરૂર તો કોઈ અવેરનારની છે. અને એ કામ તો સ્ત્રીનું કહેવાય. માટે મારી ચાર પુત્રવધુઓમાંથી એ કામને કોણ લાયક છે, તેની પરીક્ષા કરીને, તેના હાથમાં ભંડારની ચાવી સોંપું.

બીજે દિવસે તેણે ખૂબ ખાનપાન તૈયાર કરાવીને પોતાનાં તેમજ તે પુત્રવધુઓનાં સગાંને જમવા તેડાવ્યાં. જમણ થઈ રહ્યા બાદ તે સૌની સમક્ષ તેણે પોતાની એક એક પુત્રવધૂને બોલાવી અને તે દરેકને ડાંગરના પાંચ પાંચ દાણા આપીને કહ્યું કે, તમે આ દાણા સાચવીને રાખજો અને હું ફરી માગું ત્યારે મને પાછા આપજો.

મોટી ઉજ્ઝિકાએ તે પાંચ દાણા લીધા અને 'સસરાજીના કોઠારમાં ડાંગરનાં ઘણાંય પાલાં ભરેલાં છે, એટલે જ્યારે તે દાણા પાછા માગશે ત્યારે તેમાંથી પાંચ દાણા લઈને આપી દઈશ,' એમ વિચારીને કોઈ ન જાણે તેમ બહાર ફેંકી દીધા.

બીજી ભોગવતીએ એ દાણા લીધા અને 'સસરા માગશે ત્યારે કોઠારમાંથી અપાશે', એમ ધારી તે દાણા સાફ કરીને ખાઈ ગઈ.

ત્રીજી રક્ષિકાએ તે દાણા એક ચોખ્ખા કપડામાં બાંધ્યા અને

રત્નના કરંડિયામાં મૂકી, ઓશિકા નીચે સાચવી રાખ્યા; તથા દિવસમાં ત્રણ વાર તેમને સંભાળવા લાગી.

સૌથી નાની રોહિણીએ તે દાણા લઈ, મનમાં કાંઈક વિચાર કરી, પોતાનાં પિયરિયાંને બોલાવીને કહ્યું કે વર્ષાઋતુની શરૂઆતમાં જ તમે એક નાના ક્યારામાં આમને વાવીને ફરતી વાડ કરી સંભાળજો.

પાકનો સમય થતાં જ એના પાંચે છોડ ખૂબ ફૂલ્યા ફાલ્યા અને તેમાંથી નવ ઘડા ભરાય તેટલા દાણા નીકળ્યા.

બીજે વર્ષે તે બધા દાણા પહેલાંની માફક વવરાવ્યા, તો તેમાંથી અનેક કુડવ (આઠ ખોબાનો એક કુડવ.) ચોખા નીપજ્યાં. એ રીતે તેણે લાગલગાટ પાંચ વર્ષ સુધી તેમનું વાવેતર કરાવ્યું. તેમાંથી અનેક ગાડાં ભરાય તેટલા દાણા નીપજ્યા.

પાંચ વર્ષ પૂરાં થયે ધન્ય સાર્થવાહે પોતાનું કુટુંબ ફરી વાર એકઠું કર્યું, અને સૌને ઉત્તમ ખાન-પાન વડે સંતુષ્ટ કર્યાં. ત્યાર બાદ તે સૌની સમક્ષ તેણે પોતાની મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને, પોતે પાંચ વર્ષ પૂર્વે આપેલા પાંચ દાણા માગ્યા.

ઉજ્ઝિકાએ કોઠારમાંથી પાંચ દાણા લાવી આપ્યા. પરંતુ શેઠે તેને સોગંદ દઈને પૂછ્યું ત્યારે તેણે કબૂલ કર્યું કે, મૂળ દાણા તો પોતે ફેંકી દીધા છે.

તે પ્રમાણે બીજી ભોગવતીએ પણ કબૂલ્યું કે, મૂળ દાણા તો પોતે ખાઈ ગઈ છે.

ત્રીજી રક્ષિકાએ તો જતનથી સાચવેલા મૂળ દાણા જેમના તેમ લાવીને આપ્યા.

અને છેલ્લી રોહિણીએ કહ્યું, 'તાત ! એ દાણા જોઈતા હોય તો પહેલાં ગાડાં મંગાવરાવો'.

શેઠે હસીને પૂછ્યું, 'પાંચ દાણા લાવવા માટે તે ગાડાં જોઈતાં હશે ?'

ત્યારે રોહિણીએ પાંચ વર્ષ સુધી તે દાણા વડે કરાવેલા વાવેતરની વાત કહી સંભળાવી.

આ વાત સાંભળી, સંતુષ્ઠ થઈ, શેઠે આખા કુટુંબની સમક્ષ કહ્યું, 'આ રોહિણીને હું ઘરનો બધો કારભાર સોપું છું, તથા તેને જ કુટુંબનાં બધાં કામકાજમાં સલાહકાર નીમું છું; આ રક્ષિકાને ઘર અને કુટુંબની બધી સંપત્તિની રખેવાળી સોંપું છું; ભોગવતીને રસોડાની અધિષ્ઠાત્રી નીમું છું અને ઉજ્ઝિકાને ઘરની સફાઈની જવાબદારી સોંપું છું.

આ પ્રમાણે જે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ પોતે સ્વીકારેલી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની પાંચ પ્રતિજ્ઞાઓને ઉજ્ઝિકાની જેમ ફેંકી દે છે, તેઓ સંઘના તિરસ્કારને પાત્ર બને છે, અને તેઓ અધોગતિએ જાય છે.

જે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ પોતે સ્વીકારેલી પાંચે પ્રતિજ્ઞાઓને ભોગવતીની જેમ ગળી જાય છે. એટલે કે તે પાંચે પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરી તેમનું માત્ર આજીવિકાને માટે જ પાલન કરે છે, અને તેથી મળતા આહારાદિકમાં જ આસક્ત રહે છે, તે પણ મોક્ષફળથી વંચિત થઈ, પરલોકમાં દુઃખનાં ભાગી થાય છે.

જે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ રક્ષિકાની પેઠે પોતે સ્વીકારેલી પાંચે પ્રતિજ્ઞાઓને કાળજીપૂર્વક સાચવે છે, અને સંભાળે છે, તેઓ સંઘમાં પૂજનીય અને વંદનીય થાય છે તથા પોતાના

મનુષ્યજીવનને સાર્થક કરે છે.

અને જે નિર્ગ્રંથ તથા નિર્ગ્રંથીઓ પોતાની પાંચે પ્રતિજ્ઞાઓને રોહિણીની પેઠે સારી રીતે સાચવે છે, તેમ જ ખીલવે છે, તેઓ જ સૌથી ઉચ્ચ કોટીનાં હોઈ, અલભ્ય એવું નિર્વાણપદ પામે છે.

(જ્ઞાતા. ૧-૭)

□ □ □

# ૭

# ઘોડાઓ

હસ્તિશીર્ષ નગરના કેટલાક વહાણવટીઓ એક વખત તેમનાં વહાણ મધદરિયે તોફાનમાં સપડાઈ જતાં, અથડાતા કૂટાતાં કાલિકદ્વીપે આવી પહોંચ્યા. તે દ્વીપમાં સુવર્ણ રત્ન વગેરેની કેટલીયે ઉત્તમ ખાણો હતી; પરંતુ સૌથી નવાઈની ચીજ તો તે દ્વીપના અદ્ભુત ઘોડાઓ હતા. તેઓ એ વહાણવટીઓને જોઈ તરત ભયથી અનેક યોજન દૂર અરણ્યમાં નાસી ગયા.

અનુકૂળ પવન થતાં, લાકડાં-પાણી વગેરે જરૂરી સામગ્રી વહાણમાં ભરી લઈ તથા તે દ્વીપમાંથી મળેલ સુવર્ણ, રત્ન વગેરે લઈને તેઓ પાછા હસ્તિશીર્ષ આવી પહોંચ્યાં; અને મોટા નજરાણા સાથે રાજાને મળ્યા.

રાજાએ તેમને તેમના પ્રવાસની, તથા તેમણે જોયેલી કોઈ નવાઈની ચીજની વાત પૂછી તેઓએ કાલિકદ્વીપમાં પોતે જોયેલા અદ્ભુત ઘોડાઓની વાત કહી. એ ઉપરથી રાજાએ તે વહાણવટીઓને પોતાનાં માણસો સાથે તે દ્વીપમાં તે ઘોડાઓ લઈ આવવા પાછા મોકલ્યા.

તેમની સાથે રાજાએ શ્રોત્રેંદ્રિયને ઉત્તેજક વાદ્યો મોકલ્યાં; ચક્ષુરિંદ્રિયને ઉત્તેજક અનેક પ્રકારની રંગબેરંગી આકૃતિઓ-ચિત્રો વગેરે મોકલ્યાં; ઘ્રાણેન્દ્રિયને ઉત્તેજક અનેક સુગંધી પદાર્થો મોકલ્યા; સ્વાદેંદ્રિય તૃપ્ત કરનાર સ્વાદુ પદાર્થો મોકલ્યા; અને સ્પર્શેન્દ્રિયને ઉત્તેજક સુંવાળા પદાર્થો મોકલ્યા.

વહાણવટીઓએ કાલિકદ્વીપે પહોંચતા વેંત જ જુદી જુદી

ઇંદ્રિયોને ઉત્તેજક તે પદાર્થોને ઘોડાઓના સ્થાનની આસપાસ ગોઠવી દીધા, અને વીણા વગેરે વાદ્યો વગાડવા માંડ્યાં.

તે વાદ્યોના અવાજથી મોહિત થયેલા ઘોડાઓ તે માણસો પાસે આવીને ચૂપચાપ બેસી ગયા, અને સુગંધીઓ સૂંઘવા લાગ્યા, ખાદ્યો ખાવા લાગ્યા તથા પેયો પીવા લાગ્યા. પછી તેમને બરાબર લુબ્ધ થયેલા જાણીને તે લોકોએ તેમને ગળે અને પગે બાંધીને પકડી લીધા તથા વહાણ ઉપર ચડાવી રાજાની પાસે આણ્યા. રાજાએ તે વહાણવટીઓનું બધું દાણ માફ કર્યું.

પછી પેલા ઘોડાઓને રાજાના આશ્વમર્દકોએ તેમનાં મોં, કાન, વાળ, ખરી, કાંડાં બાંધીને, ચોકડાં ચડાવીને, તંગ ખેંચીને, આંકીને તથા વેલ-નેતર, લતા અને ચાબૂક વગેરેના પ્રહારો મારી મારીને સારી રીતે કેળવ્યા અને રાજા પાસે આણ્યા.

એ પ્રમાણે જે શ્રમણો અને શ્રમણીઓ અહિંસા, સત્ય વગેરેની પ્રતિજ્ઞાઓ સ્વીકારીને પેલા ઘોડાઓની પેઠે શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં આસક્ત થાય છે, મોહ પામે છે, અને તેમને પ્રાપ્ત કરવા વ્યાકુળ બને છે તેઓ તે ઘોડાઓની પેઠે અસહ્ય દુઃખ પામે છે, અને સંસારચક્રમાં ફર્યા કરે છે.

જે મનુષ્યો શ્રોત્રેંદ્રિયને વશ થઈને મધુર શબ્દોમાં રાગ કરે છે, તે તેતરની પેઠે પાશમાં બંધાય છે.

જે મનુષ્યો ઘ્રાણેંદ્રિયને આધીન થઈ, અનેક પ્રકારના સુગંધોમાં આસક્ત થાય છે, તેઓ મદારીના હાથમાં સપડાયેલા સાપની પેઠે અત્યંત કઠોર વધ-બંધ પામે છે.

જે માણસો સ્વાદેંદ્રિયને વશ થઈ, અનેક પ્રકારનાં લિજ્જતદાર ખાનપાનમાં ગૃદ્ધ બને છે, તેઓ ગલ ગળેલા મત્સ્યની

પેઠે તરફડીને મરણ પામે છે.

જે મનુષ્યો સ્પર્શેંદ્રિય વશ ન કરતાં અનેક જાતના સ્પર્શોથી લલચાય છે, તેઓ અંકુશથી વીંધાતા હાથીની પેઠે પરાધીન થઈને મહાવેદના પામે છે.

શ્રમણે મધુર કે અમધુર શબ્દોને કાનમાં પ્રવેશ કરતા અટકાવવા કાનમાં પૂમડાં ન નાખતાં, સમભાવ કેળવવાનો પ્રયત્ન કરવો.

શ્રમણે સારાં કે નઠારાં રૂપો પોતાની આંખો સામે આવતાં, તે આંખો ઉપર દ્વેષ કરવાને બદલે સમભાવ કેળવવાનો પ્રયત્ન કરવો.

શ્રમણે સુગંધ કે દુર્ગંધને નાક પાસે આવતાં નાક ચડાવવાને બદલે સમભાવ કેળવવાનો પ્રયત્ન કરવો.

શ્રમણે જીભ ઉપર સારા કે નરસા રસો આવતાં મોં મરડવાને બદલે સમભાવ કેળવવાનો પ્રયત્ન કરવો.

શ્રમણે શરીરને સારા કે નરસા સ્પર્શોનો પ્રસંગ પડે ત્યારે હૃષ્ટ કે તુષ્ટ ન થતાં સમભાવ કેળવવાનો પ્રયત્ન કરવો.

(જ્ઞાતા. ૧-૧૭)

□□□

# ૮

# મલ્લિ

શ્રી મહાવીરસ્વામી કહે છે :

વિદેહની રાજધાની મિથિલામાં કુંભ નામે રાજા હતો. તેની પ્રભાવતી રાણીને પેટે મલ્લિ નામની સ્વરૂપવતી પુત્રી જન્મી હતી. તે જ્યારે યૌવનમાં આવી, ત્યારે તેનું સૌંદર્ય એટલું બધું ખીલી ઊઠ્યું કે, દેશ દેશના રાજાઓ તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ મલ્લિએ તો આજીવન કૌમારવ્રત પાળવાનો નિર્ણય કર્યો હતો, તેથી તેનો પિતા કુંભરાજા કોઈનું કહેણ સ્વીકારતો ન હતો.

છેવટે કોશલદેશ, અંગદેશ, કાશીદેશ, કુણાલદેશ, કુરુદેશ અને પંચાલદેશ એમ છ દેશના રાજાઓએ તો મલ્લિને બળાત્કારે વરવા માટે કુંભરાજાની નગરી ઉપર પોતપોતાનાં લશ્કરો સાથે ચડાઈ કરી.

મલ્લિએ વિચાર્યું કે, આવા બળિયાઓ સામે મારા પિતા ટકી શકશે નહીં. આથી તેણે તે બધા રાજાઓને શાંત કરવા માટે એક યુક્તિ વિચારી કાઢી.

તેણે પોતાના મહેલના એક સુંદર અને વિશાળ ઓરડાની મધ્યમાં પોતાની એક આબેહૂબ સુવર્ણમૂર્તિ મુકાવી. તે મૂર્તિ અંદરથી પોલી હતી, અને તેના માથા ઉપર કળવાળું એક ઢાંકણું હતું. એ મૂર્તિને જોતાં સાક્ષાત્ મલ્લિ પોતે જ ઊભી ન હોય, એવો ભાસ થતો.

પછી મલ્લિ તે મૂર્તિના પેટમાં રોજ સુગંધી ખાદ્યો નાખ્યા કરતી. તેમ કરતાં કરતાં જ્યારે તે મૂર્તિ પૂરેપૂરી ભરાઈ ગઈ, ત્યારે

તેણે પેલું કળવાળું ઢાંકણું તેના ઉપર મજબૂત રીતે બેસાડી દીધું. અને પછી તે બધા રાજાઓને સંદેશો કહાવ્યો કે, મલ્લિ તમને બધાને મળવા ઇચ્છે છે.

આ સંદેશાથી સંતુષ્ટ થઈ, તે રાજાઓએ પોતાનું સૈન્ય રણક્ષેત્રમાંથી પાછું ખેંચી લીધું; અને પોતે બની-ઠનીને મલ્લિને મહેલે ગયા. તે બધાને મલ્લિની સુવર્ણમૂર્તિવાળા ઓરડામાં લઈ જવામાં આવ્યા. તેઓ તો મૂર્તિને જ મલ્લ સમજી, તેના રૂપમાં વળી વધારે લુબ્ધ થયા. ત્યારબાદ વસ્ત્રાભૂષણ સજી રાજકુમારી મલ્લિએ તે ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યારે જ રાજાઓને ભાન આવ્યું કે, મલ્લિ તો આ છે, અને પેલી તો મૂર્તિ જ છે.

રાજકુમારીએ આવીને પેલી મૂર્તિ ઉપરનું ઢાંકણું ખોલી નાખ્યું. ઢાંકણું દૂર થતાં જ અંદરથી નીકળતી તીવ્ર દુર્ગંધથી આખો ઓરડો ભરાઈ ગયો, અને રાજાઓએ અકળાઈને નાકે પોતાના ખેસ ઢાંક્યાં.

તે વખતે મલ્લિ બોલી : 'હે રાજાઓ ! તમે તમારા ખેસ તમારે નાકે કેમ ઢાંક્યાં ? જે મૂર્તિનું સૌંદર્ય દેખી તમે લુબ્ધ થયા હતા, તે જ મૂર્તિમાંથી આ દુર્ગંધ નીકળે છે. અને તે દુર્ગંધ પણ જે સુગંધી ઉત્તમ પદાર્થો તમે સૌ ખાઓ છો, તે પદાર્થોની જ બનેલી છે.

'હે રાજાઓ, મારું સુંદર દેખાતું શરીર પણ એ જ ખાદ્ય પદાર્થોનું બનેલું છે, તથા અંદરથી વસ્તુતાએ એવા જ લોહી, થૂંક, મૂત્ર, વિષ્ટા વગેરે ઘૃણાસ્પદ પદાર્થોથી ભરેલું છે. આ મૂર્તિની જેમ મારા શરીરનું ઢાંકણ પણ ઉઘાડી નાખી શકાય તેમ હોત, તો તમે એ જ પ્રમાણે તમારાં નાક, તેમ જ તમારી આંખો ત્રાસીને બંધ કરી દેત, તો પછી આવા દુર્ગંધથી ભરેલા અને વિષ્ટાના ભંડારરૂપ મારા આ શરીરના માત્ર દેખીતા સૌંદર્ય ઉપર જ લુબ્ધ થઈને તમે

શો અવિવેક કરવા તત્પર થયા છો ?'

મલ્લિની આ માર્મિક વાણી સાંભળી તે રાજાઓ શરમાઈ ગયા, અને પોતાનો અવિવેક દૂર કરી પોતામાં સદ્‌વિવેક પ્રગટાવવા બદલ મલ્લિનો આભાર માનવા લાગ્યા.

મલ્લિએ પણ અવસર જોઈ, પોતાના વાક્પ્રહાર ચાલુ રાખ્યા : 'હે રાજાઓ ! મનુષ્યનાં કામસુખો આવા દુર્ગંધયુક્ત શરીર ઉપર જ અવલંબેલાં છે. વળી તેનું બાહ્ય સૌંદર્ય પણ સ્થાયી નથી. જ્યારે તે શરીર જરાથી અભિભૂત થાય છે, ત્યારે તેની કાંતિ વિવર્ણ થઈ જાય છે, ચામડી નિસ્તેજ થઈ લબડી પડે છે, આંખો ઊંડી ઊતરી જાય છે, ડાચું મળી જાય છે, મુખમાંથી લાળ દદડે છે, અને આખું શરીર હાલતાં ચાલતાં થરથર કંપે છે. તેથી હે દેવાનુપ્રિયો ! એ પ્રકારના શરીરથી નીપજતાં કામસુખોની કોણ આસક્તિ રાખે ? અને તેમાં મોહ પામે ? હે રાજાઓ ! આવા વિચારથી જ મેં એ બધાં કામસુખોની આસક્તિ તજી, દીક્ષા લેવાનું તથા આજીવન બ્રહ્મચારિણી રહી સંયમધર્મને અનુસરવાનું નક્કી કર્યું છે; તો તે વિષે તમારો શો વિચાર છે તે મને કહો.'

આ વાત સાંભળી રાજાઓએ નમ્રભાવે કહ્યું, 'તારું કહેવું ખરું છે; તારા નિશ્ચયમાં વિઘ્ન નાખવાની વાત તો ક્યાં રહી, અમે પણ તારા જ માર્ગનું અનુસરણ કરવા તૈયારી છીએ'. આમ કહી તે મહાનુભાવ રાજાઓએ પોતપોતાની રાજધાનીમાં જઈ, પોતાના પુત્રોને રાજ્યભાર સોંપી, મલ્લિ પાસે પાછા આવીને તેની જેમ દીક્ષા લીધી અને ભિક્ષાન્ન વડે નિર્વાહ કરતાં કરતાં સંયમધર્મનું પાલન કરવા માંડ્યું.

(જ્ઞાતા. ૧-૮)

□ □ □

# ૯

# ખાઈનું પાણી

ચંપાનગરીની બહાર એક મોટી ખાઈ હતી. તેનું પાણી સડેલા મડદા જેવું ગંધાતું, જોવું કે અડકવું ન ગમે તેવું ગંદું અને અસંખ્ય કીડાઓથી ખદબદતું હતું.

એક વાર તે નગરીનો રાજા, પોતાના દરબારીઓ, શેઠો વગેરે સાથે ભોજન લીધા બાદ તે ભોજનસામગ્રીનાં વખાણ કરવા લાગ્યો. બીજા બધાઓએ તો 'હા'માં હા ઉત્સાહપૂર્વક ભેળવી. પરંતુ સુબુદ્ધિ નામનો અમાત્ય ચૂપ બેઠો છે, તેને જોઈને રાજાએ પૂછ્યું કે શું તને આજની ભોજનસામગ્રીનાં વર્ણ, રસ, સ્પર્શ, ગંધ આદિ આહ્‌લાદક ન લાગ્યાં ?

સુબુદ્ધિએ જવાબ આપ્યો, એ બધા પુદ્‌ગલ-પદાર્થોના વર્ણ, રસ, સ્પર્શ, ગંધ આદિ મને ચકિત કરી શકતા નથી. કારણ કે હું તે બધાને પરિવર્તનશીલ જોઉં છું, અને જાણું છું. આજે આપણને વર્ણ, રસ, સ્પર્શ, ગંધ આદેથી મોહિત કરનારા પરમાણુ-પુદ્‌ગલો બીજે વખતે આપણને ઘૃણા ઉપજાવનારાં થઈ જાય છે, અને આજે ઘૃણા ઉપજાવનારાં પુદ્‌ગલો કોઈ કાળે મોહ ઉપજાવનારાં પણ થઈ જાય છે. એ બધા પદાર્થોનો એવો સ્વભાવ જ છે. તેમને વિષે આટલો બધો પ્રશંસાવાદ હું યોગ્ય માનતો નથી.

સુબુદ્ધિની આ વાત રાજાને ગમી નહીં. તેને એ બધું નકામું દોઢડહાપણ લાગ્યું. પણ તે ચૂપ રહ્યા.

એક વાર એ રાજા ઘોડેસવાર થઈ મોટા પરિવાર સાથે પેલી ખાઈના ગંદા પાણી પાસે થઈને ફરવા નીકળ્યો. ત્યાં તે પાણીની

અસહ્ય દુર્ગંધથી તેને નાક દાબવું પડ્યું. થોડે દૂર ગયા બાદ સૌની સમક્ષ રાજા એ પાણીના ખરાબ વર્ણ, ગંધ, રસ, આદિની નિંદા કરવા લાગ્યો.

તે વખતે પણ સૌએ તેની 'હા'માં હા મેળવી. માત્ર સુબુદ્ધિ ચૂપ રહ્યો. રાજા આથી નવાઈ પામી બોલ્યો, 'સુબુદ્ધિ ! આ પાણી પણ તને ઘૃણા કરવા લાયક નથી લાગતું શું ?'

સુબુદ્ધિ બોલ્યો, 'હે રાજા ! મેં પહેલા કહ્યું હતું તેમ, પદાર્થોનાં પરિવર્તનશીલ રૂપો, વર્ણો, ગંધો, રસો, સ્પર્શોથી મોહિત પણ થવાની જરૂર જેમ હું જોતો નથી, તેમ તેમની ઘૃણા કરવાની પણ હું જરૂર જોતો નથી. કારણ વસ્તુ તથા તેના ગુણધર્મો પરિવર્તનશીલ છે.

રાજા ચિડાઈને બોલ્યો, તારું કથન મને દુરાગ્રહભર્યું લાગે છે. સારી વસ્તુને સારી કહેવી, અને ખરાબને ખરાબ કહેવી એમાં અજુગતું શું છે ? વસ્તુમાત્ર પરિવર્તનશીલ ભલે હોય, પણ તેમનો સ્વભાવ છેક જ પલટાઈ જાય એવું તે કાંઈ બનતું હશે ?

સુબુદ્ધિએ એ ચર્ચા આગળ ન ચલવી. તે ચૂપ રહ્યો. પરંતુ ઘેર ગયા બાદ તેણે બજારમાંથી નવ કોરા ઘડા મંગાવ્યા અને તેમાં પેલી ખાઈનું ગુંદું પાણી ગાળીને ભરાવી મંગાવ્યું. ત્યાર બાદ તે ઘડાઓમાં તાજી રાખ નાખી, તે ઘડા બરાબર બંધ કરી સાત દિવસ રખાવી મૂક્યા. ત્યાર બાદ બીજા નવ ઘડા મંગાવી, તે પાણી તેમાં ફરી ગાળીને નંખાવ્યું, અને તે દરેકમાં તાજી રાખ નંખાવી. સાત દિવસ બાદ ફરી નવ ઘડા મંગાવી તેણે તે પ્રમાણે જ ફરી કરાવ્યું. આમ સાત અઠવાડિયા સુધી તેણે તે પાણી વારંવાર ફેરવ્યા કર્યું તથા તેમાં તાજી રાખ નંખાવ્યા કરી.

સાતમે અઠવાડિયે તે પાણીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ

સ્વચ્છમાં સ્વચ્છ પાણી જેવાં થયાં. તે ઇંદ્રિયો અને ગાત્રોને આહ્લાદ આપે તેવું પથ્ય, હલકું અને સ્ફટિક જેવું નિર્મળ થયું. તે ઉત્તમ પાણીને વધુ ઉત્તમ બનાવવા સુબુદ્ધિએ તેમાં સુગંધી વાળો, મોથ વગેરે ઉદકસંભારણીય દ્રવ્યો ભેળવ્યાં, અને રાજાના પાણિયારાને એ પાણી લઈ જઈ ભોજન વખતે રાજાને આપવાની સૂચના કરી.

જમ્યા પછી રાજાએ એ પાણી પીને તેનાં ખૂબ વખાણ કર્યાં. 'શું એનો સ્વાદ ! શું એનો રંગ ! શું એની ગંધ ! શી એની શીતલતા ! એ તો ઉદકરત્ન જ છે !'

વખાણ કરતાં કરતાં રાજાએ પાણિયારાને પૂછ્યું કે આ પાણી તેં ક્યાંથી આણ્યું ? તે બોલ્યો, 'મહારાજ ! એ પાણી અમાત્ય સુબુદ્ધિને ત્યાંથી આવેલું છે.' રાજાએ સુબુદ્ધિને બોલાવીને પૂછ્યું હે દેવાનુપ્રિય ! તું આવું સરસ પાણી ક્યાંથી લાવ્યો ?

સુબુદ્ધિ બોલ્યો, 'મહારાજ ! એ પાણી પેલી ગંધાતી ખાઈનું જ છે.'

રાજા નવાઈ પામ્યો; પરંતુ પછી સુબુદ્ધિએ બધી હકીકત પહેલેથી માંડીને કહી, તથા તેને ખાતરી કરાવી આપી કે, એ પાણી પેલી ખાઈનું જ છે.

રાજાને એ ઉપરથી બોધ થયો કે, સુંદર વસ્તુ જોઈને મોહિત થવું, તેમ જ નઠારી વસ્તુ જોઈને ઘૃણા કરવી એ બંને વાનાં અવિવેકમૂલક છે. પદાર્થમાત્ર પરિવર્તનશીલ છે, અને તેમના સારા અથવા માઠા પર્યાયો કાયમી નથી.

(જ્ઞાતા. ૧-૧૨)

□□□

# ૧૦

# બે સાથે બાંધ્યા

રાજગૃહના ધન્ય સંઘવીને સંતતિ થતી ન હતી. તેની સ્ત્રી ભદ્રા ઘણીય બાધા-આખડીઓ રાખતી, પરંતુ કશાથી કાંઈ વળતું નહોતું. છેવટે તેણે બધાય દેવોની બાધા રાખી કે, જો મને પુત્ર કે પુત્રીઃ થશે, તો દર માસની ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમે, તમારો યાગ કરીશ.

બનવા કાળ, તે ભદ્રને એક સુંદર પુત્ર જન્મ્યો. અત્યંત ખુશી થઈ તેણે માનેલી માનતા પ્રમાણે સર્વ પ્રકારના યાગો કર્યા, તથા પુણ્ય-દાન કર્યાં. દેવોનો લીધેલો હોવાથી શેઠ-શેઠાણીએ તેનું નામ દેવદત્ત પાડ્યું. અને તેને રમાડવા-ફેરવવા પંથક નામે એક દેખાવડો, કુશલ, ઉત્સાહી તથા હૃષ્ટપુષ્ટ નોકર રાખ્યો.

પંથક દેવદત્તને સજાવી-શણગારી, કેડે તેડીને ફર્યા કરતો અને નાનાં છોકરાં સાથે રમતો. એક વાર એ પ્રમાણે તે દેવદત્તને લઈ રાજમાર્ગ ઉપર આવી છોકરાં સાથે રમતે વળગ્યો હતો, તેવામાં વિજય નામે એક દુષ્ટ ચોર ત્યાં આવી કોઈનું ધ્યાન જાય તે પહેલાં ઘરેણે મઢેલા દેવદત્તને ઉપાડીને ચાલતો થયો.

થોડે દૂર જઈ, તેનાં સર્વ ઘરેણાં ઉતારી લઈ. વિજયે તેને મારી નાખ્યો અને તેના શબને એક અવડ કૂવામાં નાખી દીધું. ત્યાર બાદ તે ગીચ ઝાડીમાં આવેલા પોતાના અડ્ડામાં સંતાઈ ગયો.

થોડી વારમાં પંથકનું ધ્યાન દેવદત્ત તરફ ગયું, તો દેવદત્ત ન મળે. તે બાવરો બની ચારે તરફ શોધવા લાગ્યો અને બૂમો પાડવા

લાગ્યો. શેઠ-શેઠાણીને ખબર પડતાં તે તો મૂર્છિત થઈને ગબડી જ પડ્યાં. પછી શેઠ મોટી ભેટ લઈ કોટવાળ પાસે ગયા, અને તેને પોતાના છોકરાની તપાસ કરવાનું ઘણી આજીજી સાથે કહ્યું.

કોટવાળ પોતાનાં માણસો લઈ તપાસ કરવા નીકળી પડ્યો. રસ્તામાં પેલા જૂના કૂવામાં દેવદત્તનું મડદું જડ્યું. તે લઈને તેને ધન્યને સોંપ્યું; અને પોતે વિજય ચોરના પગલે પગલે તેના અડ્ડા સુધી જઈ પહોંચ્યો. ત્યાં તેના પર ઓચિંતો છાપો મારીને તેને પકડી લીધો, અને તેને મારતાં મારતાં રાજગૃહમાં આણીને હેડમાં નાખ્યો. તેનું ખાવાપીવાનું બંધ કરવામાં આવ્યું, અને સવારે-બપોરે અને સાંજે તેને માર મારવાનું નક્કી કરવામાં આવ્યું.

તે જ અરસામાં ધન્ય સંઘવી પણ રાજાના કોઈ અપરાધમાં આવી ગયો. આથી રાજાએ તેને વિજય ચોરની સાથે એક જ હેડમાં બાંધી જેલમાં પૂરવાનો હૂકમ કર્યો.

શેઠાણીએ ધન્ય માટે જેલમાં પંથક સાથે ખૂબ ખાવા પીવાનું તૈયાર કરીને મોકલ્યું.

વિજયે ધન્યને કહ્યું, ‘હું ઘણા દિવસનો ભૂખ્યો છું, માટે મને કૃપા કરીને થોડુંક ખાવાનું આપો !’

ધન્યે જવાબ દીધો કે, ‘આમાંથી કાંઈ વધશે તો તેને હું કાગડા-કૂતરાને નાખી દઈશ, પણ મારા પ્રિય તેમ જ એકના એક પુત્રને મારનાર તને તો એક દાણો પણ નહીં આપું.’

ભોજન વગેરેથી પરવાર્યા બાદ ધન્યને શૌચ તથા લઘુશંકાની હાજત થઈ. પણ તેને વિજય ચોર સાથે એક જ હેડમાં બાંધેલો હોવાથી એકલો ધન્ય ક્યાંય જઈ શકે તેમ ન હતું. તેથી તેણે વિજય ચોરને ઊઠીને પોતાની સાથે આવવા કહ્યું પણ વિજય ચોરે ના

પાડી, અને કહ્યું કે, તું મને રોજ ખાવાનું આપવાનું કબૂલ કરે, તો જ હું ઊઠું. હાજતથી અત્યંત પીડાયેલ શેઠે કમનથી તે વાતનો સ્વીકાર કર્યો.

તે દિવસથી શેઠ વિજય ચોરને પોતાના ભોજનમાંથી ભાગ આપે છે અને બાધારહિત થઈ તેની સાથે રહે છે.

શેઠ વિજય ચોરને ખાવાનું આપે છે એ વાત પંથક પાસેથી જાણીને શેઠાણી ધન્ય ઉપર અત્યંત નાખુશ થયાં.

થોડા દિવસ બાદ પૈસા તથા લાગવગને બળે શેઠ જેલખાનામાંથી છૂટ્યા અને ઘેર આવ્યા. સૌ ખુશ થઈને તેમનું સ્વાગત કરવા લાગ્યાં, પણ ભદ્રા શેઠાણી ઉદાસ થઈ એક બાજુ બેસી રહ્યાં.

શેઠે ભદ્રાને પૂછ્યું, 'હે દેવાનુપ્રિયે ! મારા આવવા છતાં તું ઉદાસીન કેમ છે ?'

ભદ્રા બોલી, 'મારા પુત્રના ઘાતક વિજય ચોરને તમે ખવરાવતા તેથી મને ખોટું લાગ્યું છે.'

શેઠે તેનો ખુલાસો કરતાં કહ્યું, 'મેં કંઈ રાજીખુશીથી તે દુષ્ટને ખાવા નથી આપ્યું; પરંતુ એક જ હેડમાં બંધાયો હોવાથી જીવતા રહેવાની ગરજે જ તેને ખાવાનું આપ્યું છે.'

આ ખુલાસો સાંભળી ભદ્રાનું મન શાંત થયું, અને તે પ્રસન્ન થઈ શેઠ સાથે રહેલા લાગી.

ધન્ય સંઘવીએ જેમ માત્ર શરીરની રક્ષા માટે જ વિજય જેવા પોતાના વિરોધીને પણ પોતાનું ભોજન આપ્યું હતું, તેમ સ્નાન-માલ્ય-અલંકાર આદિનો ત્યાગ કરનારાં નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓએ

આત્માથી વિરુદ્ધ સ્વભાવવાળા શરીરને, તે જ્ઞાન-દર્શન-ચારિત્રનું વાહન છે એમ માનીને જ ખોરાક આપવો પણ વર્ણ-રૂપ-રસ-બળ-વિષય આદિને અર્થે ન આપવો.

(જ્ઞાતા. ૧-૨)

□□□

# ૧૧

# કંડરીક અને પુંડરીક

પૂર્વ વિદેહમાં પુંડરીકિણી નગરીમાં મહાપદ્મ નામે રાજા હતો. તેને પદ્માવતી નામે રાણી અને પુંડરીક તથા કંડરીક નામે બે પુત્રો હતા. તેમાં પુંડરીક યુવરાજ હતો.

એક વખત નગરમાં પધારેલા સ્થવિર પાસે ધર્મોપદેશ સાંભળી મહાપદ્મ રાજા પુંડરીકને રાજગાદી આપીને તથા કંડરીકને યુવરાજ બનાવીને સાધુ થઈ ગયો.

કેટલાક વખત બાદ બીજા કોઈ સ્થવિરો પુંડરીકની રાજધાનીમાં આવ્યા. બંને ભાઈઓએ તેમની પાસે ધર્મ સાંભળ્યો. તે સાંભળી પુંડરીકે ગૃહસ્થધર્મની દીક્ષા તેમની પાસે લીધી, અને કંડરીક તો સાધુ જ થવા તત્પર થયો.

પુંડરીકે તેને કહ્યું કે, 'મારો વિચાર તારો રાજ્યાભિષેક કરવાનો હતો, જેથી હું ધર્માચરણમાં વધારે પ્રવૃત્ત થઈ શકું,' પરંતુ કંડરીકે તો સાધુ થવાનો નિશ્ચય કર્યો હોવાથી પુંડરીકે ના-મને તેને રજા આપી.

કંડરીક હવે ઉગ્ર સંયમ, તપ, શીલ અને સત્યને પાળતો ગામેગામ વિહરવા લાગ્યો. તે અત્યંત લૂખાસૂખા અને નીરસ ભોજનથી પોતાનો નિર્વાહ કરતો, અને સ્વાદેંદ્રિયનો ખૂબ નિગ્રહ કરતો.

વખત જતાં અતિશય લૂખાસૂખા ભોજનથી કંડરીકને શરીરે દાહજ્વર થયો. પણ તે વિહાર તો કર્યા જ કરતો. એક દિવસ

કંડરીકના આચાર્ય તેને સાથે લઈ પુંડરીકની રાજધાનીમાં જ આવી પહોંચ્યા. પુંડરીકે કંડરીકનું શરીર જોઈ તેના આચાર્યને વિનંતી કરી કે, આપ કૃપા કરીને મારી યાનશાળામાં આવીને ઊતરો, તો આ કંડરીકને કાંઈક ચિકિત્સા થઈ શકે. આચાર્યે તેમ કરવાનું કબૂલ કર્યું.

કંડરીક યોગ્ય ઉપચારો દ્વારા ધીમે ધીમે નીરોગી અને બલવાન શરીરવાળો થયો. યથાસમયે બીજા સાધુઓ તો રાજાને પૂછી બહારગામ વિચરવા ચાલ્યા ગયા, પણ કંડરીક સુંદર ખાનપાનમાં આસક્ત થઈ, સાજો થયા બાદ પણ, બહાર વિચરવા ઇચ્છા કરવા લાગ્યો નહીં.

આથી પુંડરીકે તેની પાસે જઈ, આડકતરી રીતે તેને તેના ધર્મની યાદ દેવરાવી. કંડરીકને આ વાત ગમી નહીં, પણ છેવટે શરમનાં માર્યા પણ તેને તે સ્થળ છોડી ચાલી નીકળવું પડ્યું.

ત્યાર બાદ કેટલોક વખત તો તેણે ઉગ્ર તપ આદિ કર્યાં. પણ પછી તે સંયમના અનુશીલનથી થાક્યો. અને ખેદ પામ્યો. આથી ધીરે ધીરે તે પોતાના આચાર્ય પાસેથી નીકળીને પાછો પુંડરીકના રાજમહેલ પાસેની અશોકવનિકામાં આવીને ઊતર્યો.

પુંડરીકે તેને આવેલો જોઈ, પાછો આડકતરી રીતે સમજાવ્યો, અને તેના ધર્મની યાદ દેવરાવી. પરંતુ કંડરીકે નફટાઈથી કશું કાને ધર્યું નહીં. છેવટે રાજાએ તેને સીધો સવાલ કર્યો 'ભગવન્ ! તમે ભોગાર્થી છો ?'

કંડરીકે હા પાડી. આથી તરત જ પુંડરીકે તેને ગાદીએ બેસાડ્યો, અને પોતે કંડરીકનો સાધુવેશ પહેરી દીક્ષા લીધી.

હવે કંડરીક રાજાને ખૂબ ખાન-પાન અને ઘણા ઉજાગરાને લીધે અજીર્ણ થયું, અને તેના શરીરમાં પિત્તજવર દાખલ થતાં દાહ

શરૂ થયો. એવી સ્થિતિમાં અવસાન પામી, તે અધોગતિએ ગયો. પુંડરીકને પણ ઉગ્ર સંયમ પાળતાં, લૂખા-સુખા તથા પરિમિત ભોજનથી અજીર્ણ થતાં પિત્તજ્વર લાગુ પડ્યો, અને આખે શરીરે દાહ ઊપડ્યો. પરંતુ તેણે તો પોતાનો છેવટનો વખત જાણી, અર્હંત ભગવંતોને અને પોતાના ધર્માચાર્ય ધર્મોપદેશક સ્થવિરોને નમસ્કાર કર્યો, અને અનશનથી સમાધિપૂર્વક દેહત્યાગ કરી, દેવગતિ પ્રાપ્ત કરી.

આ પ્રમાણે, જે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ કંડરીકની પેઠે સંયમ સ્વીકાર્યા પછી મંદ થઈ સંયમથી ભ્રષ્ટ થાય છે, તેઓ માત્ર દુઃખી થઈ આ અપાર સંસારમાં ભટક્યા કરે છે.

પરંતુ જેઓ પુંડરીકની પેઠે શીલ અને સત્ય સ્વીકાર્યા પછી દૃઢ રહે છે, અને વિષયવિલાસોને વશ થતાં નથી, તે સર્વ લોકનાં પૂજનીય અને વંદનીય બની આ ભયંકર સંસારકાંતારને ઓળંગી જાય છે.

(જ્ઞાતા. ૧-૧૯)

□□□

# ૧૨

# ગળિયો બળદ

સારા બળદવાળા વાહનમાં બેસીને જનાર વટેમાર્ગુ વિષમ જંગલ પણ પાર કરી જાય છે; તે પ્રમાણે (શુભ) યોગરૂપી વાહનમાં બેસનાર સંસારને ઓળંગી જાય છે. પરંતુ જેના વાહનમાં ગળિયો બળદ જોડેલો હોય છે, તે તેને મારી-મારીને થાકી જાય છે, અને તેનો પરોણો પણ ભાગી જાય છે—કેટલાક હાંકેડુ તો તેને પૂછડે બટકું ભરે છે અથવા તેને વારંવાર પરોણા ગોચે છે.– પરંતુ પરિણામમાં કાં તો તે બળદ સાંબેલ ભાગી નાખે છે, અવળે માર્ગે દોડે છે, પાસાભેર પડી જાય છે, બેસી પડે છે, ગબડી જાય છે, ઊંચો ઊછળે છે, ઠેકડા મારે છે, શઠતાથી જુવાન ગાય તરફ દોડે છે, કપટથી માથું નીચે રાખી પડી જાય છે, ગુસ્સે થઈ પાછો વળે છે, મરી ગયો હોય તેમ સ્થિર ઊભો રહે છે, અચાનક વેગથી દોડે છે, રાશને તોડી નાખે છે. ધૂંસરું ભાંગી નાખે છે, કે ફૂંફાડા મારતો છુટી જઈ, પલાયન કરી જાય છે.

એ જ પ્રમાણે કુશિષ્યો પણ કરે છે. ગર્ગ નામના એક શાસ્ત્રજ્ઞ આચાર્યના શિષ્યો એવા ગળિયા બળદ જેવા હતા. તે આચાર્ય કહેતા કે, મારા શિષ્યો ધર્મરૂપી વાહનને જોડતાં જ ભાંગી પડે છે : તેમાંના કેટલાકને ઋદ્ધિનો ગર્વ છે. કેટલાક રસલોલુપ છે, કેટલાક એશઆરામી છે, તો કેટલાક ક્રોધી, કેટલાક ભિક્ષાના આળસુ, કેટલાક અપમાનભીરુ, અને કેટલાક અકડાઈવાળા છે. કેટલાકને હું હેતુઓ અને કારણો સહિત શિખામણ આપું છું, ત્યારે તેઓ વચ્ચે બોલી ઊઠી વાંધા જ નાખે છે; અને મારા વચનને પાછું વાળે છે. જેમ કે, કોઈને ત્યાં કંઈ માગવા મોકલું, તો કહે છે, 'એ

મને ઓળખતી નથી,' 'મને નહીં બીજા કોઈને મોકલો,' વગેરે ક્યાંક સંદેશો લઈને મોકલું, તો તે કામ કરવાને બદલે અન્યત્ર રખડ્યા કરે છે અને જાણે રાજાની વેઠ કરવાની આવી પડી હોય તેમ ભવાં ચડાવે છે.

છેવટે કંટાળીને ગર્ગ મુનિએ ગળિયા બળદ જેવા દુષ્ટ શિષ્યોને પોષવા-ભણાવવાનું છોડી, તપસ્યા કરવા ચાલ્યા ગયા.

(ઉત્તરાધ્યયન. ૨૭)

□□□

# ૧૩

## દાવદ્દવનાં ઝાડ

અમુક સમુદ્રને કાંઠે ઘટાવાળાં, પત્ર, પુષ્પ અને ફળોથી લચેલાં તથા પુષ્કળ હરિયાળીવાળાં સુશોભિત એવાં દાવદ્દવ નામનાં ઝાડ ઊગે છે. સામાન્ય સમયમાં તો તે એકસરખાં ફાલે-ફૂલે છે, તથા તેઓમાં કાંઈ તફાવત દેખાતો નથી પરંતુ તે દ્વીપમાં કોઈ કોઈ વાર ઈષત્ -પુરોવાત, પશ્ચાત્‌વાત, મંદવાત અને મહાવાત ચાલે છે; તે વખતે તેમનામાંનાં જાતવાન અને કજાતનો ભેદ જણાઈ આવે છે. કારણ કે તે વખતે કેટલાંક વૃક્ષો તો પહેલાં જેવાં હતાં તેવાં જ સુશોભિત તથા લીલાંલૂમ રહે છે, ત્યારે કેટલાંક જીર્ણ થઈ જાય છે, કેટલાંક કરમાઈ જાય છે, અને કેટલાંક સૂકાં ઠૂંઠાં જેવા થઈ જાય છે.

એ જ પ્રમાણે સાધુ-સાધ્વીઓનું પણ છે. સામાન્ય દિવસોમાં તો તે બધાં સરખા જ જણાય છે. પરંતુ પારકાના પ્રસંગમાં આવતાં, કેટલાંક તો પોતાની સમતા કાયમ રાખી શકે છે, જ્યારે બીજાં કેટલાંક કાં તો નમી જાય છે, તો કેટલાંક ઊકળી જઈ સમભાવ ગુમાવી બેસે છે.

વળી બીજા તીર્થનાં સાધુ-સાધ્વીઓના કે શ્રાવક-શ્રાવિકાઓના સંસર્ગમાં તેમને આવવાનું થાય છે, ત્યારે કેટલાંક તો સહનશીલતા ગુમાવ્યા વિના નિર્ભય રહીને સાવધાનપણે બધું સહન કરી લે છે, પરંતુ બીજાં કેટલાંક ઊકળી જાય છે, ક્ષમાને કોરે મૂકી દે છે, અને વિષમભાવમાં વર્તી ગમે તે બોલી નાખે છે કે કરી નાખે છે.

(જ્ઞાતા. ૧-૧૧)

□□□

# ૧૪

# શ્વેત કમળ

એક પુષ્કરિણી હતી. તે ઘણાં પાણી તથા કાદવવાળી, શ્વેત કમળોથી ભરેલી, જોવાલાયક, રમણીય તથા મનોહર હતી. તેમાં અહીં તહીં ચારે બાજુ મોટી સંખ્યામાં શ્વેત કમળો ઊગ્યાં હતાં. શ્વેત કમળ, બધી જાતનાં કમળમાં શ્રેષ્ઠ ગણાય છે. તે પુષ્કરિણીના બરાબર મધ્યભાગમાં તે સર્વ શ્વેત કમળોમાં પણ શ્રેષ્ઠ એવું એક મોટું શ્વેત કમળ ઊગ્યું હતું. તે યોગ્ય સ્થળે ઊગેલું હોઈ, ઊંચું, તેજસ્વી, રંગ-ગંધ-રસ અને કોમળતાથી ભરેલું તથા જોવાલાયક, રમણીય અને મનોહર હતું.

હવે પૂર્વ દિશામાંથી એક પુરુષ તે પુષ્કરિણી તરફ આવી ચડ્યો. તેણે કિનારા ઉપર ઊભા ઊભા પેલું મોટું કમળ જોયું. તેને જોઈને તે કહેવા લાગ્યો: હું જાણકાર, કુશળ, પંડિત, વિવેકી, બુદ્ધિમાન, પાકી ઉંમરનો, માર્ગે રહેનાર, તેમજ માર્ગ અને માર્ગની આંટીઘૂંટી જાણનારો માણસ છું. માટે હું કમળોમાં શ્રેષ્ઠ એવા આ શ્વેત કમળને લઈ આવું.

આમ વિચારી, તે માણસ પુષ્કરિણીમાં ઊતર્યો, પણ તે જેમ જેમ પુષ્કરિણીમાં ઊતરવા લાગ્યો, તેમ તેમ પાણી અને કાદવ વધતાં ચાલ્યાં. તે કિનારાથી ઘણે દૂર સુધી અંદર ગયો, પણ શ્વેત કમળ સુધી પહોંચી શક્યો નહીં. પછી તો તે ન પાછો આવી શકે, કે ન સામે પાર જઈ શકે એવી સ્થિતિમાં આવી પડ્યો. અર્થાત્ પુષ્કરિણીની અધવચ જ કાદવમાં કળી ગયો.

પછી દક્ષિણ દિશામાંથી બીજો એક પુરુષ આવ્યો.

તેણે પેલું કમળ, તેમજ તેને લેવા જતાં અધવચ કળી ગયેલો

પેલો પુરુષ જોયાં. પોતાને તેના કરતાં વધુ જાણકાર અને અનુભવી માની, તે પુરુષ પણ તે કમળ લેવા અંદર ઊતર્યો, અને પ્રથમ પુરુષની માફક જ અધવચ કળી ગયો.

તે જ પ્રમાણે પશ્ચિમ દિશામાંથી આવેલા ત્રીજા પુરુષની અને ઉત્તર દિશામાંથી આવેલા ચોથા પુરુષની પણ વલે થઈ.

ત્યારબાદ રાગદ્વેષથી રહિત, (સંસારને) સામે પાર પહોંચવાની કામનાવાળો, જાણકાર, કુશલ, એવો કોઈ એક ભિક્ષુ એકાદ દિશામાંથી ત્યાં આવી ચડ્યો. તેણે તે કમળને તથા કળી ગયેલા ચારે પુરુષોને જોયા. તે સમજી ગયો કે, આ લોકો પોતાને જાણકાર તથા કુશળ માની, આ કમળ લેવા જતાં તળાવના કાદવમાં કળી ગયા છે. પરંતુ આ કમળ એ રીતે લેવા ન જવું જોઈએ. એમ વિચારી, તેણે કિનારા ઉપર ઊભા ઊભા જ બૂમ પાડી : 'હે શ્વેત કમળ ! અહીં ઊડી આવ !'

એટલે પેલું શ્વેત કમળ ઊડીને તેની પાસે આવી પડ્યું.

પુષ્કરિણી એ સંસાર છે; તેનું પાણી તે કર્મો અને કાદવ તે કામભોગો. શ્વેત કમળો તે જનસમુદાય, અને શ્રેષ્ઠ કમળ તે રાજા. જુદા જુદા વાદીઓ તે પેલા ચાર પુરુષો. પેલો ભિક્ષુ તે બીજો કોઈ નહિ, પણ સદ્ધર્મ. ભિક્ષુએ પાડેલી બૂમ તે ધર્મોપદેશ; અને કમળનું ઊડી આવવું તે નિર્વાણપ્રાપ્તિ. અર્થાત્ સદ્ધર્મ સિવાય બીજુ કાંઈ સંસારમાંથી નિર્વાણ ન અપાવી શકે. જે બધા વાદીઓ પોતે જ કર્મો અને કામ ભોગોમાં બંધાયેલા હોય છે, તે બીજાને નિર્વાણ અપાવતા પહેલાં પોતે જ સંસારમાં ડૂબી મરે છે.

(સૂત્રકૃતાંગ ૨-૧)

□ □ □

# સુયં મે આઉસં !

## ખંડ ૩જો

## ઉપદેશખંડ

૧

# ચાર દુર્લભ વસ્તુઓ

આ સંસારમાં જીવને નીચેની ચાર વસ્તુઓ પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે : (૧) મનુષ્યપણું (૨) સદ્ધર્મનું શ્રવણ (૩) શ્રદ્ધા (૪) અને સંયમમાં પુરુષાર્થ.

સામાન્ય રીતે જીવો વિવિધ કામનાઓથી મૂઢ બની, અનેક કર્મો કરી, પરિણામે સંસારમાં અનેકવિધ યોનિઓમાં જન્મ પામ્યા કરે છે. તેઓ કોઈ વાર દેવલોકમાં, કોઈ વાર નરકલોકમાં, તો કોઈ વાર અસુરલોકમાં પણ જાય છે. પરંતુ રાજાઓ જેમ કામિની કાંચનથી કંટાળતા નથી, તેમ તે પ્રાણીઓ અધમ કર્મોને વળીવળીને સ્વીકારવાથી વારંવાર બદલાતી યોનિઓમાં જન્મતાં કંટાળતાં નથી. કામનાઓથી મૂઢ બનેલાં તથા વિવિધ કર્મોવાળાં તે પ્રાણીઓ આમ અત્યંત દુઃખ અને વેદના અનુભવતાં, મનુષ્યેતર યોનિઓમાં જ ભટક્યા કરે છે. તેમ કરતાં કરતાં ઘણે લાંબે કાળે, ક્રમે કરીને, કોઈ વાર શુદ્ધિ પામેલા વિરલ જીવો કર્મોનો નાશ કરી શકાય તેવું મનુષ્યપણું પ્રાપ્ત કરે છે.

પરંતુ એ પ્રમાણે દુર્લભ એવું મનુષ્યપણું પામવા છતાંય, તપ, ક્ષમા અને અહિંસામાં પ્રવૃત્તિ કરાવનાર સદ્ધર્મનું શ્રવણ થવું દુર્લભ છે.

કદાચ કોઈને સદ્ભાગ્યવશાત્ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થાય, તો પણ તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી અતિ દુર્લભ છે. કારણ કે, ઘણાય લોકો ધર્મ જાણવા છતાં તેનાથી દૂર રહે છે.

અને કદાચ કોઈને ધર્મમાં શ્રદ્ધા પણ ઉત્પન્ન થાય, પરંતુ તે

પ્રમાણે પુરુષાર્થ કરવો, એ તેથી પણ દુર્ઘટ છે. કારણ કે, ઘણાં માણસોને સારી સારી વસ્તુઓમાં શ્રદ્ધા હોવા છતાં, તે પ્રમાણે તેઓ આચરણ નથી કરતાં.

પરંતુ જેઓ મનુષ્યપણું પામી, સદ્ધર્મનું શ્રવણ કરી, તેમાં શ્રદ્ધાયુક્ત બની, તે પ્રમાણે આચરણ કરે છે, તેવા સરળ અને શુદ્ધ માણસો જ, પાણીથી સિંચાયેલા અગ્નિની પેઠે નિર્વાણ પ્રાપ્ત કરે છે.

માટે કર્મબંધનના વિવિધ હેતુઓ જાણી, તેમનો ત્યાગ કરો, તથા વિવિધ પ્રકારનાં શીલો વડે ઊર્ધ્વગતિ સાધો. પ્રયત્ન કરવા છતાં, આ જન્મમાં જ સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થઈ, તો તેથી નિરાશ થવાનું કાંઈ કારણ નથી. તેવા મનુષ્યો ઉત્તમ વિભૂતિવાળી દેવયોનિઓમાં જન્મ પામી, આયુષ્ય પૂરું થયે, ફરી મનુષ્યયોનિમાં સારાં સારાં કુળોમાં અવતરે છે. ત્યાં તેમને નીચેનાં દશ ઉત્તમ અંગો પ્રથમથી પ્રાપ્ત થાય છે : (૧) ઘર અને વાડી, સોનું અને રૂપું (૨) સુશીલ મિત્રો (૩) સહૃદય નાતીલાઓ (૪) ઉત્તમ ગોત્ર (૫) ઉત્તમ વર્ણ (૬) આરોગ્ય (૭) તીક્ષ્ણ બુદ્ધિ (૮) ખાનદાનપણું (૯) યશ અને (૧૦) પરાક્રમ.

પૂર્વજન્મના સંસ્કારોને કારણે પ્રથમથી જ વિશુદ્ધ આચરણવાળા તેઓ, અસામાન્ય માનુષિક વિભૂતિઓ ભોગવતા છતાં તેમાં અનાસક્ત રહી, શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરે છે; તથા જ્ઞાનીઓએ વર્ણવેલો સંયમપ્રધાન મોક્ષમાર્ગ સ્વીકારી, તપથી કર્માંશોનો નાશ કરી, શાશ્વત સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

(ઉત્તરાધ્યયન ૩)

□ □ □

# ૨

# અપ્રમાદ

## ૧

મનુષ્યનું જીવિત, દિવસ જતાં પીળું થઈ ખરી જતા ઝાડના પાન જેવું, અને દાભની અણી ઉપર લટકી રહેલા ઝાકળના ટીપા જેવું, ક્ષણિક તથા થોડો કાળ રહેનારું છે. વળી તે અનેક વિઘ્નોથી ઘેરાયેલું છે. માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર, અને પૂર્વે એકઠાં કરેલાં કર્મોને ખંખેરી નાખ.

કર્મનાં ફળ ટાળવાં બહુ મુશ્કેલ છે, અને લાંબે કાળે પણ મનુષ્યજન્મ પ્રાણીને મળવો અઘરો છે. કારણ કે, જીવ એક વાર પૃથ્વી-પાણી-તેજ અને વાયુ- શરીરવાળા એકેંદ્રિય જીવોની યોનિમાં પેઠો, તો પછી 'અસંખ્યેય' વર્ષો સુધી તેમાંથી નીકળી શકતો નથી તે જ પ્રમાણે વનસ્પતિશરીરમાંથી 'અનંત' વર્ષો સુધી નીકળી શકતો નથી. અને નીકળીને પણ શુભ યોનિને પામતો નથી. બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયવાળાં શરીરમાંથી સંખ્યાબંધ વર્ષો સુધી નીકળી શકતો નથી. પાંચ ઇંદ્રિયોવાળાં શરીરમાંથી સાત કે આઠ જન્મ સુધી નીકળી શકતો નથી અને દેવગતિ કે નરકગતિમાંથી આખો એક ભવ પૂરો કર્યા વિના નીકળી શકતો નથી. માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર, પ્રમાદી જીવ પોતાનાં શુભાશુભ કર્મો વડે ભટક્યા જ કરે છે.

મનુષ્યત્વ પામીને પણ આર્યત્વ પામવું વળી મુશ્કેલ છે. આર્યપણું પામીને પણ પાંચે ઇંદ્રિયો પૂરેપૂરી પામવી મુશ્કેલ છે; પાંચે ઇંદ્રિયવાળા હોઈને પણ ઉત્તમ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થવું મુશ્કેલ છે; ઉત્તમ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થવા છતાં તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી

દુર્લભ છે; અને ઉત્તમ ધર્મમાં શ્રદ્ધા પ્રાપ્ત થવા છતાં તે પ્રમાણે શરીરથી તેનું આચરણ કરવું મુશ્કેલ છે. માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર.

તારું શરીર દિવસે દિવસે જીર્ણ થતું જાય છે; તારા કેશ ધોળા થતા જાય છે, તારું કાન-આંખ-નાક-જીભ અને ત્વચા વગેરે ઇંદ્રિયોનું તેમ જ બીજું પણ સર્વ પ્રકારનું બળ ઘટતું જાય છે; અને તને બેચેની, ગડગૂમડ, તથા વિષૂચિકા વગેરે રોગો થવા લાગ્યા છે. આમ તારું શરીર ક્ષીણ તથા નષ્ટ થતું જાય છે. માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર.

આ સમયે કોઈ જિન નજરે પડતો નથી; પરંતુ તેમણે ઉપદેશેલો અને ઘણાઓએ આચરેલો માર્ગ તો છે જ. માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર. કાંટાવાળો વિષમ માર્ગ છોડીને, તું તેમણે બતાવેલા સાફ ધોરી માર્ગને અનુસર. નબળો ભારવાહક વિષમ માર્ગે ચડીને પછી જેમ પસ્તાય, તેમ ન કર.

(ઉત્તરાધ્યયન. ૧૦)

૨

એક વાર તૂટ્યા પછી જીવનદોરી ફરી સાંધી શકાતી નથી. માટે જ્યાં સુધી આયુષ્ય છે, ત્યાં સુધી પ્રમાદનો ત્યાગ કરી, કલ્યાણના માર્ગને અનુસરો. પ્રમાદ, હિંસા અને અસંયમમાં જુવાની વિતાવ્યા પછી, ઘડપણ આવીને ઊભું રહેશે તે વખતે કશું થઈ શકશે નહીં; પણ અસહાય થઈ, કરેલાં કર્મોનું ફળ ભોગવવા જવું પડશે. કારણ, કરેલાં કર્મો ભોગવ્યા વિના કોઈનો છૂટકો થતો નથી.

આયુષ્ય દરમ્યાન મૂર્ખ મનુષ્ય અનેક પાપો કરી, તથા અનેક વેર બાંધી ધન ભેગું કર્યા કરે છે. પરંતુ મૃત્યુ બાદ જ્યારે પોતાને પોતાનાં કર્મફળ ભોગવવા જવું પડે છે, ત્યારે તે ધન તેની સાથે

આવતું નથી, તેમ જ તેનું રક્ષણ કરતું નથી. ધન આ લોકમાં જ કર્મફળમાંથી બચાવી શકતું નથી, તો પછી પરલોકની તો વાત જ શી ?

જે સગાંવહાલાંમાં મૂઢ બની મનુષ્ય પાપકર્મો કરે છે, તેઓ પણ કર્મનાં ફળ ભોગવતી વખતે બંધુપણું દાખવવા આવતાં નથી. આમ હોવા છતાં અનંત મોહથી મૂઢ બનેલાં મનુષ્યો, દીવો ઓલવાઈ ગયો હોય અને માર્ગ દેખી ન શકાય તેમ, ન્યાયયુક્ત માર્ગ દેખવા છતાં દેખી શકતાં નથી, એ કેવું આશ્ચર્ય છે !

પરિણામે, દીવાલમાં પોતે જ પાડેલા બાકામાં પેસતાં દબાઈ જઈ હણાતા ચોરની જેમ, તે મૂઢ લોકો આ લોક અને પરલોકમાં પોતાનાં જ કરેલાં કર્મોથી હણાય છે. એવાં ગાઢ મોહનિદ્રામાં પડેલાં મનુષ્યોની વચ્ચે વિવેકી મુમુક્ષુએ જાગ્રત રહેવું તથા કશાનો વિશ્વાસ ન કરવો. કારણ કે, કાળ નિર્દય છે અને શરીર અબળ છે. માટે ભારંડ પક્ષી(બે મુખ અને ત્રણ પગવાળું એક પંખી. તે સહેજ પણ ગફલત કરે તો ગબડી પડી નાશ પામે.)ની પેઠે તેણે સદા અપ્રમત્ત રહેવું. સંસારમાં જે કાંઈ છે,તેને પાશરૂપ સમજી, મુમુક્ષુએ સાવચેતીથી પગલાં માંડવાં; તથા શરીર સબળ છે, ત્યાં સુધી તેનો ઉપયોગ સંયમધર્મ સાધવામાં કરી લેવો. પછી જ્યારે તે છેક અશક્ત થઈ જાય, ત્યારે માટીના ઢેફાની પેઠે તેનો ત્યાગ કરવો.

આળસુ શાશ્વતવાદી (આત્મા એ કાયમ રહેનારી તથા કશાથી લેપ ન પામનારી વસ્તુ છે — એવું માનનાર.) કલ્પના કર્યા કરે છે કે, ‘પહેલાં ન સધાયું તો પછી સધાશે’. પણ એમ કરતાં કરતાં કામભોગોમાં જ જીવન પૂરું થઈ જવા આવે છે અને આયુષ્ય ક્ષીણ થતાં શરીર તૂટવા માંડે છે. તે વખતે કશું કરી શકાય તેમ રહેતું નથી અને એ મૂઢ મનુષ્યને પસ્તાવા વારો આવે છે.

વિવેક જલદી પ્રાપ્ત કરી શકાતો નથી; અને વારંવાર લોભાવતા

ભોગો, ભોગવનારમાં મંદતા આણી વધારે પ્રબળ બનતા જાય છે. માટે પ્રયત્નપૂર્વક કામભોગોમાંથી મનને રોકી, તેમનો ત્યાગ કરી, અપ્રમત્તપણે આત્માનું રક્ષણ કરતા વિચરવું. કેળવાયેલો અને બખ્તરવાળો ઘોડો જેમ રણસંગ્રામમાંથી સહીસલામત પાછો આવી શકે છે, તેમ પ્રથમ અવસ્થામાં અપ્રમત્તપણે કામભોગોમાંથી પોતાનું રક્ષણ કરનારો મનુષ્ય સહીસલામતીથી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. અલબત્ત, મોહગુણ સામે સતત ઝૂઝી વારંવાર વિજય પ્રાપ્ત કરનારને અનેક પ્રતિકૂળ સ્પર્શ સહન કરવા પડે છે; પણ તેથી ખિન્ન થયા વિના, તે પોતાના પ્રયત્નમાં અચલ રહે.

સંસ્કારહીન, તુચ્છ, તથા રાગ અને દ્વેષથી પરવશ એવા અન્ય લોકોનાં અધર્માચરણથી ડામાડોળ થઈ જવાને બદલે, તેમની વિપરીતતાને સમજતાં મુમુક્ષુએ કામ- ક્રોધ- લોભ- માયા અને અહંકારનો ત્યાગ કરી, શરીર પડતા સુધી ગુણની ઇચ્છા કરતા વિચરવું, એમ હું કહું છું.

(ઉત્તરાધ્યયન. ૪)

૩

મનુષ્યજન્મ મળવો દુર્લભ છે, અને એક વાર ગયેલી પળ પાછી ફરતી નથી. મૃત્યુ તો બાલ્ય- યૌવન કે જરા એ ત્રણમાંથી કોઈ પણ અવસ્થામાં ગમે ત્યારે આવીને ઊભું રહે છે.

મનુષ્યો જીવન દરમ્યાન કામભોગોમાં તેમજ સ્ત્રીપુત્રાદિના સ્નેહમાં અટવાઈ રહે છે. તથા પોતાને તેમજ પોતાનાં સંબંધીઓને માટે અનેક સારાંનરસાં કર્મો કર્યાં કરે છે. પરંતુ દેવ-ગાંધર્વ સર્વને આયુષ્ય પૂરું થયે, ન ગમતું હોવા છતાં, પોતાના પ્રિય સંજોગો અને સંબધો છોડીને અવશ્ય જવું પડે છે; તથા પોતપોતાનાં કર્મનાં ફળ જાતે એકલા ભોગવવાં પડે છે. તે વખતે રાજવૈભવ, ધનસંપત્તિ,

શાસ્ત્રજ્ઞાન, ધર્મજ્ઞાન, બ્રાહ્મણપણું કે ભિક્ષુપણું કોઈને પોતાનાં પાપકર્મનાં ફળમાંથી બચાવી શકતાં નથી. માટે, વખત છે ત્યાં સુધી, એ ક્ષુદ્ર તથા દુઃખરૂપ કામભોગોમાંથી નિવૃત્ત થઈ, સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો; જેથી, કર્મો તેમજ કર્મોના હેતુઓનો નાશ કરી, તમે આ દુઃખચક્રમાંથી મુક્ત થઈ શકો.

આ અંતવાન જીવિત દરમ્યાન, મૂઢ મનુષ્યો જ જગતના કામભોગોમાં મૂર્છિત રહે. સમજુ પુરુષે તો ઝટપટ તેમાંથી વિરત થઈ, પરાક્રમ અને પુરુષાર્થપૂર્વક નિર્વાણપ્રાપ્તિનો માર્ગ હાથ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ

(સૂત્રકૃતાંગ ૧-૨)

□□□

# ૩

# વિવેક-વૈરાગ્ય

૧

જિનેશ્વરે પ્રબોધેલો જિનોનો સીધો યથાર્થ માર્ગ હું તમને કહી સંભળાવું છું. તે ધર્મ જાણવાનો અને આચરવાનો અધિકાર કોનો છે, તે હું પ્રથમ તમને કહું. જે પુરુષ પોતામાં વિવેક પ્રગટવાથી જગતના પદાર્થો અને ભાવો પ્રત્યે વૈરાગ્યયુક્ત બન્યો છે, તથા જે મનુષ્ય આસક્તિપૂર્વક કરાતી વિવિધ પ્રવૃત્તિઓમાંથી બંધાતું વેર તથા પુષ્ટ થતા કર્મો અને તેમનું દુઃખરૂપી ફળ જાણે છે, તે આ માર્ગનો અધિકારી છે. તે જાણે છે કે, માણસ જે જે પદાર્થો માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, તે બધા પદાર્થો મૃત્યુ બાદ સગાંસંબંધીઓના જ હાથમાં જાય છે અને તેને પોતાને તો પોતાનાં કર્મોનું ફળ જ ભોગવવાનું રહે છે. તે વખતે જેમને માટે તે બધી પ્રવૃત્તિઓ કરી હતી, તે બધાં – માત-પિતા, ભાઈ, પત્ની, પુત્રો તથા પુત્રવધૂ– રક્ષણ કરવા આવતાં નથી. આવો વિચાર કરીને, તે મમતા તથા હુંપણું તજી દઈ, જિન ભગવાને કહેલા પરમમાર્ગનું શરણ સ્વીકારે છે. મનુષ્યના વિવેક અને વૈરાગ્યની સાચી પરીક્ષા એ છે કે, પ્રાપ્ત થયેલા કામભોગો પ્રત્યે પણ આકર્ષણ ન થાય.

(સૂત્રકૃતાંગસૂત્ર૰ ૧, ૯)

૨

જગતમાં કેટલાક વિચક્ષણ પુરુષો એવા હોય છે કે જેઓ વિવેકવિચારથી જગતના પદાર્થો અને ભોગોનું સ્વરૂપ સમજી લે છે. તેઓ જુએ છે કે, લોકો ખેતર-ઘર-ધન-સંપત્તિ-મણિ-માણેક વગેરે પદાર્થો તથા શબ્દ-સ્પર્શ-રૂપ-રસ અને ગંધ વગેરે વિષયોને

અને કામભોગોને પોતાના માને છે, અને પોતાને તેમના માને છે. પરંતુ ખરું જોતાં તે પદાર્થોને પોતાના કહી શકાય નહિ. કારણ કે, જ્યારે રોગ, શોક વગેરે પોતે નહિ ઇચ્છેલા, પોતાને નહિ ગમતા, તથા દુઃખપૂર્ણ પ્રસંગો આવે ત્યારે કોઈ પોતાના કામભોગોને કહેવા જાય કે, 'હે કામભોગો ! આ દુઃખપૂર્ણ વ્યાધિ વગેરે તમે લઈ લો, કારણ કે હું ઘણો દુઃખી થાઉં છું'. તો જગતના તમામ કામભોગો તેનું તે દુઃખ કે વ્યાધિ લઈ શકવાના નથી. વળી કોઈ વખત માણસને પોતાને જ તેમને છોડીને ચાલ્યા જવું પડે છે, તો કોઈ વેળા તે કામભોગો જ તેને છોડીને ચાલ્યા જાય છે. માટે વાસ્તવિક રીતે તે પ્રિયમાં પ્રિય લાગતા કામભોગો પણ આપણા નથી. અને આપણે તેમના નથી. તો પછી તેમનામાં શા માટે આટલી બધી મમતા રાખવી ? આમ વિચારી, તેઓ તેમનો ત્યાગ કરે છે.

વળી ઉપરના પદાર્થો તો બહિરંગ છે; પણ નીચેની વસ્તુઓ તો તેથી પણ વધુ નિકટની ગણાય છે. જેમકે, માતા, પિતા, સ્ત્રી, બહેન, પુત્રો પુત્રીઓ, પૌત્રી, પુત્રવધૂઓ, મિત્રો, કુટુંબીઓ, અને ઓળખીતાઓ. માણસ એમ માને છે કે, તે બધાં પોતાનાં સંબંધીઓ છે અને પોતે પણ તેમનો છે. પરંતુ, જ્યારે રોગ-વ્યાધિ વગેરે દુઃખ આવી પડે છે, ત્યારે બીજાનું દુઃખ બીજો લઈ શકતો નથી, અને બીજાનું કરેલું બીજો ભોગવી શકતો નથી. માણસ એકલો જ મરે છે; અને એકલો જ બીજી યોનિઓમાં જાય છે. દરેકના રાગદ્વેષ તથા દરેકનું જ્ઞાન-ચિંતન અને વેદના સ્વતંત્ર હોય છે. વળી કોઈ વખત માણસને જ તેમને છોડી ચાલ્યા જવું પડે છે, તો કોઈ વખત તે સંબંધીઓ જ તેને છોડી ચાલ્યાં જાય છે. માટે વાસ્તવિક રીતે, તે નિકટ ગણાતાં સંબંધીઓ પણ આપણાથી ભિન્ન છે અને આપણે તેમનાથી ભિન્ન છીએ. તો પછી તેમની અંદર શા માટે મમતા રાખવી ? આમ વિચારી, તેઓ તેમનો ત્યાગ કરે છે.

વળી નીચેની વસ્તુઓ સગાંસંબંધીઓથી પણ વધુ નિકટની ગણાય છે. જેમકે, 'મારા પગ, મારા હાથ, મારી સાથળ, મારું પેટ, મારું શીલ, મારું બળ, મારો વર્ણ, મારી કાંતિ વગેરે'. મનુષ્યો તે બધાંને પોતાનાં જ ગણી તેમના પ્રત્યે મમતા કરે છે. પરંતુ ઉમર જતાં તે બધાં, આપણને ન ગમતું હોવા છતાં, જીર્ણ થઈ જાય છે; મજબૂત સાંધાઓ ઢીલા પડી જાય છે; કેશ ધોળા થઈ જાય છે; અને ગમે તેટલા સુંદર વર્ણવાળું તથા વિવિધ આહારાદિથી પોષેલું શરીર પણ વખત જતાં છોડી દેવા જેવું ઘૃણાજનક થઈ જાય છે.

આવું જોઈ, તે વિચક્ષણ પુરુષો તે બધા પદાર્થોની આસક્તિ છોડી, ભિક્ષાચર્યા ગ્રહણ કરે છે. કેટલાક પોતાનાં સગાંસંબંધી તેમજ માલમિલકત છોડીને ભિક્ષાચર્યા ગ્રહણ કરે છે, તો બીજા કેટલાક જેમને પોતાનાં સગાંસંબંધી કે મિલકત નથી હોતાં, તેઓ તેમની આકાંક્ષા છોડીને ભિક્ષાચર્યા ગ્રહણ કરે છે.

(સૂત્રકૃતાંગ૦ ૨-૧)

૩

કામગુણો જ સંસારના ફેરા છે. સંસારના ફેરા છે તે કામગુણોનું જ બીજું નામ છે (પા. ૧૦) (અહી દર્શાવેલા પાન નંબર પૂંજાલાલ ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થયેલ આચારાંગ-સૂત્રની પહેલી આવૃત્તિના છાયાનુવાદના જાણવા કામગુણો છે, તે જ સંસારનાં મૂળસ્થાનો છે; અને સંસારનાં જે મૂળસ્થાનો છે, તે જ કામગુણો છે. (પા. ૧૩)

માણસ બધે ઠેકાણે અનેક પ્રકારનાં રૂપો જોતો. અને શબ્દો સાંભળતો, તે રૂપોમાં અને શબ્દોમાં મૂર્છિત થાય છે (પા. ૧૦) કામગુણોમાં આસક્ત માણસ પ્રમાદથી માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની-પુત્ર, વહુ-દીકરી, મિત્ર-સ્વજન તેમજ બીજી ભોગસામગ્રી

તથા અન્નવસ્ત્ર વગેરેમાં મમતાપૂર્વક તપ્યા કરે છે. તે બધા વિષયોના સંયોગનો અર્થી તથા તેમાં જ લીન થયેલા ચિત્તવાળો તે માણસ રાતદિવસ પરિતાપ પામતો કાળ-અકાળનો વિચાર કર્યા વિના સખત પરિશ્રમ ઉઠાવતો, વગર વિચાર્યે અનેક પ્રકારનાં કાળાં કર્મ કરે છે; તથા અનેક જીવોના વધ, ભેદ, તથા ચોરી, લૂંટ, ત્રાસ વગેરે પાપકર્મો કરવા તત્પર થાય છે; એટલું તો શું, કોઈએ ન કરેલું એવું કરવાનો પણ ઇરાદો રાખે છે. (પા. ૧૩)

માણસનું જીવિત અલ્પ છે, કામો પૂર્ણ થવા અશક્ય છે અને જીવિત વધારી શકાતું નથી. કામકામી મનુષ્ય શોક કર્યા જ કરે છે તથા ઝૂર્યા કરે છે. મર્યાદાઓનો લોપ કરતો જતો તે કામી, પોતાની કામાશક્તિ અને રાગને કારણે પીડાય છે, અને પરિતાપ પામે છે. (પા. ૧૭)

જગતના લોકોની કામનાઓનો પાર નથી. તેઓ ચાળણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે. (પા. ૨૫). જ્યારે આયુષ્ય મૃત્યુથી ઘેરાવા માંડે છે, ત્યારે શ્રોત્ર, ચક્ષુ વગેરે ઇંદ્રિયોના બળની હાનિ થવા લાગતાં માણસ મૂઢ બની જાય છે. વૃદ્ધાવસ્થામાં હાસ્ય, ક્રીડા, રતિ કે શૃંગાર રહેતાં નથી. (પા. ૧૫)

જે ઉપભોગસામગ્રી તેણે સગાંસંબંધીઓ સાથે ભોગવવા માટે મહાપ્રયત્ને તથા ગમે તેવાં કુકર્મો કરીને એકઠી કરેલી હોય છે, તે ભોગવવાનો અવસર આવતાં કાં તો પોતે રોગથી ઘેરાઈ જાય છે, કે તે સગાંસંબંધીઓ જ તેને છોડીને ચાલ્યાં જાય છે, કે, પોતે તેઓને છોડીને ચાલ્યો જાય છે. (પા. ૧૫-૧૬)

અથવા કોઈ વાર તે ભેગી થયેલી સંપતિ દાયાદો વહેંચી લે છે, ચોર ચોરી જાય છે, રાજા લૂંટી લે છે, અથવા તે પોતે જ નાશ પામે છે, કે અગ્નિથી બળી જાય છે. આમ સુખની આશાથી ભેગી કરેલી ભોગસામગ્રી દુઃખનું જ કારણ થઈ પડે છે. (પા. ૧૬)

જરા વિચાર તો કરો ! જગતમાં બધાને જ સુખ પસંદ છે, અને બધા સુખની જ પાછળ દોડતા હોય છે. છતાં જગતમાં સર્વત્ર અંધપણું, બહેરાપણું, મૂંગાપણું, કાણાપણું, કોંટિયાપણું, કુબ્જપણું, ખૂંધિયાપણું, કાળાપણું, કોઢિયાપણું, વગેરે દુઃખો જોવામાં જ આવે છે. એ બધાં દુઃખો વિષયસુખની પાછળ પડેલા મનુષ્યોને પોતાના આસક્તિરૂપી પ્રમાદને કારણે જ પ્રાપ્ત થયાં હોય છે. એ વિચારી, બુદ્ધિમાન મનુષ્ય સાવધાન થાય. અજ્ઞાની મનુષ્ય જ વિષયસુખોની પાછળ પડી, અનેક પ્રકારની યોનિઓમાં જન્મમરણના ફેરા ફરતો હણાયા કરે છે. (પા. ૧૬)

૪

કામોને રોગરૂપ સમજી, જેઓ સ્ત્રીઓથી અભિભૂત નથી થતા, તેમની ગણના મુક્ત પુરુષો સાથે થાય છે. જેઓ કામભોગને જીતી શકે છે, તેઓ જ તેમનાથી પર વસ્તુને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ કોઈ વીરલા મનુષ્યો જ તેમ કરી શકે છે. બીજાં મનુષ્યો તો કામભોગોમાં આસક્ત અને મૂઢ બની જાય છે. એટલું જ નહીં, ઊલટાં તેમાં બહાદુરી માને છે. તેઓ માત્ર વર્તમાનકાળ જ દેખી શકે છે અને કહે છે કે, પરલોક કોણ જોઈ આવ્યું છે ? તેવાં મનુષ્યોને ગમે તેટલું સમજાવો પણ તેઓ પોતાનાં વિષયસુખો છોડી શકતાં જ નથી. નબળા બળદને ગમે તેટલો મારો-ઝૂડો, પણ તે આગળ ચાલવાને બદલે ઊલટો ગળિયો થઈને બેસી પડે છે. તેના જેવી દશા વિષયરસ ચાખેલા મનુષ્યની છે. વિષયોમાં લેશમાત્ર સુખ નથી, તથા તે ક્ષણભંગુર છે, એમ જાણવા છતાં, તથા આયુષ્ય પણ તેવું જ હોવા છતાં, તેઓ છેવટ સુધી તેમને વળગી રહે છે. અને અંતે તે ભોગોને કારણ કરેલાં હિંસાદિ અનેક પાપકર્મોનાં ફળ ભોગવવા તેમને આસુરી હીન ગતિને પામવું પડે છે. તે વખતે તેઓ પસ્તાય છે; અને વિલાપ કરે છે. આવાં મનુષ્યો દયા ખાવા જેવાં છે. કારણ તેઓ જ્ઞાનીઓએ ઉપદેશેલા મોક્ષમાર્ગને

જાણતાં નથી; તેમ જ સંસારનું સત્ય સ્વરૂપ પ્રત્યક્ષ કરી, જેણે તેમાંથી છૂટવાનો માર્ગ બતાવ્યો છે, તેવા મુનિના વચન ઉપર પણ તેમને શ્રદ્ધા નથી. અનંત વાસનાઓથી ઘેરાયેલાં તે અંધ મનુષ્યો પોતાની અથવા પોતાના જેવી બીજાની અંધતાને જ જીવનભર અનુસર્યા કરી, ફરી ફરી મોહ પામ્યા કરે છે,અને સંસારચક્રમાં ભટક્યા કરે છે.

મૂર્ખ મનુષ્ય સાંસારિક પદાર્થો અને સંબંધીઓને પોતાનું શરણ માની, તેમાં બંધાઈ રહે છે. તે જાણતો નથી કે, અંતે તો તે બધાંને છોડી, એકલા જ જવાનું છે, તથા પોતાનાં કર્મોનાં વિષમ પરિણામો ભોગવતાં, દુઃખથી પીડાઈ હંમેશાં આ યોનિચક્રમાં ભટકવું પડવાનું છે. પોતાનાં કર્મો ભોગવ્યા વિના કોઈનો છૂટકો જ નથી અને દરેકને તેનાં કર્મો અનુસાર જ દશા પ્રાપ્ત થાય છે. માટે જાગૃત થાઓ ! વર્તમાનકાળ એ જ એકમાત્ર તક છે અને બોધ પ્રાપ્તિ સુલભ નથી. માટે આત્મકલ્યાણ સારુ તીવ્રતાથી કમર કસો.

(સૂત્રકૃતાંગ૦ ૧-૨)

## ૫

દેવો સહિત સમગ્ર લોકોના દુઃખનું મૂળ કામભોગોની કામના છે. જે માણસ તે બાબતમાં વીતરાગ થઈ શકે છે, તે શારીરિક કે માનસિક તમામ દુઃખોમાંથી છૂટી શકે છે. શરૂઆતમાં મનોહર લાગતા કામભોગો અંતે તો રસ અને વર્ણમાં મનોહર લાગતાં કિંપાકફલોની જેમ તે માણસનો નાશ જ કરે છે. માટે ઇંદ્રિયોને પ્રિય લાગતા કે અપ્રિય લાગતા વિષયોમાં રાગદ્વેષ ન કરવા.

ઇંદ્રિયોનો સ્વભાવ છે કે, સામે આવેલા વિષયને ગ્રહણ કરવો; અને વિષયોનો સ્વભાવ છે કે ઇંદ્રિયો વડે ગ્રાહ્ય થવું. તેમાં પોતાના રાગદ્વેષ ઉમેરી જીવ પ્રિય-અપ્રિયનો ભેદ ઊભો કરે છે અને દુઃખી થાય છે. જુદા જુદા વિષયોમાં તીવ્ર આસક્તિ

રાખનારાં પ્રાણીઓ કેવા અકાળ વિનાશ પામે છે, તે જુઓ. દીવાના રૂપમાં ખેંચાઈ, પતંગિયું સળગી મરે છે; પારધીના મધુર સંગીતમાં લોભાઈ, હરણ વીંધાઈ જાય છે; જડીબુટ્ટીની પ્રિય ગંધમાં લોભાઈ, સાપ દરમાંથી બહાર નીકળતાં પકડાઈ જાય છે; માછલું આંકડા ઉપર ભેરવેલા માંસના સ્વાદમાં લોભાઈ નાશ પામે છે; પાડો પાણીના શીતળ સ્પર્શથી લોભાઈ, મગરનો ભોગ બને છે; અને હાથી તીવ્ર કામાભિલાષાથી હાથણીવાળે માર્ગે જઈ, ખાડામાં પડે છે. આમ, ઈંદ્રિય અને મનના વિષયો રાગી મનુષ્યને દુઃખના હેતુ થઈ પડે છે; પરંતુ નીરાગીને જરા પણ દુઃખકર થતા નથી.

વળી, જે મનુષ્ય પોતાને મનોહર લાગતાં રૂપ વગેરેમાં આસક્ત થાય છે, તે બાકીનાં બધાં રૂપોનો દ્વેષ જ કરવાનો. અપ્રિય માનેલા વિષય ઉપર દ્વેષ કરનાર તે ક્ષણે જ દુઃખ પામેલો હોય છે ! વળી પોતાના પ્રદુષ્ટ ચિત્તથી તે એવાં કર્મ બાંધે છે, કે જે પરિણામે દુઃખરૂપ થઈ પડે છે. આમ જીવ દુર્દાન્તપણારૂપી દોષથી દુઃખી થાય છે; તેમાં વિષયો વગેરેનો કાંઈ અપરાધ નથી. કામભોગ પોતે કંઈ મનુષ્યોમાં રાગ, દ્વેષ કે સમતા ઉત્પન્ન કરતા નથી; પરંતુ તેમના પ્રત્યે રાગદ્વેષવાળો મનુષ્ય **જ** પોતે પોતાના મોહથી વિકૃતિ પામે છે.

વળી, વિષયોમાં આસક્તિ બીજાં અનેક મહાપાપોનું કારણ થઈ પડે છે; જેમના ફળરૂપે પાછાં અનેક દુઃખો ભોગવ્યા કરવાં પડે છે. જેમકે, પોતાને પ્રિય લાગતા વિષયમાં આસક્તિવાળો જીવ પોતાના સુખ ખાતર બીજા જીવોને પીડા કરવી પડે કે તેમનો નાશ કરવો પડે તો પણ પાછું નહીં જુએ. વળી, તે પોતાને ગમતા વિષયોનો પરિગ્રહ – સંગ્રહ કરવા તત્પર થશે. તેમાંય પ્રથમ તો તે વિષયો મેળવવામાં દુઃખી થવાનો; પછી તેમનો ઉપભોગ કરતાં દુઃખી થવાનો; અને અંતે તેમનો વ્યય અને વિયોગ થતાં દુઃખી

થવાનો. દુઃખની વાત તો એ છે કે, એ વિષયોના સંભોગકાળમાં પણ તેને અતૃપ્તિ જ રહે છે. એ અતૃપ્તિ પાછી તેને વધુ ને વધુ વિષયોનો સંગ્રહ કરવા પ્રેરે છે. આમ તે હંમેશ અસંતુષ્ટ જ રહે છે. એ અસંતોષને પરિણામે,લોભથી કલુષિત થયેલા ચિત્તવાળો તે જીવ, પછી બીજાના વિષયો ચોરી લેવા તત્પર થાય છે. હંમેશાં અતૃપ્ત રહેતા, તૃષ્ણાથી અભિભૂત થયેલા, અને બીજાના વિષયો ચોરવામાં તત્પર થયેલા તે મનુષ્યને પછી છળ અને જૂઠનો આશ્રય લેવો પડે છે. તેમ છતાં તેનાં દુઃખ તો વધતાં જ જાય છે. કારણ કે, જૂઠ, ચોરી વગેરે દરેક પાપકર્મમાં તેને પહેલાં, પછી, તેમજ કરતી વેળાએ દુઃખ જ રહે છે, અને અંતે પણ તેનું પરિણામ માઠું જ આવે છે. આમ તે મનુષ્ય હંમેશાં અસહાય અવસ્થામાં દુઃખ ભોગવ્યાં કરે છે.

તે ઉપરાંત કામગુણોમાં આસક્ત મનુષ્ય ક્રોધ- માન-માયા-લોભ- જુગુપ્સા-અરતિ-રતિ-હાસ્ય-ભય-શોક-સ્ત્રીની ઈચ્છા-પુરુષની ઈચ્છા, કે બંનેની ઈચ્છા વગેરે વિવિધ ભાવો યુક્ત બને છે; અને પરિણામે પરિતાપ, દુર્ગતિ વગેરે પામે છે.

ઈંદ્રિયોને વશીભૂત થયેલા મનુષ્યને મોહરૂપી મહાસાગરમાં ડૂબવા માટે અનેક પ્રયોજન ઊભાં થાય છે, કારણ કે, પોતાની આસક્તિથી ઊભાં થયેલાં દુઃખો દૂર કરવા તે બીજા બીજા અનેક ઉદ્યમો કર્યા કરે છે.

કામભોગોના જ વિચારમાં મન-વચન-કાયાથી મગ્ન રહેનારા તે મનુષ્યો પોતાની પાસે જે કાંઈ ધન હોય છે, તેમાં અત્યંત આસક્ત રહે છે, તથા બેપગાં, ચારપગાં કે ગમે તે પ્રાણીઓના વધ કે નિગ્રહથી પણ તેની વૃદ્ધિ ઇચ્છે છે.... સ્ત્રી અને ધનના કામી તથા દુઃખથી ડરતા એવા તે અજ્ઞાની જીવો પોતાના સુખ માટે શરીરબળ, જ્ઞાતિબળ, મિત્રબળ, દેવબળ,

રાજબળ વગેરે મેળવવા ગમે તેવાં કાર્યો કરે છે, અને તેમ કરતાં થતી અન્ય જીવોની હિંસાની જરાય પરવા કરતા નથી. (પા. ૧૪-૧૫)

કામિની અને કાંચનમાં મૂઢ એવા તે લોકોનો જીવિતમાં અત્યંત રાગ હોય છે. મણિ, કુંડળ, અને હિરણ્ય વગેરેમાં પ્રીતિવાળા તથા સ્ત્રીઓમાં અત્યંત આસક્તિવાળા તે લોકોને એમ જ દેખાય છે કે, અહીં કોઈ તપ નથી, દમ નથી કે નિયમ નથી. જીવન અને તેના ભોગોની કામનાવાળો તે મહામૂઢ મનુષ્ય ગમે તેમ બોલે છે, તથા હિતાહિતજ્ઞાનશૂન્ય બની જાય છે. (પા. ૧૪). એવો માણસ જિનોની આજ્ઞાને અનુસરી શકતો નથી; પરંતુ ફરીફરીને કામગુણોનો આસ્વાદ લેતો, હિંસાદિ વક્ર પ્રવૃત્તિઓ કરતો, પ્રમાદપૂર્વક ઘરમાં જ મૂર્છિત રહે છે. (પા. ૧૦-૧૧)

વિષયકષાયાદિમાં અતિ મૂઢ રહેતો માણસ સાચી શાંતિના મૂળરૂપ ધર્મને ઓળખી જ શકતો નથી. માટે વીર ભગવાને કહ્યું છે કે, એ મહામોહમાં બિલકુલ પ્રમાદ ન કરવો. (પા. ૧૭)

ભોગોથી કદી તૃષ્ણા શમી શકતી નથી. વળી તે ભોગો મહા ભયરૂપ છે તથા દુઃખના કારણરૂપ છે. માટે તેમની કામના છોડી દો તથા તેમને માટે કોઈને પીડા ન કરો. પોતાને અમર જેવો માનતો જે માણસ ભોગમાં મહાશ્રદ્ધા રાખે છે, તે દુઃખી થાય છે, માટે તૃષ્ણાનો ત્યાગ કરો. કામોનું સ્વરૂપ અને તેમનાં વિકટ પરિણામો ન સમજતો કામકામી અંતે રડે છે, અને પસ્તાય છે. (પા. ૧૭)

હે ધીર પુરુષ ! તું આશા અને સ્વચ્છંદનો ત્યાગ કર. તે બેનું શૂળ સ્વીકારીને જ તું રખડ્યા કરે છે. સાચી શાંતિના સ્વરૂપનો અને મરણનો વિચાર કરીને, તથા શરીરને નાશવંત જાણીને કુશળ પુરુષ કેમ કરીને પ્રમાદ કરે ? (પા. ૧૮)

જે મનુષ્યો ધ્રુવ વસ્તુ ઇચ્છે છે, તેઓ ક્ષણિક તથા દુઃખરૂપ ભોગજીવનને ઇચ્છતા નથી. જન્મ અને મરણનો વિચાર કરીને બુદ્ધિશાળી મનુષ્યે દૃઢ એવા સંયમમાં જ સ્થિર થવું. (પા. ૧૮)

કુશળ પુરુષો કામને નિર્મૂળ કરી, સર્વ સાંસારિક સંબંધો અને પ્રવૃત્તિઓથી છૂટા થઈ, પ્રવ્રજિત થાય છે. તેઓ કામોનું સ્વરૂપ સમજતા હોય છે તથા દેખતા હોય છે. તેઓ બધું બરાબર સમજી, કશાની આકાંક્ષા રાખતા નથી. (પા. ૧૮)

વિવેકી પુરુષ અરતિને વશ થતો નથી; તેમજ રતિને વશ થતો નથી. તે ક્યાંય રાગ નથી કરતો. પ્રિય અને અપ્રિય શબ્દો અને સ્પર્શો સહન કરતો તે વિવેકી, જીવિતની તૃષ્ણામાંથી નિર્વેદ પામે છે. (પા. ૧૯)

હે પુરુષ ! તું જ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ છોડી, તું જ તારા જ આત્માને નિગ્રહમાં રાખ તે રીતે તું દુઃખમાંથી મુક્ત થઈ શકીશ. (પા. ૨૯)

વીર પુરુષે વિષયસંગથી પ્રાપ્ત થતાં બંધનના સ્વરૂપને અને તેને પરિણામે પ્રાપ્ત થતા શોકને જાણીને સંયમી થવું, તથા મોટાં અને નાનાં બધી જાતનાં રૂપમાં વૈરાગ્ય ધારણ કરવો. હે બ્રાહ્મણ, જન્મ અને મરણને (તેનાં કારણો સહિત) સમજીને તું સંયમ સિવાય બીજી તરફ ન જા; હિંસા ન કર; કે ન કરાવ. તૃષ્ણામાંથી નિર્વેદ પામ; સ્ત્રીઓથી વિરક્ત થઈ, ઉચ્ચદર્શી થા; તથા પાપકર્મમાંથી વિરામ પામ. સંસારના આંટાફેરા સમજીને રાગ અને દ્વેષથી અસ્પૃષ્ટ રહેતો પુરુષ આ સંસારમાં કશાથી છેદાતો નથી, ભેદાતો નથી, બળાતો નથી કે હણાતો નથી. (પા. ૨૬)

જેઓ શિથિલ છે, ઢીલા છે, કામગુણના આસ્વાદમાં લોલુપ છે, વક્ર આચારવાળા છે, પ્રમત્ત છે, અને ઘરમાં જ રચ્યાપચ્યા

રહે છે, તેઓને એ મુનિપણું શક્ય નથી. (પા. ૪૩)

જે મનુષ્ય વીતરાગી છે, તે શોકરહિત છે. જેમ કમળની પાંખડી પાણીથી લેપાતી નથી, તેમ સંસારની મધ્યે રહેવા છતાં તે દુઃખપ્રવાહથી અલિપ્ત રહે છે. ગમે તેવા શબ્દાદિ વિષયો તેના મનને જરા પણ ભેદી શક્તા નથી.

પોતાના રાગ, દ્વેષ અને મોહરૂપી સંકલ્પોનું સ્વરૂપ વિચારવામાં ઉદ્યમવંત થયેલા તે મનુષ્યને ક્રમે ક્રમે સમતા પ્રાપ્ત થાય છે; પછી વિષયોના સંકલ્પો દૂર થતાં તેની કામગુણોની તૃષ્ણા પણ ચાલી જાય છે. આમ વીતરાગ થઈ, કૃતકૃત્ય થયેલા તે મનુષ્યનાં જ્ઞાન અને દર્શનને આવરણ કરનારાં તથા બીજાં અંતરાયક કર્મો ક્ષણવારમાં ક્ષય પામી જાય છે, અને તે બધું જાણનારો તથા જોનારો બને છે. મોહરહિત, અંતરાયરહિત, આસ્રવરહિત (નિષ્પાપ), ધ્યાન અને સમાધિયુક્ત તથા વિશુદ્ધ બનેલો તે પુરુષ આયુષ્યનો ક્ષય થતાં મોક્ષ પામે છે. સંસારી મનુષ્યોને બાધા કરતાં સર્વ દુઃખોમાંથી તે મુક્ત થાય છે. લાંબા કાળના રોગમાંથી છૂટેલો અને સર્વનો સ્તુતિપાત્ર બનેલો તે આત્મા સુખી તથા કૃતાર્થ થાય છે.

(ઉત્તરાધ્યયન ૩૨)

□□□

૪

# સદ્‌ગુરુશરણ

૧. વિવેક અને વૈરાગ્ય ઉત્પન્ન થયા પછી, અધિકારી મનુષ્ય ધનસંપત્તિ, પુત્રો, સગાસંબંધી, મમતા અને શોક તજી, તથા સંસારથી નિરપેક્ષ બની સંન્યાસી થાય; અને સુંદર પ્રજ્ઞાવાળા, સંપૂર્ણ તપસ્વી, પરાક્રમી, આત્મજ્ઞાનના વાંછુક, ધૃતિમાન તથા જિતેંદ્રિય એવા સદ્‌ગુરુનું શરણ શોધે. કારણ કે, જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત કરવા ગૃહસંસારનો ત્યાગ કરનારા ઉત્તમ સત્પુરુષો જ મુમુક્ષુ જનોનું પરમ શરણ છે. તેઓ સર્વ બંધનોથી મુક્ત હોઈ, જીવિતની તેમજ વિષયોની આકાંક્ષા વિનાના, તથા સર્વ પ્રકારની પાપી વૃત્તિઓથી રહિત હોય છે. એવા સદ્‌ગુરુનું શરણ સ્વીકારીને ધર્મમાર્ગમાં પુરુષાર્થ આદરવો.

(સૂત્રકૃતાંગ ૧-૯)

૨. મનુષ્યે પ્રથમ જ્ઞાની પુરુષોનું શરણ સ્વીકારીને, તેમની પાસેથી યોગ્ય માર્ગ જાણી, તેમણે બતાવેલા માર્ગે પ્રયત્નપૂર્વક તથા જાગ્રત બની આગળ વધવું. સામાન્ય માર્ગ ઉપર ચાલવામાં જ કેટલી આંટીઘૂંટી જાણવાની હોય છે ? તો પછી આ કર્મનાશના દુર્ગમ માર્ગે જતાં ગોથાં ન ખાઈ જવાય, તે માટે, પ્રથમ એ માર્ગના ભોમિયા પુરુષનું શરણ સ્વીકારવું જોઈએ.

(સૂત્રકૃતાંગ ૧-૨)

૩. બધી યોનિઓને બરાબર સમજનારા, ઉદ્યમવંત, હિંસાનો ત્યાગ કરનારા અને સમાધિયુક્ત એવા જ્ઞાનીપુરુષો અન્ય મનુષ્યોને મુક્તિનો માર્ગ બતાવે છે. કેટલાક વીર પુરુષો તેમની આજ્ઞાને અનુસરી, પરાક્રમ કર્યે જાય છે; જ્યારે જ્ઞાનીઓ પાસેથી

આત્માની સમજ ન પ્રાપ્ત કરનારા કેટલાય મનુષ્યો જગતમાં રિબાયા કરે છે.

(આચા૦ ૧-૨)

૪. જેઓ મનને દૂષિત કરનારા વિષયોમાં ડૂબેલા નથી, તેઓ જ સંતપુરુષોના માર્ગને અનુસરવા શક્તિમાન થાય છે. માટે તમે મનના મોહને દૂર કરી, માયા-લોભ-માન-ક્રોધ-પ્રમાદ કે શિથિલતાનો ત્યાગ કરી, તેમજ નકામી વાતચીત-પડપૂછ, વાતડહાપણ વગેરે નિરર્થક પ્રવૃત્તિઓમાં વખત ગુમાવાનું છોડી, પોતાના કલ્યાણમાં તત્પર થાઓ, ધર્માર્થ સાધવાની ઉત્કંઠાવાળા બનો, અને તપ વગેરે નિરર્થક પ્રવૃત્તિઓમાં વખત ગુમાવવાનું છોડી, પોતાના કલ્યાણમાં તત્પર થાઓ, ધર્માર્થ સાધવાની ઉત્કંઠાવાળા બનો, અને તપ વગેરેમાં પ્રબળ પુરુષાર્થ દાખવો. મન, વચન અને કાયા ઉપર જેણે કાબૂ મેળવ્યો નથી, તેને માટે આત્મકલ્યાણ સહેલું નથી.

(સૂત્રકૃતાંગ ૧-૨)

૫. લોકને કામરાગથી પીડિત સમજીને તથા પોતાના પૂર્વ સંબંધોનો ત્યાગ કરીને, ઉપશમયુક્ત અને બ્રહ્મચર્યમાં સ્થિત થયેલા ત્યાગી કે ગૃહસ્થે જ્ઞાની પાસેથી ધર્મને યથાર્થ જાણીને તે પ્રમાણે વર્તવું. ધર્મને સ્વીકારીને શરૂઆતથી જ સાવધાન રહેવું અને ક્યાંય આસક્ત ન થવું. દૃઢ એવા મહામુનિએ બધું મોહમય છે એમ સમજી, સંયમમાં જ રહેવું. બધી રીતે સંગોને વટાવીને, તથા મારું કોઈ નથી અને હું એકલો છું એમ વિચારીને, વિરત મુનિએ સંયમમાં યત્ન કરતા વિહરવું 'ધર્મ જ મારો છે, બીજું કોઈ મારું નથી' એ જાતનું જિનાજ્ઞા પ્રમાણેનું અચરણ મનુષ્યોમાં ઉત્કૃષ્ટવાદ કહેવાય છે. ઉત્તમ ધર્મનું સ્વરૂપ સમજીને દૃષ્ટિમાન પુરુષ પરિનિર્વાણ પામે છે.

(આચા૦ ૧-૨)

૬. ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને કે સ્વીકારીને સંઘરી ન રાખવો. પરંતુ, પ્રાપ્ત થયેલા, મનગમતા, સુંદર ભોગપદાર્થોમાં વૈરાગ્ય પામી, લોકપ્રવાહને અનુસરવાનું છોડી દેવું. મેં જોયું છે, અને સાંભળ્યું છે કે, સંસારમાં આસક્ત થઈ, વિષયોમાં ખૂંચનારા મનુષ્યો ફરી ફરીને જન્મ પામે છે. તેવા પ્રમાદીઓને જોઈને, બુદ્ધિમાન પુરુષે હંમેશા સાવધાન, અપ્રમત્ત, તથા પ્રયત્નશીલ રહી, પરાક્રમ કરવું જોઈએ, એમ હું કહું છું.

(આચારાંગ૦ ૧-૪)

૭. જિનની આજ્ઞાને અનુસરનારા, અને નિઃસ્પૃહી બુદ્ધિમાન પુરુષે, પોતાના આત્માનો બરાબર વિચાર કરીને, તેને પ્રાપ્ત કરવા માટે શરીરની મમતા છોડી દેવી જોઈએ. વિષયાસક્તિમાંથી ઉપશમ પામી, શરીરને બરાબર કસો. ફરી વાર જન્મ નહિ પામનાર વીર પુરુષોનો માર્ગ કઠણ છે. માંસ અને લોહીને સૂકવી નાખો !

(આચારાગં૦ ૧-૪)

□ □ □

## ૫

# મુમુક્ષુની તૈયારી

### ૧. વિનય

૧. મુમુક્ષુએ સૌથી પ્રથમ જ્ઞાની પુરુષનું શરણ સ્વીકારવું, અને હંમેશ તેમના સાન્નિધ્યમાં જ રહી, તેમણે બતાવેલો માર્ગ અનુસરવો. તેમ કરવાને બદલે જે મૂઢ 'હું બધું જાણું છું' એવા અભિમાનથી પોતાના છંદને જ અનુસરે છે, તે શીઘ્ર શીલભ્રષ્ટ થઈ, સર્વ તરફથી તિરસ્કારને પામે છે. માટે, પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે પોતાની જાતને જ્ઞાની પુરુષની આજ્ઞામાં જ સ્થાપવી. તેમ કરનારો મુમુક્ષુ ઝટ દોષરહિત થઈ ઉત્તમ શીલ અને કીર્તિ પ્રાપ્ત કરે છે.

૨. ગુરુ પાસે રહેનારા શિષ્યે તેમની આગળ પોતાનું ડહાપણ ડહોળવાને બદલે, ગુરુના વિચાર તથા તેમના શબ્દોનો ભાવ જાણવાની ઈચ્છા રાખવી. કારણ કે, આચાર્યોએ ધર્મથી મેળવેલા અને હંમેશ આચારેલા વ્યવહારને અનુસરનારો શિષ્ય નિંદાપાત્ર થતો નથી. ઘણા મૂર્ખ શિષ્યો, જ્ઞાનીનો સહવાસ મળ્યા છતાં ક્ષુદ્ર મનુષ્યો સાથે સંબંધ, હાસ્યક્રીડા, અને વાર્તાલાપ વગેરે નિરર્થક પ્રવૃત્તિઓમાં પોતાનો સમય કાઢી નાખે છે. પરંતુ, સમજુ શિષ્ય તો તેવી પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, પોતાના કલ્યાણમાં ઉપયોગી વસ્તુઓ સદ્ગુરુ પાસેથી શીખી લેવાની ચીવટ રાખવી.

૩. જ્ઞાની પુરુષોના સહવાસમાં રહ્યા છતાં, જો સાંસારિક ભાવોમાંથી અને ક્રિયાઓમાંથી વિરત થવામાં ન આવે, તો કશું ફળ નીપજતું નથી. સમજુ મનુષ્યે જ્ઞાનીઓ સહવાસ સ્વીકાર્યા બાદ અતિ હીન કર્મો, તથા અન્ય પાપપ્રવૃત્તિઓનો પ્રયત્નપૂર્વક ત્યાગ

કરવો. પાપી ભાવો જાગ્રત થાય તેવાં સ્થાનો કે પ્રસંગોથી તેણે દૂર જ રહેવું. તેમ છતાં પોતાનાથી કાંઈ દોષ થઈ જ જાય, તો તે ઝટ ગુરુ આગળ કબૂલ કરી દેવો. તેણે પોતાની જાતને (મન-વચન-કાયાને) સંપૂર્ણપણે જીતવી. પોતાની જાત જીતવી એ બહુ મુશ્કેલ વસ્તુ છે. પરંતુ તેમ કરી શકનારો જ આ લોક અને પરલોકમાં સુખી થાય છે. સમજુ પુરુષે એવી ભાવના કરવી કે, 'બીજા મને વધ-દમનાદિથી દમે, તેના કરતાં હું પોતે જ પોતાની જાતને સંયમ અને તપ દ્વારા દમું, એ વધારે સારું છે.'

૪. અણપલોટેલો ઘોડો જેમ વારંવાર ચાબુકની અપેક્ષા રાખ્યા કરે છે, તેમ તેણે દરેક બાબતમાં ગુરુની ટોકણીની અપેક્ષા ન રાખવી. પરંતુ, તેમના મનોગત ભાવને સમજી લઈ, તે પ્રમાણે આચરણ રાખવું. ઉત્તમ ઘોડો જેમ ચાબુક જોઈને જ માર્ગે ચાલ્યા કરે છે, તેમ તેણે પાપકર્મનો ત્યાગ કરતા રહેવું. ઉત્તમ શિષ્યને કદી પ્રેરણા કરવી પડતી નથી; અને કરવી પડે છે તો તે સહેલાઈથી તથા જલદી કરી શકાય છે. એક વાર તેને કહ્યું એટલે તે પ્રમાણે તે બધું હંમેશાં સારી રીતે કરે છે. કેળવાયેલા ઘોડાને ખેલાવવામાં જેમ સવારને આનંદ આવે છે, તેમ ગુરુને પણ તેવા ચતુર શિષ્યે દોરવામાં આનંદ આવે છે.

૫. શ્રદ્ધાવાન, વિનયશીલ, મેધાવી, અપ્રમત્ત, વૈરાગ્યવાન, સત્યવક્તા, સંયમી, તપસ્વી અને ગુરુની કૃપા તથા આજ્ઞાનો વાંછુક એવો મુમુક્ષુ શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા તથા બીજાઓને પણ દોરવા શક્તિમાન થાય છે. કારણ કે, પૂજ્ય, જ્ઞાની, પ્રસિદ્ધ અને કૃપાવંત આચાર્યો જેના ઉપર પ્રસન્ન થાય છે, તેને અર્થવાળી વિપુલ વિદ્યા આપે છે. લોકમાં તેની કીર્તિ થાય છે, અને પૃથ્વી જેમ સર્વ પ્રાણીઓનું રહેઠાણ છે. તેમ તે બધાં કર્તવ્યોનું રહેઠાણ બને છે. તેનું જ્ઞાન પૂજાય છે, તેના સંશયો ટળી જાય છે,

અને કર્તવ્યની સંપત્તિથી તે બધાને મનગમતો થાય છે. તપ, આચાર અને સમાધિથી સુરક્ષિત એવો તે મહા તેજસ્વી શિષ્ય પાંચ વ્રતો પાળવા શક્તિમાન થાય છે, અને મૃત્યુ બાદ કાં તો શાશ્વત સિદ્ધ થાય છે અથવા મહાદ્યુતિવાળો દેવ થાય છે.

(ઉત્તરાધ્યયન. ૧)

૬. જેણે શાસ્ત્રનો મર્મ જાણ્યો નથી, જે અહંકારી છે, લુબ્ધ છે, જે ઇંદ્રિયનિગ્રહી નથી તથા જે નિરંતર ગમે તેમ લપ લપ કર્યા કરે છે, તે (ઘણું ભણ્યો હોય તો પણ) વિનીત ન કહેવાય કે શાસ્ત્રજ્ઞ પણ ન કહેવાય.

૭. નીચેનાં પાંચ કારણથી સાચું શિક્ષણ પ્રાપ્ત થતું નથી : માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ.

૮. નીચેનાં આઠ કારણથી માણસ સુશિક્ષિત કહેવાય છે : તે સહનશીલ હોય છે; સતત ઇંદ્રિયનિગ્રહી હોય છે; તે બીજાનું મર્મ ભેદાઈ જાય તેવું બોલતો નથી; તે સુશીલ હોય છે; તે દુરાચારી નથી હોતો; તે રસલંપટ નથી હોતો; તે સત્યમાં રત હોય છે; તથા ક્રોધી નથી હોતો.

૯. નીચેના ચૌદ દોષોવાળો મુનિ અવિનીત કહેવાય છે, અને તે નિર્વાણ પામી શકતો નથી : તે વારંવાર ગુસ્સે થઈ જાય છે; તેનો ક્રોધ ઝટ શમતો નથી; કોઈ તેની સાથે મિત્રતાથી બોલવા જાય, તો પણ તે તેનો તિરસ્કાર કરે છે; શાસ્ત્ર ભણીને તે અભિમાન કરે છે; બીજાના દોષોનાં તે ખોતરણાં કરે છે; મિત્રો ઉપર પણ તે ગુસ્સે થઈ જાય છે; પોતાના પ્રિય મિત્રનું પણ પીઠ પાછળ ભૂંડું બોલે છે; કોઈ પણ બાબતમાં ઝટ સોગંદ ખાય છે; મિત્રનો પણ દ્રોહ કરે છે; અહંકારી હોય છે; લુબ્ધ હોય છે; ઇંદ્રિયનિગ્રહી નથી હોતો; એકલપેટો હોય છે; અને બધાને અપ્રીતિકર હોય છે.

૧૦. નીચેનાં પંદર કારણોથી બુદ્ધિમાન માણસ સુવિનીત કહેવાય છે : તે અનુદ્ધત હોય છે; ચાંપલો નથી હોતો; કપટી નથી હોતો; કુતૂહલી નથી હોતો; કોઈનો તિરસ્કાર નથી કરતો; તેનો ક્રોધ ઝટ ઊતરી જાય છે; મિત્રતાથી વર્તનાર પ્રત્યે તે સદ્ભાવ રાખે છે; શાસ્ત્ર ભણીને તે અભિમાન નથી કરતો; તે અહંકારી નથી હોતો; કોઈના દોષોનાં તે ખોતરણાં નથી કરતો; મિત્રો ઉપર તે ગુસ્સે નથી થતો; અપ્રિય મિત્રનું પણ પીઠ પાછળ ભલું જ બોલે છે; ટંટોફિસાદ નથી કરતો; જાતવાન હોય છે; તથા એકાગ્ર હોય છે.

૧૧. જે શિષ્ય હંમેશાં સદ્ગુરુની સોબતમાં રહે છે, યોગ્ય પ્રવૃત્તિવાળો હોય છે, તપસ્વી હોય છે, તથા પ્રિયકર અને પ્રિયવાદી હોય છે, તે શાસ્ત્રજ્ઞાનનો અધિકારી છે.

૧૨. જેમ શંખમાં રહેલું દૂધ બેવડું ઉજ્જવળ દેખાય છે, તેમ સાચા શાસ્ત્રજ્ઞ ભિક્ષુનાં ધર્મ, કીર્તિ અને શાસ્ત્રજ્ઞાન પણ બમણાં શોભે છે. સાચો શાસ્ત્રજ્ઞ ભિક્ષુ કંબોજ દેશના જાતવાન તથા કશાથી ન ભડકનાર અને વેગમાં બધાથી શ્રેષ્ઠ ઘોડા જેવો શ્રેષ્ઠ હોય છે; ઉત્તમ અશ્વ ઉપર સવાર થયેલા તથા જેની બંને બાજુ બાર પ્રકારનાં વાજિંત્રોનો સામટો ઘોષ થઈ રહ્યો છે, એવા શૂરવીર જેવો દૃઢ પરાક્રમી હોય છે હાથણીઓથી વીંટળાયેલા અને ૬૦ વર્ષની ઉંમરના ગજરાજ જેવો બળવાન તથા દુર્ધર્ષ હોય છે; અંધકારનો નાશ કરનારા ઊગતા સૂર્યની પેઠે તે તેજથી જ્વલંત હોય છે; નક્ષત્રોથી-વીંટળાયેલા, તારાઓના પતિ, પૂનમના ચંદ્ર જેવો તે પૂરિપૂર્ણ હોય છે, તથા સહિયારી મિલકત રાખનારા સામાજિકોના સુરક્ષિત તથા વિવિધ ધાન્યથી પરિપૂર્ણ કોઠાર જેવો તે સુરક્ષિત તથા વિવિધ ગુણોથી ભરેલો હોય છે. સમુદ્ર જેવા ગંભીર, મનથી પણ જીતવાને અશક્ય, નીડર, દુષ્પ્રધર્ષ, વિપુલ શાસ્ત્રજ્ઞાનથી પરિપૂર્ણ તથા સ્વ-પરનું દુર્ગતિમાંથી રક્ષણ કરનાર એવા

તે શાસ્ત્રજ્ઞ પુરુષો કર્મોનો ક્ષય કરી, ઉત્તમ ગતિને પામ્યા છે.
(ઉત્તરાધ્યયન. ૧૧)

૧૩. શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનારાએ કામભોગોની આસક્તિને ત્યાગીને, પ્રયત્નપૂર્વક બ્રહ્મચર્યનું સેવન કરવું તથા ગુરુની આજ્ઞાનું પાલન કરતા રહી, પ્રમાદરહિત બનીને ચારિત્રની શિક્ષા પ્રાપ્ત કરવી. સમાધિના મૂળ કારણરૂપ ગુરુના સહવાસની શિષ્યે હંમેશાં ઈચ્છા રાખવી. કારણ કે, ગુરુના સહવાસ વિના સંસારનો અંત લાવી શકાતો નથી. મુમુક્ષુ તથા બુદ્ધિશાળી શિષ્યે તે સહવાસની બહાર ન નીકળવું. કારણ કે, પાંખો બરાબર આવ્યા વિના માળાની બહાર ઊડવા પ્રયત્ન કરતાં પંખીનાં બચ્ચાંને જેમ ઢંક પક્ષીઓ ઉપાડી જાય છે, તેમ ધર્મની બાબતમાં દૃઢ ન થયેલા શિખાઉને અનેક હીનધર્મીઓ હરી જાય છે.

૧૪. પોતાને કઠોર શબ્દો કહેવામાં આવે તોપણ, શિષ્યે ગુરુ પ્રત્યે દ્વેષયુક્ત ન થવું. પરંતુ નિદ્રા કે પ્રમાદ સેવ્યા વિના, ગમે તેમ કરી, પોતાના સંશયો ટાળવા. નાનો-મોટો, તેની ઉપરની કોટીનો કે સમાન ઉંમરનો– જે કોઈ તેને શિખવાડતો હોય, તેને તેણે સ્થિરતાથી આદરપૂર્વક સાંભળવો. એટલું તો શું, પણ પોતે ભૂલ કરતો હોય ત્યારે ઘરનું હલકું કામ કરનારી પનિયારી દાસી કે સામાન્ય ગૃહસ્થ પણ તે સુધારે, તો ગુસ્સે થયા વિના તે કહે તે પ્રમાણે કરવું. કારણ કે, વનમાં માર્ગ ન જાણનારને, માર્ગ જાણનાર રસ્તો બતાવે, તો તેમાં તેનું જ શ્રેય છે, તેમ તેણે પણ સમજવું. ધર્મની બાબતમાં પરિપક્વ ન થયેલો શિખાઉ શરૂઆતમાં ધર્મને જાણી શકતો નથી. પરંતુ જિન ભગવાનના ઉપદેશથી સમજણ આવ્યા બાદ, સૂર્યોદય થયે જેમ આંખો વડે રસ્તો દેખી શકાય છે, તેમ તે ધર્મને જાણી શકે છે.

૧૫. ગુરુને યોગ્ય સમયે શિષ્યે પોતાની શંકાઓ પૂછવી,

તથા તે જે માર્ગ કહી બતાવે, તે કેવલી પુરુષોનો માર્ગ છે એમ જાણી હૃદયમાં સ્થાપવો. એ માર્ગમાં સારી રીતે સ્થિર થયેલા અને પોતાનું અને બીજાનું (પાપ તથા હિંસામાંથી) રક્ષણ કરનારા ગુરુઓ પાસે જ શંકાસંશયનું યોગ્ય સમાધાન મળી શકે છે. એવા ત્રિલોકદર્શી લોકો જ એવી રીતે ધર્મ કહી શકે છે કે, જેથી શિષ્ય ફરી ભૂલમાં પડતો નથી. તેવા ગુરુ પાસેથી પોતાનું ઇચ્છિત જ્ઞાન શીખનારો શિષ્ય જ પ્રતિભાવાન તથા કુશળ બને છે. તેવો શિષ્ય શુદ્ધ માર્ગ પામીને, મોક્ષની ઇચ્છાયુક્ત થઈ, સર્વ સ્થાવરજંગમ પ્રાણીઓ પ્રત્યે અપ્રમાદી તથા મનમાં પણ દ્વેષબુદ્ધિરહિત બને છે, તથા તપ અને મૌન આચરી મોક્ષ પામે છે.

(સૂત્રકૃતાંગ ૧-૧૪)

## ૨. સહનશીલતા

૧. એ સંયમીને શરીર પડતા સુધી રણસંગ્રામમાં મોખરે રહેનારા વીર પુરુષની ઉપમા અપાય છે. એવો જ મુનિ પારગામી થઈ શકે છે. કોઈ પણ પ્રકારના કષ્ટથી ન ડગતો અને વહેરાવા છતાં પાટિયાની જેમ સ્થિર રહેતો તે સંયમી, શરીર પડતા સુધી કાળની વાટ જોયા કરે, પણ દુઃખથી ગભરાઈ પાછો ન હઠે. ઘણા લાંબા કાળ સુધી સંયમધર્મનું પાલન કરીને વિચરતા, અને ઇંદ્રિયનિગ્રહી એવા પૂર્વના મહાપુરુષોએ જે જે સહન કરેલું છે, તે તરફ લક્ષ રાખવું.

૨. સાધુને આવી પડતાં દુઃખો (પરીષહો) બે પ્રકારનાં હોય છે : અનુકૂળ અને પ્રતિકૂળ. તેવા પ્રસંગોએ થતી સર્વ કુશંકાઓ ત્યાગીને સંયમી પુરુષ શાંત દૃષ્ટિવાળો રહે. સુગંધ હોય કે દુર્ગંધ, અથવા ભયંકર પ્રાણીઓ ક્લેશ આપતાં હોય તો પણ, વીર પુરુષોએ તે દુઃખો સારી રીતે સહન કરવાં જોઈએ, એમ હું કહું છું. મુનિને કોઈ ગાળ ભાંડે, કોઈ મારે, કોઈ તેના વાળ ખેંચે, અથવા

કોઈ નિંદા કરે તો પણ, તેણે એવા અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોને સમજીને સહન કરવા જોઈએ. ગૃહોમાં ગામોમાં, નગરોમાં, જનપદોમાં તેમજ તે બધાના આંતરાઓમાં વિચરતા સંયમી અને હિંસક માણસો તરફથી અથવા એમ ને એમ અનેક પ્રકારનાં દુઃખો ઊભાં થાય છે. તે દુઃખોને તે વીર પુરુષોએ સમભાવે સહવાં જોઈએ.

૩. કેટલાક નબળા મનના પુરુષો ધર્મ સ્વીકારીને પણ પાળી શકતા નથી. અસહ્ય કષ્ટોને સહન ન કરી શકવાથી તેઓ મુનિપણું છોડીને કામો તરફ મમતાથી પાછા ફરે છે. ફરી સંસારમાં પડેલા તે લોકોના ભોગો વિઘ્નોવાળા હોઈ, અધૂરા જ રહે છે. તેઓ તત્કાળ કે થોડા વખત બાદ મરણ પામે છે, અને પછી લાંબો વખત સંસારમાં રખડ્યા કરે છે.

(આચારાંગ૰ ૧-૨)

૪. સામાન્ય જીવનવ્યવહારમાં જેમ અનેક મુશ્કેલીઓ સહન કરવાની હોય છે, તેમ જેને આત્માનું હિત સાધવું છે, તેને એ માર્ગે જતાં કેટલીય મુશ્કેલીઓનો વીરતાપૂર્વક સામનો કરવાનો હોય છે. એ બધાથી ગભરાઈ ગયે કેમ ચાલે ? તેણે તો છાણાં થાપેલી દીવાલ જેમ છાણાં ઉખેડી નાખવાથી પાતળી થઈ જાય, તેમ પોતાનાં શરીર-મનનાં પડ વ્રત-સંયમાદિથી ઊખડી જવાથી તે બંનેને કૃશ થઈ જતાં જોવાનાં છે. તે બધું કંઈ સહેલું નથી. જે સાચો વૈરાગ્યવાન તથા તીવ્ર મુમુક્ષુ છે, સંત પુરુષોએ શાસ્ત્રમાં બતાવેલ માર્ગને જે અનુસરે છે, તથા જે કઠોર તપસ્વી છે, તે જ ધૂળથી છવાયેલી પંખિણીની જેમ પોતાનાં કર્મ ખંખેરી નાખી શકે છે; બીજું કોઈ નહીં

(સૂત્રકૃતાંગ ૧-૨)

૫. ઘણા લોક આવેશમાં આવી જઈ, પ્રથમથી કશી મુશ્કેલીઓનો વિચાર કર્યા વિના, ભિક્ષુજીવન સ્વીકારી બેસે છે. પછી જ્યારે એક પછી એક મુશ્કેલીઓ આવતી જાય છે, ત્યારે તેઓ હતાશ થઈ જાય છે, તથા ઢીલા થઈ બેસી પડે છે. ઘણા ભિક્ષુઓ હેમંતની ટાઢ કે ગ્રીષ્મનો તાપ દેખી ગભરાઈ જાય છે; જ્યારે કેટલાક ભિક્ષા માગવા જતાં ખિન્ન થઈ જાય છે. શેરીઓમાં કરડકણા કૂતરા તેમને જોઈ કરડવા દોડે છે, તથા ઘણા અસંસ્કારી લોકો તેમને ગમે તેવા શબ્દો સંભળાવી તેમનો તિરસ્કાર કરે છે. તેઓ કહે છે કે, 'કામ કરવું પડે એટલે સાધુ થયા !' વળી બીજાઓ તેમને 'નાગડા, ભિખારા, અધમ, મૂંડિયા, ખસિયલ, ગંદા કે અપશુકનિયા' કહીને ગાળો ભાંડે છે. તે વખતે નબળા મનનો ભિક્ષુ ઢીલો થઈ જાય છે. વળી જ્યારે ડાંસમચ્છર કરડે છે અને ઘાસની અણીઓ ખૂંચે છે, ત્યારે તેને પોતાના ભિક્ષુજીવનની સાર્થકતા વિષે જ શંકા આવે છે : 'કદાચ પરલોક જેવું કાંઈ જ ન હોય, અને મરણ એ જ બધાનો અંત હોય તો !' બીજા કેટલાક, વાળ ટૂંપાવવા પડતા હોવાથી ત્રાસી જાય છે; અથવા બ્રહ્મચર્ય પાળી ન શકાવાથી હારી જાય છે. વળી કોઈ વાર ભિક્ષુ ફરતાં ફરતાં સરહદના ભાગોમાં જઈ ચડે છે, તો ત્યાંના લોકો તેને જાસૂસ કે ચોર સમજી પકડે છે અને મારે છે. તે વખતે ગુસ્સામાં પતિને છોડી ચાલી નીકળેલી સ્ત્રીની પેઠે તે પોતાનું ઘર યાદ કરે છે ! આ બધાં વિઘ્નો અલબત્ત બહુ કઠોર છે તથા દુ:સહ છે, છતા તેમનાથી ગભરાઈ પાછા ભાગવાને બદલે, ધીરજથી તેમને સહન કરતાં શીખવું જોઈએ.

(સૂત્રકૃતાંગ ૧-૩)

૬. આવાં આવાં આંતરબાહ્ય અનેક વિઘ્નો અને પ્રલોભનો મુમુક્ષુના માર્ગમાં આવી પડે છે. તે બધાંને પ્રથમથી સમજી લેનાર ભિક્ષુ તે બધાં અચાનક આવી પડે ત્યારે ગભરાતો નથી. બાકી, ઘણા કાચા ભિક્ષુઓ, એ બધાં વિઘ્નો દેખ્યાં નથી હોતાં ત્યાં સુધી,

પોતાને મહા શૂર માન્યા કરે છે., પણ પછી પ્રથમ વિઘ્ને જ બેસી પડે છે – કૃષ્ણને જોયા નહોતા ત્યાં સુધી શિશુપાળ પોતાની બહાદુરીનો ગર્વ કરતો હતો તેમ. પરંતુ જેઓ આ બધાં વિઘ્નોને પ્રથમથી જાણી લઈ, પ્રસંગ આવ્યે તેમની સામે પ્રાણાંત સુધી ઝૂઝે છે, તેઓ જ પરાક્રમી નાવિકોની પેઠે આ સંસારરૂપી દુસ્તર સમુદ્રને અંતે તરી જાય છે.

(સૂત્રકૃતાંગ ૧-૩)

૭. સંયમનો સ્વીકાર કરી, હિંસા વગેરનો ત્યાગ કરતો જે મનુષ્ય આ શરીરથી સંયમ સાધવાનો અવસર છે એમ સમજે છે, તેણે પોતાનો લાગ બરાબર સાધ્યો ગણાય. બુદ્ધિમાન પુરુષ જ્ઞાનીઓ પાસેથી આર્યોએ જણાવેલા સમતા – ધર્મને મેળવીને એમ સમજે છે કે, મને અહીં ઠીક અવસર મળ્યો. આવો અવસર બીજે ન મળત. માટે કહું છું. કે, તમારું બળ સંઘરી રાખશો નહીં.

(આચારાંગ ૧-૫)

૮. મેં સાંભળ્યું છે અને અનુભવ્યું છે કે, બંધનથી છૂટા થવું એ દરેકના પોતાના હાથમાં છે. માટે જ્ઞાનીઓ પાસેથી સમજ પ્રાપ્ત કરીને, હે પરમચક્ષુવાળા પુરુષ ! તું પરાક્રમ કર. એનું જ નામ બ્રહ્મચર્ય છે, એમ હું કહું છું.

(આચારાંગ ૧-૫)

૯. જે સત્ય છે, તે જ મુનિપણું છે, અને જે મુનિપણું છે, તે જ સત્ય છે. જેઓ શિથલ છે, ઢીલા છે, કામગુણના આસ્વાદમાં લોલુપ છે, વક્ર આચારવાળા છે, પ્રમત્ત છે, અને ઘરમાં જ રચ્યાપચ્યા છે, તેઓને એ મુનિપણું શક્ય નથી.

(આચારાંગ ૧-૫)

૧૦. મુનિપણાને સ્વીકારીને શરીરને બરાબર કસો. સમ્યગ્દર્શી

વીર પુરુષો વધ્યું-ઘટ્યું અને લૂખું-સૂખું ખાઈને જીવે છે. પાપકર્મમાં અનાસક્ત એવા તે વીર પુરુષો કદાચ રોગો થાય તો પણ તેમને સારી રીતે સહન કરે છે. કારણ કે, તેઓ સમજે છે કે, શરીર પહેલાં પણ એવું હતું અને પછી પણ એવું જ છે. શરીર હંમેશાં નાશવંત, અધ્રુવ, અનિત્ય અશાશ્વત, વધઘટ પામનારું અને વિકારી છે. એ જાતનો વિચાર કરી, તે સંયમી લાંબા વખત સુધી દુઃખો સહન કર્યા જ કરે છે. એવો મુનિ આ સંસારપ્રવાહને તરી શકે છે, અને તેને જ મુક્ત અને વિરત કહેલો છે, એમ હું કહું છું.

(આચારાંગ ૧-૫)

૧૧. હે ભાઈ, તારી જાત સાથે જ યુદ્ધ કર ! બહાર યુદ્ધ કરવાથી શું ? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે.

(આચારાંગ ૧-૫)

## ૩. નિર્મમતા

૧. સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા સાંસારિક સંબંધો છોડીને ચાલી નીકળેલા ભિક્ષુને સૌથી પ્રથમ પોતાના પૂર્વસંબંધીઓ પ્રત્યેની મમતા દૂર કરવી પડે છે. કોઈ વખત ભિક્ષા માગવા તે પોતાને ઘેર આવી ચડે છે, ત્યારે તે બધાં તેને સામટાં ઘેરી લઈ, વિનંતિઓ, કાકલૂદીઓ અને રુદન વગેરેથી સમજાવવા લાગે છે. વૃદ્ધ માતાપિતા વગેરે તેને કરગરતાં કહે છે કે, 'અમને આમ અસહાય છોડી જવાને બદલે અમારું ભરણપોષણ કર, એ તારી સૌથી પહેલી ફરજ છે. ફરજને જતી કરીને તું શું પુણ્ય પ્રાપ્ત કરી શકીશ ? વળી તેઓ તેને એક જ વંશરક્ષક પુત્ર ઉત્પન્ન થતા સુધી જ ઘરમાં રહેવાનું કહીને સમજાવે છે; તથા બીજી પણ ઘણી લાલચો બતાવે છે. કોઈ વાર બળજબરી પણ વાપરે છે. છતાં જેને

જીવિત ઉપર મમતા નથી, એવા ભિક્ષુને તેઓ કાંઈ કરી શકતા નથી. પરંતુ સગાસંબંધીમાં મમતાવાળા અસંયમી ભિક્ષુઓ તે વખતે મોહ પામી જાય છે, અને ઘેર પાછા ફરી બમણા વેગથી પાપકર્મો કરવાં શરૂ કરે છે ! માટે બુદ્ધિમાન ભિક્ષુએ પ્રથમ પોતામાં રહેલી એ માયામમતા દૂર કરવાનો પ્રયત્ન કરવો. આ મહામાર્ગમાં એવા પરાક્રમી પુરુષો જ અંત સુધી સ્થિર રહી શકે છે.

(સૂત્રકૃતાંગ ૧-૨)

૨. તેને ભિક્ષા માગવા આવેલો દેખી, સગાંસંબંધીઓ તેને ઘેરી લઈ, વિલાપ કરવા માંડે છે કે, ‘હે તાત ! અમે તને ઉછેરી મોટો કર્યો, હવે તું અમારું ભરણપોષણ કર. તેમ કરવાને બદલે તું અમારો ત્યાગ કેમ કરે છે ? વૃદ્ધ માતાપિતાનું ભરણપોષણ કરવું એ તો આચાર છે. તેનો ત્યાગ કરવાથી તને ધર્મ શી રીતે પ્રાપ્ત થશે ? તારા વડીલો મીઠી જીભના છે, તારા પુત્રો હજુ બાળક છે, તારી સ્ત્રી પણ જુવાન છે. રખે તે અવળે માર્ગે ચડી જાય ! માટે હે તાત ! તું ઘેર પાછો ચાલ. તારે હવે કાંઈ કામ કરવું નહીં પડે. અમે બધા તને મદદ કરીશું. તારું દેવું અમે વહેંચી લીધું છે એ વેપારધંધા માટે તારે ફરી પૈસા જોઈતા હશે, તો પણ અમે આપીશું. માટે એક વાર તું પાછો ચાલ. પછી તને ન ફાવે તો ભલે પાછો ચાલ્યો જજે. એમ કરવાથી, તારા શ્રમણપણાને વંધો નહીં આવે.’ આ બધું સાંભળી, સ્નેહીઓના દુસ્તર સ્નેહબંધમાં બંધાયેલો નબળા મનનો માણસ ઘર તરફ દોડવા માંડે છે. અને તેનાં સંબંધીઓ પણ, એક વાર તે હાથમાં આવ્યો, એટલે, તેને ચારે બાજુથી ભોગવિલાસમાં જકડી લઈ, પળવાર વીલો મૂકતા નથી.

(સૂત્રકૃતાંગ ૧-૩)

૩. સંસારમાં વિવિધ કુળોમાં જન્મીને તથા ત્યાં સુખભોગમાં

ઊછરીને જાગ્રત થતાં કેટલાય લોકોએ સંસારનો ત્યાગ કરી. મુનિપણું સ્વીકાર્યું છે. તે વખતે સંયમમાં પરાક્રમ કરતા તે મુનિઓને જોઈને ખેદ પામતાં તેમનાં સ્વચ્છંદી અને કામભોગોમાં આસક્ત સગાંવહાલાંએ રુદન કરી-કરીને, પોતાને ન છોડી જવાને તેમને વીનવ્યા છે. પરંતુ તેમનામાં જેને કોઈ પોતાનું દેખાતું નતી. તે તેઓમાં આસક્તિ કેમ કરીને રાખે ? ખરે ! જેણે સગાંવહાલાંને છોડ્યાં છે, એવો અસાધારણ મુનિ જ આ સંસારપ્રવાહને તરી શકે છે. આ પ્રકારના જ્ઞાનની હંમેશ ઉપાસના કરવી, એમ હું કહુ છું.

(આચારાંગ ૧-૨)

## ૪. નિરહંકારિતા

૧. સગાંસંબંધીઓમાં મમતા જેવું જ આ માર્ગમાં બીજું મોટું વિઘ્ન તે અહંકાર છે. ઘણા ભિક્ષુઓ ગોત્ર વગેરેને કારણે અભિમાન કરે છે, તથા બીજાનો તિરસ્કાર કરે છે. પરંતુ, સાચો મુનિ તો પોતાની મુક્તાવસ્થાનો પણ ગર્વ નથી કરતો. તેમ ખરો ચક્રવર્તી રાજા, સંન્યાસી થયેલા પોતાના એક વખતના દાસાનુદાસનું પણ વિના સંકોચે યથાયોગ્ય સન્માન કરે છે. અહંકારપૂર્વક બીજાનો તિરસ્કાર કરવો એ પાપરૂપ છે. માટે મુમુક્ષુએ કશી વાતનું અભિમાન કર્યા સિવાય, અપ્રમત્ત રીતે, સાધુ પુરુષોએ બતાવેલ સંયમધર્મમાં સમાન વૃત્તિથી અણીશુદ્ધ રહેવું.

(સૂત્રકૃતાંગ ૧-૨)

૨. ભલેને કોઈ ભિક્ષુ ભાષા ઉપર કાબૂવાળો હોય કે પ્રતિભાવાન પંડિત તથા ગાઢ પ્રજ્ઞાવાળો વિચારક હોય, તો પણ, તે જો પોતાની બુદ્ધિ કે, વિભૂતિને કારણે મદમત્ત થઈ બીજાનો તિરસ્કાર કરે, તો તે પ્રજ્ઞાવાન હોવા છતાં સમાધિ પ્રાપ્ત કરી શકે નહીં. માટે ભિક્ષુએ પ્રજ્ઞામદ, તપોમદ, ગોત્રમદ, તથા ચોથો

ધનમદ, એ ચાર મદ ન કરવા. જે એવા મદ નથી કરતો તે જ પંડિત છે અને ઉત્તમ સત્ત્વવાળો છે. ગોત્ર વગેરેથી પર થયેલા મહર્ષિઓ જ ગોત્ર વિનાની પરમ ગતિને પામે છે.

(સૂત્રકૃતાંગ ૧-૧૩)

૩. કેટલાક અભિમાની પુરુષો પોતામાં સાચી શક્તિ ન હોવા છતાં ખોટી બડાઈ કરે છે અને સામા માણસને પોતાના પડછાયા જેવો તુચ્છ ગણે છે; અથવા સંન્યાસી ભિક્ષુક થઈને પણ પોતાના બ્રાહ્મણ-ક્ષત્રિય- ઉગ્ર કે લિચ્છવી કુળનો ગર્વ કરે છે. તેવા મનુષ્યો સંન્યાસી છતાં ગૃહસ્થીનું આચરણ કરનાર કહેવાય. તેઓને મુક્તિ પ્રાપ્ત થવી અશક્ય છે. કારણ કે, દીર્ઘકાળ સેવેલા જ્ઞાન અને ચારિત્ર સિવાય જાતિ કે કુળ કોઈને બચાવી શકતાં નથી.

(સૂત્રકૃતાંગ ૧-૧૩)

૪. જે ભિક્ષુ સર્વસ્વનો ત્યાગ કરીને, તથા લૂખાસૂકા મળે તેવા આહાર ઉપર જીવનારો હોવા છતાં, માનપ્રિય અને સ્તુતિની કામનાવાળો હોય છે, તેનો એ સંન્યાસ તેની આજીવિકા જ છે. તેવો ભિક્ષુ જ્ઞાન પામ્યા વિના જ ફરી ફરી આ સંસારને પામે છે.

(સૂત્રકૃતાંગ ૧-૧૩)

૫. પદાર્થોમાં તીવ્ર આસક્તિ અને જગતનાં વંદનપૂજન એ કાંટો બહુ સૂક્ષ્મ છે, તથા મહાકષ્ટે કાઢી શકાય તેવો છે. માટે બુદ્ધિશાળી પુરુષે જગતના સંસર્ગનો ત્યાગ કરી, એકલા થઈ જવું, અને મન-વાણીને અંકુશમાં રાખી, સમાધિ અને તપમાં પરાક્રમી બનવું.

(સૂત્રકૃતાંગ ૧-૨)

૬. કોઈ પવિત્ર જીવન ગાળનારા ઉત્તમ સાધુને જોતાં જ

રાજાઓ, અમાત્યો તથા બ્રાહ્મણક્ષત્રિયો તેને વીંટળાઈ વળે છે અને સત્કારપૂર્વક તેને પોતાને ત્યાં નિમંત્રણ આપે છે. તેઓ કહે છે, "હે મહર્ષિ ! અમારા આ રથ-વાહન, સ્ત્રી, અલંકાર, શય્યા વગેરે સર્વ પદાર્થો આપના જ છે. આપ કૃપા કરી તેમનો સ્વીકાર કરો જેથી અમારું કલ્યાણ થાય. અમારે ત્યાં પધારવાથી કે તે પદાર્થોનો સ્વીકાર કરવાથી દીર્ઘ તપસ્વી એવા આપને કશો દોષ નહીં લાગે. આવું સાંભળી પરાણે ભિક્ષુજીવન ગાળતા તથા તપશ્ચર્યાથી કંટાળેલા નબળા લોકો ઢોળાવ ચડતા ઘરડા બળદની પેઠે અધવચ બેસી પડે છે અને કામભોગોથી લલચાઈ સંસાર તરફ પાછા ફરે છે.

જેઓ કામભોગોનો તથા પૂજનસત્કારની કામનાનો ત્યાગ કરી શક્યા છે તેઓ જ આ મોક્ષમાર્ગમાં સ્થિત થઈ શક્યા છે એ યાદ રાખવું.

(સૂત્રકૃતાંગ ૧-૩)

## ૫. નિર્ભયતા અને અસંગ

૧. સર્વ સંબધોનો ત્યાગ કરી, એકલા ફરવું ઘણું મુશ્કેલ છે. એકલા વિચરનાર ભિક્ષુને નિર્જન સ્થાનોમાં કે શૂન્ય ઘરમાં નિવાસ કરવાનો હોય છે. ત્યાં જમીન ઊંચી-નીચી હોય, મચ્છર હોય, તેમ જ સાપ વગેરે ભયંકર પ્રાણીઓનો પણ વાસ હોય; છતાં તેણે તેથી ગભરાઈને, બારણાં બંધ કરીને કે ઘાસ-પાથરી, રસ્તો ન કાઢવો, કારણ, તેણે તે ભયોને જીતવાના જ છે. તો જ એવી નિર્જન જગાઓમાં શાંતિથી, એકાગ્રતાપૂર્વક સ્થિર થઈને, તે ધ્યાનાદિ કરી શકે, અથવા સૂર્યાસ્ત વખતે જ્યાં હોય ત્યાં ઉતારો કરવાના યતિધર્મનું પાલન કરી શકે.

જ્યાં સુધી તે એકાંતમાં નિર્ભયતાથી રહી શકતો નથી, ત્યાં

સુધી તે વસતીમાં કે સોબતમાં રહેવા પ્રયત્ન કરે છે. અને સાધુ માટે સંગ જેવી જોખમકારક એકે વસ્તુ નથી. બીજી બધી રીતે માણસ ઉચ્ચ ચારિત્ર અને સંયમને પાળતો હોય, છતાં જો તે સંગદોષનો ત્યાગ ન કરે, તો તે તથાગત બન્યો હોય તોપણ સમાધિથી ચ્યુત થઈ જાય. કારણ, સંગ એ કજિયાનું, આસક્તિનું તથા પૂર્વે ભોગવેલા ભોગોની સ્મૃતિનું કારણ છે. માટે બુદ્ધિશાળી ભિક્ષુએ સંસારીઓના સંસર્ગથી દૂર રહેવું

(સૂત્રકૃતાંગ ૧-૨)

૨. ચારિત્રવાન ભિક્ષુએ કોઈનો સંગ ન કરવો. કારણ, તેમાં સુખના વેશમાં જોખમો રહેલાં છે. વિદ્વાને તેનાથી ચેતતા રહેવું. તેણે સંસારીઓ સાથે મંત્રણા, તેમની ક્રિયાઓની પ્રશંસા, તેમની સાંસારિક ગૂંચવણોમાં સલાહ, તેમના ઘરમાં બેસીને કે તેમના વાસણમાં ભોજન અને પાન, તેમનાં કપડાં પહેરવાં, તેમના ઘરમાં બેસી તેમની ખબર-અંતરની પડપૂછ, તેમના તરફથી યશ-કીર્તિ-પ્રશંસા અને વંદનપૂજનની કામના, તેમના ઘરમાં ખાસ કાંઈ કારણ વિના સૂઈ જવું, ગામનાં છોકરાંની રમતમાં ભળવું, અને મર્યાદા મૂકીને હસવું— એ બધાંનો ત્યાગ કરવો. કારણ, તેમાંથી અનેક અનર્થોની પરંપરા જન્મે છે.

(સૂત્રકૃતાંગ ૧-૯)

૩. કેટલાક ભિક્ષુઓ પહેલેથી જ આત્મવિશ્વાસ વિનાના હોય છે. સ્ત્રીઓ વગેરેથી કે ગરમ પાણી પીવા વગેરેના કડક નિયમોથી પોતે ક્યારે હારી જશે, તેનો ભરોસો એમને નથી હોતો. તેઓ પ્રથમથી જ તેવો પ્રસંગ આવે ત્યારે નિર્વાહમાં વાંધો ન આવે તે માટે વૈદક, જ્યોતિષ, વગેરે ગુજરાનનાં સાધન શોધી રાખે છે. આવા માણસોથી કાંઈ જ થઈ શકતું નથી. કારણ, મુશ્કેલી આવે ત્યારે તેની સામે ઝૂઝવાને બદલે, તેઓ પહેલેથી શોધી રાખેલાં

બચાવનાં સાધનોનો આશરો લઈ બેસી જાય છે. મુમુક્ષુએ તો પ્રાણ હાથમાં લઈ નિઃશંકતાથી અડગપણે પોતાના માર્ગમાં આગળ વધવું જોઈએ. (સૂત્રકૃતાંગ ૧-૩)

૪. ભિક્ષુને વળી ભિન્ન ભિન્ન આચારવિચારવાળા પરતીર્થિકોના આક્ષેપોનો પણ સામનો કરવાનો હોય છે. તે વખતે પોતાના માર્ગમાં દૃઢ નિશ્ચય વિનાનો ભિક્ષુ ગભરાઈ જાય છે, અથવા શંકિત બની જાય છે.

પરતીર્થિકો દ્વેષથી તેને ઉતારી પાડવા, તેના આચારવિચાર વિષે ગમે તેવા આક્ષેપો કરે છે. તે વખતે બુદ્ધિશાળી ભિક્ષુએ ગભરાયા વિના, ચિત્તને સ્વસ્થ રાખી, અનેક ગુણોથી યુક્ત એવી યુક્તિસંગત વાણી વડે તેમને રદિયો આપવો. તેઓને સચોટ રદિયો મળે છે, ત્યારે તેઓ આગળ બોલી શકતા નથી. પછી તેઓ ગાળાગાળી કરવા લાગે છે. પણ ડાહ્યા ભિક્ષુએ સ્વસ્થ રહી, સામો વાદી તપી ન જાય તે રીતે તેને શાંતિથી યોગ્ય જવાબ આપવો.

મહાકામી નાસ્તિક પુરુષોના શબ્દો સાંભળી ડાહ્યા ભિક્ષુએ ડામાડોળ થઈ જઈ, પોતાના સાધનમાર્ગ વિષે અશ્રદ્ધાળુ ન બની જવું. જગતમાં વિવિધ માન્યતાવાળા તથા વિવિધ આચારવાળા પુરુષો પોતાને શ્રમણ કહેવડાવતા ફરે છે. તેમના લોભાવનારા કે આક્ષેપ કરનારા શબ્દો સાંભળીને ગૂંચવાઈ ન જવું માત્ર વર્તમાન સુખોમાં જ રાચતા તે મૂર્ખ લોકો જાણતા નથી કે, આયુષ્ય અને જુવાની તો ક્ષણભંગુર છે. અંતકાળે તે લોકો જરૂર પસ્તાય છે. (સૂત્રકૃતાંગ ૧-૩)

## ૬. સ્ત્રીપ્રસંગનો ત્યાગ

૧. માતાપિતા વગેરે કુટુંબીઓનો તથા કામભોગોનો ત્યાગ કરી, પોતાના કલ્યાણ માટે તત્પર બની, નિર્જન સ્થાનમાં જ

રહેવાનો સંકલ્પ કરનાર ભિક્ષુને ભિક્ષા તથા ઉપદેશાદિ પ્રસંગે સારી નરસી અનેક સ્ત્રીઓના પ્રસંગમાં આવવાનું થાય છે. તે વખતે પ્રમાદથી અથવા તો પોતામાં રહેલી વાસનાને કારણે તેમનો પ્રસંગ વધવા દેનાર ભિક્ષુનું શીઘ્ર અધઃપતન થાય છે.

પછી પાશમાં બંધાયેલા મૃગની પેઠે, તે ગમે તેટલા પ્રયત્ન કરે, પણ તેમનામાં છૂટી શકતો નથી. પરિણામે, અગ્નિ પાસે મૂકેલો લાખનો ઘડો જેમ ઓગળી જઈ નાશ પામે છે, તેમ તેમના સહવાસથી તે વિદ્વાન ભિક્ષુ પોતાના સમાધિ-યોગથી ભ્રષ્ટ થઈ, નાશ પામે છે.

વિષમિશ્રિત દૂધ પીનારની જેમ અંતે તે ભિક્ષુ ઘણો પસ્તાય છે. માટે પ્રથમથી જ ભિક્ષુએ સ્ત્રીઓ સાથેના પ્રસંગનો ત્યાગ કરવો. ભલેને પુત્રી હોય, પૂત્રવધૂ હોય, પ્રૌઢા હોય કે નાની કુમારી હોય, તો પણ તેણે તેનો સંસર્ગ ન કરવો. તથા કોઈ પણ કારણે તેમના નિકટ પ્રસંગમાં અવાય તેવી રીતે, તેમના ઓરડાઓમાં કે ઘરોમાં એકલા ન જવું. કારણ, સ્ત્રીસંગ કરી ચૂકેલા તથા સ્ત્રીચરિત્રના અનુભવી બુદ્ધિશાળી પુરુષો પણ સ્ત્રીઓનો સંસર્ગ રાખવાથી થોડા જ વખતમાં ભ્રષ્ટ થઈ દુરાચારીઓની કોટીના બની જાય છે.

પછી તો હાથપગ કાપો, ચામડી અને માંસ ઉતરડી નાખો, જીવતા અગ્નિમાં શેકો, શરીર છેદીછેદીને ઉપર તેજાબ છાંટો, કાન અને નાક કાપી નાખો, કે ડોકું ઉડાવી દો, પણ તેઓ તેમનો સંગ છોડી શકતા નથી. તેઓ પરસ્ત્રીસંગ કરનારને થતી બધી સજાઓ સાંભળવા છતાં, તથા કામશાસ્ત્રોમાં વર્ણવેલા કુટિલ સ્ત્રીઓના હાવભાવ, તથા તેમનું માયાવીપણું જાણવા છતાં, અને હવેથી નહીં કરીએ એવા સંકલ્પો કરવા છતાં તે અપકર્મ કર્યા જ કરે છે.

તેવા ભિક્ષુ બહારથી તો સદાચરણની અને મોક્ષમાર્ગની વાતો

બમણા જોરથી કર્યા કરે છે. કારણ, દુરાચરણીનું જોર જીભમાં હોય છે ! છતાં, તેમનું સાચૂ સ્વરૂપ અંતે પ્રગટ થયા વિના રહેતું નથી. તે વખતે સાચી વાત કબૂલ કરવાને બદલે તેઓ ઊલટા પોતાની નિર્દોષતાનાં બણગાં ફૂંકે છે, અને 'એવું હીન કર્મ તે હું કરું ?' એમ કહી, ઉપર-ઉપરથી ગ્લાનિ બતાવે છે. કોઈ વાર ઉઘાડેછોક પકડાઈ જોય, તો તે કહે છે, 'હું કાંઈ કરતો નહોતો , તે તો માત્ર મારા ખોળામાં સૂઈ ગઈ હતી !' આમ એ મૂર્ખ માણસ આબરૂ સાચવવા જૂઠું બોલી, બેવડું પાપ કરે છે. માટે પ્રથમથી જ સ્ત્રીઓના નિકટ પ્રસંગમાં આવવું નહીં, એ પ્રથમ બુદ્ધિલક્ષણ છે.

ડાહ્યા પુરુષે સ્ત્રીઓની શરૂઆતની લોભાવનારી વિનંતીઓ તરફ લક્ષ આપી, તેમનો પરિચય કે સહવાસ વધવા ન દેવો. સ્ત્રી સાથેના કામભોગો એ હિંસા-પરિગ્રહાદિ સર્વ મહાપાપોનાં કારણ છે, એમ જ્ઞાની પુરુષોએ કહેલું છે. એ ભોગો મહાભયરૂપ છે અને કલ્યાણથી વિમુખ કરનારા છે. માટે બુદ્ધિમાન ભિક્ષુએ તો આત્મા સિવાય સર્વ પર પદાર્થોની કામનાનો ત્યાગ કરવો.

(સૂત્રકૃતાંગ ૧-૪)

૨. જુઓ તો ખરા ! સ્ત્રીઓમાં આસક્ત થયેલા જુદા જુદા પ્રાણો અને સત્ત્વો દુઃખથી પીડિત થઈ, કેટલો પરિતાપ પામે છે ! સ્ત્રીઓમાં વિશેષ પ્રસંગ રાખનારો અજ્ઞાની પાપકર્મના ચક્રમાં ફસાય છે. તે પોતે જીવહિંસાથી પાપકર્મો કરે છે એટલું જ નહીં, પણ બીજા પાસેય કરાવે છે. તે અજ્ઞાની ભિક્ષુ પછી ધનસંપત્તિનો સંચય કરવા લાગે છે, તથા કામનાથી ઉત્પન્ન થતાં વેરોમાં ખૂંપતો જઈ, પાપકર્મ એકઠું કર્યે જાય છે. પરિણામે મરણ બાદ તે દુસ્તર નરકને પામે છે. માટે બુદ્ધિમાન ભિક્ષુએ ધર્મને સારી રીતે સમજી, સર્વ તરફ નિઃસંગ થઈ, ક્યાંય આસક્ત થયા વિના વિચરવું અને સર્વ પ્રકારની લાલસાનો ત્યાગ કરી, તથા સમસ્ત જગત પ્રત્યે

સમભાવયુક્ત દૃષ્ટિ રાખી, કોઈનું પ્રિય કે અપ્રિય કરવાની કામના ન રાખવી. (સૂત્રકૃતાંગ ૧-૧૦)

૩. માટે, મનુષ્યનું સર્વસ્વ નાશ કરનારા સ્ત્રીભોગોમાં કદી ન ફસાશો. તે ભોગોની મનોહરતા ઉપર-ઉપરની જ છે. ચિત્ત આજે 'આ' તો કાલે 'બીજું' એમ હંમેશાં નવું માગ્યા કરે છે. અને જેને મેળવવા હમણાં જ પોતે અતિ પ્રયત્ન કર્યો હોય છે, તે જ થોડા વખત બાદ અકારું થઈ પડે છે. માટે તે ભોગોની કદી કામના ન કરવી. ઘરબાર વિનાના ભિક્ષુએ સ્ત્રી સાથે કોઈ પણ પ્રકારના પ્રસંગનો ત્યાગ કરવો. તેણે તો લોકકલ્યાણકારી ધર્મ જાણીને, તેમાં જ પોતાની જાતને લીન કરી દેવી.

(ઉત્તરાધ્યયન ૮)

૪. બિલાડીના રહેઠાણ પાસે ઉંદરોએ રહેવું એ જેમ ડહાપણભરેલું નથી, એમ સ્ત્રીઓવાળા મકાનમાં બ્રહ્મચારીએ રહેવું સલામતીભરેલું નથી. બ્રહ્મચારીએ સ્ત્રીઓનાં રૂપ લાવણ્ય-વિલાસ-હાસ્ય, મંજુલવચન- અંગમરોડ અને કટાક્ષ વગેરેનું મનમાં ચિંતન ન કરવું; તેમનું વર્ણન ન કરવું; તેમની અભિલાષા ન કરવી; તેમજ તેમને રાગપૂર્વક નીરખવાં નહીં. સદા બ્રહ્મચર્યમાં રત રહેવા ઇચ્છનારને એ નિયમ હિતકર છે, તથા ઉત્તમ ધ્યાન પ્રાપ્ત કરવામાં મદદરૂપ છે.

ભલેને મન-વાણી-કાયાનું બરાબર રક્ષણ કરતા હોય, તથા સ્વરૂપવાન અને અલંકૃત દેવીઓ પણ જેમને ક્ષોભ પમાડવાને શક્તિમાન ન હોય, પરંતુ તેવા મુનિઓએ પણ, અત્યંત હિતકર જાણી સ્ત્રી વગેરેથી રહિત એવો એકાંતવાસ જ સ્વીકારવો. સંસારથી ડરી, ધર્મમાર્ગમાં સ્થિત થયેલા અને મોક્ષની જ ઈચ્છા રાખનારા સાધુને યુવાન અને મનોહર સ્ત્રી જેવી દુસ્તર વસ્તુ બીજી કોઈ નથી.

જેઓ સ્ત્રીની કામના છોડી શક્યા છે, તેઓને બધી કામનાઓ છોડવી સહેલી છે. મહાસાગર તરી જનારાને ગંગા જેવી મોટી નદીનો પણ શો હિસાબ ! દેવો સહિત સહિત સમગ્ર લોકોનાં દુઃખનું મૂળ કામભોગોની કામના છે.

(ઉત્તરાધ્યયન. ૩૨)

## ૭. આહારશુદ્ધિ

૧. ભિક્ષુજીવનમાં આહારશુદ્ધિ જ મુખ્ય વસ્તુ હોવાથી તે બાબતમાં મુમુક્ષુ ઘણો કાળજીપૂર્વક વર્તે. ગૃહસ્થોએ કુટુંબ માટે તૈયાર કરેલાં આહારમાંથી વધ્યું ઘટ્યું માગી લાવીને જ તે પોતાનો નિર્વાહ કરે. તે જાણે કે, ગૃહસ્થોને ત્યાં પોતાને માટે કે પોતાનાં માટે અન્ન તૈયાર કરવાની કે સંઘરી રાખવાની પ્રવૃત્તિ હોય છે. એવું, બીજાએ સ્વ-અર્થે તૈયાર કરેલું અને તેમાંથી વધેલું, તેમજ આપનારના, લેનારના, અને લેવાના એ ત્રણે પ્રકારના દોષોથી રહિત, (આપનારને લગતા દોષો જેવા કે : સાધુને ઉદ્દેશીને તેણે આહાર તૈયાર કરેલો હોય, ખરીદી આણ્યો હોય, ઊછીનો આણ્યો હોય, કે સુરક્ષિત સ્થળે મૂકેલો ઉતારીને કે ઢાંકણ ઉઘાડીને આપ્યો હોય, કે સહિયારી માલકીનો બીજા ભાગીદારને પૂછ્યા વિના આપ્યો હોય ઈ૦ લેનારને લગતા દોષો જેવા કે, આહાર મેળવવા ગૃહસ્થનાં છોકરાં રમાડ્યાં હોય, ભવિષ્ય ભાખ્યું હોય, દૂતકર્મ કર્યું હોય, ક્રોધ-માન-માયા- લોભ કર્યાં હોય, વૈદું કર્યું હોય ઈ૦ લેવાના દોષો જેવા કે, આહાર અયોગ્ય હોય, તેનો દાતા અયોગ્ય હોય, આપતાં આપતાં ઢોળાતો હોય ઈ૦) પવિત્ર, નિર્જીવ, હિંસાના સંભવ વિનાનું, ભિક્ષા માગીને આણેલું, સાધુ જાણીને આપેલું, તથા માધુકરીની રીતે થોડું થોડું ગણી જગાએથી પ્રાપ્ત થયેલું ભોજન જ તેને માટે ગ્રાહ્ય છે. તેવું ભોજન પણ તે ભૂખના ખાસ પ્રયોજનથી, પ્રમાણસર, ધરીને ઊંજવા તેલ જોઈએ કે ગૂમડા

ઉપર લેપ કરવો જોઈએ એવી ભાવનાથી, સંયમનો નિર્વાહ થાય તેટલા પૂરતું, તથા સાપ જેમ દરમાં પેસે છે તેમ (મોંમાં સ્વાદ માટે ફેરવ્યા વિના) ખાય છે. ખાવાને સમયે ખાય છે, પીવાને સમયે પીએ છે, તથા બીજી પહેરવાસૂવાની તમામ ક્રિયાઓ તે ભિક્ષુ યોગ્ય સમયે જ કરે છે.

(સૂત્રકૃતાંગ ૨-૧)

૨. આહારની બાબતમાં ભિક્ષુએ પૂર્ણ સંયમ સ્વીકારવો. પોતાને ઉદ્દશીને ગૃહસ્થે તૈયાર કરેલું, ખરીદેલું, ઊછીનું આણેલું, કે પોતે જ્યાં રહેતો હોય ત્યાં ગૃહસ્થ લઈ આવ્યો હોય તેવું, કે તે બધાના અંશોવાળું ભિક્ષાન્ન તેણે ન સ્વીકારવું. તેણે માદક આહારનો સર્વથા ત્યાગ કરવો, તથા જેનાથી માત્ર જીવિત ટકી રહે, તેટલું જ અન્નપાન માગી લાવવું. વધારે માગી લાવી બીજાને આપી દેવું પડે તેમ ન કરવું.

(સૂત્રકૃતાંગ ૧-૯)

૩. ભિક્ષુએ નિષિદ્ધ અન્નની કદી ઇચ્છા ન કરવી તથા તેમ કરનારની સોબત પણ ન કરવી. પોતાના અંતરનો વિકાસ ઇચ્છનાર તે ભિક્ષુએ કશાની અપેક્ષા રાખ્યા વિના, તથા જરા પણ ખિન્ન થયા વિના, બાહ્ય શરીરને ઘસાઈ જવા દેવું, પણ જીવિતની કામના કરી પાપકર્મ ન કરવું. તેણે પોતાની એકલી અસહાય દશાનો વિચાર વારંવાર કર્યા કરવો. એ ભાવનામાં જ મુક્તિ રહેલી છે.

(સૂત્રકૃતાંગ ૧-૧૦)

૪. ગૃહસ્થો પોતાને કે પોતાનાં માટે વિવિધ કર્મસમારંભોથી ભોજન, વાળુ, શિરામણ, કે ઉત્સવાદિ માટે ખાદ્યો તૈયાર કરે છે કે સંઘરે છે. તેમની પાસેથી પોતાને જોઈતો આહાર તે ભિક્ષુ

વિધિપૂર્વક માગી લે છે. તે ભિક્ષુ મહા આરંભથી (હિંસા તેમજ પ્રવૃત્તિ– એમ બે અર્થમાં એ શબ્દ વપરાય છે.) બનેલો આહાર લેતો નથી, લેવરાવતો નથી કે બીજાને તેની સંમતિ પણ આપતો નથી. સત્યદર્શી વીર પુરુષો જાડું-પાતળું અને લૂખું-સૂકું ભિક્ષાન્ન જ લે છે. સર્વ પ્રકારના ભિક્ષાના દોષો સમજીને, તે દોષોમાંથી મુક્ત બની તે મુનિ પોતાની ચર્યામાં વિચરે છે. તે જાતે કશું ખરીદતો નથી, ખરીદાવતો નથી, કે તેમ કરવાની બીજાને સંમતિ આપતો નથી, મને કોઈ આપતું નથી એમ કહી, તે ક્રોધ કરતો નથી; થોડું આપે તેની નિંદા કરતો નથી; કોઈ આપવાની ના પાડે તો પાછો ચાલ્યો જાય છે; આપે તો લઈને પાછો ઉતારે આવે છે; આહાર મળે તો ખુશ થતો નથી; ન મળે તો શોક કરતો નથી; મળેલા આહારનું પરિમાણ જાળવે છે; વધારે મળે તો સંઘરો કરતો નથી; તથા પોતાની જાતને સર્વ પ્રકારે પરિગ્રહથી દૂર રાખે છે. આર્ય પુરુષોએ એ માર્ગ જણાવેલો છે; તેથી કુશળ પુરુષ ત્યાં લેપાતો નથી એમ હું કહું છું.

(આચારાંગ ૧-૨)

૫. સમજુ શિષ્યે આહારવિહારની બાબતમાં નિયમિત બનવું. ઉચિત સમયે બહાર નીકળવું, અને ઉચિત સમયે પાછા ફરવું. ટૂંકમાં, અયોગ્ય સમય છોડીને, જે સમયે જે કરવાનું હોય, તે સમયે તે કરવું. ભિક્ષાની બાબતમાં સંયમધર્મને આવશ્યક એવા કેટલાક વિધિનિષેધો જ્ઞાનિઓએ ઉપદેશ્યા છે, તે તેણે બરાબર પાળવા. જેમકે, ભિક્ષા માગવા જતી વખતે લોકોની પંગત જમતી હોય ત્યાં ભિક્ષા માટે ઊભા ન રહેવું; ભિક્ષા આપનારથી અતિ દૂર કે અતિ નજીક કે તેની નજર સામે જ ન ઊભા રહેવું : પરંતુ એક તરફ એકલા ઊભા રહેવું તથા પોતાના જેવા બીજા ભિક્ષુઓને ઓળંગી, આગળ જવાની પડાપડી ન કરવી. ભિક્ષા ગ્રહણ કરતી

વખતે પણ તેણે અતિ અક્કડ ઊભા ન રહેવું કે અતિ નીચા નમી ન જવું. ભિક્ષામાં પણ તેણે શુદ્ધ જીવજંતુ વિનાનો, નિર્દોષ અને બીજાને માટે બનેલો આહાર દોષો, વગેરે તપાસીને, સ્વીકારવો. ત્યાર બાદ જ્યાં ઘણા પ્રાણો કે બીજો ન હોય, તથા જે ઉપરથી તેમ જ આજુ-બાજુથી ઢંકાયેલી હોય, તેવી જગાએ, બીજા સંયત પુરુષોની સાથે બેસીને, એક પણ દાણો પડી મૂક્યા વિના, યોગ્ય સમયે ભોજન લેવું. ખાતા ખાતાં તેણે 'આ સારું રંધાયું છે', 'આ ઠીક સ્વાદવાળું છે,' કે 'આ ઠીક રસવાળું છે, ' એવું ન બોલ્યા કરવું, પરંતુ સંયમપૂર્વક ખાઈ લેવું.

(ઉત્તરાધ્યયન. ૧)

૬. નીચેનાં છમાંથી કોઈ કારણસર આહારપાણીની શોધમાં નીકળવું : (૧) ક્ષુધાદિ વેદનાની નિવૃત્તિને અર્થે; (૨) ગુરુ વગેરેની સેવાને અર્થે; (૩) ભૂખે અંધારા આવ્યા વિના—કાળજીથી ચાલી શકાય તે માટે; (૪) સંયમના નિર્વાહને અર્થે; (૫) જીવન ટકાવવાને અર્થે; (૬) ધર્મધ્યાન થઈ શકે તે માટે.

(ઉત્તરાધ્યયન. ૨૬)

૭. નીચેનાં છ કારણોએ સાધુ કે સાધ્વી ભિક્ષા માગવા ન જાય તો તેથી આજ્ઞાનું ઉલ્લંઘન થયું કહેવાય નહીં : (૧) બીમારીને કારણે (૨) કોઈ વિઘ્નને કારણે (૩) બ્રહ્મચર્ય કે મન-વાણી-કાયાના નિયમનેને અર્થે (૪) પ્રાણીદયાને અર્થે (માર્ગમાં કે હવામાં અચાનક ઘણા જીવો આવી ગયા હોય તે કારણે.) (૫) તપને કારણે કે (૬) શરીરનો નાશ કરવા માટે (મારણાંતિક સંલેખના સ્વીકારી હોય તે વખતે.)

(ઉત્તરાધ્યયન. ૨૬)

## ૮. ઉપસંહાર : વ્યાખ્યાઓ

૧. જે ઇંદ્રિયનિગ્રહી હોય, મુમુક્ષુ હોય, તથા શરીર ઉપર મમતા વિનાનો હોય, તે જ બ્રાહ્મણ કહેવાય, શ્રમણ કહેવાય, ભિક્ષુ કહેવાય કે નિર્ગ્રંથ કહેવાય.

તે બ્રાહ્મણ એટલા માટે કહેવાય કે તે રાગ, દ્વેષ, કલહ, ખોટી નિંદા, ચુગલી, કૂથલી, (સંયમમાં) અરતિ, (વિષયોમાં) રતિ, કૂડકપટ અને જૂઠ વગેરે પાપકર્મોમાંથી વિરત થયો હોય છે; મિથ્યા માન્યતાઓરૂપી કાંટા વિનાનો હોય છે; સમ્યક્ પ્રવૃત્તિવાળો હોય છે; હંમેશ યત્નવાન હોય છે; પોતાના કલ્યાણમાં તત્પર હોય છે; કદી ગુસ્સે થતો નથી; તથા અભિમાન કરતો નથી.

તે શ્રમણ એટલા માટે કહેવાય છે કે, તે વિઘ્નોથી હારી જતો નથી. તથા સર્વ પ્રકારની આકાંક્ષાઓ વિનાનો હોય છે. વળી તે પરિગ્રહ હિંસા- જુઠ-મૈથુન-ક્રોધ-માન-માયા-લોભ-રાગ તથા દ્વેષરૂપી પાપનાં મૂળ કારણ કે જેમના વડે પાપકર્મ બંધાય છે તથા જે આત્માને દોષિત કરે છે, તે સર્વમાંથી પહેલેથી જ વિરત થયો હોય છે.

તે ભિક્ષુ એટલા માટે કહેવાય છે કે તે અભિમાન વિનાનો હોય છે, નમ્ર હોય છે, તથા ગુરુની આજ્ઞાનું પાલન કરનારો હોય છે. તે વિવિધ પ્રકારનાં કષ્ટો અને વિઘ્નોથી દબાઈ જતો નથી. અધ્યાત્મયોગથી તેણે પોતાનું અંતઃકરણ શુદ્ધ કરેલું હોય છે; તે પ્રયત્નશીલ હોય છે; સ્થિર ચિત્તવાળો હોય છે એ પારકાએ આપેલા ભોજનથી મર્યાદામાં રહીને જીવનનિર્વાહ કરતો હોય છે.

તે નિર્ગંથ એટલા માટે કહેવાય છે કે, તે એકલો હોય છે, એકને જાણનાર હોય છે, જાગેલો હોય છે, પાપકર્મોના પ્રવાહને રોકનારો હોય છે, સુસંયત હોય છે, સમ્યક્ પ્રવૃત્તિવાળો હોય છે,

સમભાવયુક્ત હોય છે. આત્મતત્ત્વ સમજનારો હોય છે, વિદ્વાન હોય છે. ઇંદ્રિયોની વિષયો તરફની પ્રવૃત્તિ તથા અનુકૂળ-પ્રતિકૂળ વિષયો તરફ રાગદ્વેષ—એમ બંને પ્રકારના પ્રવાહોને રોકનારો હોય છે, પૂજાસત્કાર એને લાભની ઇચ્છા વિનાનો હોય છે, ધર્માર્થી હોય છે, ધર્મજ્ઞ હોય છે, મોક્ષ-પરાયણ હોય છે, તથા સમતાપૂર્વક વર્તનારો હોય છે.

(સૂત્રકૃતાંગ ૧-૧૬)

૨. તે હિંસા વગેરે જ્ઞાનને આવરણ કરનારાં, બીજાને પરિતાપ આપનારાં તથા બંધનનાં કારણોરૂપ પાપકર્મોમાંથી જીવનભર વિરત થયો હોય છે. ઘરનો ત્યાગ કરી ચાલી નીકળેલો તે ભગવંત સાધુ ચાલવામાં, બોલવામાં વગેરેમાં સાવધાનીથી તથા કોઈ પ્રાણીને ક્લેશ ન થાય તેવી રીતે વર્તનારો હોય છે. તે ક્રોધ-માન-માયા-લોભ વિનાનો, શાંત, મોહરહિત, ગ્રંથીરહિત, શોકરહિત, તથા અમૂર્છિત હોય છે. તે કાંસાના વાસણની પેઠે નિર્લેપ, શંખની પેઠે નિર્મલ, જીવની પેઠે સર્વત્ર ગમન કરનાર, આકાશની પેઠે અવલંબન વિનાનો, વાયુની પેઠે બંધન વિનાનો, શરદઋતુના પાણીની પેઠે નિર્મળ હૃદયવાળો, કમળના પાનની પેઠે નિર્લેપ, કાચબાની માફક ઇંદ્રિયોનું રક્ષણ કરનાર, પંખીની માફક છૂટો, ગેંડાના શીંગડાની જેમ એકાકી, ભારંડ પક્ષીની જેમ સદા જાગ્રત, હાથીની જેમ શક્તિશાળી, બળદની જેમ બળવાન, સિંહની પેઠે દુર્ધર્ષ, મંદર પર્વતની પેઠે નિષ્કંપ, સાગર જેવો ગંભીર, ચંદ્ર જેવો સૌમ્ય કાંતિવાળો, સૂર્ય જેવો તેજસ્વી, કંચનની જેમ દેદીપ્યમાન, પૃથ્વીની પેઠે સર્વ સ્પર્શો સહન કરનાર, તથા ઘી હોમેલા અગ્નિની પેઠે તપના તેજથી જ્વલંત હોય છે.

તેને પશુ, પંખી, નિવાસસ્થાન કે વસ્ત્રાદિ સાધનસામગ્રી એ ચાર પ્રકારના અંતરાયોમાંથી (અથવા અનુકૂળ કે પ્રતિકૂળ દ્રવ્ય

(સચિત્ત સ્ત્રી ઈ૦ કે અચિત્ત આભૂષણાદિ) સંબંધી, ક્ષેત્ર સંબંધી, કાળ સંબંધી અને ક્રોધ-માન-રાગ-દ્વેષ આદિ ભાવ સંબંધી એ ચાર.) એકે પ્રકારનો અંતરાય પોતાને જે દિશામાં જવું હોય ત્યાં જવામાં બાધા કરતો નથી. તે નિર્મળ, અહંકારરહિત તથા અલ્પ પરિગ્રહવાળો હોઈ, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતો ગમે તે દિશામાં વિચરે છે.

(સૂત્રકૃતાંગ ૨-૨)

□ □ □

## ૬

# સાચું વીરત્વ

૧. વીરતા બે પ્રકારની કહેવાય છે. કેટલાક કર્મને વીર્ય કહે છે; જ્યારે કેટલાક અકર્મને વીર્ય કહે છે. પ્રમાદ એ કર્મ છે, અને અપ્રમાદ એ અકર્મ છે. જે જે પ્રવૃત્તિઓ પ્રમાદયુક્ત છે, અર્થાત્ સત્યધર્મથી વિમુખ છે, તે બધી કર્મરૂપ છે, તેથી ત્યાજ્ય છે. જે જે પ્રવૃત્તિઓ પ્રમાદરહિત અર્થાત્ સદ્ધર્મ અનુસાર છે, તે અકર્મ છે અને કરવા યોગ્ય છે.

જેમકે, પ્રાણીઓના નાશ માટે શસ્ત્રવિદ્યા શીખવામાં કે કામભોગો મેળવવા માયાદિ આચરવામાં, કે અસંયમી બની વેરયુક્ત થઈ મન વચન કાયાથી આ લોક કે પરલોકને લગતાં કર્મો કરવામાં – ટૂંકમાં જેથી આત્માનું અહિત થાય તેવી રાગદ્વેષયુક્ત પ્રવૃત્તિઓમાં – દાખવેલું વીર્ય અથવા પરાક્રમ સંસાર પ્રાપ્ત કરાવનાર કર્મ (બંધન)નું કારણ હોઈ, હેય છે.

હવે શાણા લોકોનું અકર્મવીર્ય સાંભળો. બુદ્ધિમાન પુરુષ સમજે છે કે, જેમ જેમ માણસ વધારે ને વધારે પાપકર્મ કર્યે જાય છે, તેમ તેમ ચિત્તની અશુભતા વધતી જાય છે, અને મનુષ્ય વધારે ને વધારે વેરોમાં બંધાતો જઈ, અંતે દુઃખનો જ ભાગી થાય છે. ઉપરાંત સ્વર્ગાદિમાં વાસ પણ નિત્ય નથી, તથા સગાંસંબંધી અને મિત્રો સાથેનો સહવાસ પણ અનિત્ય છે. તેથી સમજુ લોક બધી મમતાનો ત્યાગ કરી, સર્વ શુભ ધર્મયુક્ત અને શ્રેષ્ઠ પુરુષોએ કહેલા તથા મુક્તિ માર્ગે લઈ જનારા આર્યધર્મનું શરણ લઈ, પાપકર્મરૂપી કાંટાને મૂળમાંથી ખેંચી કાઢવા ધર્મ અનુસાર પ્રબળ પુરુષાર્થ કરે છે. કારણ, પોતાના કલ્યાણનો જે કોઈ ઉપાય જાણવામાં આવે, તે બુદ્ધિશાળી મનુષ્ય જીવન દરમ્યાન તરત જ શીખી લે છે.

તેવો બુદ્ધિશાળી મનુષ્ય સ્વબુદ્ધિથી કે બીજા પાસેથી ધર્મનું રહસ્ય સમજી લઈ, તેમાં પૂર્ણભાવે પ્રયત્નશીલ તથા ઘરબારનો ત્યાગ કરી ચાલી નીકળે છે. કાચબો જેમ પોતાનાં અંગો પોતાના શરીરમાં સમેટી લે છે, તેમ તે સર્વ પાપવૃત્તિઓને તથા હાથ પગ વગેરે કર્મેન્દ્રિયો અને પાંચે જ્ઞાનેન્દ્રિયો સહિત મનને અને તેમના દોષોને સમેટી લે છે; સર્વ પ્રકારની સુખશીલતાનો ત્યાગ કરે છે; અને કામનાઓમાંથી ઉપશાંત થઈ, આસક્તિ વિનાનો બની, મોક્ષમાર્ગમાં જ પ્રબળ પુરુષાર્થ આદરે છે. આ વીરત્વ ધર્મવીરનું છે.

તે પ્રાણોની હિંસા નથી કરતો; વિશ્વાસઘાત નથી કરતો; જૂઠ નથી બોલતો; ધર્મનું ઉલ્લંઘન મન-વાણીથી નથી ઇચ્છતો; તથા જિતેંદ્રિય થઈ, આત્માનું સર્વ પ્રકારે રક્ષણ કરતો વિચરે છે. તે થોડું ખાય છે, થોડું પીએ છે, અને થોડું બોલે છે. ક્ષમાયુક્ત અને નિરાતુર બની, તે સદા પ્રયત્નશીલ રહે છે, તથા સર્વ પ્રકારની પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરી, તિતિક્ષાને પરમધર્મ સમજી, ધ્યાનયોગ આચરતો મોક્ષ પર્યંત વિચરે છે.

આમ, જ્ઞાની તેમજ અજ્ઞાની બંને સમાન વીરત્વ દાખવતા હોવા છતાં, અધૂરા જ્ઞાનવાળાનું કે છેક જ અબોધનું ગમે તેટલું પરાક્રમ હોય તો પણ તે અશુદ્ધ છે તથા કર્મબંધનું કારણ છે; પરંતુ જ્ઞાન અને બોધયુક્ત પુરુષનું પરાક્રમ શુદ્ધ છે, અને તેનું કાંઈ ફળ તેને ભોગવવું પડતું નથી.

યોગ્ય માર્ગે કરેલું તપ પણ જો કીર્તિની ઇચ્છાથી કરાયું હોય, તો તે પણ શુદ્ધ નથી; પરંતુ જે તપ બીજા જાણતા નથી, તે જ ખરું તપ છે.

(સૂત્રકૃતાંગ ૧-૮)

□ □ □

૭

# મોક્ષમાર્ગ

૧. હું તમને મોક્ષગતિનો સાચો માર્ગ કહી બતાવું છું, તે તમે સાંભળો. વસ્તુસ્વરૂપને જાણનારા જિનોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને મોક્ષમાર્ગ કહ્યો છે. તેને અનુસરીને ઘણાય જીવો સદ્‌ગતિ પામ્યા છે.

જ્ઞાન એટલે જીવ વગેરે દ્રવ્યોની યથાર્થ સમજ. જ્ઞાની પુરુષોએ સર્વે દ્રવ્યો, તેમના સર્વે ગુણો, અને તેમના સર્વે પર્યાયો (પરિણામો)નું યથાર્થ જ્ઞાન ઉપદેશ્યું છે.

જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ નવ તથ્યો એટલે કે તત્ત્વો છે. ( અહીં તત્ત્વ એટલે અનાદિ અનંત અને સ્વતંત્ર 'ભાવ' એવો અર્થ નથી. પરંતુ મોક્ષપ્રાપ્તિમાં ઉપયોગી થાય તેવું 'જ્ઞેય' છે. મોક્ષના જિજ્ઞાસુને જે વસ્તુનું જ્ઞાન અત્યંત આવશ્યક છે, તેને જ અહીં તત્ત્વ કહેલ છે.

આસ્રવ એટલે હિંસા, અસત્ય વગેરે કર્મબંધના હેતુઓ.

સંવર એટલે સમિતિ-ગુપ્તિ આદિ શુભ પ્રવૃત્તિઓ વડે કર્મને આત્મામાં દાખલ થતું રોકવું તે.

નિર્જરા એટલે બંધાયેલાં કર્મોને તપ વગેરેથી ખંખેરી નાંખવા તે.) છે.

એ નવ તત્ત્વોના અસ્તિત્વમાં ભાવપૂર્વક શ્રદ્ધા અથવા રુચિ, તેનું નામ સમ્યક્ત્વ અથવા દર્શન, જીવાદિ તત્ત્વોનો અભ્યાસ, તત્ત્વજ્ઞ પુરુષોનું સેવન, તથા માર્ગભ્રષ્ટ કે કુમાર્ગીઓનો ત્યાગ– એ સમ્યક્ત્વ કે સમ્યગ્ દર્શનનાં લક્ષણ છે.

સાચી શ્રદ્ધા વિના ચારિત્ર સંભવી શકતું નથી; અને શ્રદ્ધા ઉત્પન્ન થઈ એટલે ચારિત્ર આવે જ. જેને શ્રદ્ધા નથી તેને જ્ઞાન નથી, અને જ્ઞાન વિના ચારિત્રગુણ ક્યાંથી ? ગુણરહિતને મોક્ષ નથી, અને અમુક્તને નિર્વાણ કે શાંતિ નથી.

જ્ઞાનથી મનુષ્યો તત્ત્વોને જાણે છે; દર્શનથી તેમાં શ્રદ્ધા કે રુચિ કરે છે; ચારિત્રથી જાતનો નિગ્રહ કરે છે; અને તપથી વિશુદ્ધ થાય છે. સર્વ દુઃખોનો નાશ કરવા ઇચ્છતા મહર્ષિઓ સંયમ અને તપથી કર્મોનો ક્ષય કરી, મોક્ષગતિને પામે છે.

(ઉત્તરાધ્યયન. ૨૮)

૨. સમ્યક્ત્વ (સમ્યક્ શ્રદ્ધા-દર્શન) પ્રાપ્ત કર્યા પછી, ઉત્તરોત્તર ક્યા ક્યા ગુણોને પ્રાપ્ત કરીને જીવે કર્મશત્રુને જીતવામાં પરાક્રમ દાખવવું જોઈએ તે હું કહી બતાવું છું. તેને સમજીને તથા ગુરુના બતાવ્યા પ્રમાણે શ્રદ્ધાપૂર્વક તેને અનુસરીને કેટલાય જીવો સિદ્ધ-બુદ્ધ અને મુક્ત થઈ તથા પરિનિર્વાણ પામી, સર્વ દુઃખોનો અંત કરી શક્યા છે.

પ્રથમ ગુણ તે 'સંવેગ' અથવા મોક્ષાભિલાષા. સંવેગથી જીવમાં તીવ્ર ધર્મશ્રદ્ધા જન્મે છે; તીવ્ર ધર્મશ્રદ્ધાથી તેની મોક્ષાભિલાષા વળી વૃદ્ધિંગત થાય છે. તેથી તે જીવ અનંતકાળ સંસારમાં રખડાવનાર ક્રોધ- માન-માયા અને લોભનો નાશ કરે છે, તથા નવાં કર્મ બાંધતો નથી. ક્રોધાદિના નાશથી તત્ત્વાર્થમાં તેની અશ્રદ્ધા દૂર થાય છે, અને વિશુદ્ધ શ્રદ્ધા જન્મે છે. વિશુદ્ધ શ્રદ્ધાથી કેટલાક જીવો તે ભવે જ સિદ્ધિ પામે છે, અથવા ત્રીજે ભવે તો અવશ્ય પામે છે જ.

બીજો ગુણ તે 'નિર્વેદ' અથવા સંસારથી વિરક્તતા. તેનાથી જીવ દેવ-મનુષ્ય-પશુપંખી-સંબંધી કામભોગોમાં વિરક્ત થાય છે; વિરક્ત થયા બાદ તે ભોગસાધનોની પ્રાપ્તિ માટે આરંભ તેમજ પરિગ્રહ કરવો તજી દે છે; અને એ રીતે સંસારમાર્ગનો વિચ્છેદ કરી, સિદ્ધિમાર્ગ પામે છે.

ત્રીજો ગુણ તે ‘ધર્મશ્રદ્ધા’. તેનાથી જીવ પોતાને ગમતાં વિષય-સુખોમાંથી વિરક્ત થાય છે, અને ગૃહસ્થધર્મ તજી સાધુપણું સ્વીકારે છે.તે રીતે છેદન-ભેદન-સંયોગ-વિયોગ વગેરે શારીરિક અને માનસિક દુઃખોનો અંત લાવી, તે અવ્યાબાધ મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે.

ચોથો ગુણ તે ગુરુ તથા સાધર્મિકોની ‘સેવાશુશ્રૂષા’. તેનાથી મનુષ્યને વિનય પ્રાપ્ત થાય છે. તેનાથી તે વિનયમૂલક સર્વ ધર્મકાર્યો સાધે છે.

પાંચમો ગુણ ‘આલોચના’ અથવા (ગુરુ આગળ) પોતાના દોષ કબૂલ કરી દેવા તે. તેનાથી જીવ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારાં તથા અનંત સંસાર વધારનારાં ત્રણ શલ્યો પોતામાંથી ખેંચી કાઢે છે, અને સરળતા પ્રાપ્ત કરી શકે છે. ત્રણ શલ્યો તે આ : માયા, નિદાન (ભોગોની લાલસા), અને મિથ્યા દર્શન (સત્ય ઉપર શ્રદ્ધા ન ચોટવી અથવા અસત્યનો આગ્રહ).

છઠ્ઠો ગુણ તે ‘નિંદના’ અર્થાત્ પોતાની આગળ પોતાના દોષો કબૂલી જવા તે. તેનાથી જીવ પશ્ચાત્તાપ પ્રાપ્ત કરે છે; પશ્ચાત્તાપથી વૈરાગ્ય પ્રાપ્ત કરે છે; અને વૈરાગ્યથી અંતઃકરણશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

સાતમો ગુણ તે ‘ગર્હણા’, અર્થાત્ પોતાની આગળ પોતાના દોષ પ્રગટ કરવા તે. તેનાથી જીવ અનુચિત પ્રવૃત્તિઓ કરતો અટકે છે, અને ઉચિત પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાય છે.

આઠમો ગુણ તે ‘સામાયિક’ અથાત્ સમભાવમાં આત્માને સ્થાપિત કરવો તે. તેનાથી જીવ અધાર્મિક પ્રવૃતત્તિઓમાંથી વિરત થાય છે.

નવમો ગુણ તે ‘તીર્થંકરોની સ્તુતિ’. તેનાથી શ્રદ્ધારુચિની નિર્મળતા પ્રાપ્ત થાય છે.

દશમો ગુણ તે ‘ગુરુને વંદન.’

અગિયારમો ગુણ તે 'પ્રતિક્રમણ'—અર્થાત્ થયેલ ભૂલનો અનુતાપ કરી, તેમાંથી નિવૃત્ત થવું, અને નવી ભૂલ ન કરવા સાવધાન થવું તે.

બારમો ગુણ તે 'કાયોત્સર્ગ' અર્થાત્ શારીરિક વ્યાપારો છોડી, એક આસને સ્થિર થઈ ધ્યાનસ્થ થવું તે. તેનાથી જીવ અતીત અને વર્તમાન દોષો ધોઈ નાખી શકે છે, અને પછી ભાર દૂર થવાથી સુખે વિચરતા મજૂરની પેઠે સ્વસ્થ હૃદયે પ્રશસ્ત ધ્યાનયુક્ત થઈ શકે છે.

તેરમો ગુણ તે 'પ્રત્યાખ્યાન' અર્થાત્ કશું ત્યાગવાનો નિયમ. તેનાથી જીવ કર્મબંધનનાં દ્વારો બંધ કરી શકે છે, તથા ઇચ્છાનિરોધ પ્રાપ્ત કરી શકે છે. તેમ કરનારો જીવ સર્વ પદાર્થોમાંથી તૃષ્ણા નિવૃત્ત કરી, બાહ્યોત્તર સંતાપરહિત થઈ વિચરે છે.

ચૌદમો ગુણ તે 'સ્તવ-સ્તુતિ-મંગળ'. સ્તવન અને સ્તુતિથી જીવ જ્ઞાન, દર્શન ચારિત્રરૂપી સદ્ધર્મ પ્રાપ્ત કરે છે, તથા એવી આરાધના કરી શકે છે કે, જેથી સંસારનો અંત આવી શકે છે.

પંદરમો ગુણ તે 'કાલપ્રતિલેખના' અર્થાત્ યોગ્ય વખતે યોગ્ય કામ કરવા કાળની બાબતમાં સાવધાની તેનાથી જીવ જ્ઞાનને આવરણ કરનાર કર્મોનો નાશ કરી શકે છે.

સોળમો ગુણ તે 'પ્રાયશ્ચિત્તકરણ'. તેનાથી જીવ પાપકર્મ ધોઈ નાખી, દોષરહિત થઈ શકે છે. યોગ્ય રીતે પ્રાયશ્ચિત કરનારો જીવ માર્ગ અને માર્ગનું ફળ તથા આચાર અને આચારનું ફળ પ્રાપ્ત કરી શકે છે.

સત્તરમો ગુણ તે 'ક્ષમાપના' અર્થાત્ કરેલ અપરાધની ક્ષમા માગવી તે. તેનાથી જીવ ચિત્તની પ્રસન્નતા અને સર્વ ભૂતપ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ પ્રાપ્ત કરે છે; પછી તે રાગદ્વેષરહિત થઈ, નિર્ભય બની શકે છે.

૧૮ થી ૨૩ સુધીના ગુણ તે સ્વાધ્યાય અને તેના પાંચ પ્રકારો : વાચના (પાઠ લેવો તે), પ્રતિપૃચ્છના (ગુરુને શંકા પૂછવી તે), પરિવર્તના (વારંવાર પુનરાવર્તન), અનુપ્રેક્ષા (ચિંતન-મનન) અને ધર્મકથા. સ્વાધ્યાયથી જ્ઞાનને આવરણ કરનારાં કર્મ નાશ પામે છે.

ચોવીસમો ગુણ તે 'શ્રુતારાધના' અર્થાત્ સિદ્ધાંતનું સેવન. તેનાથી જીવ અજ્ઞાનનો નાશ કરે છે.

પચીસમો ગુણ તે 'એકાગ્રમનસંનિવેશના' અર્થાત્ એક ધ્યેય વસ્તુમાં ચિત્તની સ્થાપના. તેનાથી જીવ ચિત્તનિરોધ કરી શકે છે.

છવ્વીસમો ગુણ તે 'સંયમ' તેનાથી જીવ પાપનો નિરોધ કરી શકે છે.

સત્તાવીસમો ગુણ તે 'તપ' તેનાથી જીવ વ્યવદાન અર્થાત્ પૂર્વે બાંધેલા કર્મનું દૂરીકરણ પ્રાપ્ત કરી શકે છે.

અઠ્ઠાવીસમો ગુણ તે 'વ્યવદાન' તેનાથી જીવ સર્વ પ્રકારની ક્રિયાની ઉચ્છિન્નતારૂપી ધ્યાનની ઉત્કૃષ્ટ પાયરી પ્રાપ્ત કરી શકે છે, અને શુદ્ધ-બુદ્ધ- તથા મુક્ત થઈ શકે છે.

ઓગણત્રીસમો ગુણ તે 'સુખશાતન' અર્થાત્ સુખની સ્પૃહાનું નિવારણ. તેનાથી જીવ વિષયસુખોમાં અનુત્સુકતા પ્રાપ્ત કરી શકે છે. તેમ કર્યા પછી જ તે સાચી અનુકંપા, અભિમાનરહિતતા, તથા શોકરહિતતા પ્રાપ્ત કરે છે, અને ચારિત્રમોહનીય કર્મોનો નાશ કરે છે.

ત્રીસમો ગુણ તે 'અપ્રતિબદ્ધતા' અર્થાત્ નીરાગતા. તેનાથી જીવ નિ:સંગતા પ્રાપ્ત કરે છે અને નિ:સંગતાથી રાગાદિરહિત તથા દૃઢમનસ્ક બની, દિવસે યા રાત્રે સતત બાહ્ય સંગ તજી, અપ્રતિબદ્ધપણે વિહરે છે.

એકત્રીસમો ગુણ તે 'વિવિક્તશય્યાસનસેવના' અર્થાત્ સ્ત્રી-

પશુ- નપુંસક વગેરેથી રહિત શયન, આસન-મુકામ વગેરે સેવવાં તે. તેનાથી જીવ ચારિત્રની રક્ષા કરી શકે છે.

બત્રીસમો ગુણ તે 'વિનિવર્તના' અર્થાત્ વિષયો તરફથી આત્માનું પરાઙ્મુખ થવું તે. તેનાથી જીવ પાપકર્મો ન કરવા માટે પ્રયત્નવાન થાય છે, અને બાંધેલાં કર્મ દૂર કરવા અભિમુખ બને છે.

તેત્રીસથી ચાલીસ સુધીના ગુણ તે : સંભોગ (મંડળીમાં બેસી જમવું), ઉપધિ (સાધનસામગ્રી), સદોષ આહાર, કષાય, (ક્રોધ-માન-માયા-લોભ), યોગ (મન-વાણી-કાયાની પ્રવૃત્તિ), શરીર, સાહાય્ય (સાથીઓ), અને ભક્ત (આ ભક્તપ્રત્યાખ્યાન તથા પછીનું સદ્ભાવ પ્રત્યાખ્યાન, અંતિમ સમયે અખત્યાર કરવાના હોય છે. 'પ્રત્યાખ્યાન'નો પ્રસંગ હોવાથી જ ક્રમ વટાવી અહીં વચમાં લાવી મૂક્યાં લાગે છે.) (આહાર)—નાં પ્રત્યાખ્યાન, અથવા ત્યાગ છે; અને એકતાલીસમો ગુણ તે 'સદ્ભાવપ્રત્યાખ્યાન' છે. અર્થાત્ એવા પ્રકારનો સંપૂર્ણ ત્યાગ કે જેથી ફરી કદી ન કરવા પડે.

બેતાલીસમો ગુણ તે 'પ્રતિરૂપતા', અર્થાત્ સાધુસંઘની આચાર-મર્યાદાઓને વેશ વગેરે બાબતોમાં અનુસરવું તે. તેનાથી હલકાપણું-નિરાંત પ્રાપ્ત થાય છે; સાધુનાં પ્રશસ્ત ચિહ્નો ધારણ કર્યાં હોવાથી અપ્રમત્ત રહેવાની ચીવટ થાય છે, તથા અન્ય લોકોને પણ વિશ્વાસ ઊપજે છે.

૪૩મો ગુણ તે 'વૈયાવૃત્ત્ય' અર્થાત્ સાધુ વગેરેની સેવા શુશ્રૂષા.

૪૪મો ગુણ તે સર્વગુણસંપન્નતા.

૪૫મો ગુણ તે વીતરાગતા અર્થાત્ રાગદ્વેષરહિતતા.

૪૬મો ગુણ તે 'ક્ષાંતિ' અર્થાત્ સહનશક્તિ. તેનાથી જીવ પરીષહો અર્થાત્ મુશ્કેલીઓ જીતી શકે છે.

૪૭મો ગુણ તે 'મુક્તિ' અથવા નિર્લોભતા.

૪૮મો ગુણ તે 'આર્જવ' અર્થાત્ સરળતા. તેનાથી જીવ મન-વાણી-કાયાની એકરૂપતા અને વિશુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

૪૯મો ગુણ તે 'મૃદુતા' અથાત્ અમાનીપણું.

૫૦મો ગુણ તે 'ભાવસત્ય' અર્થાત્ અંતરની સચ્ચાઈ. તેનાથી જીવ અંતઃકરણશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

૫૧મો ગુણ તે 'કરણસત્ય' અર્થાત્ આચારની (પ્રતિલેખના વગેરે સાધુના આચારો) સચ્ચાઈ. તેનાથી જીવ ક્રિયાસામર્થ પ્રાપ્ત કરી શકે છે.

૫૨મો ગુમ તે 'યોગસત્ય' અર્થાત્ મન-વાણી-કાયાની સચ્ચાઈ. તેનાથી જીવની પ્રવૃત્તિઓ નિર્દોષ બને છે.

૫૩થી ૫૫ સુધીના ગુણ તે મન, વાણી અને કાયાની 'ગુપ્તતા' અર્થાત્ અશુભ વ્યાપારમાંથી રક્ષણ છે. તેમજ ૫૬ થી ૫૮ સુધીના ગુણ તે મન-વાણી-કાયાની 'સમધારણા' અર્થાત્ તેમને શુભ માર્ગમાં સ્થાપન કરવાં તે છે.

૫૯મો ગુણ તે 'જ્ઞાનસંપન્નતા' અર્થાત્ શાસ્ત્રજ્ઞાનમાં વિશારદતા છે. તેનાથી જીવ દોરાવાળી સોયની પેઠે સંસારરૂપી અરણ્યમાં ખોવાઈ જતો નથી. પરંતુ જ્ઞાન, વિનય, તપ અને ચારિત્ર ભલે પ્રકારે પ્રાપ્ત કરી, સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં કુશળ બની, અજેય બને છે.

૬૦મો ગુણ તે 'દર્શનસંપન્નતા' અર્થાત્ તત્ત્વાર્થમાં સમ્યક્ શ્રદ્ધા. ૬૧મો ગુણ તે ચારિત્રસંપન્નતા. ૬૨થી ૬૬ સુધીના ગુણ તે શ્રોત્ર-ચક્ષુ- ઘ્રાણ, જિહ્વા, અને સ્પર્શ ઇંદ્રિયોના 'નિગ્રહ' અને ૬૭ થી ૭૦ સુધીના ગુણ તે ક્રોધ-માન-માયા અને લોભના 'વિજય' સમજવા.

૭૧મો ગુણ તે 'પ્રેય્ય-દ્વેષ-મિથ્યાદર્શનવિજય' અર્થાત્ રાગ-દ્વેષ અને મિથ્યાદર્શનનો વિજય છે. તેનાથી જીવ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરવા પ્રયત્નશીલ થઈ, આઠ પ્રકારના કર્મની

ગાંઠ તોડવા તત્પર થાય છે. પ્રથમ તો મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એમ ચાર કર્મોનો ક્ષય થાય છે. તેમાં પણ મોહનીય કર્મ પ્રથમ ક્ષીણ થતાં, અંતર્મુહૂર્ત બાદ બાકીનાં ત્રણ સાથે ક્ષય પામે છે. ત્યાર બાદ તેને અનંત, શ્રેષ્ઠ, સંપૂર્ણ, નિરાવરણ, સ્પષ્ટ, વિશુદ્ધ,અને લોક તથા અલોકનું પ્રકાશક એવું ઉત્તમ કેવલ જ્ઞાન દર્શન પ્રાપ્ત થાય છે. પછી જ્યાં સુધી તે સયોગ દશામાં એટલે કે મન-વાણી-કાયાના વ્યાપારો યુક્ત હોય છે, ત્યાં સુધી તેને (નિર્દોષ છતાં પાંપણના હાલવા ચાલવા જેવી સ્વાભાવિક ક્રિયાઓને કારણે) જે કર્મબંધન થાય છે, તે સુખકારી સ્પર્શ- વાળું હોય છે, માત્ર બે ક્ષણ ટકે છે; (પહેલી ક્ષણે બંધાય છે, બીજી ક્ષણે તેનો અનુભવ થઈ જાય છે, અને ત્રીજી ક્ષણે તે નાશ પામી જાય છે.

૭૨મો ગુણ તે 'શૈલેશીપણું'; અર્થાત્ (ઉપર જણાવ્યા પ્રમાણે) કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી મુહૂર્ત કરતાં પણ ઓછું આયુષ્ય બાકી રહે, ત્યારે તે ભિક્ષુ મન-વાણી-કાયાના વ્યાપારોનો નિરોધ કરી, જેમાં માત્ર શ્વાસોચ્છવાસ જેવી સૂક્ષ્મ શરીરક્રિયાઓ બાકી રહેલી હોય છે, અને જેમાંથી પતન થવાનો પણ સંભવ નથી એવી શુક્લ ધ્યાનની ત્રીજી પાયરીએ સ્થિતિ થાય છે. પ્રથમ તે મનોવ્યાપારને રોકે છે પછી વાણીવ્યાપારને રોકે છે, પછી કાયવ્યાપારને રોકે છે, પછી શ્વાસપ્રશ્વાસને રોકે છે. પછી अ, इ, उ, ऋ, ऌ એ પાંચ હ્રસ્વ અક્ષરો બોલતાં જેટલો વખત લાગે તેટલા વખતમાં તે સ્થૂળ કે સૂક્ષ્મ એવી મન-વાણી-કાય-કોઈ પણ ક્રિયા વિનાની તથા જે સ્થિતિમાંથી પછી પાછા ફરવાપણું નથી એવી શુક્લધ્યાનની ચોથી પાયરીએ સ્થિત થાય છે; અને ત્યાં સ્થિત થતાંની સાથે જ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર : એ ચાર બાકી રહેલા કર્માંશોનો નાશ કરી નાખે છે.

૭૩મો ગુણ તે અકર્મતા. અર્થાત્ ઉપર પ્રમાણે ચાર કર્મોનો

ક્ષય થયા પછી શરીરમાત્રનો સર્વ પ્રકારે ત્યાગ કરી તે જીવ સીધી લીટીમાં, ઊર્ધ્વ ગતિથી, એક સમયમાં જ, વાંકોચૂકો થયા વિના તે (મોક્ષ) સ્થાને જાય છે; અને જ્ઞાનરૂપી લક્ષણવાળો થઈ, સિદ્ધ-બુદ્ધ અને મુક્ત બને છે.

(ઉત્તરાધ્યયન. ૨૯)

૩. હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ-રાત્રીભોજન-ચાલવા બોલવા વગેરે પ્રવૃત્તિઓમાં અસાવધાની, મન-વાણી-કાયાનું અસત્પ્રવૃત્તિમાંથી અરક્ષણ, ક્રોધ-માન-માયા, અને લોભ, ઇંદ્રિયનિગ્રહનો અભાવ, ગર્વ, દંભવૃત્તિ, ભોગની લાલસા, અને મિથ્યાત્વ એ બધાં આત્મામાં પાપકર્મ દાખલ થવાનાં દ્વારો– આસ્રવો છે. તે બધાંથી રાગદ્વેષયુક્ત બનેલો જીવ પાપકર્મ બાંધે છે.

જેમ કોઈ મોટા તળાવને સૂકવી નાખવું હોય, તો પ્રથમ તેમાં નવું પાણી દાખલ થવાના માર્ગો બંધ કરી, અંદરનું પાણી ઉલેચીને સૂકવી નાખવું જોઈએ, તેમ સંયમી ભિક્ષુએ પણ, પ્રથમ નવાં પાપકર્મ દાખલ થવાના આસ્રવો રૂપી દ્વારો બંધ કરી, પછી કરોડો જન્મથી એકઠા થયેલા કર્મને તપ વડે દૂર કરવું જોઈએ.

(ઉત્તરાધ્યયન. ૩૦)

□□□

# સુયં મે આઉસં !

## ખંડ ૪થો

## સિદ્ધાંતખંડ

# ૧

# સત્સંગનો મહિમા

જૂના વખતની વાત છે. તુંગિકા[1] નગરીમાં તે વખતે ઘણા જૈન ગૃહસ્થો રહેતા હતા. તેઓ અઢળક ધનવાળા અને સુસંપન્ન હતા. તેઓ ધીરધાર કરીને તેમ જ કળાહુન્નરમાં પૈસા રોકીને આજીવિકા ચલાવતા હતા. તેઓ જીવ શું, અજીવ શું વગેરે ધર્મસિદ્ધાંતોના જાણકાર હતા; તેમને પાપ-પુણ્યનો ખ્યાલ હતો; શાથી પાપકર્મ બંધાય છે, કેવી રીતે તેને રોકી શકાય, કેવી રીતે તેને ખંખેરી નાખી શકાય, શારીરિક વગેરે ક્રિયાઓમાંથી કઈ શુભ છે કે અશુભ છે, તેમ જ જીવનવ્યવહારનાં વિવિધ સાધનોમાંથી કયાં સ્વીકાર્ય કે અસ્વીકાર્ય છે, એ બધું તેઓ સમજતા હતા. તેઓ કોઈ પણ કાર્યમાં બીજાની આશા ઉપર નિર્ભર ન હતા; તથા કોઈથી ગાંજ્યા જાય તેવા ન હતા. જૈન સિદ્ધાંતમાં તેઓ એવા ચુસ્ત હતા કે, દેવ વગેરે આવીને ગમે તેટલા તેમને ભમાવે તો પણ તેઓ ચળે નહીં. તેઓને જૈન સિદ્ધાંતમાં વર્ણવેલ તત્ત્વો બાબત શંકા ન હતી, કે તેમાં જણાવેલ આચાર બાબત વિચિકિત્સા ન હતી. તેઓએ શાસ્ત્રાધ્યયન કરી, તેના અર્થને નિર્ણીત કર્યો હતો; તથા જૈન સિદ્ધાંત ઉપર હાડેહાડ પ્રેમ વ્યાપેલો હોવાથી તેઓ એમ કહેતા, 'આ સિદ્ધાંત જ અર્થરૂપ કે પરમાર્થરૂપ છે; બાકી બધું અનર્થરૂપ છે !'

તેઓની ઉદારતાને કારણે તેઓના દરવાજાઓના આગળા હંમેશાં ઊંચા જ રહેતા, અન તેમનાં આંગણાં જયારે-ત્યારે જમી

---

૧. એક જૂના અહેવાલ મુજબ તે નગરી પાટલિપુત્ર (પટણા) થી ૧૦ કોશ (ગાઉ) દૂર હતી.

ઊઠેલાઓના એંઠવાડવાળાં જ હોતાં. તેઓ એવા પવિત્ર ચારિત્રવાળા હતા કે, કોઈના અંતઃપુરમાં તેઓ જતા તો કોઈને કશી શંકા જ આવતી નહોતી. તેઓ સ્થૂલ અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, અપરિગ્રહ અને અસ્તેયરૂપી 'શીલવ્રતો'[1]; મર્યાદિતક્ષેત્રમાં જ પ્રવૃતિ કરવી, ભોગોપભોગની વસ્તુઓની મર્યાદા બાંધવી, અને પ્રયોજન વિનાનો અધર્મવ્યાપાર ત્યાગવો,—એ રૂપી 'ગુણવ્રતો'; રાગદ્વેષાદિથી વિરમવારૂપી 'વિરમણવ્રત'; પાપકર્મ ત્યાગવાના નિયમરૂપી 'પ્રત્યાખ્યાનવ્રત'; ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમે ઉપવાસ, બ્રહ્મચર્યપાલન, વગેરે રૂપી 'પૌષધવ્રત', તથા શ્રમણ-સાધુને અન્ન-પાન, વસ્ત્ર-પાત્ર વગેરે આપવારૂપી 'અતિથિસંવિભાગ[2]-વ્રત' બરાબર આચરતા હતા, તથા વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત[3] કરતા વિહરતા હતા.

તે અરસામાં, મહાવીરની પહેલાંના જૈન તીર્થંકર પાર્શ્વનાથના[4] શિષ્ય ૫૦૦ સાધુ- ભગવંતો વિચરતા વિચરતા તુંગિકામાં આવી પહોંચ્યા; અને યોગ્ય સ્થળ શોધીને ઊતર્યા. તેઓ જાતિ, કુલ, બલ, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન, અને ચારિત્રયુક્ત હતા; લજ્જાળુ, નમ્ર ઓજસ્વી,[5] તેજસ્વી, પ્રતાપી અને કીર્તિમાન હતા; ક્રોધ, માન, માયા, લોભ, નિદ્રા, ઇંદ્રિયો, સંકટો તથા

---

૧. એટલે કે અણુવ્રતો

૨. એ બધાં વ્રતોના વિગતવાર વર્ણન માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૨૦-૫૨.

૩. વાસિત કરવું, એકાગ્ર કરવું, ચિંતન કરવું વગેરે સામટા અર્થોમાં તે શબ્દ જૈન સાહિત્યમાં વારંવાર વપરાય છે.

૪. તેમની વિશેષ માહિતી માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૩૧.

૫. મનની સ્થિરતા-અડગવૃત્તિ-વાળા.

વિઘ્નો[1] જીતનારા હતા; જીવવાની દરકાર વિનાના હતા, મરણની બીક વિનાના હતા; તથા જ્ઞાનાદિની બાબતમાં મહાભંડારરૂપ[2] હતા. તેઓ તપસ્વી હતા, ગુણવંત હતા, નિર્દોષ ભિક્ષાચર્યાથી જીવનારા હતા, અને સુવ્રતી હતા. વળી તેઓ નિગ્રહપ્રધાન, નિશ્ચયપ્રધાન, ક્ષમા-મુક્તિ-વિદ્યા-મંત્ર-વેદ-બ્રહ્મચર્ય-નય[3]-નિયમ-સત્ય-પવિત્રતા તથા સુબુદ્ધિથી યુક્ત, શુદ્ધિમાં હેતુરૂપ, સર્વ જીવોના મિત્ર, તપના ફળની આકાંક્ષા[4] વિનાના, અચંચળ, સંયમરત, સાધુપણામાં લીન તથા દોષરહિત પ્રશ્નોત્તરવાળા હતા.

તેઓના આવ્યાની વાત ટૂંક સમયમાં આખા ગામમાં સર્વત્ર ફેલાઈ ગઈ. પેલા જૈન ગૃહસ્થો પણ તે વાત સાંભળી માંહોમાંહે કહેવા લાગ્યા કે, 'હે ભાઈ[5]! એવા સાધુભગવંતોનું નામ કે ગોત્ર પણ આપણે કાને પડી જાય તો પણ મોટું ફળ છે, તો પછી તેઓની સામે જવાથી, તેઓને વંદવાથી અને તેઓની સેવા કરવાથી તો કેટલું અધિક કલ્યાણ પ્રાપ્ત થાય ? વળી આર્ય પુરુષે કહેલ એક પણ આર્ય અને સુધાર્મિક વચન સાંભળવાથી અતિ લાભ થાય છે, તો પછી તેવો ઘણો અર્થ સાંભળવાથી થતા લાભની તો વાત જ શી કરવી ? માટે ચાલો આપણે ત્યાં જઈએ અને તેમને વંદન કરી, તેમની પર્યુપાસના કરીએ ! એમ કરવું આપણને બીજા ભવમાં, પથ્ય અન્નની

---

૧. મૂળમાં તેમને માટે જૈન પારિભાષિક 'પરિષહ' શબ્દ છે. તેને માટે જુઓ આગળ આ ખંડમાં તે નામનું પ્રકરણ.

૨. મૂળમાં તેને માટે 'कुत्रिकापण' શબ્દ છે; એટલે કે, ત્રણે લોકની વસ્તુઓ જ્યાંથી મળી શકે તેવી દુકાન.

૩. વસ્તુને જોવાનાં અનેક દૃષ્ટિબિંદુઓમાંથી કોઈ પણ એક. બધાં દૃષ્ટિબિંદુઓનો સમન્વય કરનાર પુરુષ 'નયજ્ઞ' કહેવાય.

૪. મૂળમાં તેનો પારિભાષિક શબ્દ 'નિદાન' છે.

૫. મૂળ : 'હે દેવાનુપ્રિય !'.

પેઠે, હિતરૂપ, ક્ષેમરૂપ, મુક્તિરૂપ તથા પરંપરાએ કલ્યાણરૂપ થશે' !

આમ વિચારી તેઓ પોતપોતાને ઘેર ગયા. ઘેર જઈ, સ્નાન કરી, ગોત્રદેવીનું પૂજન કરી, કૌતુક અને મંગલરૂપ[1] પ્રાયશ્ચિત કરી, તથા બહાર જવાને યોગ્ય માંગલિક શુદ્ધ વસ્ત્રોને ઉત્તમતાપૂર્વક પહેરી, તેઓ ઘેરથી નીકળી એક ઠેકાણે ભેગા થયા; અને પછી પુષ્પવતી ચૈત્ય[2], કે જ્યાં પેલા સાધુઓ ઊતર્યા હતા, ત્યાં આવ્યા. પાસે પહોંચતાં જ તેઓએ પોતાની પાસેનાં બધાં સચિત્ત દ્રવ્યો કોરે મૂકર્યાં; અચિત્ત દ્રવ્યો જ સાથે રાખ્યાં; ખેસને જનોઈની પેઠે વીંટાળ્યો[3]; તથા તે સાધુઓ દૃષ્ટિએ પડતાં જ હાથ જોડ્યા અને મનને એકાગ્ર કર્યું. આ પ્રમાણે નજીક જઈ, તેઓએ ત્રણ વાર પ્રદક્ષિણા કરી, તેમની મન-વાણી-કાયાથી પર્યુપાસના કરી.

પેલા સાધુભગવંતોએ પણ ઘણા લોકોને આવ્યા જોઈ, ચાર મહાવ્રતવાળા[4] ધર્મનો ઉપદેશ કર્યો. તેનું શ્રવણ કરી, લોકસમુદાય હર્ષિત તથા સંતુષ્ટ થઈ, તેમની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, 'તમે ઠીક કહ્યું; આવું કથન બીજા વડે અસંભવિત છે,' એમ કહી, તેમને નમન કરી, પોતપોતાને ઠેકાણે ચાલ્યો ગયો.

ત્યાર બાદ પેલા જૈન ગૃહસ્થોએ પણ તેમની પ્રદક્ષિણા વગેરે

---

૧. રાત્રે આવેલાં કુસ્વપ્નાદિના નિવારણ અર્થે તેમજ શુભ શુકનને અર્થે કરાતી તિલકધારણ, તથા સરસવ-દહીં વગેરે માંગલિક વસ્તુઓનું દર્શન, વગેરે ક્રિયાઓ.

૨. કોઈ દેવનું સ્થાનક-મંદિર.

૩. તેને 'એકશાટિક-ઉત્તરાસંગ' કહે છે.

૪. પાર્શ્વનાથના વખતમાં પાંચમા બ્રહ્મચર્યવ્રતનો અપરિગ્રહમાં જ સમાવેશ કરી લેવામાં આવતો. કારણ કે, સ્ત્રીને પરિગ્રહનો જ એક ભાગ ગણવામાં આવતી. એ સંબંધી તે સમયમાં જ ચાલેલી ચર્ચા માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પાનું ૧૩૪.

કરીને તેમને આ પ્રમાણે પૂછ્યું:

"હે ભગવન્ ! સંયમનું શું ફળ છે ? તથા તપનું શું ફળ છે ?

પેલા સાધુભગવંતોએ જવાબ આપ્યો : "હે આર્યો ! સંયમથી નવાં કર્મો બંધાતાં અટકે છે; અને તપથી પૂર્વે બંધાયેલા કર્મો દૂર થાય[1] છે."

આ સાંભળી પેલા ગૃહસ્થોએ પૂછ્યું કે, "અમે સાંભળ્યા પ્રમાણે સંયમથી દેવલોકની પ્રાપ્તિ થાય છે, અને દેવ થવાય છે, તેનું શું ?"

ત્યારે તે સાધુઓએ[2] જવાબ આપ્યો : "સરાગ અવસ્થામાં આચરેલા તપથી, સરાગ અવસ્થામાં પાળેલા સંયમથી, મૃત્યુ પહેલાં બધાં કર્મોનો નાશ ન કરી શકાવાથી, કે બાહ્ય સંયમ હોવા છતાં અંતરમાં રહેલી આસક્તિથી મુક્તિને બદલે દેવપણું પ્રાપ્ત થાય છે. એ વાત સાચી છે માટે અમે કહી છે, અમારા અભિમાનથી કહી નથી."

આ જવાબ સાંભળી પેલા જૈન ગૃહસ્થો સંતુષ્ટ તથા હર્ષિત થયા; અને બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછી, તથા પ્રદક્ષિણા-વંદનાદિ કરી પોતપોતાને સ્થળે પાછા ફર્યા.

તે અરસામાં શ્રમણ ભગવાન મહાવીર શિષ્યસમુદાય[3] સાથે ફરતા ફરતા રાજગૃહ નગરમાં આવી પહોંચ્યા, અને તે નગરના

---

૧. એ ક્રિયાને જૈન પરિભાષામાં 'વ્યવદાન' (કાપવું-સાફ કરવું) કહે છે.

૨. આ જવાબ મૂળમાં કાલિકપુત્ર, મેધિલ, આનંદરક્ષિત, અને કાશ્યપ એ ચારે જણે આપેલો છે; અને દરેકે જવાબમાંનો એક એક અંશ છૂટો છૂટો કહ્યો છે.

૩. 'ઔપપાતિક સૂત્ર'માં જણાવ્યા પ્રમાણે ૧૪,૦૦૦ સાધુ તથા ૩૬,૦૦૦ સાધ્વીઓ સાથે.

ઈશાનખૂણામાં આવેલા 'ગુણશિલક' ચૈત્યમાં ઊતર્યા. તે ભગવાન ધર્મના[1] 'આદિકર્તા' હતા; 'તીર્થંકર' હતા; અન્યના ઉપદેશ વિના સ્વયં તત્ત્વબોધ પામેલા હતા; પુરુષોમાં શ્રેષ્ઠ હતા; સકલ લોકમાં શ્રેષ્ઠ હતા; સમગ્ર જગતના નાથ, પ્રદીપરૂપ, પ્રકાશક, અભયદાન દેનારા, જ્ઞાનરૂપી નેત્ર આપનારા, માર્ગપ્રદર્શક, શરણરૂપ, ધર્મદેશક, ધર્મસારથિ, ધર્મચક્રવર્તી, કેવલજ્ઞાની[2], શઠતારહિત, રાગદ્વેષને જીતનાર જિન, સકલ તત્ત્વના જ્ઞાતા, જાતે બુદ્ધ અને મુક્ત હોઈ અન્યને બોધ તેમ જ મુક્તિ અપાવનારા, સર્વજ્ઞ, અને સર્વદર્શી હતા; તથા શિવ(કલ્યાણરૂપ), અચલ, રોગરહિત[3], અનંત[4], અક્ષય, વ્યાબાધ રહિત, અને પુનરાવૃત્તિ રહિત એવા સિદ્ધગતિ નામના સ્થાનને પામવાની ઇચ્છાવાળા[5] હતા.

તે અરસામાં ભગવાનના મોટા શિષ્ય ઇંદ્રભૂતિ[6] નામના સાધુ સંયમ અને તપ આચરતા તેમની સાથે જ ફરતા હતા. તે સાડાસાત હાથ ઊંચા હતા; તેમનો શારીરિક બાંધો ઉગ્ર તેમ જ અંતિમ કોટિનું ધ્યાન સાધી શકાય તેવો હતો[7]; તેમનો વર્ણ કસોટીના પથરા ઉપર

---

૧. 'આચારાંગાદિ શાસ્ત્રમાં કહેલ ધર્મના'—ટીકા.

૨. અસ્ખલિત, તેમજ વ્યવધાનયુક્ત પદાર્થોને પણ જાણનાર શ્રેષ્ઠ જ્ઞાન તથા દર્શનવાળા.

૩. રોગના કારણરૂપ શરીર અને મનનો મુક્ત સ્થિતિમાં અભાવ હોવાથી.

૪. અનંત પદાર્થ વિષયક જ્ઞાનસ્વરૂપ.

૫. આ ઇચ્છા કામનારૂપે ગણવાની નથી; તેમને હવે વિદેહમુક્તિ બાકી હતી, એટલો જ તેનો અર્થ છે.

૬. તેમની વિશેષ માહિતી માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૩, ૨૪૦, ૨૬૨.

૭. તે બાંધાને જૈન પરિભાષામાં વજ્ર-ઋષભ-નારાચ-સંહનન કહે છે. તેની વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૨૯, ટિપ્પણ નં. ૧.

પડેલી સોનાની રેખા સમાન ગૌર હતો; તે ઉગ્ર તપસ્વી હતા; ઘોર બ્રહ્મચારી હતા; ધ્યાનરત હતા; શરીરની પરવા તેમ જ ટાપટીપ વિનાના હતા; તપવિશેષથી તેમને અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલા પદાર્થોનું દહન કરવામાં સમર્થ એવી તેજોજ્વાલા—તેજોલેશ્યા પ્રાપ્ત થઈ હતી; તીર્થંકરોએ અંગગ્રંથોની પણ પહેલાં ઉપદેશેલા ૧૪ 'પૂર્વ' ગ્રંથોના[૧] તે જાણકાર હતા; ઇંદ્રિય કે મનની સહાયતા વિના જ ગમે તે કાળના અને ગમે તે ક્ષેત્રના રૂપી પદાર્થોનું જ્ઞાન કરવાની શક્તિ તેમને પ્રાપ્ત થઈ હતી[૨]; તેમ જ મનવાળાં પ્રાણીઓનાં મન પણ તે જોઈ શકતા હતા[૩]; તેમને સકળ અક્ષરસંયોગોનું જ્ઞાન હતું, અથવા સાંભળવા યોગ્ય શબ્દોને સુસંગત રીતે બોલવાનો તેમનો સ્વભાવ હતો. તેમને કેવળજ્ઞાન થવાનું જ બાકી હતું.

તે ગૌતમ ઇંદ્રભૂતિએ તે વખતે ૭ ટંકનો ઉપવાસ કરેલો હતો. તેના પારણાને દિવસે પહેલી પૌરુષીમાં[૪] તેમણે સ્વાધ્યાય કર્યો; બીજી પૌરુષીમાં ધ્યાન કર્યું; અને ત્રીજી પૌરુષીમાં શારીરિક તથા માનસિક ચપળતા રહિત થઈને તેમણે પોતાની મુહપત્તી[૫] તપાસી લીધી તથા વાસણો અને વસ્ત્રો સાફ કર્યાં. પછી તે વાસણો લઈને તે ભગવાન મહાવીર પાસે આવ્યા અને તેમને નમન કરીને તેમની પાસેથી ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં વિધિપૂર્વક ભિક્ષા માટે જવાની

---

૧. તે ગ્રંથો વિષે વધુ માહિતી માટે જુઓ આ માળાનું 'સંયમધર્મ' પુસ્તક, પા. ૭.

૨. પરિભાષામાં તેને 'અવધિ લબ્ધિ' કહે છે.

૩. પરિભાષામાં તેને 'મનઃપર્યવ લબ્ધિ કહે છે.

૪. પૌરુષી એટલે દિવસ કે રાતનો ચોથો ભાગ. વિશેષ માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૫૬, ટિ. નં. ૧.

૫. શ્વાસોચ્છ્વાસથી અન્ય જીવજંતુને ઈજા ન થાય તે માટે જૈનસાધુઓ મોં ઉપર જે પટ્ટી બાંધે છે તે.

પરવાનગી માગી. પરવાનગી મળતાં તે શારીરિક અને માનસિક ઉતાવળને છોડી દઈ, અસંભ્રાંત ચિત્તે, તથા ધૂંસરા જેટલે દૂરથી આગળની જમીન જોતા જોતા ભિક્ષા લેવા રાજગૃહ નગરમાં ગયા.

ત્યાં ફરતાં ફરતાં તેમણે તુંગિકાના જૈન ગૃહસ્થોને પાર્શ્વનાથના શિષ્યો સાથે થયેલી વાતચીત સાંભળી. તે સાંભળીને તે બાબતમાં તેમને સંશય અને કુતૂહલ થયાં. તેથી તેનો ખુલાસો મેળવવાની ઈચ્છાથી, જોઈતી ભિક્ષા મેળવીને તેઓ ભગવાન મહાવીર પાસે આવ્યા. ત્યાં આવ્યા બાદ જવા-આવવામાં થયેલ દોષોનું તથા ભિક્ષા લેતાં લાગેલા દોષોનું ચિંતન તથા કબૂલાત કરી લીધાં; અને લાવેલાં અન્નપાન મહાવીર ભગવાનને બતાવ્યાં. ત્યારબાદ તેમને પોતાને ઊભો થયેલો પ્રશ્ન પૂછ્યો કે, ‘એ સાધુઓએ આપેલો જવાબ સાચો છે ? તેઓ એવા પ્રકારનો જવાબ દેવા સમર્થ છે ? વિપરીત જ્ઞાન વિનાના છે ? સારી પ્રવૃતિતવાળા છે ? અભ્યાસીઓ છે ? તથા વિશેષ જ્ઞાની છે ?

ત્યારે મહાવીર ભગવાને જવાબ આપ્યો કે, હે ગૌતમ ! તે સાધુઓએ સાચું જ કહ્યું છે; તેઓ એવા પ્રકારનો જવાબ દેવા સમર્થ છે; તેઓ વિપરીત જ્ઞાન વિનાના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી તેમ જ વિશેષજ્ઞાની છે. અને હું પોતે પણ એમ જ કહું છું, તથા જણાવું છું.

હવે ગૌતમે ભગવાને પૂછ્યું :

‘હે ભગવન્ ! તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનાર મનુષ્યને શું ફળ મળે ?’

ઉ. — હે ગૌતમ ! સજ્જનની પર્યુપાસનાનું ફળ શ્રવણ છે.

પ્ર. — હે ભગવન્ ! શ્રવણનું શું ફળ છે ?

ઉ. — હે ગૌતમ ! શ્રવણનું ફળ જ્ઞાન છે.

પ્ર. — હે ભગવન્ ! જ્ઞાનનું શું ફળ છે ?

ઉ. — હે ગૌતમ ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન[1] છે.

પ્ર. — હે ભગવન્ ! વિજ્ઞાનનું શું ફળ છે ?

ઉ. — હે ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન[2] છે.

પ્ર. — હે ભગવન્ ! પ્રત્યાખ્યાનનું શું ફળ છે ?

ઉ. — હે ગૌતમ ! પ્રત્યાખ્યાનનું ફળ સંયમ છે.

પ્ર. — હે ભગવન્ ! સંયમનું શું ફળ છે ?

ઉ. — હે ગૌતમ ! સંયમથી પાપકર્મના દ્વારા[3] બંધ થાય છે.

પ્ર. — હે ભગવન્ પાપકર્મનાં દ્વારો બંધ થવાથી શું થાય છે?

ઉ. — હે ગૌતમ ! તેમ થવાથી તપાચરણ શક્ય બને છે.

પ્ર. — હે ભગવન્ ! તપાચરણનું શું ફળ છે ?

ઉ. — હે ગૌતમ ! તપાચરણથી આત્માનો કર્મરૂપી મેલ સાફ થાય છે.

પ્ર. — હે ભગવન્ ! તેમ થવાથી શું થાય છે ?

ઉ. — હે ગૌતમ ! તેમ થવાથી સર્વ પ્રકારના કાયિક, માનસિક અને વાચિક વ્યાપારોનો નિરોધ થાય છે.

---

૧. આ વસ્તુ હેય છે, આ વસ્તુ ઉપાદેય છે — એવું વિવેકજ્ઞાન.

૨. પાપથી અટકવું, પાપના ત્યાગનો નિયમ કરવો તે.

૩. મૂળમાં 'આસ્રવ' છે.

પ્ર — હે ભગવન્ ! તે નિરોધથી શું થાય ?

ઉ — હે ગૌતમ ! તે નિરોધથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**ગાથા**

**ઉપાસના-શ્રવણ-જ્ઞાન-વિજ્ઞાન-પ્રત્યાખ્યાન-સંયમ;**
**અનાસ્રવ - તપ - કર્મનાશ - અક્રિયપણું - સિદ્ધિ,**

—શતક ૨, ઉદ્દેશક ૫.

□ □ □

# ૨

# ધર્મજ્ઞાનનું મૂળ

## ૧

ભગવાન મહાવીર રાજગૃહનગરમાં ગુણશિલક ચૈત્યમાં ઊતર્યા હતા, તે વખતે એક દિવસ ધર્મકથા વગેરે પતી ગયા પછી તેમના પટ્ટશિષ્ય ગૌતમ પોતાના મનમાં શંકા ઊભી થવાથી ભગવાન પાસે આવીને પૂછવા લાગ્યા :

પ્ર૦ — હે ભગવન્ ! કેવલજ્ઞાની પાસેથી કે તેના શ્રાવક પાસેથી કે તેના ઉપાસક પાસેથી[૧] સાંભળ્યા વિના જીવને કેવલજ્ઞાનીએ કહેલા ધર્મનું જ્ઞાન થાય ?

ઉ૦ — હે ગૌતમ ! કોઈ જીવને થાય, અને કોઈ જીવને ન થાય.

પ્ર૦ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

ઉ૦ — હે ગૌતમ ! જે જીવે જ્ઞાનને આવરણ કરનાર કર્મનો[૨] કાંઈક અંશે ક્ષય તેમ જ અન્ય અંશે ઉપશમ કર્યો હોય[૩], તે જીવને કોઈની પાસેથી સાંભળ્યા વિના પણ કેવલીએ કહેલા ધર્મનું જ્ઞાન થાય. પરંતુ તે જીવના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ નથી થયો, તે

---

૧. મૂળમાં કેવલજ્ઞાનીના 'પાક્ષિક' પાસેથી તેમજ તે પાક્ષિકના શ્રાવક કે ઉપાસક પાસેથી, એટલું વધારે છે. દરેક ઠેકાણે શ્રાવિકા, તથા ઉપાસિકા પણ સમજી લેવાના છે.

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૩. ઉદયમાં આવેલા અંશનો ક્ષય; અને બાકીનાનો ઉપશમ.

જીવને કેવલી વગેરેની પાસેથી સાંભળ્યા વિના ધર્મનું જ્ઞાન ન થાય.

પ્ર૰ — હે ભગવન્ ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ જીવ શુદ્ધ બોધિ એટલે કે સમ્યગ્દર્શન અથવા સમ્યક્ત્વ[1] પ્રાપ્ત કરી શકે ?

ઉ૰ — હે ગૌતમ ! જે જીવે દર્શનાવરણીય[2] અર્થાત્ દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ કર્યો છે, તે જીવ કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના પણ શુદ્ધ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે; અને તેમ ન કરનારો જીવ કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના ન પ્રાપ્ત કરે.

પ્ર૰ — હે ભગવન્ ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ પણ જીવ મુંડ એટલે કે દીક્ષિત થઈને, ગૃહવાસ ત્યજી પ્રવ્રજ્યાને સ્વીકારે ?

ઉ૰ — હે ગૌતમ ! જે જીવે ચારિત્રમાં અંતરાયભૂત ચારિત્રાવરણીય કર્મોનો[3] ક્ષયોપશમ કર્યો છે, તે જીવ કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના પણ મુંડ થઈને, ગૃહવાસ તજી, પ્રવ્રજ્યા સ્વીકારે; પરંતુ જે જીવે તેમ નથી કર્યું, તે કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના તેમ ન કરે.

તે જ પ્રમાણે શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરવાની બાબતમાં પણ જાણવું.

પ્ર૰ — હે ભગવન્ ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ જીવ શુદ્ધ સંયમ આચરી શકે ?

---

૧. અર્થાત્ સત્યની પ્રતીતિ, હેય કે ઉપાદેય તત્ત્વના યથાર્થ વિવેકની અભિરુચિ, તથા તેના બળથી ઉત્પન્ન થતી ધર્મતત્ત્વનિષ્ઠા,

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૩. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

ઉ — હે ગૌતમ ! જે જીવે ચારિત્ર વિશે વીર્ય અથવા પરાક્રમ કરવામાં અંતરાય કરનાર[૧] વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ *કર્યો હોય, તે કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના પણ શુદ્ધ સંયમ* આચરી શકે; પરંતુ જે જીવે તેમ નથી કર્યું, તે તેમ ન કરી શકે.

તે જ પ્રમાણે અધ્યવસાનાવરણીય (ભાવચારિત્રાવરણીય) કર્મોનો ક્ષયોપશમ કરે તો કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના પણ જીવ શુદ્ધ સંવર[૨] વડે આસ્રવનિરોધ કરે; તથા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનને[૩] આવરણ કરનારાં કર્મોનો ક્ષયોપશમ કરી, તે તે જ્ઞાનો પણ પ્રાપ્ત કરી શકે.

પ્ર — હે ભગવન્ ! કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે ?

ઉ — હે ગૌતમ ! કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરનાર જીવ કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે.

નિરંતર છ છ ટંકના ઉપવાસનું તપ કરનાર, તથા સૂર્યની સામે ઊંચા હાથ રાખી તાપ તપનાર પુરુષ પ્રકૃતિના ભદ્રપણાથી, પ્રકૃતિના ઉપશાંતપણાથી, ક્રોધ-માન-માયા-લોભ ઘણાં ઓછાં થયેલાં હોવાથી, અત્યંત માર્દવ-નમ્રતાને પ્રાપ્ત થયેલ હોવાથી, આલીનપણાથી, ભદ્રપણાથી અને વિનીતપણાથી, કોઈક દિવસ શુભ અધ્યવસાય, શુદ્ધ પરિણામ, અને શુદ્ધ ચિત્ત[૧] યુક્ત બનીને (તથા તથારૂપ કર્મોનો ક્ષયોપશમ કરીને) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં કરતાં એક પ્રકારનું દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેને

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨.

૩. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.

૪. મૂળ 'લેશ્યા' – મનોવૃત્તિ છે.

'વિભંગજ્ઞાન' કહે છે. તેને પ્રતાપે તે આંગળના અસંખ્યાતમાં ભાગથી માંડીને વધારેમાં વધારે અસંખ્યેય હજાર યોજનો જેટલા ક્ષેત્રમાં આવેલા તમામ મૂર્ત દ્રવ્યોને—કર્મધારી જીવો[1] તેમજ બીજા અજીવ પદાર્થોને— જોઈ શકે છે. તે રીતે તે, પાખંડી, હિંસાદિ પ્રવૃત્તિયુક્ત, પરિગ્રહયુક્ત અન સંક્લેશને પ્રાપ્ત થયેલા જીવોને પણ જાણે છે અને શુદ્ધ ચિત્તવાળા જીવોને પણ જાણે છે. તે ઉપરથી તે સાચા ધર્મનો વિવેક પ્રાપ્ત કરી, તેના ઉપર રુચિ કરે છે; ચારિત્રનો સ્વીકાર કરે છે; તથા લિંગ[2] ધારણ કરે છે. પછી તેનું મિથ્યાત્વીપણું[3] ક્ષીણ થતું જાય છે, સમ્યક્ત્વીપણું વધતું જાય છે, અને અંતે તે પૂરેપૂરો સમ્યક્ત્વી બની જાય છે. પછી તેનું વિભંગજ્ઞાન અવધિજ્ઞાન કહેવાય[4] છે. તેને તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુદ્ધલેશ્યા એવી ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ[5] જ હોય; પણ કૃષ્ણ વગેરે અશુદ્ધ લેશ્યાઓ ન હોય; તેના શરીરનો બાંધો પણ ઉત્કૃષ્ટ પ્રકારનો એટલે કે ધ્યાનને યોગ્ય વજ્ર-ઋષભ-નારાચ-સંહનન[6] જ હોય. તેની ઊંચાઈ ઓછામાં ઓછી સાત હાથ

---

૧. કર્મયુક્ત જીવ મૂર્ત જેવો બની ગયેલો હોય છે; કારણ તેના ઉપરનાં કર્માણુ મૂર્ત હોય છે.

૨. સાચા ધર્મનો (જૈન સાધુનો) વેશ.

૩. મિથ્યા માન્યતાવાળા-હોવાપણું, તેથી ઊલટું, તે સમ્યક્ત્વીપણું.

૪. જ્યાં સુધી ધર્મતત્ત્વમાં સાચી શ્રદ્ધા પ્રાપ્ત નથી થઈ, ત્યાં સુધીનાં ઇંદ્રિયજન્ય વગેરે જ્ઞાનો પણ અજ્ઞાન જ કહેવાય છે; કારણ કે તે બધાં જ્ઞાનોનો ઉપયોગ સાંસારિક વાસનાઓની પુષ્ટિમાં જ થાય છે. પરંતુ મોક્ષાભિમુખ આત્માનાં તે બધાં જ્ઞાનોનો ઉપયોગ સમભાવની પુષ્ટિમાં જ થતો હોવાથી તે બધાં જ્ઞાનરૂપ છે. વિભંગજ્ઞાન એટલે અવધિઅજ્ઞાન. તેથી ઊલટું તે અવધિજ્ઞાન.

૫. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૪.

૬. છ પ્રકારના શારીરિક બાંધાના વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૨૯. ટિપ્પણ નં. ૧.

હોય; તેની ઉંમર આઠ વર્ષ ઉપરાંતની હોય; તે પુરુષશરીરી જ હોય : સ્ત્રી કે નપુંસકને તે વસ્તુ સંભવિત નથી; તેને ઇંદ્રિયજન્મ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય; તેનાં ક્રોધ, માન, માયા અને લોભ પણ 'સંજ્વલન'[1] કોટીનાં એટલે કે કાંઈક સ્ખલન, અને માલિન્ય કરનારાં જ હોય, પરંતુ સર્વવિરતિનો પ્રતિબંધ કરનારાં ન હોય અને તેના અધ્યવસાયો પણ પ્રશસ્ત જ હોય. તેના તે પ્રશસ્ત અધ્યવસાયો વધતાં વધતાં તે પુરુષ અનંત નારકના ભવોથી પોતાના આત્માને વિમુક્ત કરે છે; અનંત પશુપક્ષીના ભવોથી પોતાની જાતને વિમુક્ત કરે છે; અને અનંત દેવભવોથી આત્માને વિમુક્ત કરે છે. પછી તે પેલા હળવા પ્રકારના ક્રોધ-માન-માયા-લોભનો પણ ક્ષય કરે છે; પાંચે પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે; નવ પ્રકારના દર્શનાવરણીય કર્મનો ક્ષય કરે છે; પાંચ પ્રકારના અંતરાયકર્મનો તથા મોહનીયકર્મનો ક્ષય કરે છે; અને એમ કરીને કર્મરજને વિખેરી નાખનાર અપૂર્વકરણમાં[2] પ્રવેશ કરે છે. પછી તેને અનંત, અનુત્તર, વ્યાબાધરહિત, આવરણરહિત, સર્વ પદાર્થને ગ્રહણ કરનાર, પ્રતિપૂર્ણ તથા શ્રેષ્ઠ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્ર — હે ભગવન્ ! તેવો કેવલજ્ઞાની કેવલીએ કહેલ ધર્મનો ઉપદેશ કરે ?

ઉ — હે ગૌતમ ! એ વાત યોગ્ય નથી. તે માત્ર ઉદાહરણ કહે, અથવા પ્રશ્નનો ઉત્તર આપે; પરંતુ ધર્મોપદેશ ન કરે.

પ્ર — હે ભગવન્ ! તે કોઈને દીક્ષા આપે ?

ઉ — હે ગૌતમ ! એ વાત યોગ્ય નથી. તે (અમુકની

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૫.

૨. પરિણામશુદ્ધિ— ચિત્તશુદ્ધિ થતાં થતાં સંસારી જીવને પહેલીવાર પ્રાપ્ત થતું આધ્યાત્મિક જાગરણ.

પાસેથી દીક્ષા લો એટલો) ઉપદેશ આપે.

પ્ર૰ — હે ભગવન્ ! તે કેવલજ્ઞાની સિદ્ધ થાય, અને સર્વ દુઃખોનો અંત કરે ?

ઉ૰ — હે ગૌતમ ! તે કેવલજ્ઞાની સિદ્ધ થાય અને સર્વ દુઃખોનો અંત કરે.

તેવા કેવલજ્ઞાની ઊર્ધ્વલોકમાં[1] પણ સંભવે છે, અધોલોકમાં[2] પણ સંભવે છે; અને તિર્યગ્લોકમાં પણ સંભવે છે. તિર્યગ્લોકમાં તો તે પંદર કર્મભૂમિઓમાં[3] જ હોય.

પ્ર૰ — હે ભગવન્ ! તેવા પુરુષો એક સમયે કેટલા હોય ?

ઉ૰ — હે ગૌતમ ! તેવા પુરુષો ઓછામાં ઓછા એક, બે, ત્રણ અને વધારેમાં વધારે દશ હોય.

## ૨

પ્ર૰ — હે ભગવન્ ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળનારો જીવ ઉપર પ્રમાણે ધર્મજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાન વગેરે પ્રાપ્ત કરે ?

ઉ૰ — હે ગૌતમ ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળનારો જીવ પણ જ્ઞાનાદિનું આવરણ કરનાર તેમ જ અંતરાયક કર્મોનો ક્ષમોપશમ કે ક્ષય પ્રાપ્ત કરે, તો જ તે બધું પ્રાપ્ત કરે, નહીં તો ન જ કરે.

---

૧. શબ્દાપાતિ, વિકટાપાતિ, ગંધાપાતિ અને માલ્યવંત નામે વૃત્તવૈતાઢ્ય પર્વતોમાં.

૨. અધોલોકગ્રામાદિમાં કે ગુફામાં.

૩. જેમાં મોક્ષમાર્ગને જાણનાર અને તેનો ઉપદેશ કરનાર તીર્થંકરો પેદા થઈ શકે, તે કર્મભૂમિ કહેવાય. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૨૬૧. ટિપ્પણ નં. ૨

તેવા પુરુષને નિરંતર આઠ આઠ ટંકના[1] ઉપવાસનું તપ કરતાં કરતાં પ્રકૃતિની ભદ્રતાથી... તેમજ માર્ગની ગવેષણા કરતાં કરતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે અવધિજ્ઞાન વડે તે આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને વધારેમાં વધારે અલોકને વિષે લોકપ્રમાણ અસંખ્ય ખંડોને જાણે છે અને જુએ છે[1]. તે છયે લેશ્યાવાળો હોઈ શકે[1] છે; તે સ્ત્રી પણ હોઈ શકે કે પુરુષ પણ; તેને મનઃપર્યવજ્ઞાન પણ હોઈ શકે છે; તેને સંજવલન કોટીના ચારે કષાયો હોય, માન-માયા-લોભ એ ત્રણ હોય, માયા-લોભ એ બે હોય કે એકલો લોભકષાય પણ હોય. તે જ્ઞાની કેવલીએ કહેલા ધર્મનો ઉપદેશ કરી શકે છે, અને બીજાને દીક્ષા પણ આપી શકે છે; તેના શિષ્યો અને પ્રશિષ્યો પણ દીક્ષા આપી શકે છે; તથા તે પણ સિદ્ધ થાય છે, અને તેના શિષ્ય-પ્રશિષ્યો પણ સિદ્ધ થાય છે. તેવા પુરુષો એક સમયે ઓછામાં ઓછા એક, બે કે ત્રણ હોય, અને વધારેમાં વધારે ૧૦૮ હોય.

—શતક ૯, ઉદ્દે૦ ૩૧

□□□

૧. આગળ જણાવેલા 'અશ્રુત્વાકેવલજ્ઞાની' કરતાં આનું તપ આકરું છે. તેના અવધિજ્ઞાનનું ક્ષેત્ર પણ મોટું છે; તે છયે લેશ્યાવાળો હોઈ શકે છે, છતાં કેવલજ્ઞાનીના ઉપદેશને પ્રતાપે પ્રગતિ સાધી શકે છે; તેમ જ સ્ત્રીશરીરે પણ જ્ઞાનપ્રાપ્તિ કરી શકે છે. તેને મનઃપર્યવજ્ઞાન વધારે હોય છે; તેના કષાયો ઓછા હોય છે; તેવાની સંખ્યા પણ વધારે હોય છે; તથા તે અન્યને ઉપદેશ-દીક્ષાદિ પણ આપી શકે છે.

# ટિપ્પણો :

નોંધ : આ અધ્યયનમાં મુખ્યત્વે એ નિર્ણય દર્શાવ્યો છે કે, ધર્મ અને મુક્તિ એ કોઈ વાડા કે સંપ્રદાયની વસ્તુ નથી; પરંતુ તેનો મુખ્ય આધાર આંતરિક શુદ્ધિ ઉપર છે. માત્ર જૈન જ મુક્ત થઈ શકે, કે માત્ર જૈન જ સાચો ધર્મ જાણે છે એમ કહેવા કરતાં, જે કોઈ આંતરિક શુદ્ધિ પ્રાપ્ત કરે છે, તે સાચો ધર્મ જાણીને મુક્ત થઈ શકે છે; તથા સાચો ધર્મ જાણનારો પણ જો આંતરિક શુદ્ધિ પ્રાપ્ત નથી કરતો, તો મુક્તિ પણ પ્રાપ્ત નથી કરતો— એમ કહેવું જ યોગ્ય છે.

આ પ્રકરણમાં ઘણા જૈન પારિભાષિક શબ્દો આવેલા છે. ભગવતીસૂત્રમાં પોતાનામાં જ આગળ-પાછળ એમાંના ઘણાખરાનું વિગતવાર વર્ણન આવે છે. તેથી આ ટિપ્પણોમાં માત્ર સામાન્ય હકીકતં આપી છે.

**ટિપ્પણ નં. ૧ :**

### જ્ઞાનાવરણીય કર્મ

કષાયાદિપૂર્વક કરાતી મન-વાણી-કાયાની પ્રવૃત્તિથી જીવમાં કર્મરજ દાખલ થાય છે. તે દાખલ થવાની ક્રિયાને તેમજ તેનાં નિમિત્તને આસ્રવ કહે છે. એ કર્મરજ જીવમાં દાખલ થયા બાદ, જીવના જુદા જુદા અધ્યવસાયો અનુસાર તેમાં જુદા જુદા સ્વભાવો નિર્માણ થાય છે; જેમકે જ્ઞાનને આવરણ કરવાનો વગેરે. જ્ઞાનાવરણીય કર્મોના બંધહેતુઓ નીચે પ્રમાણે ગણવામાં આવે છે.

૧. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો પ્રત્યે દ્વેષ ધારણ કરવો. (પ્રદ્વેષ).

૨. કોઈ કાંઈ પૂછે અગર જ્ઞાનનું કાંઈ સાધન માગે, ત્યારે પોતાની પાસે તે હોવા છતાં કલુષિત ભાવે એમ કહેવું કે હું નથી જાણતો (નિહ્નવ).

૩. જ્ઞાન પાકું કર્યા પછી કોઈ ગ્રાહક અધિકારી મળે ત્યારે ન આપવાની કલુષિત વૃત્તિ (માત્સર્ય).

૪. કોઈને જ્ઞાન મેળવવામાં કલુષિત ભાવે અડચણ કરવી (અંતરાય).

૫. કોઈ જ્ઞાન આપતો હોય ત્યારે તેનો નિષેધ કરવો (આસાદન).

૬. કોઈએ વાજબી કહ્યું હોય છતાં પોતાની અવળી મતિને લીધે અયુક્ત ભાસવાથી તેના દોષો પ્રગટ કરવા (ઉપઘાત).

## દર્શનમોહનીય કર્મના બંધહેતુઓ

૧. કેવળજ્ઞાનીના અસત્ દોષોને પ્રગટ કરવા.

૨. શાસ્ત્રના અસત્ દોષો દ્વેષબુદ્ધિથી બતાવવા.

૩. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર પ્રકારના સંઘના મિથ્યા દોષો પ્રકટ કરવા.

૪. અહિંસાદિ ધર્મના અસત્ દોષો બતાવવા.

૫. દેવોની નિંદા કરવી.

## ચારિત્રમોહનીય કર્મના બંધહેતુઓ

૧. કષાયને વશ થઈ અનેક તુચ્છ પ્રવૃત્તિઓ કરવી (કષાયમોહનીય).

૨. સત્ય ધર્મનો, તથા ગરીબ કે દીનનો ઉપહાસ કરવો — વગેરે હાસ્યની વૃત્તિઓ રાખવી (હાસ્યમોહનીય).

૩. વિવિધ ક્રીડાઓમાં પરાયણ રહી વ્રતનિયમાદિમાં અણગમો રાખવો (રતિમોહનીય).

૪. બીજાને બેચેની ઉપજાવવી, હલકાની સોબત કરવી વગેરે (અરતિમોહનીય).

૫. પોતે શોકાતુર રહેવું અને બીજાને શોકાતુર કરવા (શોકમોહનીય).

૬. પોતે ડરવું અને બીજાને ડરાવવા (ભયમોહનીય).

૭. હિતકર ક્રિયા અને હિતકર આચારની ઘૃણા કરવી (જુગુપ્સામોહનીય).

૮-૯-૧૦. સ્ત્રીજાતિને યોગ્ય, પુરુષજાતિને યોગ્ય કે નપુંસક જાતિને યોગ્ય સંસ્કારો કેળવવા (સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ).

## અંતરાય કર્મના બંધહેતુઓ

કોઈને કંઈ દેવામાં, લેવામાં, એક વાર ભોગવવામાં, અનેક વાર ભોગવવામાં અને સામર્થ્ય ફોરવવામાં અંતરાય ઊભા કરવા. (દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, અને વીર્યાંતરાય.)

**ટિપ્પણ નં. ૨.**

## આસ્રવ-સંવર

જે જે પ્રવૃત્તિઓથી કર્મબંધન થાય તે આસ્રવ કહેવાય; તે પ્રમાણે જે જે પ્રવૃત્તિઓથી કર્મબંધન થતું રોકાય (સંવૃ) તે સંવર કહેવાય. તપ, ધર્મ, ચારિત્ર વગેરે કઈ કઈ પ્રવૃત્તિઓથી સંવર સિદ્ધ થાય છે તેની વિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૪૬, ટિપ્પણ નં. ૩.

*ટિપ્પણ નં. ૩*

## જ્ઞાનના પાંચ પ્રકાર

જ્ઞાનના પાંચ પ્રકાર છે. ૧. મતિજ્ઞાન— એટલે કે ઇંદ્રિયજન્યજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન— એટલે કે જે જ્ઞાનમાં શબ્દઅર્થનો સંબંધ ભાસિત થાય છે, અને જે મતિજ્ઞાનની પછી થાય છે : જેમકે 'જલ' શબ્દ સાંભળીને તે પાણીવાચક છે એવું જાણવું, અથવા પાણી દેખીને તેને જલ શબ્દના અર્થરૂપ વિચારવું તે— શ્રુતજ્ઞાન. અર્થાત્ જે જ્ઞાન ઇંદ્રિયજન્ય અને મનોજન્ય હોવા છતાં શબ્દોલ્લેખ સહિત હોય તે શ્રુતજ્ઞાન. બીજી રીતે કહીએ તો જૈનધર્મના ૧૨ અંગગ્રથો (મુખ્ય શાસ્ત્રગ્રંથો) તેમ જ તે સિવાયના બીજા આગમ ગ્રંથોથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન.

૩. અવધિજ્ઞાન — એટલે કે મન — ઇંદ્રિયોની સહાયતા વિના જ આત્માની યોગ્યતાને બળે જ થતું વધારેમાં વધારે લોકપ્રમાણ અસંખ્યાત ખંડોને જોવાની યોગ્યતાવાળું મૂર્ત દ્રવ્યોનું જ્ઞાન.

૪. મનઃપર્યવજ્ઞાન— એટલે કે મનુષ્યક્ષેત્રમાં આવેલાં મનરૂપ બનેલાં પુદ્ગલોનું જ્ઞાન. અર્થાત્ બીજાના મનનું જ્ઞાન.

અત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે; પરંતુ કર્મોના આવરણને લીધે તેની શક્તિઓ ઢંકાઈ ગયેલી છે. પરંતુ જ્યારે તે આવરણો એક પછી એક દૂર થતાં જાય છે, ત્યારે તે તે જ્ઞાન પ્રગટે છે. ઉપર જણાવેલાં ચારે જ્ઞાન ગમે તેટલાં શુદ્ધ હોય છતાં ચેતનાશક્તિના અપૂર્ણ વિકાસરૂપે હોવાથી એક પણ વસ્તુના સમગ્ર ભાવોને જાણવામાં અસમર્થ હોય છે. બધી વસ્તુઓના સંપૂર્ણ ભાવોને ગ્રહણ કરી શકે તે જ્ઞાન જ પૂર્ણ કહેવાય. એનું જ નામ કેવળજ્ઞાન છે. એ જ્ઞાન ચેતનાશક્તિના સંપૂર્ણ વિકાસ વખતે પ્રગટ થાય છે. કોઈ પણ એવી વસ્તુ નથી અથવા એવો ભાવ પણ નથી, કે જે એની દ્વારા પ્રત્યક્ષ ન જાણી શકાય.

### ટિપ્પણ નં. ૪ :

## લેશ્યા

જે દ્વારા કર્મની સાથે આત્મા શ્લિષ્ટ થાય (लिश्यंत) તે 'લેશ્યા' કહેવાય. પ્રશ્ન એ છે કે, લેશ્યા એ લાગણી કે વૃત્તિરૂપ છે કે અણુરૂપ છે ? પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં શ્રીમલયગિરિએ જણાવ્યું છે કે, લેશ્યા એ અણુરૂપ છે — પરમાણુસમૂહરૂપ છે. જેમ દધિભોજન નિદ્રાને ઉત્તેજે છે, તેમ લેશ્યાનાં એ પરમાણુઓ કષાયોદયનાં ઉત્તેજક છે. જ્યાં સુધી આપણામાં જરા પણ કાષાયિક વૃત્તિ વિદ્યમાન હોય છે, ત્યાં સુધી તેને એ લેશ્યાનાં અણુ ટેકો આપે છે, અર્થાત્ એ અણુઓનું કામ ઉદ્ભૂત કષાયને ઉત્તેજન કે ટેકો આપવાનું છે; પરંતુ કષાયવૃત્તિ જ સમૂળ નાશ પામે, તો પછી તે લેશ્યાનાં અણુ રહ્યાં હોય તો પણ અસત્ કષાયને પેદા નથી કરતાં. એ લેશ્યા-અણુઓ માનસિક, વાચિક અને કાયિક પરમાણુઓની જાતનાં જ છે. તેમના છ મુખ્ય પ્રકાર છે : કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ, અને શુક્લ. તેમાંના પ્રથમ ત્રણ અશુભ અને પછીના ત્રણ શુભ છે. તેમના જુદા જુદા વર્ણ, રસ, ગંધ વગેરેની માહિતી, તેમ જ કઈ લેશ્યાવાળા *મનુષ્યની કઈ વૃત્તિ હોય, તેમજ કઈ વૃત્તિવાળાને કઈ લેશ્યા પ્રાપ્ત* થાય વગેરેના વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક પા. ૨૩૩-૪૩; તથા આ ગ્રંથમાં જ 'સિદ્ધાંતખંડ'માં જીવવિભાગમાં એ નામનો વિભાગ.

### ટિપ્પણ નં. ૫

## કષાયોની કોટીઓ

ક્રોધાદિ ચાર કષાયોની તીવ્રતાના ચાર પ્રકાર બતાવાય છે. જે ક્રોધાદિ એટલા તીવ્ર હોય, જેથી જીવને અનંતકાળ સંસારમાં ભટકવું પડે, તે 'અનંતાનુબંધી' કહેવાય. જે ક્રોધાદિ વિરતિ

(ત્યાગવૃત્તિ)નો પ્રતિબંધ કરવા પૂરતા જ તીવ્ર હોય, તે 'અપ્રત્યાખ્યાનાવરણીય' કહેવાય. જે ક્રોધાદિ અમુક અંશે જ વિરતિ થવા દે, માત્ર સર્વવિરતિ ન થવા દે, તે 'પ્રત્યાખ્યાનાવરણીય' કહેવાય. અને જે ક્રોધાદિની તીવ્રતા સર્વવિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહીં, પણ તેમાં માત્ર સ્ખલન કે માલિન્ય કરવા જેટલી જ હોય, તે 'સંજ્વલન' કહેવાય.

□□□

## ૩

# જ્ઞાન અને ક્રિયા

### ૧

ગૌતમ — હે ભગવન્ ! કોઈ માણસ એવું વ્રત લે કે, 'હવેથી હું સર્વ પ્રાણો, સર્વ ભૂતો, સર્વ જીવો અને સર્વ સત્ત્વોની હિંસાનો ત્યાગ કરું છું; તો તેનું તે વ્રત સુવ્રત કહેવાય કે દુર્વ્રત કહેવાય ?

મહાવીર — હે ગૌતમ ! તેનું તે વ્રત કદાચ સુવ્રત હોય કે કદાચ દુર્વ્રત પણ હોય.

ગૌ○ — હે ભગવન્ ! એનું શું કારણ ?

મ○ — એ પ્રમાણે વ્રત લેનારને, 'આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ (જંગમ) જીવ છે, આ સ્થાવર જીવ છે' એવું જ્ઞાન ન હોય, તો તેનું તે વ્રત સુવ્રત ન કહેવાય, પણ દુર્વ્રત કહેવાય. જેને જીવ-અજીવનું જ્ઞાન નથી, તે જીવહિંસા ન કરવાનું વ્રત લે તો તે સત્ય ભાષા નથી બોલતો, પરંતુ અસત્ય ભાષા બોલે છે. તે અસત્યવાદી પુરુષ સર્વ ભૂત-પ્રાણોમાં મન-વાણી-કાયાથી કે જાતે કરવું, બીજા પાસે કરાવવું, કે કરનારને અનુમતિ આપવી—એ ત્રણે પ્રકારે સંયમથી રહિત છે, વિરતિથી રહિત છે, એકાંત હિંસા કરનાર તથા એકાંત અજ્ઞ છે. પરંતુ જેને જીવ વગેરેનું જ્ઞાન છે, તે તેમની હિંસા ન કરવાનું વ્રત લે, તો તેનું જ વ્રત સુવ્રત છે, તથા તે સર્વ ભૂતપ્રાણોમાં બધી રીતે સંયત, વિરત, પાપકર્મ વિનાનો, કર્મબંધ

વિનાનો, સંવરયુક્ત, એકાંત અહિંસક તથા પંડિત છે.

—શતક ૭, ઉદ્દે૰ ૨

## ૨

ગૌ૰ — હે ભગવન્ ! કેટલાક અન્ય સંપ્રદાયીઓ એમ કહે છે કે, શીલ જ શ્રેય છે; બીજા કહે છે કે, શ્રુત– એટલે કે જ્ઞાન જ શ્રેય છે; અને ત્રીજા કહે છે કે અન્યોન્ય નિરપેક્ષ શીલ અને શ્રુત શ્રેય છે. તો હે ભગવન્ ! તેમનું કહેવું બરાબર છે ?

મ૰ — હે ગૌતમ ! તે લોકોનું કહેવું મિથ્યા છે. મારા મત પ્રમાણે ચાર પ્રકારના પુરુષો હોય છે : ૧. કેટલાક શીલસંપન્ન છે, પણ શ્રુતસંપન્ન નથી. ૨. કેટલાક શ્રુતસંપન્ન છે પણ શીલસંપન્ન નથી. ૩. કેટલાક શીલસંપન્ન છે અને શ્રુતસંપન્ન પણ છે. જ્યારે ૪. કેટલાક શીલસંપન્ન નથી તેમ શ્રુતસંપન્ન પણ નથી. તેમાં જે પ્રથમ પ્રકારનો પુરુષ છે, તે શીલવાન છે પણ શ્રુતવાન નથી. તે ઉપરત (પાપાદિથી નિવૃત્ત) છે, પણ ધર્મને જાણતો નથી. તે પુરુષ અંશતઃ આરાધક[૧] છે. બીજો પુરુષ શીલવાળો નથી પણ શ્રુતવાળો છે. તે પુરુષ અનુપરત (પાપથી અનિવૃત્ત) છતાં ધર્મને જાણે છે. તે પુરુષ અંશતઃ વિરાધક છે. ત્રીજો પુરુષ શીલવાળો છે અને શ્રુતવાળો પણ છે. તે (પાપથી) ઉપરત છે અને ધર્મને જાણે છે. તે સર્વાંશે આરાધક છે. અને જે ચોથો પુરુષ છે, તે શીલથી અને શ્રુતથી રહિત છે. તે પાપથી ઉપરત નથી, અને ધર્મથી અજ્ઞાત છે. તે પુરુષ સર્વાંશે વિરાધક છે.

પ્ર૰ — હે ભગવન્ ! આરાધના કેટલા પ્રકારની છે ?

ઉ૰ — હે ગૌતમ ! આરાધના ત્રણ પ્રકારની છે : ૧.

---

૧. આરાધક એટલે આસ્તિક, ધર્મી; અને વિરાધક એટલે નાસ્તિક, વિધર્મી.

જ્ઞાનારાધના, દર્શનારાધના અને ચારિત્રારાધના.[1] તે દરેકના પાછા ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા ત્રણ ત્રણ પ્રકાર છે. જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના હોય, તેને ઉત્કૃષ્ટ અને મધ્યમ દર્શનારાધના હોય. જે જીવને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય, તેને ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ જ્ઞાનારાધના હોય.

તેવો જ સંબંધ ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના અને ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાનો છે. જેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય, તેને ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ ચારિત્રારાધના હોય. તથા જેને ઉત્કૃષ્ટ ચારિત્રારાધના હોય, તેને અવશ્ય ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય.

ઉત્કૃષ્ટ જ્ઞાનારાધનાવાળા જીવોમાંથી કેટલાક તે ભવે જ સિદ્ધ થાય, અને સર્વ દુઃખોનો નાશ કરે; કેટલાક બે ભવે સિદ્ધ થાય અને કેટલાક કલ્પોપપન્ન દેવલોકમાં[2] અથવા કલ્પાતીત દેવલોકમાં ઉત્પન્ન થાય.

ઉત્કૃષ્ટ દર્શનારાધનાવાળાઓનું પણ તેમ જ જાણવું.

---

૧. જ્ઞાનારાધના એટલે યોગ્ય કાળે અધ્યયન, વિનય, તપ, અને અનિહ્નવ; તથા શબ્દભેદ, અર્થભેદ કે ઉભયભેદ ન કરવા તે. દર્શનાચાર એટલે નિઃશંકિતા, નિષ્કાંક્ષિતા, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિતા, સમાનધર્મીઓના ગુણમાં વૃદ્ધિ કરવી, તેમને સ્થિર કરવા, તેમના ઉપર વત્સલતા રાખવી, અને ધર્મપ્રચાર કરવો તે. ચારિત્રાચાર એટલે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ એ પ્રમાણે આઠ યોગો — વ્યાપારોથી યુક્ત રહેવું તે.

૨. વૈમાનિક દેવોના બે વર્ગોમાંનો એક : સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર, માહેંદ્ર,બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત પ્રાણંત, આચરણ, અને અચ્યુત એ ૧૨ કલ્પ અથવા સ્વર્ગ કલ્પોપન્ન કહેવાય છે.તે સિવાયનો બીજો વર્ગ કલ્પાતીત કહેવાય છે. તેમાં, ગ્રૈવેયકના હેઠેના, મધ્યમ અને ઉપરના, અને દરેકના નીચો, મધ્યમ અને ઉપરના એમ કુલ નવ પ્રકાર છે; વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તર દેવલોક કહેવાય છે. કારણ કે, તેમની પછી સિદ્ધસ્થાન જ છે.

ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાવાળાઓનું પણ તેમ જ જાણવું; પરંતુ દેવલોકમાં તેઓ કલ્પાતીત વર્ગમાં જ ઉત્પન્ન થાય.

જ્ઞાનની મધ્યમ આરાધનાવાળા બે ભવ પછી સિદ્ધ થાય, પણ ત્રીજા ભવને અતિક્રમે નહીં.

મધ્યમ દર્શનારાધનાવાળા, તેમજ મધ્યમ ચારિત્રારાધનાવાળાનું પણ તેમ જ જાણવું.

જઘન્ય જ્ઞાનારાધનાવાળામાંથી કેટલાક ત્રીજે ભવે સિદ્ધ થાય, પણ સાત-આઠ ભવથી વધારે ન કરે. તે જ પ્રમાણે જઘન્ય દર્શનારાધના અને ચારિત્રારાધનાનું પણ જાણવું.

—શતક ૮, ઉદ્દે ૧૦

□□□

# ૪

# ક્રિયા અને બંધ

તે સમયની વાત છે. ભગવાન મહાવીર ફરતા ફરતા રાજગૃહમાં આવેલા હતા. ત્યાં ધર્મકથા પૂરી થયે બધા લોકો વેરાઈ ગયા બાદ, તેમના છઠ્ઠા ગણધર[1] મંડિતપુત્ર તેમની પાસે આવી પૂછવા લાગ્યા.

મંડિતપુત્ર — હે ભગવન્ ! ક્રિયાઓ[2] કેટલા પ્રકારની છે ?

મ. — હે મંડિતપુત્ર ! ક્રિયાઓ પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે : (૧) કાયિકી — એટલે કે શરીરમાં કે શરીર દ્વારા થયેલી ક્રિયા. (૨) આધકરણિકી — જે દ્વારા આત્મા નરક વગેરે દુર્ગતિઓમાં જવાનો અધિકારી થાય તે 'અધિકરણ' એટલે કે એક જાતનું અનુષ્ઠાન; અથવા અધિકરણ એટલે હિંસાદિના સાધનરૂપ

---

૧. મહાવીરસ્વામીના ૧૧ પટ્ટશિષ્યો ગણધર કહેવાતા; કારણ કે મહાવીર ભગવાને પોતાના વિસ્તૃત સાધુસમુદાયને જુદા જુદા ગણો—સમૂહો—માં વ્યવસ્થિત કરી, એક એક ગણધરના નિયંત્રણમાં મૂક્યો હતો. તે અગિયારે શિષ્યો પ્રથમ યજ્ઞયાજક બ્રાહ્મણો હતા; તથા એક યજ્ઞ વખતે એકત્ર થયા હતા. તે દરેકને મનમાં એક એક સંશય હતો. તેનું નિરાકરણ મહાવીર ભગવાને કરવાથી તે બધા તેમના શિષ્ય થયા હતા. મંડિતપુત્રને બંધ અને મોક્ષ સંબંધી સંશય હતો. આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યા પ્રમાણે તે ૫૩ મે વર્ષે સાધુ થયા હતા; અને મલયગિરિકૃત આવશ્યક ટીકામાં જણાવ્યા પ્રમાણે તે ૬૫ વર્ષે સાધુ થયા હતા. પહેલી ગણના પ્રમાણે તેમનું આયુષ્ય ૮૩ વર્ષનું થાય; અને બીજી પ્રમાણે ૯૫ વર્ષનું થાય.

૨. કર્મનો બંધ થવામાં કારણરૂપ ચેષ્ટા. આ પ્રશ્નોત્તર શતક ૮, ઉદ્દે૦ ૪ માં પણ છે.

ચક્ર, તરવાર વગેરે બહારની વસ્તુ : તે અધિકરણમાં કે અધિકરણ દ્વારા થયેલી ક્રિયા. (૩) પ્રાદ્વેષિકી — એટલે કે મત્સરરૂપ નિમિત્તને લઈને કે મત્સર દ્વારા થયેલી ક્રિયા; અથવા મત્સરરૂપ ક્રિયા (૪) પારિતાપનિકી — એટલે કે પરિતાપને લઈને, કે પરિતાપ દ્વારા થયેલી ક્રિયા, અથવા પરિતાપરૂપ ક્રિયા અને (૫) પ્રાણાતિપાત — પ્રાણોને આત્માથી જુદા પાડવા તે પ્રાણાતિપાત : તેને લગતી ક્રિયા અથવા પ્રાણાતિપાતરૂપ ક્રિયા.

તે દરેકના પાછા બે પ્રકાર છે :

૧. કાયિકી ક્રિયાના બે પ્રકાર આ પ્રમાણે છે : અનુપરત એટલે કે ત્યાગવૃત્તિ વિનાના પ્રાણીની 'અનુપરતકાયક્રિયા', અને વિરતિવાળા પણ પ્રમાદથી દુષ્પ્રયુક્ત બનેલા પ્રાણીની 'દુષ્પ્રયુક્તકાયક્રિયા'.

૨. આધિકરણિકી ક્રિયાના બે પ્રકાર આ પ્રમાણે છે : વધાદિ માટે જાળ વગેરેના જુદા જુદા ભાગોને જોડીને એક યંત્ર તૈયાર કરવું, કે કોઈ પદાર્થમાં ઝેર મેળવીને એક મિશ્રિત પદાર્થ બનાવવો તે સંયોજનરૂપ ક્રિયા 'સંયોજનાધિકરણક્રિયા' કહેવાય છે; અને તરવાર, બરછી વગેરે શસ્ત્રોની બનાવટ (નિર્વર્તન) તે 'નિર્વર્તનાધિકરણ ક્રિયા' કહેવાય છે.

૩. પ્રાદ્વેષિકી ક્રિયાના બે પ્રકાર આ પ્રમાણે છે : પોતા ઉપર અને પોતા તથા બીજા ઉપર દ્વેષ દ્વારા કરેલી ક્રિયા કે દ્વેષરૂપ ક્રિયા તે 'જીવપ્રાદ્વેષિકી ક્રિયા'; અને અજીવ ઉપર દ્વેષ દ્વારા કરેલી ક્રિયા કે અજીવ ઉપર કરેલી દ્વેષરૂપ ક્રિયા તે 'અજીવપ્રાદ્વેષિકી ક્રિયા'.

૪-૫ પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયાના બે બે પ્રકારો તે, 'સ્વહસ્ત' દ્વારા કરેલી કે 'પરહસ્ત' દ્વારા કરાવેલી, એ પ્રમાણે છે.

મંડિત૦ — હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથોને ક્રિયા હોય ?

મ૦ — હા મંડિતપુત્ર ! હોય. પ્રમાદને લીધે અને યોગ એટલે કે શરીરાદિની પ્રવૃત્તિને[1] નિમિત્તે શ્રમણ નિર્ગ્રંથોને પણ ક્રિયા હોય છે.

પ્ર૦ — હે ભગવન્ ! દેહધારી તેમ જ વ્યાપારયુક્ત જીવ હંમેશા કંપવાની, જવાની, ચાલવાની, ક્ષોભ પામવાની, પ્રબળતાપૂર્વક પ્રેરવાની, ઊંચકવાની, સંકોચવાની, કે પ્રસારવાની વગેરે ક્રિયાઓ કર્યા કરે છે ?

ઉ૦ — હા મંડિતપુત્ર ! જીવ હંમેશાં તે બધી ક્રિયાઓ કર્યા કરે છે.

પ્ર૦ — હે ભગવન્ ! જ્યાં સુધી જીવ હંમેશાં તે પ્રમાણે ક્રિયાઓ કર્યા કરે છે, ત્યાં સુધી તે મુક્ત થાય ?

ઉ૦ — ના મંડિતપુત્ર ! એ વાત બરાબર નથી. સક્રિય જીવની મુક્તિ ન થાય.

પ્ર૦ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

ઉ૦ — હે મંડિતપુત્ર ! જ્યાં સુધી જીવ ક્રિયા કર્યા કરે છે, ત્યાં સુધી તે અન્ય જીવોને ઉપદ્રવ (આરંભ) કર્યા કરે છે; તેમના નાશનો સંકલ્પ (સંરંભ) કર્યા કરે છે; તેમને દુઃખ ઉપજાવે છે (સમારંભ), તથા એ રીતે ઘણાં ભૂતપ્રાણોને દુઃખ પમાડવામાં, શોક કરાવવામાં, ઝુરાવવામાં, ટિપાવવામાં, પિટાવવામાં,ત્રાસ પમાડવામાં, અને પરિતાપ કરાવવામાં કારણભૂત થાય છે. હે મંડિતપત્ર ! તે કારણથી કહ્યું છે કે, સક્રિય જીવની મુક્તિ સંભવતી નથી.

---

૧. માત્ર શરીરના હલનચલનથી — માર્ગમાં હાલવા ચાલવાથી થતી.

પ્ર૦ — હે ભગવન્ ! જીવ નિષ્ક્રિય હોઈ શકે ?

ઉ૦ — હા મંડિતપુત્ર ! જીવ નિષ્ક્રિય હોઈ શકે. યોગ (પ્રવૃત્તિ) નિરોધ કરી, શુક્લધ્યાનથી[1] શૈલેશી (શૈલ જેવી નિશ્ચલ) દશા[2] પ્રાપ્ત કરનાર જીવ નિષ્ક્રિય હોય છે. તેવો જીવ આરંભાદિ ક્રિયાઓ ન કરતો હોવાથી તેવા જીવની મુક્તિ થાય છે.

જેમ કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાખે તો તે તરત જ બળી જાય કે નહીં ?

હા, બળી જાય.

વળી, કોઈ પુરુષ પાણીના ટીપાને તપેલા લોઢાના કડાયા ઉપર નાખે, તો તે ટીપું તરત જ નાશ પામી જાય કે નહિ ?

હા, તે નાશ પામી જાય.

વળી, કોઈ પાણીથી ભરેલો ધરો હોય, તેમાં કોઈ પુરુષ સેંકડો નાનાં કાણાંવાળી એક હોડી દાખલ કરે, તો તે નાવ પાણીથી પૂરેપૂરી ભરાઈ જાય કે નહિ ?

હા, ભરાઈ જાય.

પરંતુ, કોઈ પુરુષ તે નાવનાં બધાં કાણાં પૂરી દે, અને તેમાંનું બધું પાણી ઉલેચી નાખે, તો તે નાવ શીઘ્ર ઉપર આવે કે નહિ ?

હા, તરત જ આવે.

હે મંડિતપુત્ર ! તે પ્રમાણે શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે જીવાત્માનાં પૂર્વે બંધાયેલાં બધાં કર્મો બળી જાય છે; તેમ જ તે જીવ

---

૧. તે ધ્યાનના ચાર પ્રકારોની વિગતો માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૧૨૭.

૨. તેના વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૯૨.

બધી રીતે આત્મામાં પ્રતિસંલીન હોવાથી, તેમ જ સાવધાનતાપૂર્વક પ્રવૃત્તિ કરતો હોવાથી, તથા મન, વાણી, અને કાયાનું રક્ષણ કરતો હોવાથી, તેનામાં નવું કર્મ દાખલ પણ થતું નથી. તેથી તે પુરુષ મુક્ત થાય છે. એ વાત સાચી છે કે, શરીર કાયમ છે, ત્યાં સુધી થોડીઘણી, શારીરિકાદિ ક્રિયાઓ થવાની જ; છેવટે આંખ પટપટાવવા જેવી ક્રિયા તો થવાની જ. અને ક્રિયા થઈ એટલે કર્મબંધન પણ થવાનું જ. પરંતુ તેવા સંયમી અનગારની તેવી બધી ક્રિયાઓથી બંધાતું કર્મ પ્રથમ ક્ષણે આત્મામાં સ્પર્શ પામે બીજે સમયે તેનું ફળ ભોગવાઈ જાય છે. (તે ફળ પણ સુખરૂપ હોય છે; દુઃખરૂપ નહિ.) અને ત્રીજે સમયે તે આત્માથી છૂટું પડી જાય છે. એ રીતે તે તરત જ અકર્મરૂપ થઈ જાય છે. એ ક્રિયાને ઐર્યાપથિકી[1] ક્રિયા કહે છે.

— શતક ૩, ઉદ્દે૦ ૩

૨

ગૌતમ — હે ભગવન્ ! 'ઉપયોગ' એટલે કે આત્મ-જાગૃતિ — સાવધાનતા સિવાય ગમનાદિ, તેમ જ ગ્રહણાદિ, ક્રિયાઓ કરનારા સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી[1] ?

મહાવીર — હે ગૌતમ ! ઐર્યાપથિકી ન લાગે, પણ સાંપરાયિકી લાગે. કારણ કે, જેનાં ક્રોધ, માન, માયા, અને લોભ વ્યુચ્છિન્ન થયાં હોય તેને જ ઐર્યાપથિકી ક્રિયા હોય; પણ જેનાં ક્રોધાદિ ક્ષીણ ન થયાં હોય તેને સાંપરાયિકી ક્રિયા જ હોય. સૂત્રને અનુસારે વર્તતા સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, અને સૂત્રવિરુદ્ધ વર્તનારને સાંપરાયિકી લાગે છે.

— શતક ૭, ઉદ્દે ૧, તથા ૭

---

૧. ઐર્યાપથિકી એકલે કે સંયમૂપર્વક માર્ગે ચાલતા સાધુથી થતી આવશ્યક શારીરિક ક્રિયાઓ. તેથી ઊલટી, અસંયમીની ક્રિયાઓ સાંપરાયિકી કહેવાય છે; કારણ કે તેઓ આત્માનો સીધો સંપરાય - ઘાત - કરે છે.

૩

ગૌ૰ — હે ભગવન્ ! કષાયભાવમાં (વીચિમાર્ગમાં)રહીને આગળ રહેલાં રૂપોને જોતા, પાછળનાં રૂપોને જોતા, પડખેનાં રૂપોને જોતા, તથા ઊંચેનાં અને નીચેનાં રૂપોને જોતા સંવૃત (સંવરયુક્ત) સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ?

મ૰ — હે ગૌતમ ! તેને સાંપરાયિકી ક્રિયા લાગે. કારણ કે જેનાં ક્રોધ, માન, માયા, અને લોભ ક્ષીણ થયાં હોય તેને જ ઐર્યાપથિકી ક્રિયા લાગે; બાકીનાને સાંપરાયિકી જ લાગે.

— શતક ૧૦. ઉદ્દે૰ ૨

૪

ગૌ૰ — હે ભગવન્ ! બંધ કેટલા પ્રકારનો છે ?

મ૰ — હે ગૌતમ ! બંધ બે પ્રકારનો છે : ઐર્યાપથિક અને સાંપરાયિક.

ગૌ૰ — હે ભગવન્ ! ઐર્યાપથિક બંધ નારક, તિર્યંચ, મનુષ્ય કે દેવમાંથી કોણ કોણ બાંધે ?

મ૰ — હે ગૌતમ ! નારક પણ ન બાંધે, તિર્યંચ પણ ન બાંધે, અને દેવ પણ ન બાંધે; પરંતુ મનુષ્ય સ્ત્રી કે પુરુષ બાંધી શકે.

ગૌ૰ — હે ભગવન્ ! તે ઐર્યાપથિક કર્મ શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે, નપુંસક બાંધે, કે નોસ્ત્રી-નોપુરુષ-નોનપુંસક બાંધે ?

મ૰ — હે ગૌતમ ! સ્ત્રી ન બાંધે, પુરુષ ન બાંધે, કે નપુંસક વગેરે પણ ન બાંધે, પરંતુ વેદ[1]રહિત જીવો બાંધે અલબત્ત તે વેદરહિત જીવ પૂર્વે સ્ત્રી, પુરુષ કે નપુંસક હોય.

---

૧. વેદ એટલે સ્ત્રી, પુરુષ આદિનો સ્વજાતિને યોગ્ય કામાદિ વિકાર.

પ્ર૰ — હે ભગવન્ ! સાંપરાયિક કર્મ કોણ કોણ બાંધે ?

ઉ૰ — હે ગૌતમ ! નૈરયિક (નારક) પણ બાંધે, તિર્યંચ પણ બાંધે, તિર્યંચ સ્ત્રી પણ બાંધે, મનુષ્ય પણ બાંધે, મનુષ્ય સ્ત્રી પણ બાંધે, દેવ પણ બાંધે, દેવી પણ બાંધે, વેદયુક્ત પણ બાંધે અને વેદરહિત પણ બાંધે.

— શતક ૮, ઉદ્દે૰ ૮

## ૫

તે કાળની વાત છે. એક વખત શ્રમણ ભગવાન મહાવીર ઘણા શિષ્યાદિ પરિવાર સાથે રાજગૃહ નગરમાં ગુણશિલક ચૈત્ય આગળ ઊતર્યા હતા. ત્યાંથી થોડે દૂર કેટલાક અન્યતીર્થિકો[1] રહેતા હતા. તેઓએ એક વખત ભગવાન મહાવીરના સ્થવિરો[2] પાસે આવીને કહ્યું કે, 'હે આર્યો ! તમે અસંયમી છો, અવિરત છો, પાપી છો, અને અત્યંત બાલ-અજ્ઞ છો !'

ત્યારે તે સ્થવિર ભગવંતોએ તેમને પૂછ્યું, 'હે આર્યો ! અમે કયા કારણથી અસંયમી વગેરે છીએ ?

ત્યારે તે અન્યતીર્થિકોએ તેમને કહ્યું કે, 'હે આર્યો ! તમે આવ-જા કર્યા કરો છો; અને આવ-જા કરતી વખતે અવશ્ય પૃથ્વીજીવોને દબાવો છો, હણો છો, પાદાભિઘાત કરો છો, સંઘર્ષિત કરો છો, સંહત કરો છો, સ્પર્શિત કરો છો, પરિતાપિત કરો છો, ક્લાંત કરો છો, અને તેઓને મારો છો ! માટે તમે જરૂર અસંયમી, અવિરત, પાપી અને અત્યંત બાલ- અજ્ઞ છો !

ત્યારે તે સ્થવિર ભગવંતોએ તેમને જવાબ આપ્યો, હે

---

૧. અન્યના તીર્થને — સંપ્રદાયને — અનુસરનારા.

૨. વૃદ્ધ કે વડીલ સાધુઓ.

આર્યો ! અમે નિષ્પ્રયોજન આવ-જા કર્યા કરતા નથી, પરંતુ કાયને—એટલે કે શરીરના મલત્યાગાદિ કાર્યને આશરીને, કે યોગને—એટલે કે બીમારની સેવા વગેરે વ્યાપારોને આશરીને, કે ઋતને—એટલે કે પાણીજીવો વગેરેના સંરક્ષણરૂપ સત્ય એટલે કે સંયમને આશરીને, તથા સચેતન દેશ છોડીને અચેતન દેશ દ્વારા જ, આવ-જા કરીએ છીએ. તેથી અમે જીવહિંસા કરતા નથી. પરંતુ હે આર્યો ! તમે પોતે જ અસંયમી, અવિરત, પાપી, અને અત્યંત બાલ-અજ્ઞ છો'.

ત્યારે તે અન્યતીર્થિકોએ તે સ્થવિરોને પૂછ્યું, 'હે આર્યો ! કયા કારણથી અમે અસંયમી વગેરે છીએ ?'

તે સ્થવિર ભગવંતોએ જવાબ આપ્યો 'હે આર્યો ! તમે તો સંયમાદિનો ખ્યાલ રાખ્યા વિના જ (ત્વરાથી તેમજ વાહનાદિ વડે) આવ-જા કરો છો એટલે તમે અવશ્ય પૃથ્વી વગેરે જીવોની હિંસા કરો છો; તેથી તમે અસંયમી વગેરે છો.'

— શતક ૮, ઉદ્દે૦ ૭ તથા ૮

— શતક ૧૮, ઉદ્દે૦ ૮

૬

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ — હે ભગવન્ સામે તેમ જ બાજુએ ગાડાના ધૂંસરા જેટલી આગળ-આગળની જમીનને જોઈ જોઈને ચાલતા સંયમી અનગારના પગ નીચે અજાણતાં કૂકડીનું બચ્ચું, બતકનું બચ્ચું કે કોઈ સૂક્ષ્મ જીવ[1] આવી જાય અને મરણ પામે, તો હે ભગવન્ ! તે અનગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી લાગે ?

---

૧. મૂળ : કુલિંગચ્છાય - કીડી જેવો સૂક્ષ્મ જંતુ.

મહાવીર — હે ગૌતમ ! તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે. પણ સાંપરાયિકી ન લાગે.

ગૌ — હે ભગવન્ ! એમ શાથી ?

મ — હે ગૌતમ ! જેનાં ક્રોધ, માન, માયા, અને લોભ નષ્ટ થયાં હોય, તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે. સૂત્રને અનુસારે વર્તતા સાધુને ઐર્યાયથિકી ક્રિયા જ લાગે છે. સૂત્ર વિરુદ્ધ વર્તનારને તેમ જ ક્રોધાદિયુક્ત સાધુને જ સાંપરાયિકી ક્રિયા લાગે.

— શતક ૧૮, ઉદ્દે૦ ૮

૭

જેમ કોઈ અણવાપરેલું, કે વાપરીને પણ ધોયેલું, કે શાળ ઉપરથી તાજું જ ઉતારેલું વસ્ત્ર સ્વચ્છ હોય છે; પરંતુ તે વસ્ત્ર ક્રમે ક્રમે વપરાશમાં આવે છે ત્યારે તેને સર્વ બાજુએથી રજ ચોટે છે, એ કાલાન્તરે તે વસ્ત્ર મસોતા જેવું મેલું અને દુર્ગંધી થઈ જાય છે; તેમ મહાકર્મવાળા, મહાક્રિયાવાળા, મહાપાપવાળા અને મહાવેદનાવાળા જીવને સર્વ બાજુએથી કર્મરજ આવીને ચોટે છે; અને તે જીવ હંમેશા દુરૂપપણે, દુર્વર્ણપણે, દુર્ગંધપણે, દૂરસપણે, દુઃસ્પર્શપણે, અનિષ્ટપણે, અસુંદરપણે, અપ્રિયપણે, અશુભપણે, અમનોજ્ઞપણે[1], અમનોમ્યપણે[2], અનીપ્સિતપણે, અકાંક્ષિતપણે, જઘન્યપણે[3], અમુખ્યપણે, દુઃખપણે અને અસુખપણે વારંવાર પરિણમે છે.

પરંતુ, જેમ કોઈ મેલું વસ્ત્ર હોય તેને ક્રમે ક્રમે શુદ્ધ કરવામાં આવતું હોય તથા શુદ્ધ પાણીથી ધોવામાં આવતું હોય, તો તેને લાગેલો

---

૧. મનને ન ભાવવું તે.

૨. મન દ્વારા સંભારતાં પણ જે ન રુચે તે.

૩. હીનપણે

મેલ ઊખડતો જાય છે; તેમ અલ્પ કર્મવાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ પાપવાળા અને અલ્પ વેદનાવાળા જીવનાં કર્મપુદ્ગલો છેદાતાં જાય છે, ભેદાતાં જાય છે, વિધ્વંસ પામતાં જાય છે, તથા અંતે સમસ્તપણે નાશ પામે છે. અને તેનો આત્મા હંમેશાં નિરંતર સુરૂપપણે, સુવર્ણપણે, અને સુખપણે વારંવાર પરિણમે છે.

ગૌ૦ — હે ભગવન્ ! વસ્ત્રને જે મેલ ચોટે છે, તે પુરુષપ્રયત્નથી ચોટે છે કે, સ્વાભાવિક રીતે ચોટે છે ?

મ૦ — હે ગૌતમ ! પુરુષપ્રયત્નથી પણ ચોટે છે અને સ્વાભાવિકપણે પણ ચોટે છે.

ગૌ૦ — હે ભગવન્ ! તે પ્રમાણે જીવોને જે કર્મરજ ચોટે છે,તે પુરુષપ્રયત્નથી અને સ્વાભાવિકપણે એમ બંને રીતે ચોટે છે ?

મ૦ — હે ગૌતમ ! જીવોને જે કર્મરજ ચોટે છે, તે પુરુષપ્રયત્નથી ચોટે છે, પણ સ્વાભાવિક રીતે નથી ચોટતી. જીવોના વ્યાપાર ત્રણ પ્રકારના છે : મનોવ્યાપાર, વચનવ્યાપાર, અને કાયવ્યાપાર. એ ત્રણ પ્રકારના વ્યાપારો વડે જીવોને કર્મોપચય થાય છે.

ગૌ૦ — હે ભગવન્ ! વસ્ત્રને જે પુદ્ગલોનો ઉપચય થાય છે તે સાદિ સાંત છે, સાદિ અનંત છે, અનાદિ સાંત છે કે અનાદિ અનંત છે ?

મ૦ — હે ગૌતમ ! તે ઉપચય સાદિ સાંત જ છે.

ગૌ૦ — હે ભગવન્ ! તે પ્રમાણે જીવોનો કર્મોપચય સાદિ સાંત છે, સાદિ અનંત છે, અનાદિ સાંત છે, કે અનાદિ અનંત છે ?

મ૦ — હે ગૌતમ ! કેટલાક જીવોનો કર્મોપચય સાદિ સાંત છે, કેટલાકનો અનાદિ સાંત છે, અને કેટલાકનો અનાદિ અનંત છે;

પણ જીવોનો કર્મોપચય સાદિ અનંત નથી.

ગૌ૦ — તે કેવી રીતે ?

મ૦ — ઐર્યાપથિક કર્મ બાંધનારનો કર્મોપચય સાદિ સાંત[1] છે; ભવસિદ્ધિક[2] જીવનો કર્મોપચય અનાદિ સાંત છે, અને અભવસિદ્ધિકોનો કર્મોપચય અનાદિ અનંત છે.

— શતક ૬, ઉદ્દે૦ ૩

□□□

૧. ઐર્યાપથિક ક્રિયા કષાયરહિતને જ સંભવી શકે છે. કષાયરહિતતા પ્રાપ્ત થયા બાદ જ ઐર્યાપથિક બંધ સંભવતો હોવાથી તે સાદિ છે. બાકી, જીવ-કર્મનો સંબંધ તો અનાદિ છે.

૨. મોક્ષ પામવાને યોગ્ય-ભવ્ય. અભવ્ય એટલે જેઓ કદી પણ મોક્ષ પામવાના નથી તેઓ.

# ૫

# વેદના અને નિર્જરા

## ૧

વેદના[1] એટલે કર્મફળરૂપે સુખદુઃખાદિ પ્રાપ્ત થવાં તે; અને નિર્જરા એટલે, કર્મનું ફળ ભોગવાઈ જતાં તેનું આત્મામાંથી ખરી પડવું તે.

ગૌતમ — હે ભગવન્ ! જે મહાવેદનાવાળો હોય તે મહાનિર્જરાવાળો પણ હોય ? અને મહાવેદનાવાળામાં તથા અલ્પવેદનાવાળામાં પ્રશસ્ત નિર્જરાવાળો જીવ જ ઉત્તમ કહેવાય કે કેમ ?

મ — હા, ગૌતમ !

ગૌ — હે ભગવન્ ! છઠ્ઠી અને સાતમી નરકભૂમિઓમાં નૈરયિકો મોટી વેદનાવાળા છે; પરંતુ તેથી તે શ્રમણ નિર્ગ્રંથો કરતાં મોટી નિર્જરાવાળા છે ખરા ?

મ — ના ગૌતમ ! તે વાત બરાબર નથી.

ગૌ — હે ભગવન્ ! તેમ શાથી કહો છો ?

મ — હે ગૌતમ ! કોઈ બે વસ્ત્રો હોય : તેમાંથી એક કર્દમ(કાદવ)ના રંગથી રંગાયેલું હોય; અને બીજું ખંજન (મેસ કે

---

૧. વેદનાની બાબતમાં મંડિતપુત્રે પૂછેલા પ્રશ્નના જવાબમાં (—શતક ૩, ઉદ્દે૦ ૩) મહાવીર ભગવાને જણાવ્યું છે કે, પહેલાં ક્રિયા થાય, અને પછી તેના ફળરૂપે વેદના થાય; પહેલાં વેદના અને પછી ક્રિયા એમ નથી.

મળી)ના રંગથી રંગાયેલું હોય. તે બેમાંથી કયું વસ્ત્ર મહાકષ્ટે ધોઈ શકાય તેવું, ડાઘા મટાડી શકાય તેવું, તેમ જ ચળકાટ કે ચિતરામણ કરી શકાય તેવું કહેવાય ?

ગૌ — હે ભગવન્ ! કર્દમથી રંગેલું મહાકષ્ટે ધોઈ શકાય તેવું કહેવાય.

મ — હે ગૌતમ ! એ જ પ્રમાણે નૈરયિકોનાં પાપકર્મ ગાઢ, ચીકણાં, શ્લિષ્ટ, તથા ખિલીભૂત છે; તેથી તેઓ ગાઢ વેદના ભોગવતા હોવા છતાં મોટી નિર્જરાવાળા નથી કે મોટા પર્યવસાન (નિર્વાણરૂપ ફળ) વાળા નથી.

વળી, જેમ એરણ ઉપર મોટા અવાજથી નિરંતર ઉપરાઉપરી ઘણના પ્રહાર કરવામાં આવે તો પણ તેના રજકણ છૂટા પડી જતા નથી, તેમ નૈરયિકોનાં પાપકર્મો ગાઢ હોવાથી બહુ વેદના થવા છતાં મોટા પ્રમાણમાં ખરી જતાં નથી.

અથાત્ સામાય રીતે મોટી વેદનાવાળો જીવ મોટી નિર્જરાવાળો હોય છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ નારકી જીવોનાં પાપકર્મ દુર્વિશોધ્ય હોવાથી મોટી વેદનાવાળાં હોય છે, પણ મોટી નિર્જરાવાળાં નથી હોતાં. તેમ જ શ્રેષ્ઠ ધ્યાનમાં સ્થિત થયેલો યોગી મોટી નિર્જરાવાળો હોવા છતાં મોટી વેદનાવાળો નથી હોતો.

જેમ ખંજનના રંગથી રંગાયેલું વસ્ત્ર સહેલાઈથી ધોઈ શકાય છે, તેમ શ્રમણ નિર્ગ્રંથોનાં કર્મો (તપાદીથી) શિથિલ એટલે મંદવિપાકવાળાં, સત્તા વિનાનાં, તથા વિપરિણામવાળાં કરી નાખેલાં હોવાથી ઝટ દૂર થઈ જાય છે; તેથી થોડીઘણી વેદના ભોગવવા— ન ભોગવવા છતાં તે શ્રમણ નિર્ગ્રંથો મોટી નિર્જરાવાળા અને મોટા પર્યવસાન (નિર્વાણફળ) વાળા હોય છે. જેમ કોઈ પુરુષ ઘાસના સૂકા પૂળાને અગ્નિમાં ફેંકે અને તે શીઘ્ર બળી જાય, કે કોઈ પુરુષ ધગધગતા

લોઢાના ગોળા ઉપર પાણીનું ટીપું મૂકે અને તે વિધ્વંસ પામી જાય, તે પ્રમાણે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોનાં કર્મો નહિ જેવી વેદના હોવા છતાં શીઘ્ર તેમ જ મોટા પ્રમાણમાં નષ્ટ થઈ જાય છે.

— શતક ૬, ઉદ્દે૦ ૧

૨

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦ — હે ભગવન્ ! નિત્યભોજી[1] શ્રમણ નિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે, તેટલું કર્મ નૈરયિક જીવો નરકમાં એક વરસે, અનેક વરસે કે સો વરસે ખપાવે ?

મ૦ — હે ગૌતમ ! એ વાત બરાબર નથી.

ગૌ૦ — હે ભગવન્ ! ચતુર્થભક્ત (ચાર ટંકનો એક ઉપવાસ) કરનાર શ્રમણનિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે, તેટલું કર્મ નૈરયિક જીવો નરકમાં સો વરસે, અનેક સો વરસે, કે હજાર વરસે ખપાવે ?

મ૦ — ના.

ગૌ૦ — બે ઉપવાસ કરનારો શ્રમણ જેટલું કર્મ ખપાવે, તેટલું નૈરિયક એક હજાર વરસે, અનેક હજાર વરસે કે એક લાખ વરસે ખપાવે ? ના.

ગૌ૦ — ત્રણ ઉપવાસ કરનારો શ્રમણ જેટલું કર્મ ખપાવે, તેટલું નૈરયિક એક લાખ વરસે, અનેક લાખ વરસે કે એક કરોડ વરસે ખપાવે ?

મ૦ — ના

ગૌ૦ — ચાર ઉપવાસ કરનારો શ્રમણ જેટલું કર્મ ખપાવે તેટલું

૧. મૂળ : 'અન્નગ્લાયક' — અન્ન વિના જેને ન ચાલે તેવો.

કર્મ નૈરિયક એક કરોડે વરસે, અનેક કરોડ વરસે કે કોટાકોટી વરસે ખપાવે ?

મ૰ — ના.

ગૌ૰ — હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ?

મ૰ — હે ગૌતમ ! કોઈ ઘરડો, જર્જરિત શરીરવાળો, ઢીલાં અને વળિયાંવાળાં ગાત્રવાળો, પડી ગયેલા દાંતવાળો, તથા ગરમી, તરસ, દુઃખ, ભૂખ, દુર્બળતા અને માનસિક ક્લેશવાળો પુરુષ મોટા કોશંબ વૃક્ષની સૂકી, ગાંઠોવાળી, ચીકણી, વાંકી અને નિરાધાર રહેલી ગંડેરી ઉપર બુઠ્ઠા પરશુ વડે પ્રહાર કરે, તો ગમે તેટલા મોટા હુંકાર કરવા છતાં તેના મોટા મોટા કકડા પણ ન કરી શકે; તે પ્રમાણે નૈરયિકોએ પોતાનાં પાપકર્મો ગાઢ કર્યાં છે, તથા ચીકણાં કર્યાં છે, તેથી તેઓ અત્યંત વેદના અનુભવવા છતાં, નિર્જરા અને નિર્વાણરૂપ ફળવાળા થતા નથી. પરંતુ કોઈ તરુણ, બલવાન, મેધાવી, અને નિપુણ કારીગર પુરુષ મોટા શીમળાની લીલી, જટા વિનાની, ગાંઠો વિનાની, ચીકાશ વિનાની, સીધી અને આધારવાળી ગંડેરી ઉપર તીક્ષ્ણ કુહાડા વડે પ્રહાર કરે, તો તે પુરુષ મોટા મોટા હુંકાર ન કરવા છતાં મોટાં મોટાં ફાડિયાં ફાડે છે. તે પ્રમાણે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોએ પોતાનાં કર્મોને સ્થૂલ, શિથિલ તથા નિષ્ઠિત કરેલાં છે, તેથી તે શીઘ્ર જ નાશ પામે છે અને તેઓ નિર્વાણરૂપી મહાફળવાળા થાય છે.

— શતક ૧૬, ઉદ્દે૰ ૪

□ □ □

# ૬

# જીવોનું ભારેપણું અને અલ્પાયુષીપણું

## ૧

ગૌતમ — હે ભગવન્ ! જીવો જલદી (કર્મના ભારથી) ભારે કેવી રીતે થઈ જાય ?

મહાવીર — હે ગૌતમ ! હિંસા વડે, અસત્ય વાણી વડે, ચોરી વડે, મૈથુન વડે, પરિગ્રહ વડે, ક્રોધ વડે, માન વડે, માયા વડે, લોભ વડે, રાગ વડે, દ્વેષ વડે, કલહ વડે, અભ્યાખ્યાન (મિથ્યા આળ દેવા) વડે, ચાડી ખાવા વડે, અરતિ અને રતિ વડે, નિંદા વડે, કપટપૂર્વક ખોટું બોલવા વડે, અને અવિવેક (મિથ્યાદર્શનશલ્ય) વડે જીવો જલદી ભારેપણું પામે છે.

ગૌ૰ — હે ભગવન્ ! જીવો શીઘ્ર હલકાપણું કેવી રીતે પામે ?

મ૰ — હે ગૌતમ ! ઉપર જણાવેલ હિંસાદિ અઢાર પાપસ્થાનોનો ત્યાગ કરવાથી જીવ શીઘ્ર હલકાપણું પ્રાપ્ત કરે છે.

*એ જ રીતે હિંસાદિ અઢાર પાપસ્થાનો ન ત્યાગનારનો સંસાર* વધે છે, લાંબો થાય છે, તથા તે સંસારમાં ભમ્યા કરે છે; પરંતુ તેમાંથી *નિવૃત્ત થનારનો સંસાર ઘટે છે, ટૂંકો થાય છે, અને તે સંસારને* ઓળંગી જાય છે.

હળવાપણું, સંસારને ઘટાડવો, સંસારને ટૂંકો કરવો, અને સંસારને ઓળંગવો— એ ચાર પ્રશસ્ત છે; તથા ભારેપણું, સંસારને વધારવો, સંસારને લાંબો કરવો અને સંસારમાં ભમવું —એ

અપ્રશસ્ત છે.

— શતક ૧, ઉદ્દે. ૯

## ૨

ગૌતમ — હે ભગવન્ ! જીવો થોડું જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

મ૰ — હે ગૌતમ ! ત્રણ સ્થાનો વડે જીવો થોડું જીવવાનું કારણભૂત કર્મ બાંધે છે : હિંસા વડે, અસત્ય વાણી વડે, તથા શ્રમણ-બ્રાહ્મણને સજીવ તથા સદોષ[1] અન્નપાનાદિ આપવા વડે.

ગૌ૰ — હે ભગવન્ ! જીવો લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

મ૰ — હે ગૌતમ ! ત્રણ સ્થાનો વડે જીવો લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ બાંધે છે : અહિંસા વડે, સત્ય વાણી વડે, તથા શ્રમણ-બ્રાહ્મણને નિર્જીવ તથા નિર્દોષ ખાનપાનાદિ પદાર્થો આપવા વડે.

ગૌ૰ — હે ભગવન્ ! જીવો અશુભ રીતે લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

મ૰ — હે ગૌતમ ! હિંસા કરીને, ખોટું બોલીને તથા શ્રમણ બ્રાહ્મણની હીલના[2], નિંદા, ફજેતી, ગર્હા કે અપમાન કરીને તથા

---

૧. ‘અકલ્પ્ય’, ન ખપે તેવું.

૨. ‘હીલના’ — એટલે તેની જાતિ વગેરે ઉઘાડી પાડીને કરેલી નિંદા; ‘નિન્દા’ એટલે મન વડે કરેલી નિન્દા; ‘ફજેતી’ એટલે લોકસમક્ષ કરેલી નિન્દા; ‘ગર્હા’ એટલે તેની પોતાની સામે કરેલી નિન્દા; અને ‘અપમાન’ એટલે તેને આવતો-જતો જોઈ ઊભા ન થવું વગેરે.

તેને અમનોજ્ઞ (સ્વરૂપથી ખરાબ—અપ્રિય) અન્નપાનાદિ આપીને જીવો અશુભ રીતે લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ બાંધે છે.

ગૌ૦ — હે ભગવન્ ! જીવો શુભ પ્રકારે લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

મ૦ — હે ગૌતમ ! પ્રાણોને ન મારીને, ખોટું ન બોલીને તથા શ્રમણ-બ્રાહ્મણને વંદનોપાસનાદિપૂર્વક મનોજ્ઞ તથા પ્રીતિકારક અન્નપાનાદિ આપીને જીવો શુભ દીર્ઘાયુષ બાંધે છે.

— શતક ૫, ઉદ્દે૦ ૬

□ □ □

૭

# સાધુ

૧

ગૌતમ — હે ભગવન્ ! જે આ શ્રમણ નિર્ગ્રંથો આર્યપણે — પાપકર્મરહિતપણે વિહરે છે, તેઓ કોના સુખને[1] અતિક્રમે છે ? અર્થાત્ તેમનું સુખ કોનાથી ચડિયાતું છે ?

મ૦ — હે ગૌતમ ! એક માસની દીક્ષાવાળો[2], એટલે કે દીક્ષા લીધે એક માસ થયો હોય તેવો શ્રમણ નિર્ગ્રંથ વાનવ્યંતર દેવોના સુખને અતિક્રમે છે. બે માસની દીક્ષાવાળો શ્રમણ અસુરકુમાર સિવાયના ભવનવાસી દેવોના સુખને અતિક્રમે છે. ત્રણ માસની દીક્ષાવાળો શ્રમણ અસુરકુમાર દેવોના સુખને અતિક્રમે છે; ચાર માસની દીક્ષાવાળો શ્રમણ ગ્રહો, નક્ષત્રો અને તારારૂપ જ્યોતિષ્ક દેવોના સુખને અતિક્રમે છે; પાંચ માસની દીક્ષાવાળો શ્રમણ જ્યોતિષ્કના ઇંદ્ર, જ્યોતિષ્કના રાજા ચંદ્ર અને સૂર્યના સુખને અતિક્રમે છે; છ માસની દીક્ષાવાળો શ્રમણ સૌધર્મ અને ઈશાનવાસી દેવોના સુખને અતિક્રમે છે; સાત માસની દીક્ષાવાળો શ્રમણ સાનત્કુમાર અને માહેન્દ્ર દેવોના, આઠ માસની દીક્ષાવાળો બ્રહ્મલોકવાસી અને લાંતક દેવોના, નવ માસની દીક્ષાવાળો આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવોના, અગિયાર માસની દીક્ષાવાળો ગ્રૈવેયક દેવોના તથા બાર માસની દીક્ષાવાળો શ્રમણ નિર્ગ્રંથ

---

૧. મૂળ : 'તેજોલેશ્યા'.

૨. મૂળ: *'દીક્ષાપર્યાયવાળો'*

અનુત્તરૌપપાતિક દેવોના સુખને અતિક્રમે છે. ત્યારબાદ તે શુદ્ધતર પરિણામવાળો થઈને સિદ્ધ થાય છે તથા સર્વ દુઃખોનો અંત કરે છે.

— શતક ૧૪, ઉદ્દે. ૯

## ૨

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ — હે ભગવન્ ! નિર્ગ્રંથોના કેટલા પ્રકાર છે ?

મ. — હે ગૌતમ ! નિર્ગ્રંથો પાંચ પ્રકારના કહ્યા છે :

૧. પુલાક : 'એટલે કે જે સાધુ સંયમવાન હોવા છતાં, તથા વીતરાગપ્રણીત આગમથી કદી ચલિત ન થતા હોવા છતાં, દોષ વડે સંયમને, પુલાકની પેઠે — નિઃસાર ધાન્યના કણની પેઠે — કાંઈક અસાર કરે છે, અથવા તેમાં પરિપૂર્ણતા પ્રાપ્ત કરતા નથી તે'[૧].

પુલાકના પાંચ પ્રકાર છે : સ્ખલન ઇત્યાદિથી જ્ઞાનને દૂષિત કરે તે જ્ઞાનપુલાક; શંકા આદિથી સમ્યક્ત્વને દૂષિત કરે તે દર્શનપુલાક; અહિંસાદિ ગુણોની વિરાધનાથી ચારિત્રને દૂષિત કરે તે ચારિત્રપુલાક; નિષ્કારણ અન્ય સંપ્રદાયનું લિંગ ધારણ કરે તે લિંગપુલાક; અને જે અકલ્પિત — સેવવા અયોગ્ય દોષોને મનથી સેવે તે યથાસૂક્ષ્મપુલાક.

૨. બકુશ : 'એટલે કે ચિત્ર વર્ણવાળા; અર્થાત્ જે સાધુઓ શરીર અને ઉપકરણ સુશોભિત રાખવાના પ્રયત્નવાળા હોય, ઋદ્ધિ અને કીર્તિ ચાહતા હોય,સુખશીલ હોય, સસંગ — પરિવારયુક્ત — હોય, તથા અતિચારાદિદોષોયુક્ત ચારિત્રવાળા હોય તે.'

બકુશ સાધુઓના પાંચ પ્રકાર છે : શરીરાદિની શોભા સાધુને

---

૧. આ તથા પછીની બધી અવતરણમાં મૂકેલી વ્યાખ્યાઓ મૂળની નથી.

અયોગ્ય છે એમ જાણવા છતાં તેવા પ્રકારનો દોષ સેવે તે આભોગબકુશ; અજાણતાં તે દોષ સેવે તે અનાભોગબકુશ; ચારિત્રના અહિંસાદિ ગુણો વડે સંવૃત્ત હોય તે સંવૃત્ત બકુશ; તેથી ભિન્ન તે અસંવૃતબકુશ; અને આંખ-મુખને સાફ રાખનાર યથાસૂક્ષ્મબકુશ.

૩. કુશીલ : 'એટલે કે, દોષના સંબંધથી જેનું શીલ કુત્સિત - મલિન થયું છે તે'. તેમાં પણ જેઓ ઇંદ્રિયોને વશવર્તી હોઈ, ઉત્તરગુણોની વિરાધના[૧] કરે, તે 'પ્રતિસેવનાકુશીલ' કહેવાય છે; અને જેઓ તીવ્ર કષાયને કદી વશ ન થતાં માત્ર મંદ કષાયને ક્યારેક વશ થાય, તે 'કષાયકુશીલ' કહેવાય છે.

તેમાં પ્રતિસેવનાકુશીલના પાંચ પ્રકાર છે : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લિંગ — સાધુવેશ —એનાથી ઉપજીવિકા કરનાર અનુક્રમે જ્ઞાનપ્રતિસેવનાકુશીલ, દર્શન૦, ચારિત્ર૦, અને લિંગ પ્રતિસેવનાકુશીલ કહેવાય છે, અને 'આ તપસ્વી છે' એવી પ્રશંસાથી જે ખુશ થાય, તે યથાસૂક્ષ્મકુશીલ કહેવાય છે.

કષાયકુશીલના પાંચ પ્રકાર આ પ્રમાણે છે : જ્ઞાન, દર્શન અને લિંગ — સાધુવેશ—નો ક્રોધ, માનાદિ કષાયમાં ઉપયોગ કરે, તે અનુક્રમે જ્ઞાનકષાયકુશીલ, દર્શનકષાયકુશીલ, અને લિંગકષાયકુશીલ કહેવાય છે. કષાયથી જે શાપ આપે તે ચારિત્રકષાયકુશીલ અને જે માત્ર મનથી ક્રોધાદિને સેવે તે યથાસૂક્ષ્મકુશીલ કહેવાય છે.[૨]

---

૧. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યા, અપરિગ્રહ, અને રાત્રીભોજનત્યાગ એ મૂળ ગુણો છે; અને નિર્દોષ ભિક્ષાચર્યા, ગૃહસ્થનાં વાસણ-શય્યા-મકાન વગેરેનો ત્યાગ, અસ્નાન, અને આભૂષણત્યાગ એ ઉત્તમ ગુણો છે.

૨. બીજી વ્યાખ્યા પ્રમાણે, કષાયો વડે જ્ઞાનાદિનો વિરાધક તે જ્ઞાનાદિકષાયકુશીલ કહેવાય છે.

૪. નિર્ગ્રંથ : 'એટલે કે ગ્રંથ — મોહનીયકર્મથી રહિત એવો સાધુ. તેનામાં રાગદ્વેષનો અત્યંત અભાવ છે, તથા સર્વજ્ઞપણું પ્રાપ્ત થવાને પણ હવે તેને અંતર્મુહૂર્ત[1] જેટલી જ વાર છે'. તે અંતર્મુહૂર્તના પ્રથમ સમયમાં વર્તમાન સાધુ 'પ્રથમસમય નિર્ગ્રંથ' કહેવાય છે; અને બાકીના સમયમાં વર્તમાન 'અપ્રથમસમય નિર્ગ્રંથ' કહેવાય છે. એમ ચરમ સમયમાં વર્તમાન 'ચરમસમય નિર્ગ્રંથ', અને બાકીના સમયમાં વર્તમાન 'અચરમસમય નિર્ગ્રંથ' કહેવાય છે. સામાન્યતઃ પ્રથમાદિ સમયની વિવક્ષા સિવાયનો નિર્ગ્રંથ 'યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ' કહેવાય છે. —એમ નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે.

૫. સ્નાતક : 'એટલે કે સમસ્ત ઘાતી-કર્મનું[2] ક્ષાલન કરવાથી સ્નાત — શુદ્ધ થયેલ તથા જેને સર્વજ્ઞત્વ પ્રાપ્ત થયું છે તે સાધુ'.

તેના પાંચ પ્રકાર આ પ્રમાણે છે : શરીર કે કાયવ્યાપાર રહિત સ્નાતક તે 'અચ્છવી સ્નાતક' : દોષરહિત વિશુદ્ધ ચારિત્રવાળો તે 'અશબલ સ્નાતક' : ઘાતી-કર્મ રહિત તે અકર્માંશ સ્નાતકઃ સંશુદ્ધ જ્ઞાન અને દર્શનને ધારનાર તે અરિહંત-જિન-કેવલી; અને કર્મબંધરહિત તે અપરિસ્રાવી[3].

— શતક ૨૫, ઉદ્દે૦ ૬

---

૧. નવ સમયથી માંડી બે ઘડીથી કાંઈક ઓછો — એટલામાંથી કોઈ પણ કાળ અંતર્મુહૂર્ત કહેવાય. સમય એ કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ છે.

૨. આત્માના ગુણોનો સીધો ઘાત કરનારાં જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મ ઘાતી કહેવાય છે; બાકીનાં વેદનીયાદિ ચાર અઘાતી કહેવાય છે. જુઓ પા. ૨૦૮ ઉપર ટિપ્પણ નં. ૧માં જણાવેલાં ચાર.

૩. આ બધા સાધુઓનો મૂળમાં પાછો સંખ્યા, ગુણ, વગેરે અનેક રીતે વિચાર કરવામાં આવ્યો છે. તે માટે જુઓ આ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૩

ગૌ. — હે ભગવન્ ! સંયમીઓના કેટલા પ્રકાર છે ?

મ. — હે ગૌતમ ! સંયમીઓના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે : ૧. સામાયિક સંયત, ૨. છેદોપસ્થાપનીય સંયત, ૩. પરિહારવિશુદ્ધિ સંયત, ૪. સૂક્ષ્મસંપરાય સંયત અને ૫. યથાખ્યાત સંયત.

૧. સામાયિક સંયત : સમભાવમાં રહેવા માટે બધી અશુદ્ધ પ્રવૃત્તિઓના ત્યાગપૂર્વક ચાર મહાવ્રતરૂપ પ્રધાન ધર્મને મન, વચન, કાયાથી ત્રિવિધે જે પાળે, તે સામાયિક સંયત કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) ઇત્વરિક એટલે કે અલ્પકાલિક : અતિચારયુક્ત થવાથી દીક્ષાપર્યાયને છેદી ફરી મહાવ્રત આપવાથી જેનું સંયતપણું છિન્ન થાય તે. (૨) નિરતિચાર : એટલે કે જીનવપર્યંત જેનું ચારિત્ર અખંડ રહે છે તે.

૨. છેદોપસ્થાપનીય સંયત : પૂર્વના દીક્ષાપર્યાયનો છેદ કરી જે પોતાના આત્માને પાંચ મહાવ્રતરૂપ ધર્મમાં સ્થાપે, તે ‘છેદોપસ્થાપનીય સંયત’ કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) સાતિચાર : એટલે કે, અતિચારયુક્ત થવાથી દીક્ષાપર્યાય છેદી ફરી મહાવ્રત આપવાં પડ્યાં હોય તેવો. (૨) અને નિરતિચાર : એટલે કે પ્રથમ દીક્ષિત સાધુને તથા પાર્શ્વનાથના તીર્થથી મહાવીરના તીર્થમાં પ્રવેશ કરનાર સાધુને ફરી મહાવ્રત આપવાં પડ્યાં હોય તે[૧].

૩. પરિહારવિશુદ્ધિક સંયત : પાંચ મહાવ્રતરૂપ અને ઉત્તમોત્તમ ધર્મને ત્રિવિધે મન-વચન-કાયાથી પાળતો અમુક પ્રકારનું

---

૧. છેદોપસ્થાપનીય સાધુ પ્રથમ તીર્થંકર અને પશ્ચિમ તીર્થંકરના તીર્થમાં જ હોય છે.

તપ કરે, તે 'પરિહારવિશુદ્ધિક સંયત' કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) નિર્વિશમાનક એટલે કે તપ કરનાર, અને (૨) નિર્વિષ્ટકાયિક એટલે કે સેવાચાકરી કરનાર[1].

૪. સૂક્ષ્મસંપરાય સંયત : જેમાં ક્રોધ આદિ કષાય ઉદયમાન નથી હોતા, ફક્ત લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય છે, તે 'સૂક્ષ્મસંપરાય સંયત'. તેના બે પ્રકાર છે : (૧) સંક્લિશ્યમાનક એટલે કે ઉપશમશ્રેણીથી નીચે પડતો (૨) વિશુધ્યમાનક, એટલે કે ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી ઉપર ચડતો.

૫. યથાખ્યાત સંયત : જેમાં કોઈ પણ કષાય ઉદયમાન નથી હોતો, તે 'યથાખ્યાત સંયત' કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) છદ્મસ્થ[2], એટલે કે જેને હજુ કેવલજ્ઞાન થયું નથી, તેવો (૨) કેવલી, એટલે કે જેને કેવલજ્ઞાન થયું છે તે. જેને દર્શનમોહનીય કર્મનો સર્વથા ક્ષય હોય પણ ચારિત્રમોહનીયનો ક્ષય અથવા ઉપશાંતિ હોય, તે છદ્મસ્થ; અને મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગદશા

---

૧ તે તપમાં અમુક સંખ્યાના સાધુઓ ગચ્છમાંથી નીકળી તપ અંગીકાર કરે છે; તેમાં વારાફરતી એક ગુરુસ્થાને રહે છે, બીજા અમુક તપ કરે છે, અને બીજા અમુક સેવા કરે છે. વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ, પુસ્તક પા. ૧૬૭, નોંધ ૩, તથા ભગવતીસારના ત્રીજા સિદ્ધાંતખંડમાં જીવવિભાગમાં પ્રકરણ ૬માં ૭મો લબ્ધિવાળો વિભાગ.

૨. આત્મિક શુદ્ધિ કે વિકાસની ૧૪ પાયરીઓ - કે જે ગુણસ્થાનો કહેવાય છે, તેમાં ૧૧ અને ૧૨ ગુણસ્થાને પહોંચેલો છદ્મસ્થ કહેવાય છે; પછી ૧૩મા ગુણસ્થાનમાં તેને સર્વજ્ઞપણું પ્રાપ્ત થઈ, ૧૪માને અંતે શરીરપાત થતાં તેને વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૭૨, ટિપ્પણ નં. ૬; તથા ભગવતીસારના ત્રીજા સિદ્ધાંતખંડમાં જીવવિભાગમાં પ્રકરણ ૩ને અંતે ટિપ્પણ નં. ૧.

પ્રગટવા સાથે પ્રાપ્ત થતા સર્વજ્ઞપણાયુક્ત તે કેવલી[૧].

— શતક ૨૫, ઉદ્દે. ૭

## ૪

મ૰ — હે ગૌતમ ! લાઘવ (ઓછી ઉપાધિવાળા હોવાપણું), અલ્પેચ્છા, અમૂર્છા, અનાસક્તિ અને અપ્રતિબદ્ધતા (સ્નેહનો અભાવ) એ પાંચ વાનાં શ્રમણસાધુ માટે સારાં છે.

વળી, હે ગૌતમ ! અક્રોધીપણું, અમાનીપણું, અકપટીપણું, અને અલોભીપણું એ ચાર વાનાં પણ શ્રમણસાધુ માટે સારાં છે.

વળી, હે ગૌતમ ! રાગદ્વેષ ક્ષીણ થયા પછી શ્રમણસાધુ અંતકર અને અંતિમ શરીરવાળો થાય; તથા પૂર્વની અવસ્થામાં બહુ મોહવાળો થઈને વિહાર કરે તો પણ પછી સંવૃત[૨] થઈને મરણ પામે, તો પછી સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખનો નાશ પ્રાપ્ત કરે.

— શતક ૧, ઉદ્દે૰ ૯

## ૫

રાજગૃહનો પ્રસંગ છે.

ગૌતમ — હે ભગવન્ ! અસંવૃત અનગાર (સાધુ) સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અંત કરે ?

મ૰ — હે ગૌતમ ! એ વાત બરાબર નથી.

---

૧. આ સંયતોને માટે પણ મૂળમાં પુલાક, બકુશાદિની પેઠે અનેક વિચારણાદ્વારો છે. તેનો નમૂનો પુલાકાદિ માટેનાં દ્વારોમાં વાચકને જોવા મળ્યો છે. તેથી તેમને અહીં ઉતાર્યાં નથી.

૨. સંવૃત એટલે આસ્ત્રવદ્વાર — કર્મ આપવાના માર્ગને — અર્થાત્ પાપપ્રવૃત્તિઓને રોકનાર.

ગૌ — હે ભગવન્ ! કયા કારણથી ?

મ — હે ગૌતમ ! અસંવૃત અનગાર આયુષ્ય સિવાયની[1] બાકીની સાતે કર્મપ્રકૃતિઓ શિથિલપણે બંધાઈ હોય તેને ગાઢ બંધનવાળી કરે છે; જે પ્રકૃતિઓ થોડા સમયની સ્થિતિવાળી હોય, તેઓને લાંબાકાળની સ્થિતિવાળી કરવાનો આરંભ કરે છે; મંદ અનુભાવવાળી —હીન રસવાળી પ્રકૃતિઓને ગાઢ રસવાળી કરે છે; અને થોડા પ્રદેશવાળા કર્મદળનાં પરિણામવાળી પ્રકૃતિઓને ઘણા પ્રદેશવાળાં કર્મદળનાં પરિણામવાળી કરે છે;[2] અશાતાવેદનીય એટલે કે દુઃખપૂર્વક અનુભવવાના કર્મને વારંવાર એકઠું કરે છે; તથા અનાદિ, અનંત, દીર્ઘ માર્ગવાળા, તથા ચાર ગતિવાળા સંસારારણ્ય વિષે પર્યટન કરે છે.

પરંતુ સંવૃત અનગાર તેથી ઊલટું કરીને સિદ્ધ થાય છે, તથા સર્વ દુઃખોનો અંત કરે છે.

— શતક ૧, ઉદ્દે ૧

---

૧. એક ભવમાં ચાલુ આયુષ્યનો ત્રીજો ભાગ વગેરે બાકી રહેતાં એક જ વખત માત્ર અંતર્મુહૂર્તકાળને વિષે આયુષ્ય કર્મ બંધાય છે. માટે સાત કર્મપ્રકૃતિ કહી.

૨. કષાયપૂવક કરાતી મન-વાણી-કાયાની પ્રવૃત્તિ એટલે કે 'યોગ'ને કારણે કર્મપરમાણુઓ જીવમાં બંધાય છે. તે વખતે તેમાં ચાર અંશો નિર્માણ થાય છે : ૧. જ્ઞાનને આવૃત્ત કરવાનો, સુખદુઃખ અનુભવાવવાનો વગેરે સ્વભાવ — 'પ્રકૃતિબંધ'; (૨) તે સ્વભાવથી અમુક સમય સુધી ચ્યુત ન થવાથી કાલમર્યાદા — 'સ્થિતિબંધ', (૩) તીવ્રતા મંદતા આદિપણે ફલાનુભવ કરાવનારી વિશેષતાઓ — 'અનુભાવબંધ'; અને (૪) સ્વભાવ દીઠ તે પરમાણુઓનું અમુક પરિમાણમાં વહેંચાઈ જવું — 'પ્રદેશબંધ'. આ ચારમાંથી પહેલો અને છેલ્લો યોગ એટલે કે પ્રવૃત્તિને આભારી છે, અને બીજો તથા ત્રીજો રાગદ્વેષાદિ કષાયને આભારી છે. કર્મપ્રકૃતિઓ તથા તેમના હેતુઓ માટે જુઓ પા. ૨૦૮, ટિપ્પણ ૧.

૬

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ — હે ભગવન્ ! જેણે સંસારને રોક્યો નથી, જેણે સંસારના પ્રપંચોને નિરોધ્યા નથી, જેનો સંસાર ક્ષીણ થયો નથી, જેનો સંસાર છેદાયો નથી, જે કૃતાર્થ નથી, અને જેનું કાર્ય સમાપ્ત થયું નથી, એવો સાધુ ભલે પછી તે નિર્દોષ અને સ્વીકારવા યોગ્ય અન્નપાન જ[1] ખાનારો હોય, તે ફરીને શીઘ્ર પશુ- મનુષ્યાદિમાં જન્મવારૂપ અવસ્થાને પામે ?

મ૰ — હે ગૌતમ ! તે ફરીને શીઘ્ર તેવી અવસ્થાને પામે.

ગૌ૰ — હે ભગવન્ ! તે નિર્ગ્રંથના જીવને કયા શબ્દથી બોલાવાય ?

મ૰ — હે ગૌતમ ! તે નિર્ગ્રંથનો જીવ શ્વાસનિઃશ્વાસ લે છે માટે 'પ્રાણ' કહેવાય; થવાના સ્વભાવવાળો છે — થયો છે, થાય છે, અને થશે — માટે 'ભૂત' કહેવાય; જીવે છે અને જીવપણાને તથા આયુષકર્મને અનુભવે છે માટે જીવ કહેવાય; શુભાશુભ કર્મો વડે સંબદ્ધ છે માટે 'સત્ત્વ' કહેવાય; કડવાખાટા વગેરે રસોને જાણે છે માટે 'વિજ્ઞ' કહેવાય; તથા સુખદુઃખાદિ અનુભવે છે માટે 'વેદ' કહેવાય.

પરંતુ જે નિર્ગ્રંથે સંસારને રોક્યો છે, તેના પ્રપંચને રોક્યો છે, તથા જેનું કાર્ય સમાપ્ત થયેલ કાર્યની પેઠે પૂર્ણ થયું છે, તેવો નિર્દોષ અન્નપાન ખાનારો નિર્ગ્રંથ ફરીને મનુષ્યપણું વગેરે ભાવોનો પામતો નથી. તેનો જીવ 'સિદ્ધ' કહેવાય, 'બુદ્ધ' કહેવાય, 'મુક્ત' કહેવાય, 'પારગત' કહેવાય, એક પગથિયેથી બીજે એમ અનુક્રમે સંસારના

---

૧. મૂળમાં 'મૃતાદિ'. — મૃત = નિર્જીવ વસ્તુ ખાનાર.

પારને પામેલો 'પરંપરાગત' કહેવાય, તથા પરિનિર્વૃત, અંતકૃત અને સર્વદુ:ખપ્રહીણ કહેવાય.

—શતક ૨, ઉદ્દે૦ ૧

૭

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ૦ — હે ભગવન્ ! અસંયત, અવિરત તથા જેણે પાપકર્મ હણ્યાં નથી અને વર્જ્યાં નથી તેવો જીવ અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય છે ?

મ૦ — હે ગૌતમ ! તેવા કેટલાક દેવ થાય છે, અને કેટલાક દેવ નથી થતા.

ગૌ૦ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

મ૦ — હે ગૌતમ ! જે જીવો ગામ, નગર, રાજધાની વગેરેમાં પરાણે ભૂખ-તરસ, બ્રહ્મચર્ય, શીત-ઉષ્ણ, ડાંસ-મચ્છર વગેરેનાં દુ:ખ સહન કરે છે; પરાણે સ્નાનત્યાગ, પરસેવો, રજ, મેલ તથા કાદવથી થતા પરિદાહનો ક્લેશ થોડો યા વધારે વખત સહન કરે છે, તેઓ તે પ્રકારના અકામ[1] તપ-ક્લેશ વડે મૃત્યુકાળે મરીને વાનવ્યંતર દેવલોકના કોઈ પણ લોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

હે ગૌતમ ! અહીં જેમ પુષ્પ, પલ્લવ, લતા, ફલ વગેરેવાળું અશોક, આંબા, કસુંબા વગેરેનું વન ઘણી શોભા વડે અતીવ શોભતું હોય છે, તેમ વાનવ્યંતર દેવોનાં સ્થાનો અતીવ શોભતાં હોય છે. ત્યાંનાં દેવદેવીની ઓછામાં ઓછી સ્થિતિ દશ હજાર વર્ષની હોય

---

૧. કર્મક્ષયની—નિર્જરાની કામનાથી કરેલું નહીં એવું.

છે અને વધારેમાં વધારે પલ્પોપમ[1] વર્ષ જેટલી હોય છે.

— શતક ૧, ઉદ્દે. ૧

## ૮

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ — હે ભગવન્ ! ખંડિત સંયમવાળા કે અખંડિત સંયમવાળા, તાપસો, પરિવ્રાજકો, આજીવિકો, અને શ્રદ્ધાભ્રષ્ટ વેષધારકો વગેરે સાધુઓ દેવપણું પામવાને યોગ્ય હોય, તો કોની ઉત્પત્તિ ક્યાં થાય છે ?

મ — હે ગૌતમ ! સંયમ રહિત અને દેવપણું પામવાને યોગ્ય જીવો એટલે કે શ્રમણના ગુણ ધારણ કરનારા, તથા શ્રમણનો આચાર, અનુષ્ઠાન, તથા બાહ્ય વેષ ધારણ કરનારા મિથ્યાદૃષ્ટિઓ કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે ઉપરના ગ્રૈવેયક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. દીક્ષા લીધી ત્યારથી જેમનું ચારિત્ર અભગ્ન છે, તેવા અખંડિત સંયમવાળાઓ[2] કમમાં કમ સૌધર્મકલ્પમાં અને વધારેમાં વધારે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. તેમનાથી ઊલટા એટલે કે ખંડિત સંયમવાળાઓ કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થાય છે. સ્વીકાર કર્યો ત્યારથી જેઓનો દેશવિરતિ[3] પરિણામ અખંડિત છે તેવા અખંડિત — સંયમાસંયમો[3] કમમાં કમ સૌધર્મકલ્પમાં અને વધારેમાં વધારે અચ્યુતકલ્પમાં ઉત્પન્ન

---

૧. તેની ગણતરી માટે આ ગ્રંથમાં જુઓ ચારિત્રખંડ, સુદર્શન શેઠની કથા.

૨. સંજ્વલન કષાયના સામર્થ્યથી તેઓમાં થોડો માયાદિ દોષ સંભવે છે; પણ તેઓએ ચારિત્રનો ઉપઘાત કર્યો નથી. - ટીકા.

૩. વિરતિ એટલે વિરમવું તે; હિંસાદિ પાપોમાંથી અંશતઃ નિવૃત્ત થવું તે દેશવિરતિ. જેમકે 'જંગમ જીવોની હિંસા ન કરવી' એવો નિયમ લેનાર સ્થૂલ અહિંસા વ્રતવાળો છે. તેને 'સંયમાસંયમી' પણ કહેવાય. કારણ કે જંગમ જીવોની અહિંસાની દૃષ્ટિએ તે સંયમી છે, અને અન્ય જીવોની હિંસાની દૃષ્ટિએ તે અસંયમી છે.

થાય છે. તેમનાથી ઊલટા ખંડિત — સંયમાસંયમો કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય છે. મરજી વિના થતી અકામ નિર્જરાવાળા (પરાણે તપ સહે છે તેવા) કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે વાનવ્યંતરમાં ઉત્પન્ન થાય છે; બાકીના (હવે પછી જણાવેલા) બધાની કમમાં કમ ઉત્પત્તિ ભવનવાસીમાં છે. અને વધારેમાં વધારે નીચે પ્રમાણે છે : તાપસો એટલે કે ખરી પડેલાં પાંદડાં વગેરેનો ઉપભોગ કરનારા (મૂઢ તપસ્વીઓ) જ્યોતિષિકમાં ચેષ્ટા, ચાળા વગેરે કરનાર કાંદર્પિકો સૌધર્મકલ્પમાં ધાડની ભિક્ષાથી જીવનારા ત્રિદંડીઓ (ચરકપરિવ્રાજકો)[૧] બ્રહ્મલોકકલ્પમાં; જ્ઞાન, જ્ઞાની, સાધુ વગેરેની નિંદા કરનારા કિલ્બિષિકો[૨] લાંતકકલ્પમાં; દેશવિરતિ ધારણ કરનાર ગાય ઘોડો વગેરે તિર્યંચો સહસ્રારકલ્પમાં; આજીવક સંપ્રદાયના ગોશાલક-શિષ્યો તથા મંત્રાદિનો પ્રયોગ[૩] કરનારા આભિયોગિકો અચ્યુતકલ્પમાં અને દર્શનભ્રષ્ટ વેષધારકો ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે.

— શતક ૧, ઉદ્દે ૨

## ૯

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ — હે ભગવન્ ! એકાંતબાલ એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવ અથવા વિરતિ વિનાનો જીવ કોનું (કઈ ગતિનું) આયુષ્યકર્મ બાંધે ?

મ — હે ગૌતમ ! પોતાનાં મોટાં-નાનાં કાર્યો અનુસાર નૈરયિકનું, તિર્યંચનું, મનુષ્યનું અને દેવનું પણ બાંધે.

---

૧. અથવા ચરકો એટલે કુચ્છોટકાદિ (લંગોટિયા ?) અને પરિવ્રાજકો એટલે કપિલ મુનિના શિષ્યો.

૨. જુઓ ચારિત્રખંડમાં જમાલિની કથાનો ઉપસંહાર.

૩. કૌતુક એટલે સૌભાગ્યાદિ માટે સ્નાન બતાવવાં, ભૂતીકર્મ એટલે તાવવાળા વગેરેને ભૂતિ દેવી, સ્વપ્નવિદ્યા ઇત્યાદિ.

ગૌ૰ — હે ભગવન્ ! એકાંતપંડિત[1] મનુષ્ય કઈ ગતિને યોગ્ય આયુષ્યકર્મ બાંધે ?

મ૰ — હે ગૌતમ ! તે તો કદાચ આયુષ્યકર્મ ન પણ[2] બાંધે; અને બાંધે તો દેવનું જ બાંધે.

ગૌ૰ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

મ૰ — હે ગૌતમ ! સર્વ એકાંતપંડિત મનુષ્યની માત્ર બે ગતિઓ કહી છે : (૧) અંતક્રિયા એટલે કે નિર્વાણ — મોક્ષ; (૨) કલ્પ — અનુત્તર — સુધીના દેવલોકમાં ઉત્પત્તિ.

ગૌ૰ — હે ભગવન્ ! બાલપંડિત[3] કોનું આયુષ્ય બાંધે ?

મ૰ — હે ગૌતમ ! દેવનું.

ગૌ૰ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

મ૰ — હે ગૌતમ ! બાલપંડિત મનુષ્ય શ્રમણ કે બ્રાહ્મણ પાસેથી એક પણ ધાર્મિક અને આર્ય વચન સાંભળી, તથા તેનું અવધારણ કરી, કેટલીક પ્રવૃત્તિથી (સ્થૂલ હિંસાદિકથી) અટકે છે અને કેટલીકથી (હિંસાદિમાત્રથી) નથી અટકતો; કેટલીકનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ (પ્રત્યાખ્યાન) કરે છે, અને કેટલીકનો નથી કરતો; આમ કેટલીક પ્રવૃત્તિથી અટકવાને લીધે તેમ જ કેટલીકનો ત્યાગ કરવાને લીધે તે નૈરયિકાદિનું આયુષ્ય નથી બાંધતો, પરંતુ દેવનું આયુષ્ય બાંધી દેવોમાં ઉત્પન્ન થાય છે.

— શતક ૧, ઉદ્દે૰ ૮

□□□

---

૧. ટીકાકારના જણાવ્યા પ્રમાણે તેનો અર્થ ‘સાધુ’ થાય છે.

૨. ચાર અનંતાનુબંધીકષાય અને ત્રણ મોહનીયનો ક્ષય થયા બાદ.

૩. એટલે કે શ્રાવક. — ટીકા.

# ટિપ્પણો

**ટિપ્પણ નં. ૧ :**

હવે પુલાક વગેરે પાંચેનો વેદ વગેરેની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે :

૧. તેમાં પુલાકને વેદ હોય છે; પરંતુ કોઈ સ્ત્રીને પુલાકલબ્ધિ હોતી નથી; તેથી પુલાકલબ્ધિવાળો, પુરુષ કે પુરુષનપુંસક (કૃત્રિમ રીતે થયેલો) હોય છે. બકુશ પણ વેદયુક્ત હોય છે; પરંતુ સ્ત્રી, પુરુષ કે કૃત્રિમનપુંસક એ ત્રણે બકુશ હોઈ શકે છે. તેવું જ પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાયકુશીલ પણ વેદસહિત હોય તો ત્રણે વેદવાળો હોય; પરંતુ વેદરહિત હોય ત્યારે ઉપશાંત અને ક્ષીણ વેદવાળો હોઈ શકે. નિર્ગ્રંથ વેદરહિત જ હોય પરંતુ તે ઉપશાંતવેદ કે ક્ષીણવેદ એમ બંને પ્રકારનો હોય. સ્નાતક તો વેદરહિત તેમ જ ક્ષીણવેદ જ હોય.

૨. હવે રાગની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે : પુલાક, બકુશ અને કુશીલ રાગસહિત હોય. નિર્ગ્રંથ રાગરહિત હોય; પરંતુ ઉપશાંતકષાય કે ક્ષીણકષાય પણ હોય. સ્નાતક તો રાગરહિત તેમ જ ક્ષીણકષાય જ હોય.

૩. હવે કલ્પની અપેક્ષાએ પુલાકાદિનો વિચાર કરવામાં આવે છે : અમુક પ્રકારનાં વસ્ત્ર પરિધાન કરવાં' વગેરે દશ કલ્પો[1]— આચારોનું પાલન પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં આવશ્યક હોય છે (સ્થિતકલ્પ). મધ્યના બાવીસ તીર્થંકરના સાધુઓને તે આચારોનું પાલન આવશ્યક નથી (અસ્થિતકલ્પ). પુલાકથી માંડીને સ્થાનક સુધીના વર્ગો સ્થિતકલ્પમાં પણ હોય અને અસ્થિતકલ્પમાં

---

૧. જુઓ પાન ૨૬૮ પર ટિપ્પણ નં. ૨.

પણ હોય. જિનકલ્પ[1], સ્થવિરકલ્પ અને કલ્પાતીતતાની અપેક્ષાએ વિચારીએ તો પુલાક સ્થવિરકલ્પમાં હોય; બકુશ જિનકલ્પ અને સ્થવિરકલ્પમાં હોય; પ્રતિસેવનાકુશીલનું પણ તેમ જ જાણવું; કષાયકુશીલ જિનકલ્પમાં હોય, સ્થવિરકલ્પમાં હોય, એ કલ્પાતીત પણ હોય. નિર્ગ્રંથ અને સ્નાતક કલ્પાતીત જ હોય.

૪. સંયમ અથવા ચારિત્રના પાંચ પ્રકાર છે : જે પહેલવહેલી મુનિદીક્ષા લેવામાં આવે છે તે 'સામાયિક સંયમ;' પ્રથમ દીક્ષા લીધા બાદ શાસ્ત્રાભ્યાસ બાદ વિશેષ શુદ્ધિ ખાતર કે લીધેલી દીક્ષામાં દોષાપત્તિ થવાથી તેનો છેદ કરી જે નવેસર દીક્ષા આપવામાં આવે તે 'છેદોપસ્થાપન સંયમ; અમુક ખાસ તપ કરવા[2] ગચ્છનો પરિહાર — ત્યાગ કરી વિશુદ્ધિ પ્રાપ્ત કરવારૂપ 'પરિહારવિશુદ્ધિ ચારિત્ર'; જેમાં ક્રોધાદિ કષાયો ઉદયમાન ન હોય, પણ લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય તે 'સૂક્ષ્મસંપરાય ચારિત્ર'; તથા જેમાં કોઈ પણ કષાય ઉદયમાન નથી જ હોતો તે 'યથાખ્યાત ચારિત્ર', પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સામાયિક અને છેદોપસ્થાપનીયમાં હોય; કષાયકુશીલ યથાખ્યાત સિવાયના સંયમોમાં હોય; તથા નિર્ગ્રંથ અને સ્નાતક યથાખ્યાત સંયમમાં હોય.

૫. હવે સંયમની પ્રતિસેવના[3]- ખંડનની અપેક્ષાએ તેમનો વિચાર કરવામાં આવે છે.

પુલાક પ્રતિસેવક જ હોય; તે મૂલગુણનો પ્રતિસેવક હોય

---

૧. જિનકલ્પ એ ઉત્કૃષ્ટ અતિ કડક આચાર છે.

૨. તેના સ્વરૂપ માટે જુઓ આગળ પાન ૨૪૧ પરની નોંધ.

૩. સંજ્વલન કષાયના ઉદયથી સંયમવિરુદ્ધ આચરણ તે પ્રતિસેવના. સર્વવિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહીં, પણ તેમાં સ્ખલન અને માલિન્ય કરવા જેટલી તીવ્રતાવાળા કષાય સંજ્વલન કહેવાય. જુઓ ધર્મજ્ઞાનનું મૂળ—ના અંતે ટિપ્પણ ૫

ત્યારે પાંચ આસ્રવ (પાંચ મહાવ્રતથી ઊલટાં પાંચ મહાપાપ) માંના કોઈ એક આસ્રવને સેવે; અને ઉત્તરગુણની વિરાધના કરે ત્યારે દશ પ્રકારના પ્રત્યાખ્યાનમાંથી[1] કોઈ એક પ્રત્યાખ્યાનને વિરાધે. બકુશ મૂલગુણનો વિરાધક ન હોય; ઉત્તરગુણની વિરાધના વખતે તે દશમાંથી એક પ્રત્યાખ્યાનને વિરાધે. પ્રતિસેવનાકુશીલનું પુલાક જેવું જ જાણવું. કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્તાનક વિરાધક હોય જ નહીં.

૬. હવે પાંચ જ્ઞાનોની[2] અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે.

પુલાક બે જ્ઞાનોમાં કે ત્રણ જ્ઞાનોમાં હોય. બેમાં હોય ત્યારે મતિ અને શ્રુત જ્ઞાનમાં હોય; અને ત્રણમાં હોય ત્યારે મતિ, શ્રુત અને અવધિ જ્ઞાનમાં હોય.

એ જ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાયકુશીલ બે, ત્રણ, અથવા ચાર જ્ઞાનમાં પણ હોય. બેમાં હોય ત્યારે મતિ અને શ્રુતમાં હોય; ત્રણમાં હોય ત્યારે મતિ શ્રુત અને અવધિમાં હોય; ચારમાં હોય ત્યારે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. એ પ્રમાણે જ નિર્ગ્રંથનું પણ જાણવું. સ્નાતક માત્ર કેવળજ્ઞાનમાં હોય.

૭. હવે શ્રુત અથવા શાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે :

પુલાક ઓછામાં ઓછું નવમા પૂર્વગ્રંથની ત્રીજી આચારવસ્તુ સુધી ભણે; અને વધારેમાં વધારે સંપૂર્ણ નવ પૂર્વોને[3] ભણે. બકુશ

---

૧. જુઓ પ્રત્યાખ્યાન નામનાં પ્રકરણમાં.

૨. જુઓ ધર્મજ્ઞાનનું મૂળ—ના અંતે ટિપ્પણ નં. ૩.

૩. જૈનધર્મના, અત્યારે લુપ્ત થઈ ગયેલા મનાતા જૂના ૧૪ ગ્રંથો. જુઓ આ માળાનું 'સંયમધર્મ' પુસ્તક પા. ૭.

ઓછામાં ઓછું આઠ પ્રવચનમાતા[1] સુધી, અને વધારેમાં વધારે દશ પૂર્વો સુધી ભણે. એ જ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ ઓછામાં ઓછું આઠ પ્રવચનમાતા સુધી અને વધારેમાં વધારે ૧૪ પૂર્વો સધી ભણે. એ જ પ્રમાણે નિર્ગ્રંથનું જાણવું. સ્નાતક (સર્વજ્ઞ હોવાથી) શ્રુતરહિત હોય.

૮. હવે તીર્થની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે : પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ હંમેશાં તીર્થંકરના શાસનમાં હોય છે; પરંતુ કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક તો તીર્થમાં પણ હોય અને અતીર્થમાં પણ હોય. અતીર્થમાં હોય ત્યારે તે તીર્થંકર પણ હોય કે પ્રત્યેકબુદ્ધ[2] પણ હોય.

૯. હવે લિંગની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે : 'લિંગ એટલે ચિહ્ન : તે ભાવ અને દ્રવ્ય એમ બે પ્રકારનું છે. ચારિત્રગુણ એ ભાવલિંગ, અને વિશિષ્ટ વેશ આદિ બાહ્ય સ્વરૂપ તે દ્રવ્યલિંગ'. પાંચે નિર્ગ્રંથો ભાવલિંગની અપેક્ષાએ સ્વલિંગમાં (સાધુપણામાં) હોય; પરંતુ દ્રવ્યલિંગની અપેક્ષાએ સ્વલિંગમાં હોય કે ગૃહસ્થિલંગમાં પણ હોય

૧૦. હવે પાંચ શરીરોની[3] દૃષ્ટિએ વિચાર કરવામાં આવે

---

૧. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ અષ્ટ પ્રવચનમાતા કહેવાય છે. જુઓ 'અંતિમ ઉપદેશ' પા. ૧૩૯ ઇ૦.

૨. ગુરુ વિના પોતાની મેળે જ જ્ઞાન પામેલો. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૪૫, ટિપ્પણ નં. ૧.

૩. બહાર દેખાતું સ્થૂલ શરીર, તે 'ઔદારિક'; ખાધેલા આહારાદિને પચાવવામાં અને દીપ્તિમાં કારણભૂત થતું શરીર તે 'તૈજસ'; જીવે બાંધેલો કર્મસમૂહ તે 'કાર્મણ' શરીર; નાનું - મોટુ - પાતળું - જાડું - એમ અનેકવિધ રૂપોને – વિક્રિયાને – ધારણ કરી શકે તે 'વૈક્રિય' (દેવ વગેરેને તે જન્મથી પ્રાપ્ત હોય છે; પણ મનુષ્યોને તપ વગેરની શક્તિથી પ્રાપ્ત થાય છે), ચૌદ પૂર્વગ્રંથો જાણનાર મુનિથી જ રચી શકાતું 'આહારક' શરીર. કાંઈ શંકા પડતાં અન્ય ક્ષેત્રમાં રહેલા સર્વજ્ઞ પાસે જવા તેઓ તેને ઉત્પન્ન કરે છે; તે હાથ જેટલું નાનું હોય છે.

છે. પુલાક ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરમાં હોય. બકુશ તે ત્રણ શરીરમાં હોય અથવા ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એમ ચારમાં પણ હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાયકુશીલ ઉપર જણાવેલાં ત્રણ તેમ જ ચાર, તથા આહારક સાથેનાં પાંચ શરીરમાં પણ હોય. નિર્ગ્રંથ અને સ્નાતકને પુલાકની પેઠે જાણવા.

૧૧. હવે ભૂમિની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે. પુલાક જન્મથી તેમ જ ચારિત્રભાવથી અસ્તિત્વની અપેક્ષાએ[1] *કર્મભૂમિમાં જ*[2] હોય; *(કારણ કે તેને દેવ પણ સંહરી — ઉપાડી જઈ શકે નહિ.)* બકુશ પણ જન્મ અને *ચારિત્રભાવથી અસ્તિત્વની* અપેક્ષાએ કર્મભૂમિમાં જ હોય; પરંતુ સંહરણની અપેક્ષાએ અકર્મભૂમિમાં પણ હોય. એ પ્રમાણે પછીનાઓનું પણ જાણવું.

૧૨. હવે કાળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે. કાળ ત્રણ પ્રકારના છે : સુખ-વીર્યાદિની અપેક્ષાએ ચડતો ઉત્સર્પિણી કાળ; સુખવીર્યાદિની અપેક્ષાએ ઊતરતો અવસર્પિણી કાળ; અને નોઅવસર્પિણી-નોઉત્સર્પિણી કાળ. ભરત અને ઐરવત[2] ક્ષેત્રમાં પહેલા બે પ્રકારનો કાળ છે. અને મહાવિદેહ[2] તથા હૈમવતાદિ[2] ક્ષેત્રમાં ત્રીજા પ્રકારનો કાળ છે.

---

૧. કારણ કે અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલામાં ચારિત્ર ન સંભવે.

૨. જેમાં મોક્ષમાર્ગને જાણનાર અને તેનો ઉપદેશ કરનાર તીર્થંકર પેદા થઈ શકે તે કર્મભૂમિ કહેવાય. જંબુદ્વીપ, ધાતકીખંડ અને અર્ધો પુષ્કરદ્વીપ (વચ્ચેના સમુદ્રો સાથે) એટલો મનુષ્યોલક કહેવાય છે. જંબુ વગેરે દ્વીપોને સરખા નામનાં ભરત વગેરે સાત સાત ક્ષેત્રોમાં વહેંચી નાખવામાં આવ્યા છે. જંબુ કરતાં ધાતકીખંડમાં બમણાં ક્ષેત્રો છે, અને અર્ધા પુષ્કરમાં પણ તેટલાં જ છે. તેમાંથી પાંચ ભરતક્ષેત્રો, પાંચ ઐરવત અને પાંચ વિદેહ એ કર્મભૂમિઓ છે; પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ રમ્યક, પાંચ હરિવર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ —એ ત્રીસ અકર્મભૂમિઓ છે. દેવકુરુ અને ઉત્તરકુરુ એ વિદેહના જ ભાગો છે; પણ તે અકર્મભૂમિઓ છે.

અવસર્પિણીના સુષમસુષમા, સુષમા, સુષમદુઃષમા, દુઃષમસુષમા, દુઃષમા, અને દુઃષમદુઃષમા— એમ છ આરા (વિભાગ) છે.[1] ઉત્સર્પિણીના (ક્રમમાં) તેથી ઊલટા છ આરા છે.

નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાળમાં સુષમસુષમાનો સમાન કાળ દેવકુરુ અને ઉત્તરકુરુમાં[2] હોય છે. સુષમાનો સમાન કાળ હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં હોય છે. સુષમ-દુઃષમાનો સમાન કાળ હિમવત અને ઐરણ્યવત ક્ષેત્રમાં તથા દુઃષમસુષમાનો સમાન કાળ મહાવિદેહમાં હોય છે.

પુલાક ત્રણે કાળમાં હોય છે. અવસર્પિણીમાં પુલાક જન્મની અપેક્ષાએ ત્રીજા અને ચોથા આરામાં જ હોય; અને ચારિત્રભાવથી અસ્તિત્વની અપેક્ષાએ ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં પણ હોય. તેમાં જે ચોથા આરામાં જન્મ્યો હોય, તેનું પાંચમા આરામાં ચારિત્ર્યભાવથી અસ્તિત્વ હોય. ત્રીજા અને ચોથા આરામાં જન્મ અને સદ્ભાવ બંને હોય. ઉત્સર્પિણીમાં તે બીજા, ત્રીજા અને ચોથા આરે જન્મથી હોય. તેમાં બીજા આરાને અંતે તે જન્મે અને ત્રીજા

---

૧. આગળ ચારિત્રખંડમાં સુદર્શન શેઠની કથામાં જણાવેલ 'સાગર'વર્ષોને હિસાબે અવસર્પિણી અને ઉત્સર્પિણી એ દરેક ૧૦ × (૧કરોડ × ૧ કરોડ) સાગર વર્ષના બનેલાં છે. અવસર્પિણીના છ આરાનું માપ આ પ્રમાણે છે :

પ્રથમ આરો = ૪ × (૧ કરોડ × ૧ કરોડ) સાગર વર્ષ
બીજો આરો = ૩ × (૧ કરોડ × ૧ કરોડ) સાગર વર્ષ
ત્રીજો આરો = ૨ × (૧ કરોડ × ૧ કરોડ) સાગર વર્ષ – ૪૨૦૦૦ વર્ષ
ચોથો આરો = ૧ × (૧ કરોડ × ૧ કરોડ) સાગર વર્ષ
પાંચમો આરો = ૨૧૦૦૦ વર્ષ
છઠ્ઠો આરો = ૨૧૦૦૦ વર્ષ

૨. જુઓ પા. ૨૫૩, નોંધ ૨.

આરામાં તે ચારિત્રનો સ્વીકાર કરે; ત્રીજા અને ચોથામાં તે જન્મ અને ચારિત્ર બંનેથી હોય; ચારિત્રની અપેક્ષાએ ત્રીજા અને ચોથા આરામાં જ હોય; કેમ કે તે જ આરામાં ચારિત્રની પ્રતિપત્તિ હોય છે. પુલાક નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાળે હોય તો જન્મ અને ચારિત્રની અપેક્ષાએ દુ:ષમસુષમા સમાન કાળે હોય. બકુશ અવસર્પિણી અને ઉત્સર્પિણી એ બે કાળે જ હોય. અવસર્પિણીમાં જન્મ અને ચારિત્રની અપેક્ષાએ પહેલા બે આરામાં ન હોય; ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં હોય; પણ છઠ્ઠામાં કદી ન હોય. સંહરણની અપેક્ષાએ તે કોઈ પણ કાળે હોય. ઉત્સર્પિણી કાળમાં હોય તો બધું પુલાકની પેઠે જાણવું; પરંતુ સંહરણની અપેક્ષાએ કોઈ પણ કાળે હોય એમ જાણવું. નોઅવસર્પિણી-નોઉત્સર્પિણી કાળે હોય તો પણ બધું પુલાકની પેઠે જાણવું; પણ સંહરણની અપેક્ષાએ કોઈ પણ કાળે હોય એમ જાણવું. બકુશની પેઠે જ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલને પણ જાણવા. નિર્ગ્રંથ અને સ્નાતકને પુલાકની પેઠે જાણવા; પરંતુ સંહરણની અપેક્ષાએ તેઓ સર્વ કાળે હોય એમ જાણવું.

૧૩. હવે ગતિની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે : પુલાક મરણ પામીને દેવગતિમાં જાય; ત્યાં પણ વૈમાનિક દેવોમાં[૧] જ ઊપજે; અને તે પણ નીચામાં નીચે સૌધર્મ કલ્પમાં, અને ઊંચામાં ઊંચે સહસ્રાર કલ્પમાં.

બકુશનું પણ એ પ્રમાણે જ જાણવું. તફાવત એટલો કે તે ઊંચામાં ઊંચે અચ્યુત કલ્પમાં ઉત્પન્ન થાય. પ્રતિસેવનાકુશીલને બકુશ જેવો જ જાણવો. કષાયકુશીલને પુલાક જેવો જાણવો; તફાવત એ કે તે ઊંચામાં ઊંચે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય. નિર્ગ્રંથનું પણ એ પ્રમાણે જાણવું, પણ તે માત્ર અનુત્તર વિમાનમાં જ ઉત્પન્ન થાય. સ્નાતક તો મરણ પામીને સિદ્ધગતિએ જ જાય.

---

૧. જુઓ પા. ૨૧૬ પરની નોધ.

પુલાકે જો સંયમની અવિરાધના સાચવી હોય તો તે ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, કે લોકપાલ થાય; પણ અહમિંદ્ર[1] ન થાય. વિરાધના જ કરી હોય તો ભવનપતિ વગેરે કોઈ પણ દેવમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાયકુશીલે સંયમની વિરાધના ન કરી હોય તો તે ઇંદ્રથી માંડીને અહમિંદ્ર પણ થાય; અને વિરાધના કરી હોય તો ભવનવાસી વગેરે કોઈ દેવપણે ઉત્પન્ન થાય. નિર્ગ્રંથ અવિરાધનાને આશરીને અહમિંદ્ર જ થાય, અને વિરાધનાને આશરીને ભવનવાસી વગેરે કોઈ પણ દેવમાં ઉત્પન્ન થાય.

દેવલોકમાં પુલાકની સ્થિતિ ઓછામાં ઓછી બેથી નવ પલ્યોપમ[2] સુધીની (પલ્યોપમપૃથક્ત્વ), અને વધારેમાં વધારે ૧૮ સાગરોપમની છે. બકુશની તે જ પ્રમાણે છે; પણ વધારેમાં વધારે ૨૨ સાગરોપમની છે. પ્રતિસેવનાકુશીલનું તેમ જ સમજવું. કષાયકુશીલની તે જ પ્રમાણે, પણ વધારેમાં વધારે ૩૩ સાગરોપમ, તથા નિર્ગ્રંથની ૩૩ સાગરોપમ જ સ્થિતિ છે.

૧૪. હવે સંયમસ્થાન એટલે કે ચારિત્રની શુદ્ધિ-અશુદ્ધિના વત્તાઓછાપણાને લીધે થતા ભેદોની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે. ચાત્રિમોહનીયનો ક્ષયોપશમ અનેક પ્રકારનો હોવાથી પુલાકથી માંડીને કષાયકુશીલ સુધીનાનાં સંયમસ્થાનો અસંખ્યાત છે. નિર્ગ્રંથને

---

૧. દેવોમાં પણ સ્વામી-સેવક ઇત્યાદિ ભાવો છે. ઇંદ્ર એ સ્વામી છે; ત્રાયસ્ત્રિંશ દેવો મંત્રી અથવા પુરોહિત જેવા છે. તેઓ સામાનિક પણ કહેવાય છે. આત્મરક્ષક દેવો શસ્ત્ર વડે રક્ષા કરે છે; લોકપાલ સરહદની રક્ષા કરે છે; અનીક દેવો સૈનિકનું કે સેનાપતિનું, આભિયોગ્ય દેવો દાસનું, અને કિલ્વિષિક દેવો અંત્યજનું કામ કરે છે ઇ૰. ઉપરના દેવલોકોમાં સ્વામીસેવકભાવ નથી, બધા 'અહમિંદ્ર' — પોતાને ઇંદ્ર જેવા જ માને છે.

૨. *તેની સંખ્યા માટે જુઓ ચારિત્રખંડમાં સુદર્શન શેઠની કથા.*

એક જ સંયમસ્થાન છે, કારણ કે કષાયનો ક્ષય કે ઉપશમ એક જ પ્રકારનો હોવાથી તેની શુદ્ધિ પણ એક જ પ્રકારની છે. એ પ્રમાણે સ્નાતક વિષે પણ જાણવું.

નિર્ગ્રંથ અને સ્નાતકનું સંયમસ્થાન એક જ છે; પુલાકનાં તેથી અસંખ્યાતગણાં છે; બકુશનાં તેથી પણ અસંખ્યાતગણાં છે; પ્રતિસેવનાકુશીલનાં તેથી પણ અસંખ્યાતગણાં, અને કષાયકુશીલનાં તેથી પણ અનંતગણાં છે.

ઉક્ત સંયમસ્થાનોમાંથી સૌથી ઓછાં સ્થાનો પુલાક અને કષાયકુશીલનાં હોય છે. એ બંને અસંખ્યાત સંયમસ્થાન સુધી સાથે જ વધ્યે જાય છે; ત્યારબાદ પુલાક અટકે છે, પરંતુ કષાયકુશીલ એકલો ત્યારબાદ અસંખ્યાત સ્થાન સુધી સાથે જ વધ્યે જાય છે; ત્યારપછી અસંખ્યાત સંયમસ્થાનો સુધી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એકસાથે વધ્યે જાય છે; ત્યારબાદ બકુશ અટકે છે. ત્યારબાદ અસંખ્યાત સ્થાન સુધી ચડી પ્રતિસેવનાકુશીલ અટકે છે, અને ત્યાર પછી અસંખ્યાત સ્થાન સુધી ચડી કષાયકુશીલ અટકે છે. ત્યારપછી આગળ નિર્ગ્રંથ અને સ્નાતક એક જ સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે. 'ઉક્તસ્થાનો અસંખ્યાત હોવા છતાં તે દરેકમાં પૂર્વ કરતાં પછીનાં સંયમસ્થાનોની શુદ્ધિ અનંતાનંતગણી માનવામાં આવી છે.'

એક પુલાક બીજા પુલાકના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ હીન[1] હોય, તુલ્ય હોય કે અધિક હોય. પુલાક બકુશના ચારિત્રપર્યાયોની અપેક્ષાઓ અનંતગણો હીન છે. એ પ્રમાણે

૧. હીન હોય તો અનંત ભાગ હીન હોય, અસંખ્ય ભાગ હીન હોય, સંખ્યાત ભાગ હીન હોય, સંખ્યાતગણો હીન હોય, અસંખ્યાતગણો હીન હોય અને અનંતગણો હીન હોય. તે જ પ્રમાણે અધિકનું પણ છ રીતે જાણવું.

પ્રતિસેવનાકુશીલના પર્યાયોની અપેક્ષાએ પણ અનંતગણો હીન છે. તે જ પ્રમાણે નિર્ગ્રંથ અને સ્નાતકની અપેક્ષાએ પણ જાણવું. પુલાક જેમ પુલાકના સજાતીય ચારિત્રપર્યાયોની અપેક્ષાએ છ સ્થાન પતિત છે, તેમ કષાયકુશીલની સાથે પણ છ સ્થાન પતિત જાણવો.

બકુશ પુલાકના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ અનંતગણો અધિક છે. બકુશ બકુશના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ હીન હોય, તુલ્ય હોય કે અધિક હોય. હીન હોય તો છ સ્થાન પતિત હોય. તે જ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સાથે પણ જાણવું. નિર્ગ્રંથ અને સ્નાતકથી તો તે હીન જ છે.

પ્રતિસેવનાકુશીલનું પણ બકુશ પ્રમાણે જ જાણવું.

કષાયકુશીલનું પણ એ પ્રમાણે જ જાણવું; પરંતુ પુલાક કરતાં બકુશ અધિક જ કહ્યો હતો, તેને બદલે કષાયકુશીલને હીન, તુલ્ય, અને અધિક કહેવો. હીન હોય ત્યારે છ સ્થાન પતિત હોય.

નિર્ગ્રંથ, પુલાકથી માંડીને કષાયકુશીલના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ અનંતગણો અધિક છે; પરંતુ અન્ય નિર્ગ્રંથના સજાતીય ચારિત્રપર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે.

તે પ્રમાણે સ્નાતકનું પણ જાણવું.

પુલાક એ કષાયકુશીલના જઘન્ય (ઓછામાં ઓછા) ચારિત્રપર્યવો પરસ્પર તુલ્ય છે અને સૌથી થોડા છે; તેથી પુલાકના ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી બકુશ અને પ્રતિસેવનાકુશીલના જઘન્ય ચારિત્રપર્યવો અનંતગણા છે અને પરસ્પર તુલ્ય છે. તેથી બકુશના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી પ્રતિસેવનાકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી નિર્ગ્રંથ અને સ્નાતક એ બંનેના નહીં જઘન્ય-નહીં ઉત્કૃષ્ટ એવા ચારિત્રપર્યવો અનંતગણા અને પરસ્પર તુલ્ય છે.

૧૫. પુલાકથી નિર્ગ્રંથ સુધીનાઓ કાય-મન-વચનના યોગ — વ્યાપારો યુક્ત છે, પરંતુ સ્નાતક તો સયોગી હોય તેમ જ અયોગી પણ હોય.

૧૬. પુલાકથી સ્નાતક સુધીના સાકાર તેમ જ અનાકાર ઉપયોગવાળા[1] છે.

૧૭. પુલાકથી માંડીને કષાયકુશીલ સુધીના કષાયયુક્ત જ હોય છે; પરંતુ કષાયકુશીલ સિવાયના બધાને ક્રોધ, માન, માયા અને લોભ— એ ચારે કષાય હોય છે; જ્યારે કષાયકુશીલને સંજ્વલન પ્રકારના ચાર, ત્રણ (ક્રોધ વિનાના), બે (ક્રોધ અને માન વિનાના) કે એક (લોભ) કષાય હોય છે.

નિર્ગ્રંથ અને સ્નાતક કષાયરહિત જ હોય; પરંતુ નિર્ગ્રંથ ઉપશાંતકષાય તેમ જ ક્ષીણકષાય પણ હોય; જ્યારે સ્નાતક તો ક્ષીણકષાય જ હોય.

૧૮. પુલાકથી માંડીને નિર્ગ્રંથ સુધીના લેશ્યાયુક્ત જ હોય છે. પણ પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલને તેજ, પદ્મ અને શુક્લ એ ત્રણ જ લેશ્યા હોય છે; જ્યારે કષાયકુશીલને છયે લેશ્યા હોય છે, તથા નિર્ગ્રંથને એક શુક્લલેશ્યા જ હોય છે. સ્નાતક તો લેશ્યાવાળો તેમ જ લેશ્યારહિત પણ હોય. લેશ્યાવાળો હોય તો એક પરમશુક્લ લેશ્યાવાળો[2] જ હોય.

---

૧. જીવનો બોધરૂપ વ્યાપાર તે ઉપયોગ. તેના સાકાર અને નિરાકાર એવા બે ભેદ છે. જે બોધ ગ્રાહ્ય વસ્તુને વિશેષરૂપે જાણે તે સાકાર ઉપયોગ, એ જે બોધ ગ્રાહ્ય વસ્તુને સામાન્ય રૂપે જાણે તે નિરાકાર ઉપયોગ. સાકારને જ્ઞાન અથવા સવિકલ્પક બોધ પણ કહે છે, તથા નિરાકારને દર્શન અથવા નિર્વિકલ્પક બોધ કહે છે.

૨. શુક્લધ્યાનના ત્રીજા ભેદ સમયે એક પરમ શુક્લલેશ્યા હોય; અને અન્યથા શુક્લલેશ્યા હોય; પરંતુ તે પણ ઇતર જીવની શુક્લલેશ્યાની અપેક્ષાએ તો પરમશુક્લ લેશ્યા જ હોય.

૧૯. પુલાકથી કષાયકુશીલ સુધીના વધતા પરિણામવાળા પણ હોય, ઘટતા પરિણામવાળા પણ હોય તથા સ્થિર પરિણામવાળા પણ હોય. નિર્ગ્રંથ અને સ્નાતક ઘટતા પરિણામવાળા ન હોય.

પુલાક ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો કે ઘટતા પરિણામવાળો હોઈ શકે; અને ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે સાત સમય સુધી સ્થિર પરિણામવાળો હોઈ શકે.

(પુલાકપણામાં મરણ સંભવતું નથી; તેથી તેનો વર્ધમાન સમય કષાય વડે બાધિત થાય; જ્યારે બકુશાદિને તો મરણથી પણ વર્ધમાન પરિણામ બાધિત થાય. મરણ સમયે પુલાક કષાયકુશીલત્વાદિરૂપે પરિણમે છે.)

નિર્ગ્રંથ ઓછામાં ઓછું અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો હોય; (કેવળજ્ઞાન ઊપજે ત્યારે જ તેનું વધતું પરિણામ અટકે.) તથા ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી તે સ્થિર પરિણામવાળો હોય. (ઓછામાં ઓછો એક સમયમરણને કારણે સંભવે છે.)

સ્નાતક ઓછામાં ઓછું અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો હોય, (કેમકે શૈલેશી અવસ્થામાં વર્ધમાન પરિણામ અંતર્મુહૂર્ત સુધી હોય) તથા ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે કાંઈક (આઠ વરસ) ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી તે સ્થિર પરિણામવાળો હોય. (જેમકે, કેવલજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્ત સુધી સ્થિર પરિણામવાળો થઈને શૈલેશી સ્વીકારે ત્યારે અંતર્મુહૂર્ત; અને પૂર્વ કોટી આયુષવાળા પુરુષને જન્મથી ઓછામાં ઓછાં નવ વર્ષ ગયા પછી કેવલજ્ઞાન ઊપજે, પછી તે નવ વરસ ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી સ્થિર પરિણામવાળો થઈને શૈલેશી સુધી વિહરે : શૈલેશીમાં તે વર્ધમાન પરિણામવાળો હોય.)

૨૦. પુલાક આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓને[1] બાંધે (કેમકે પુલાકને આયુષ્યનો બંધ થતો નથી; તેને યોગ્ય અધ્યવસાયસ્થાનકો જ તેને નથી.) બકુશ અને પ્રતિસેવનાકુશીલ આયુષ્ય સિવાયની સાત બાંધે કે આયુષ્યસહિત આઠેય બાંધે. કષાયકુશીલ ઉપર જણાવેલી સાત કે આઠ બાંધે તેમ જ આયુષ્ય અને મોહનીય સિવાયની છ પણ બાંધે. (આયુષ્યનો બંધ અપ્રમત્ત (સાતમા) ગુણસ્થાન[2] સુધી જ હોય છે. તેથી કષાયકુશીલ સૂક્ષ્મસંપરાય (દશમા) ગુણસ્થાનકે આયુષ્ય ન બાંધે; તેમજ મોહનીયને બાદરકષાયોદયના અભાવથી ન બાંધે, માટે છ) નિર્ગ્રંથને તો બંધહેતુઓમાં માત્ર યોગનો જ સદ્‌ભાવ હોય છે; તેથી યોગનિમિત્ત માત્ર વેદનીયકર્મ બાંધે. સ્નાતકનું પણ તેમ જ જાણવું; પરંતુ અયોગી (૧૪ મા) ગુણસ્થાનકે બંધહેતુનો અભાવ હોવાથી તે એક પણ ન બાંધે.

પુલાકથી કષાયકુશીલ સુધીના આઠે કર્મપ્રકૃતિઓને અનુભવે છે. નિર્ગ્રંથ મોહનીય સિવાયની સાતને, અને સ્નાતક વેદનીય, આયુષ, નામ અને ગોત્ર એ ચારને.

પુલાક આયુષ અને વેદનીય સિવાયની છ કર્મ

---

૧. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ, નામ (ગતિ), ગોત્ર, અને અંતરાય — એમ કર્મની આઠ પ્રકૃતિઓ છે. વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક પા. ૨૨૬.

૨. મોહનીય કર્મ ઓછું થતું જાય, તેમ તેમ આત્માના સહજ ગુણો ઉપરથી આવરણ ઓછું થવાથી કે નાશ પામવાથી તે પોતાના સહજસ્વરૂપે પ્રગટે છે, તે શુદ્ધિથી ૧૪ પાયરીઓ સ્વીકારેલી છે; તે દરેક ગુણસ્થાન કહેવાય છે. તે દરેકમાં આત્માની સ્થિતિ અમુક શુદ્ધિ કે અશુદ્ધિવાળી હોય છે. વિગતવાર વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૭૨:

પ્રકૃતિઓને[1] ઉદીરે[1] છે. બકુશ (આયુષ સિવાયની) સાત, આઠ, કે (આયુષ, વેદનીય સિવાય) છ ને ઉદીરે છે; એવું જ પ્રતિસેવનાકુશીલનં સમજવું; કષાયકુશીલ ઉપર જણાવેલી સાત, આઠ, કે છ ઉપરાંત (આયુષ્ય, વેદનીય તથા મોહનીય સિવાયની) પાંચને પણ ઉદીરે છે. નિર્ગ્રંથ (ઉપર જણાવેલી) પાંચને કે નામ અને ગોત્ર એ બેને ઉદીરે છે. સ્નાતક નામ અને ગોત્ર એ બેને ઉદીરે કે ન પણ ઉદીરે[1].

૨૧. પુલાક પુલાકપણું ત્યાગીને કષાયકુશીલપણું કે અસંયતપણું પામે. બકુશ બકુશપણું છોડીને પ્રતિસેવનાકુશીલપણું, કષાયકુશીલપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. પ્રતિસેવનાકુશીલ પ્રતિસેનાકુશીલપણું છોડીને બકુશપણું, કષાયકુશીલપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. કષાયકુશીલ કષાયકુશીલપણું ત્યાગીને પુલાકપણું, બકુશપણું, પ્રતિસેવનાકુશીલપણું, નિર્ગ્રંથપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. નિર્ગ્રંથ નિર્ગ્રંથપણું છોડીને કષાયકુશીલપણું, સ્નાતકપણું કે અસંયમ પામે[2]. સ્નાતક સ્નાતકપણું છોડીને સિદ્ધગતિ જ પામે.

૨૨. પુલાક આહારાદિની અનાસક્તિ (નોસંજ્ઞા)થી યુક્ત છે; અને બકુશ પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલ આહારાદિની આસક્તિ (સંજ્ઞા)થી યુક્ત છે તેમ અયુક્ત પણ છે. સ્નાતક અને

---

૧. અહીં તેમજ પછી, જે જે પ્રકૃતિઓ નથી ઉદીરાતી તે તે પૂર્વે ઉદીરીને જ પુલાક બકુશાદિપણું પામવામાં આવ્યું હોય છે એમ સમજવું. સ્નાતક સયોગી અવસ્થામાં નામગોત્ર કર્મના ઉદીરક છે. ઉદીરવું એટલે ભવિષ્યકાળમાં જ ફળ આપનાર કર્મને કરણવિશેષથી ખેંચી લાવી, અત્યારે જ ભોગવવામાં નાખી દેવું.

૨. ઉપશમનિર્ગ્રંથશ્રેણીથી પડતો સકષાય- કષાયકુશીલ થાય; અને શ્રેણીના શિખરે મરણ પામી દેવપણે ઉત્પન્ન થતો અસંયત થાય.

નિર્ગ્રંથ પુલાકની પેઠે (નોસંજ્ઞાયુક્ત) જાણવા.

૨૩. પુલાકથી માંડીને નિર્ગ્રંથ સુધી આહારક[1] હોય છે; અનાહારક નથી હોતા. સ્નાતક કેવલિસમુદ્ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં અને અયોગી અવસ્થામાં અનાહારક છે અને તે સિવાય અન્યત્ર આહારક પણ છે.

૨૪. પુલાકને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ત્રણ ભવગ્રહણ હોય. (એક ભવમાં જ પુલાક થઈને કષાયકુશીલપણાદિ અન્ય કોઈ પણ સંયતપણાને એક વાર કે અનેક વાર તે ભવમાં કે અન્ય ભવમાં પામીને તે સિદ્ધ થાય; અને વધારેમાં વધારે — દેવાદિભવ વડે અંતરિત ત્રણ ભવ સુધી પુલાકપણું પામે). બકુશને ઓછામાં ઓછું ૧ અને વધારેમાં વધારે આઠ ભવગ્રહણ હોય. (કારણ કે ઉત્કૃષ્ટપણે આઠ ભવ સુધી ચારિત્રની પ્રાપ્તિ થાય છે.) પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સંબંધે પણ તેમ જ જાણવું. નિર્ગ્રંથનું પુલાકની પેઠે જાણવું. સ્નાતકને એક જ ભવ હોય.

૨૫. પુલાકને એક ભવમાં ચારિત્રના પરિણામ (ચારિત્રપ્રાપ્તિ-આકર્ષ) ઓછામાં ઓછા એક અને વધારેમાં વધારે ત્રણ હોય; બકુશને ઓછામાં ઓછા એક અને વધારેમાં વધારે બસોથી

---

૧. આહાર એટલે સ્થૂલ શરીરને પોષક આહારરૂપે સ્થૂલ પુદ્ગલો ગ્રહણ કરવાં તે. અનાહારક દશા, મર્યા બાદ મુક્ત થનાર જીવને હોય છે; કારણ કે તે સૂક્ષ્મ સ્થૂલ બધાં શરીરોથી રહિત હોય છે; અથવા તો મર્યા બાદ બે અથવા ત્રણ વાંકવાળી ગતિથી અન્ય જન્મસ્થાને જનાર જીવને હોય છે; કારણ કે તે ગતિવાળા જીવોનો પહેલો સમય ત્યક્ત શરીર દ્વારા કરેલા આહારનો અને અંતિમ સમય ઉત્પત્તિસ્થાનમાં લીધેલા આહારનો છે; પરંતુ એ પ્રથમ તથા અંતિમ બે સમયો છોડીને વચલો કાલ આહારશૂન્ય હોય છે. એક વાંક સુધી જતાં એક સમય જાય. જે જીવને બે અથવા ત્રણ વાંક વળવાના હોય છે તેને અનાહાર સમય હોય છે.

માંડીને નવસો સુધી હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સંબંધે પણ જાણવું. નિર્ગ્રંથને એક ભવમાં ઓછામાં ઓછો એક અને વધારેમાં વધારે બે હોય. સ્નાતકને એક ભવમાં એક જ હોય.

પુલાકને અનેક ભવમાં ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે સાત આકર્ષ હોય. (બે=એક ભવમાં એક અને બીજા ભવમાં બીજો. પુલાકપણું વધારેમાં વધારે ત્રણ ભવમાં હોય, તેમાં એક ભવમાં વધારેમાં વધારે ત્રણ આકર્ષ હોય. એટલે પ્રથમ ભવમાં એક અને બીજા બેમાં ત્રણ ત્રણ મળી સાત આકર્ષ.)

બકુશને અનેક ભવમાં ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે બે હજારથી નવ હજાર સુધી આકર્ષ હોય. (બકુશને વધારેમાં વધારે આઠ ભવ હોય; અને પ્રત્યેક ભવમાં વધારેમાં વધારે નવસો આકર્ષ હોય; એટલે નવસોને આઠે ગુણતાં સાત હજાર અને બસો થાય.) એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કુષાયકુશીલનું પણ જાણવું.

નિર્ગ્રંથને અનેક ભવમાં ઓછામાં ઓછા બે અને વધારે વધારે પાંચ આકર્ષ હોય. (નિર્ગ્રંથને વધારેમાં વધારે ત્રણ ભવ હોય. તેમના પ્રથમ ભવમાં બે આકર્ષ, બીજામાં બે અને ત્રીજામાં એક (ક્ષપકનિર્ગ્રંથપણાનો); એમ સાત.) સ્નાતકને અનેક ભવમાં એક પણ આકર્ષ નથી.

૨૬. પુલાક કાળની અપેક્ષાએ ઓછામાં ઓછો અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે. (કારણ કે પુલાકપણાને પ્રાપ્ત થયેલો જ્યાં સુધી અંતર્મુહૂર્ત પૂરું ન થાય ત્યાં સુધી મરે નહીં, તેમ પડે પણ નહીં.) બકુશ કાળની અપેક્ષાએ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે કાંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી રહે. (કારણ કે બકુશને ચારિત્ર પ્રાપ્ત થયા પછી તુરત જ મરણનો સંભવ છે; તેથી ઓછામાં ઓછો એક સમય કહ્યો; અને પૂર્વકોટી વર્ષ આયુષવાળો

આઠ વરસને અંતે ચારિત્ર ગ્રહણ કરે; તે અપેક્ષાએ કાંઈક ન્યૂન પૂર્વકોટી.) તેવું જ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલનું જાણવું.

નિર્ગ્રંથ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે. સ્નાતક ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે કાંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ રહે.

પુલાકો ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે. (એકના અંત્ય સમયે બીજો પુલાકપણું પામે એ રીતે ઓછોમાં ઓછો એક સમય; અને પુલાકો એક સમયે વધારેમાં વધારે બે હજારથી નવહજાર સુધી હોય. એમ, તેઓ ઘણા હોવા છતાં તેઓનો કાળ અંતર્મુહૂર્ત જ છે. કેવળ, અનેક પુલાકોની સ્થિતિનું અંતર્મુહૂર્ત એક પુલાકની સ્થિતિના અંતર્મુહૂર્તથી મોટું છે.) બકુશોથી કષાયકુશીલો સુધીના સર્વ કાળ રહે; નિર્ગ્રંથો પુલાક જેવા જાણવા અને સ્નાતકો બકુશો જેવા જાણવા.

૨૭. પુલાકને કાળથી ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે અનંતકાળનું અંતર હોય. કાળથી અનંત અવસર્પિણી-ઉત્સર્પિણીનું અંતર હોય; અને ક્ષેત્રથી કાંઈક ન્યૂન અપાર્ધ પુદગલપરાવર્તનું[૧] અંતર હોય: એ પ્રમાણે નિર્ગ્રંથ સુધી જાણવું. સ્નાતકને કાળનું અંતર નથી.

પુલાકોને ઓછામાં ઓછું એક સમય એ વધારેમાં વધારે સંખ્યાત વર્ષોનું અંતર હોય. બકુશોથી કષાયકુશીલો સુધીનાને અંતર નથી. નિર્ગ્રંથોને ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ માસનું અંતર હોય. સ્નાતકો બકુશો જેવા જાણવા.

---

૧. પુદ્ગલપરાવર્ત એટલે કોઈ પ્રાણી આકાશના પ્રત્યેક પ્રદેશે મરણ પામતો મરણ વડે જેટલા કાળે સમસ્ત લોકને વ્યાપ્ત કરે, તેટલા કાળે ક્ષેત્રથી પુદ્ગલપરાવર્ત થાય.

૨૮. પુલાકને વેદના, કષાય અને મારણાંતિક[૧] એ ત્રણ સમુદ્દ્ઘાત હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલને વેદનાથી તૈજસ સુધીના પાંચ[૨] સમુદ્દ્ઘાત હોય છે. કષાયકુશીલને વેદનાથી આહારક સુધીના છ હોય છે. નિર્ગ્રંથને એક પણ સમુદ્દ્ઘાત નથી. સ્નાતકને એક કેવલિસમુદ્દ્ઘાત હોય.

૨૯. પુલાકથી માંડીને નિર્ગ્રંથ સુધીનાઓ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે. સ્નાતક કેવલિસમુદ્દ્ઘાત અવસ્થામાં શરીરસ્થ કે દંડકપાટાવસ્થામાં હોય ત્યારે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે; મંથાનાવસ્થામાં તેણે લોકનો ઘણો ભાગ વ્યાપ્ત કર્યો હોવાથી અને થોડો ભાગ અવ્યાપ્ત હોવાથી તે લોકના અસંખ્યાતા ભાગમાં હોય; અને સમગ્ર લોક વ્યાપ્ત કરે ત્યારે સંપૂર્ણ લોકમાં હોય.

સ્પર્શનાને અવગાહના પ્રમાણે જ જાણવી.

૩૦. પુલાકથી માંડીને કષાયકુશીલ સુધીના ક્ષાયોપશમિક ભાવમાં[3] હોય. નિર્ગ્રંથ ઔપશમિક ભાવમાં હોય, અથવા ક્ષાયિકમાં પણ હોય. સ્નાતક ક્ષાયિકમાં જ હોય.

૩૧. એક સમયે, તત્કાળ પુલાકપણું પ્રાપ્ત કરતા પુલાકોની અપેક્ષાએ, પુલાકો કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા

---

૧. પુલાકપણામાં મરણ હોતું નથી, પણ મરણસમુદ્દ્ઘાતથી નિવૃત્ત થયા બાદ કષાયકુશીલત્વાદિરૂપ પરિણામના સદ્ભાવમાં પુલાકનું મરણ થાય છે.

૨. સમુદ્દ્ઘાતોના વર્ણન માટે જુઓ પાન ૨૬૯ પર ટિપ્પણ નં. ૩.

૩. કર્મના ક્ષયોપશમથી થતા જીવના ભાવો ક્ષાયોપશમિક કહેવાય (જેવા કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે જ્ઞાનો). કર્મના ઉપશમથી પ્રાપ્ત થતા ભાવો ઔપશમિક કહેવાય (જેવા કે સમ્યક્ત્વ, ચારિત્ર), એ કર્મના ક્ષયથી પ્રગટ થતા ભાવો ક્ષાયિક કહેવાય (જેવા કે કેવલજ્ઞાનાદિ). જીવના કુલ ભાવો પાંચ છે. તેમની વિગત વગેરે માટે જુઓ ભગવતી સારમાં, વિ. ૨, પ્ર. ૬, નં. ૫-૬.

એક, બે કે ત્રણ હોય અને વધારેમાં વધારે બસોથી નવસો હોય. પૂર્વે પુલાકપણાને પામેલા પુલાકોની અપેક્ષાએ એક સમયે કદાચ પુલાકો હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે કે ત્રણ હોય અને વધારેમાં વધારે બે હજારથી નવ હજાર સુધી હોય.

એક સમયે તત્કાળ બકુશપણું પ્રાપ્ત કરતા બકુશો તે પ્રકારના પુલાકો જેવા જાણવા; અને પૂર્વે બકુશપણું પામેલ બકુશો ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બેથી નવ કોટીશત સુધી હોય. તેવું જ પ્રતિસેવનાકુશીલનું જાણવું.

એક સમયે તત્કાળ કષાયકુશીલપણું પ્રાપ્ત કરનારા કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બે હજારથી નવ હજાર હોય. પૂર્વે થયેલા કષાયકુશીલોની અપેક્ષાએ ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બેથી નવ કોટી સહસ્ર હોય.

તત્કાળ નિર્ગ્રંથપણું પામતા એક સમયે કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે અને ત્રણ હોય અને વધારેમાં વધારે એકસોને આઠ ક્ષપક શ્રેણીવાળા અને ૫૪ ઉપશમશ્રેણીવાળા મળીને ૧૬૨ હોય. પૂર્વે નિર્ગ્રંથપણું પામેલા એક સમયે કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે કે ત્રણ હોય અને વધારેમાં વધારે બસોથી નવસો સુધી હોય.

એક સમયે તત્કાળ સ્નાતકપણું પામનારા કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે અને ત્રણ હોય અને વધારેમાં વધારે આઠસો હોય. પૂર્વે સ્નાતકપણું પામેલા એક સમયે ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બે કરોડથી નવ કરોડ સુધી હોય.

૩૨. નિર્ગ્રંથો સૌથી થોડા છે; તે કરતાં પુલાકો સંખ્યાત ગુણ છે; તેથી સ્નાતકો સંખ્યાત ગુણ છે; તેથી બકુશો સંખ્યાત ગુણ છે;

તેથી પ્રતિસેવનાકુશીલ સંખ્યાત ગુણ[1] છે; અને તેથી કષાયકુશીલ સંખ્યાત ગુણ છે.

— શતક ૨૫, ઉદ્દે ૬

**ટિપ્પણ નં ૨ :**

દશ કલ્પો આ પ્રમાણે છે :

૧. આચેલક્ય. (નગ્નતા. પહેલા અને છેલ્લા તીર્થંકરોના સમયમાં શ્વેત વસ્ત્રની છૂટ હોય છે.)

૨. ઔદ્દેશિક. (સાધુને ઉદ્દેશીને કરેલું ભિક્ષાન્ન ન લેવું તે. વચલા ૨૨ તીર્થંકરના સમયમાં તો જેને ઉદ્દેશીને કર્યું હોય તેને જ અકલ્પ્ય; બાકીનાને કલ્પ્ય.)

૩. શય્યાતર પિંડ. (જેને ત્યાં ઉતારો કર્યો હોય તેનું ભિક્ષાન્ન ન લેવું તે.)

૪. રાજપિંડ. (પહેલા અને છેલ્લા તીર્થંકરના વખતમાં : રાજા ઉપરાંત સેનાપતિ, પુરોહિત વગેરે રાજપુરુષોનો પિંડ ન લેવો તે.)

૫. કૃતિકર્મ. (વડીલ વગેરેના ક્રમથી પરસ્પર વંદનાદિ કરવા તે.)

૬. વ્રતકલ્પ. (પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં પાંચ વ્રત; બાકીનામાં બ્રહ્મચર્ય વિનાનાં ચાર.)

૭. જ્યેષ્ઠ (જ્યેષ્ઠત્વ વ્યવહાર).

---

૧. બકુશ અને પ્રતિસેવનાકુશીલ બંનેનું પ્રમાણ આગળ બેથી નવ કોટીશત કહેલું છે. ત્યાં બકુશનું બે-ત્રણ કોટીશતરૂપ જાણવું અને પ્રતિસેવનાકુશીલનું ચાર - છ કોટીશતરૂપ જાણવું.

૮. પ્રતિક્રમણ. (પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સમયમાં તો હંમેશ અવશ્ય કરવાનું; બાકીનામાં તો દોષ થયો હોય ત્યારે.)

૯. માસકલ્પ (વર્ષા સિવાય અન્ય ઋતુમાં એક ઠેકાણે એક માસથી વધારે ન રહેવું તે: પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં જ.)

૧૦. પર્યુષણા. (પહેલા અને છેલ્લાના સમયમાં વર્ષાકાળ પૂરતા વધારેમાં વધારે ચાર માસ એક ઠેકાણે રહેવું તે.)

**ટિપ્પણ નં. ૩ :**

## સાત સમુદ્દ્ઘાતો

સમુદ્દ્ઘાત એટલે (सम् એકમેક થવું- उद्घात् — પ્રબળતાપૂર્વક હનન) એકમેક થવા પૂર્વક પ્રબલતા વડે હનન. જૈન દર્શનમાં આત્માના પણ અણુઓ-પ્રદેશો માનવામાં આવ્યા છે; પણ તે પ્રદેશો કોઈ પણ પ્રકારે જુદા જુદા થઈ શકતા નથી. તેઓનો એકબીજા સાથેનો સંબંધ અકૃત્રિમ અને અવિનશ્વર છે. તે આત્મપ્રદેશોમાં સંકોચશક્તિ અને વિકાસશક્તિ છે : જેમ દીવાનો પ્રકાશ આખા ઓરડામાં પણ ફેલાઈ શકે, અને તેના ઉપર કૂંડું ઢાંકીએ તો તેટલા ભાગમાં પણ સંકોચાઈ શકે તેમ. આત્માને જે શરીર પ્રાપ્ત થાય તે પ્રમાણે તે લાંબો પહોળો થાય છે. કેટલીક વાર કેટલાંક કારણોને લઈને આત્મા પોતાના પ્રદેશોને શરીરમાંથી બહાર પણ પ્રસરાવે છે, તથા પાછા સંકોચી લે છે. તેને સમુદ્દ્ઘાત કહે છે. જેમ કોઈ પક્ષીની પાંખ ઉપર ખૂબ ધૂળ ચડી ગઈ હોય, ત્યારે તે પક્ષી પોતાની પાંખોને પહોળી કરી તેના ઉપરની ધૂળ ખંખેરી નાખે છે, તેમ આત્મા પોતા ઉપર ચડેલ કર્મના અણુઓને ખંખેરવા આ સમુદ્દ્ઘાતક્રિયા કરે છે.

૧. જ્યારે કોઈ જીવ વેદનાથી રિબાય છે, ત્યારે અનંતાનંત કર્મસ્કંધોથી વીંટાયેલા પોતાના પ્રદેશોને શરીરથી બહારના ભાગમાં

પણ પ્રસરાવે છે. તે પ્રદેશો શરીરનાં પોલાણોમાં તથા લંબાઈ અને પહોળાઈમાં શરીર જેટલી જગામાં વ્યાપીને રહે છે. એક અંતર્મુહૂર્ત સુધી તે પ્રકારે જીવ રહે છે. તેટલા કાળમાં તે અશાતાવેદનીય કર્મનાં ઘણાં પુદ્ગલોને (જે કર્મપુદ્ગલોનો રસ બીજે વખતે અનુભવમાં આવનાર છે, તેને પણ ઉદીરણાકરણ વડે ખેંચીને વેદી લે છે), પોતા ઉપરથી ખંખેરી નાખે છે. એ ક્રિયા 'વેદનાસમુદ્ઘાત' કહેવાય છે.

૨. તે જ પ્રમાણે કષાયના ઉદયથી ઘેરાઈ જઈ, કષાયકર્મનાં પુદ્ગલોને ખેરવી નાકે, ત્યારે 'કષાયસમુદ્ઘાત' થાય.

૩. તે જ પ્રમાણે ચાલુ આયુષ્યનું અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે શરીર કરતાં ઓછામાં ઓછી આંગળના અસંખ્યેય ભાગ જેટલી મોટી અને વધારેમાં વધારે અસંખ્યેય યોજન મોટી જગામાં વ્યાપીને અંતર્મુહૂર્તમાં આયુષ્યકર્મનાં અનેક પુદ્ગલોને ખેરવી નાખે, ત્યારે 'મરણસમુદ્ઘાત' કહેવાય.

૪. દેવ, નારકી, પવન અને કેટલાક મનુષ્ય તથા પંચેંદ્રિય તિર્યંચોમાં રૂપ ફેરવવાની શક્તિ હોય છે. તે પ્રમાણે તે શક્તિથી તે પોતાના પ્રદેશોને શરીર જેટલા પહોળા જાડા પણ સંખ્યેય યોજન લાંબા દંડના આકારમાં બહાર પ્રસરાવી, જેને લઈને શરીરનું સૌંદર્ય હીણું વગેરે થયું હોય તે પુદ્ગલોને અંતર્મુહૂર્તમાં ખંખેરી નાખી, જેને લઈને શરીર ધારે તેવું કરી શકાય તેવાં સૂક્ષ્મ પુદ્ગલો લે છે, અને લાંબું, ટૂંકું સુંદર વગેરે રૂપ ધારણ કરે છે. તે ક્રિયા 'વૈક્રિયસમુદ્ઘાત' કહેવાય.

૫. તપસ્યા કરતાં તપસ્વીઓને જેમ અનેક લબ્ધિઓ મળે છે, તેમ અનેક ગામ વગેરેને બાળી નાખવાને સમર્થ તેજોલેશ્યા નામની વિભૂતિ પણ મળે છે. તે તેજોલેશ્યા જ્યારે છોડવામાં આવે ત્યારે તૈજસસમુદ્ઘાત થાય છે.

૬. ચૌદ પૂર્વ જાણનારો મુનિ અન્ય ક્ષેત્રમાં રહેલા તીર્થંકરને શંકાનો ઉત્તર પૂછવા જે નાનું શરીર ધારણ કરે છે, તે 'આહારક'[1] શરીર કહેવાય છે. તે કરતી વખતે 'આહારક સમુદ્ઘાત' કરીને પોતાના આત્મા ઉપરનાં આહારક શરીરનામકર્મનાં પુદગલો વિખેરવામાં આવે છે.

૭. જેને કેવળજ્ઞાન હોય તે જ કેવલિસમુદ્ઘાત[2] કરી શકે છે. તેનો વખત આઠ સમયનો છે. તેટલા વખતમાં તે પોતાના ઉપર રહેલાં આયુષ્ય સિવાયનાં ત્રણ અઘાતી[3] કર્મના પુદ્ગલો ખેરવી નાખે છે.

આ સાતમાંના પહેલા ચાર નૈરયિકોને હોય છે; અસુરકુમાર વગેરે દેવોને પહેલાં પાંચ હોય છે; વાયુ-જીવ સિવાય બીજા એકેંદ્રિય અને વિકલેંદ્રિય (બે ઇંદ્રિય વગેરે) જીવોને પહેલા ત્રણ હોય છે; વાયુકાયને પહેલા ચાર હોય છે; પંચેંદ્રિય તિર્યંચોને પહેલા પાંચ હોય છે; છદ્મસ્થોને[4] પહેલા છ હોય છે અને છેલ્લો સાતમો કેવળજ્ઞાનીને હોય છે.

— શતક ૨, ઉદ્દે૦ ૨

□ □ □

૧. વિશેષ માટે જુઓ પાન ૨૫૨ પરની નોંધ.

૨. વિશેષ માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા.૧૩૩, ૪.

૩. વેદનીય, નામ અને ગૌત્ર.

૪. જુઓ આગળ પાન ૨૪૧ પરની નોંધ ૧.

# ૮

# ભિક્ષા

## ૧

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌતમ — હે ભગવન્ ! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને નિર્જીવ અને દોષરહિત અન્નપાનાદિ વડે સત્કારતા શ્રમણોપાસકને શો લાભ થાય ?

મ — હે ગૌતમ ! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને અન્નપાનાદિથી સત્કારતો શ્રમણોપાસક તે શ્રમણ યા બ્રાહ્મણને સમાધિ ઉત્પન્ન કરે છે; અને સમાધિ ઉત્પન્ન કરનાર શ્રાવક તે સમાધિ પ્રાપ્ત કરે છે.

ગૌ — હે ભગવન્ ! તેમ કરનારો શ્રમણોપાસક શેનો ત્યાગ કરે ?

મ — હે ગૌતમ ! જીવિતનો (એટલે કે જીવનનિર્વાહના કારણભૂત અન્નાદિનો) ત્યાગ કરે, દુસ્ત્યજ વસ્તુનો ત્યાગ કરે, દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરે, બોધિનો અનુભવ કરે, ત્યાર પછી સિદ્ધ થાય, અને સર્વ દુઃખનો અંત કરે.

— શતક ૭, ઉદ્દે ૧

ગૌ — હે ભગવન્ ! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને નિર્જીવ અને નિર્દોષ અન્નાદિ વડે સત્કારતા શ્રમણોપાસકને શું (ફળ) થાય ?

મ — હે ગૌતમ ! નરી નિર્જરા થાય; પણ પાપકર્મ ન થાય.

ગૌ. — હે ભગવન્ ! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને સજીવ અને સદોષ અન્નપાદિ આપતા શ્રમણોપાસકને શું થાય ?

મ. — હે ગૌતમ ! ઘણી નિર્જરા થાય, અને અત્યંત અલ્પ પાપકર્મ થાય.

ગૌ. — હે ભગવન્ ! વિરતિરહિત, તથા પાપકર્મને ન રોકનારા અને પ્રતિજ્ઞાપૂર્વક ન ત્યાગનારા અસંયમી સાધુને સજીવ કે નિર્જીવ, નિર્દોષ કે સદોષ અન્નપાનાદિ આપતા શ્રમણોપાસકને શું થાય ?

મ. — હે ગૌતમ ! નર્યું પાપકર્મ થાય, પણ નિર્જરા જરા પણ ન થાય.

— શતક ૮, ઉદ્દે. ૬

૨

ગૃહસ્થને ઘેર આહાર ગ્રહણ કરવાની ઇચ્છાથી દાખલ થયેલા નિર્ગ્રંથને કોઈ ગૃહસ્થ બે પિંડ આપે અને કહે કે, ‘એક તમે ખાજો અને બીજો સ્થવિરોને આપજો.’ પછી તે નિર્ગ્રંથ તે બંને પિંડ ગ્રહણ કરે અને સ્થવિરોની શોધ કરે; તપાસ કરતાં જ્યાં સ્થવિરોને જુએ ત્યાં જ તે પિંડ તેમને આપે; જો સ્થવિરો ન જડે, તો તે પિંડ પોતે ખાય નહિ, અને બીજાને આપે નહિ, પણ એકાંત — જવરઅવર વિનાનું, નિર્જીવ સ્થળ જોઈને તેને સાફ કરી ત્યાં નાખી દે.

એ પ્રમાણે ત્રણ, ચાર ... અને દશ પિંડનું તથા પાત્ર વગેરેનું પણ સમજવું.

— શતક ૮, ઉદ્દે. ૬

૩

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌતમ — હે ભગવન્ ! અંગારદોષસહિત, ધૂમદોષસહિત અને સંયોજનાદોષ વડે દુષ્ટ પાનભોજનનો શો અર્થ છે ?

મ — હે ગૌતમ ! કોઈ નિર્ગ્રંથ સાધુ યા સાધ્વી નિર્જીવ અને નિર્દોષ અન્નપાનાદિ ગ્રહણ કરી, તેમાં મૂર્છિત, લુબ્ધ અને આસક્ત થઈને આહાર કરે, તો હે ગૌતમ ! એ અંગારદોષસહિત પાનભોજન કહેવાય. જો તેને અત્યંત અપ્રીતિપૂર્વક તથા ક્રોધથી ખિન્ન થઈને ખાય-પીએ તો હે ગૌતમ ! તે ધૂમદોષસહિત પાનભોજન કહેવાય; અને કોઈ સાધુ યા સાધ્વી આહારને ગ્રહણ કરી, તેમાં સ્વાદ ઉત્પન્ન કરવા બીજા પદાર્થ સાથે સંયોગ કરી તેનું ભોજન કરે, તો હે ગૌતમ ! એ સંયોજનાદોષ વડે દુષ્ટ પાનભોજન કહેવાય.

એ બધાથી ઊલટું કરવું, એ તે દોષથી રહિત પાનભોજન છે.

ગૌ — હે ભગવન્ ! ક્ષેત્રાતિક્રાન્ત, કાલાતિક્રાન્ત, માર્ગાતિક્રાન્ત, અને પ્રમાણાતિક્રાન્ત પાનભોજન એટલે શું ?

મ — હે ગૌતમ ! કોઈ સાધુ નિર્દોષ પાનભોજનને સૂર્ય ઊગ્યા પહેલાં ગ્રહણ કરી, સૂર્ય ઊગ્યા પછી ખાય, તો હે ગૌતમ ! તે ક્ષેત્રાતિક્રાન્ત ભોજન કહેવાય; અથવા પહેલા પહોરમાં ગ્રહણ કરી, છેલ્લા પહોર સુધી રાખીને પછી ખાય તો તે કાલાતિક્રાન્ત પાનભોજન કહેવાય; વળી કૂકડીના ઇંડા જેટલા ૩૨ થી વધારે કોળિયા જેટલું ખાય, તો તે પ્રમાણાતિક્રાન્ત પાનભોજન કહેવાય; કૂકડીના ઇંડા જેટલા આઠ કોળિયા ખાય તો તે અલ્પાહાર કહેવાય; ૧૨ કોળિયા ખાય તો કાંઈક ન્યૂન અર્ધ ઊણોદરી કહેવાય; ૧૬ કોળિયા ખાય તો અર્ધાહાર કહેવાય; ૨૪ કોળિયા ખાય તો

ઊનોદરિકા કહેવાય; અને ૩૨ કોળિયા ખાય તો પ્રમાણસર ભોજન કહેવાય. તેથી એક પણ કોળિયો ઓછો કરનાર સાધુ 'પ્રકામરસભોજી' એટલે કે 'અત્યંત મધુરાદિ રસનો ભોકતા' ન કહેવાય.

હે ગૌતમ ! કોઈ સાધુ યા સાધ્વી, જે પોતે શસ્ત્ર અને મુશલાદિરહિત હોય, તેમ પુષ્પમાલા અને ચંદનના વિલેપનરહિત હોય, તે સાધુ યા સાધ્વી, કૃમ્યાદિ જંતુરિહત, નિર્જીવ, સાધુને માટે તૈયાર નહિ કરેલ-કરાવેલ, નહિ સંકલ્પેલ, આમંત્રણ દીધા વિનાનો, નહિ ખરીદેલ, અનુદ્દિષ્ટ[૧] નવકોટીવિશુદ્ધ[૨], ભિક્ષાના ૪૨ દોષોથી[૩] રહિત, ઉપર જણાવેલા અંગાર-ધૂમ-સંયોજના દોષોથી રહિત આહાર, સુરસુર કે ચપચપ શબ્દ કર્યા વિના, બહુ ઉતાવળથી નહિ કે આહારના કોઈ ભાગને પડતો મૂક્યા વિના, ગાડાની ધરીને તેલ ઊંજવું જોઈએ કે વ્રણ ઉપર લેપ કરવો જોઈએ એવી ભાવનાથી, કેવળ સંયમના નિર્વાહ અર્થે, તથા સાપ આજુબાજુ સ્પર્શ કર્યા વિના સીધો દરમાં પેસે તેમ સ્વાદ માટે મોંમાં ફેરવ્યા વિના ખાય, તો તે આહાર 'શસ્ત્રાતીત'—એટલે કે અગ્નિ વગેરે નાશક વસ્તુ — શસ્ત્ર — ઉપરથી ઊતરેલો, 'શસ્ત્રપરિણામિત' એટલે કે અગ્નિ વગેરે શસ્ત્રથી નિર્જીવ કરાયેલો, 'એષિત' એટલે કે એષણાના દોષોથી[૪] રહિત,

---

૧. પહેલેથી તૈયાર કરેલ આહારને સાધુને ઉદ્દેશી દહીં-ગોળ વગેરેથી સ્વાદિષ્ટ ન કરેલો.

૨. હણવું, હણાવવું, હણતાને અનુમતિ આપવી, રાંધવું, રંધાવવું, રંધતાને અનુમતિ આપવી, ખરીદવું, ખરીદાવવું અને ખરીદ કરતાને અનુમતિ આપવી — એ નવ કોટીઓ વિનાનો.

૩. જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક પા. ૧૪૭.

૪. ઉપર જણાવેલા ૪૨ દોષોમાંના શંકિતાદિ ૧૦ દોષો. જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૧૫૦.

'વ્યેષિત' એટલે કે વિશેષતઃ એષણા દોષથી રહિત, તથા 'સામુદાયિક' — એટલે કે જુદેજુદે ઠેકાણેથી માગીને મેળવેલો આહાર કહેવાય.

—શતક ૭, ઉદ્દે ૧

૪

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌતમ — હે ભગવન્ ! સાધુને ખ્યાલમાં રાખી તૈયાર કરેલા આહારને[1] ખાનારો શ્રમણ નિર્ગ્રંથ શું કરે છે ?

મ — હે ગૌતમ ! તેવા આહારને ખાતો શ્રમણ નિર્ગ્રંથ આયુષ્ય સિવાયની તથા પોચે બંધને બાંધેલી સાત કર્મપ્રકૃતિઓને મજબૂત બંધને બાંધેલી કરે છે, અને સંસારમાં વારંવાર ભમે છે.

ગૌ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

મ — હે ગૌતમ ! તેવા અન્નને ખાતો શ્રમણ નિર્ગ્રંથ પોતાના ધર્મને ઓળંગી જાય છે. પોતાના ધર્મને ઓળંગતો તે શ્રમણ પૃથિવીકાય વગેરે જીવ-વર્ગોની દરકાર કરતો નથી, તથા જે જીવોનાં શરીરોને તે ખાય છે, તે જીવોની પણ દરકાર કરતો નથી. તેથી કરીને ઉપર પ્રમાણે કહ્યું છે.

પરંતુ તેથી ઊલટું કરનારો, એટલે કે તેવા દોષવાળું અન્નપાન ન ખાનારો શ્રમણ મજબૂત બંધાયેલી સાતે કર્મપ્રકૃતિઓને પોચી કરે છે[2], દુઃખપૂર્વક અનુભવવાના કર્મનો વારંવાર ઉપચય નથી કરતો,

---

૧. તેને પરિભાષામાં 'આધાકર્મ' દોષથી દૂષિત આહાર કહે છે.

૨. વગેરે બધું પા. ૬૨ ઉપર જણાવેલ અસંવૃત અનગારથી ઊલટું સંવૃત અનગારની પેઠે સમજવું.

તથા અનાદિ અનંત સંસારરૂપી અરણ્યનું ઉલ્લંઘન કરે છે, સિદ્ધ થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

— શતક ૧, ઉદ્દે૦ ૯

## ૫

આધાકર્મ વગેરે દોષોયુક્ત આહારને નિર્દોષ માની, પોતે તેનું ભોજન કરવું, બીજા સાધુઓને તે આપવો તથા સભામાં તેનું નિર્દોષપણું કહેવું, એ બધું વિપરીત શ્રદ્ધારૂપ હોવાથી તેનાથી જ્ઞાન-દર્શન-ચારિત્રની વિરાધના દેખીતી છે. તેવો સાધુ તે બાબતમાં પોતાની ભૂલ પ્રગટ કરી, તે બાબતનો અનુતાપ કરી, ફરી તેમ ન કરવા સાવધાન બનતા પહેલાં મરણ પામે, તો તે ધર્મનો આરાધક નથી; પરંતુ ઉપર કહ્યા પ્રમાણે કરીને જ મરણ પામે, તો તે આરાધક છે. તે જ પ્રમાણે, સાધુ માટે ખરીદેલું ભોજન, સાધુ માટે રાખી મૂકેલું ભોજન, ભૂકો થઈ ગયેલા લાડવાનો સાધુ માટે લાડવો વાળેલું વગેરે (‘રચિત’) ભોજન, જંગલમાં સાધુના નિર્વાહ માટે તૈયાર કરેલ સદાવ્રતનો આહાર, દુકાળ વખતે સાધુ માટે સ્થાપેલ સદાવ્રતનો આહાર, દુર્દિન — વરસાદ આવતો હોય ત્યારે સાધુ માટે તૈયાર કરેલો આહાર (‘વાર્દલિકા- ભક્ત’), રોગીની નીરોગતાને અર્થે ભિક્ષુને દેવા તૈયાર કરેલો આહાર, જેને ત્યાં ઉતારો કર્યો હોય તેના ઘરનો જ આહાર (‘શય્યાતર પિંડ’), અને રાજપિંડ એ બધી જાતના આહાર માટે પણ જાણવું.

— શતક ૫, ઉદ્દે૦ ૬

□ □ □

૯

# કયું પાપ લાગે ?

૧

ગૌતમ — હે ભગવન્ ! હરણોથી આજીવિકા ચલાવનાર, હરણોનો શિકારી વન-જંગલમાં મૃગના વધ માટે ખાડા અને જાળ રચે, તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ?

મ૦ — હે ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ તે જાળને ધારણ કરે છે, અને મૃગોને બાંધતો નથી, તથા મૃગોને મારતો નથી, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, આધિકરણિકી[1] અને પ્રાદ્વેષિકી[2] એ ત્રણ ક્રિયાઓવાળો છે; જ્યાં સુધી તે પુરુષ તે જાળને ધરી રાખે છે અને મૃગોને બાંધે છે, પણ મૃગોને મારતો નથી. ત્યાં સુધી તે કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી[3] એ ચાર ક્રિયાઓવાળો છે; અને જ્યારે તે જાળ ધારણ કરી રાખી, મૃગને બાંધી, મૃગને મારે, ત્યારે તે ઉપરની ચાર ઉપરાંત પ્રાણાતિપાત[4] ક્રિયા મળીને પાંચ ક્રિયાવાળો થાય છે.

ગૌ૦— હે ભગવન્ ! કોઈ પુરુષ વન-જંગલમાં તરણાં ભેગાં કરી, તેમાં આગ મૂકે, તો તે કેટલી ક્રિયાઓવાળો કહેવાય ?

મ૦— હે ગૌતમ ! જ્યાં સુધી તરણાંને ભેગાં કરે, ત્યાં સુધી

---

૧. જાળ વગેરે અધિકરણ-શસ્ત્રનો પ્રયોગ કરવારૂપી.

૨. મનમાં પ્રદ્વેષ ધારણ કરવારૂપી.

૩. પરિતાપ આપવારૂપી.

૪. વધ કરવારૂપી.

તે ત્રણ ક્રિયાઓવાળો છે; આગ મૂકે ત્યારે ચાર ક્રિયાઓવાળો છે અને બાળે ત્યારે પાંચ ક્રિયાઓવાળો થાય છે.

ગૌ૦— હે ભગવન્ ! હરણોથી આજીવિકા ચલાવનાર શિકારી વન-જંગલમાં કોઈ હરણને મારવા બાણ ફેંકે, તો તે કેટલી ક્રિયાઓવાળો થાય ?

મ૦— હે ગૌતમ ! જ્યાં સુધી તે બાણ ફેંકે છે, ત્યાં સુધી તે ત્રણ ક્રિયાવાળો છે; મૃગને વીંધે છે, ત્યાં સુધી ચાર ક્રિયાવાળો છે; અને મૃગને મારે છે, ત્યારે પાંચ ક્રિયાવાળો થાય છે.

ગૌ૦— કોઈ પારધી મૃગને મારવા બાણ ધનુષ્ય ઉપર ચડાવી કાન સુધી ખેંચે, તેવામાં તેનો શત્રુ આવી તેનું માથું તરવાર થી કાપી નાંખે; પરંતુ પેલું બાણ છટકી પેલા મૃગને વીંધે, તો પેલા શત્રુને મૃગની હત્યા પણ લાગે કે પારધીની જ ?

મ૦— મૃગની હત્યા પેલા પારધીને જ લાગે છે; પેલા શત્રુને તો પારધીની જ હત્યા લાગે. કારણ કે, ‘જે વસ્તુ કરાતી હોય તે પણ કરાઈ જ કહેવાય’, એ ન્યાયે પેલા પારધીએ મૃગને માર્યો જ છે. એટલો વિશેષ છે કે, મરનાર છ માસની અંદર મરે, તો મરનાર પુરુષ પાંચે ક્રિયાઓવાળો થાય, પણ છ માસ પછી મરે તો પારિતાપનિકી સુધીની ચાર ક્રિયાઓવાળો જ થાય; પ્રાણવધ રૂપી પાંચમી ક્રિયા તેને ન લાગે.

— શતક ૧, ઉદ્દે૦ ૮

૨

ગૌ૦— હે ભગવન્ ! કોઈ પુરુષ ધનુષ્ય ઉપર બાણ ચડાવી આકાશમાં ફેંકે; પછી તે બાણ આકાશમાં અનેક પ્રાણોને, ભૂતોને, જીવોને અને સત્ત્વોને હણે, તો હે ભગવન્ ! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ?

મ૦— હે ગૌતમ ! તે પુરુષને પાંચે ક્રિયાઓ લાગે છે. વળી જે જીવોના શરીર દ્વારા તે ધનુષ્ય બન્યું છે તે જીવોને પણ પાંચે ક્રિયાઓ લાગે છે. ધનુષ્યની પીઠને, દોરીને અને નારુને પણ પાંચ; તથા બાણ, શર, પત્ર (પીંછાં), અને નારુને પણ પાંચ.

ગૌ૦— હે ભગવન્ ! પછી તે બાણ આકાશમાંથી પોતાના ભારેપણાને લીધે નીચે પડવા માંડે અને તે વખતે માર્ગમાં આવતા પ્રાણોને હણે, ત્યારે તે પુરુષને કેટલી ક્રિયા લાગે ?

મ૦— ત્યારે તે પુરુષને પારિતાપનિકી સુધીની ચાર ક્રિયાઓ લાગે; જે જીવોના શરીરનું ધનુષ્ય બનેલું છે, તે જીવોને પણ ચાર; ધનુષ્યની પીઠ, દોરી અને નારુને ચાર; પરંતુ બાણ, શર, પત્ર, ફલ અને નારુને પાંચ ક્રિયાઓ લાગે છે, તથા તે નીચે પડતા બાણના અવગહમાં[1] જે જીવો છે, તે જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.[2]

— શતક ૫, ઉદ્દે૰ ૬

---

૧. ટેકો-આધાર.

૨. ટીકામાંથી : શંકા—જે જીવના શરીરનાં ધનુષ્યાદિ બન્યાં છે તે જીવને પણ ક્રિયાઓ લાગે, તો સિદ્ધ-મુક્ત જીવોનાં શરીરથી પણ જગતમાં કાંઈ હિંસાદિ થતી હશે; તો તેમને પણ પાપકર્મ લાગવાનો પ્રસંગ આવશે; વળી, પાત્ર, દંડ વગેરે પદાર્થો જીવરક્ષાના હેતુરૂપ હોવાથી, તે પદાર્થો જે જીવના શરીરથી બનેલા છે, તે જીવને પુણ્ય કર્મ પણ પ્રાપ્ત થવું જોઈએ.

સમાધાન—કર્મબંધ હંમેશાં અવિરત પરિણામથી (એટલે કે પાપવ્યાપારમાંથી ન વિરમવાથી) થાય છે. જ્યાં સુધી જીવે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિનો ત્યાગ નથી કર્યો, ત્યાં સુધી તેના શરીરાદિથી અથવા તેણે રચેલ વસ્તુ વગેરેથી થતાં પાપ તેને લાગતાં જ રહેવાનાં; પરંતુ સિદ્ધોને તો અવિરત પરિણામ ન હોવાથી તેમને કર્મબંધ નથી થતો; વળી પાત્ર વગેરે જેમના શરીરથી બનેલાં છે, તે જીવોમાં પુણ્યબંધનું કારણ વિવેક વગેરે ન હોવાથી તેમને પુણ્યબંધ નથી થતો. વધુ માટે જુઓ આ માળાનું ‘શ્રીરાજચંદ્રનાં વિચારરત્નો’ પુસ્તક, પા. ૧૧૨.

૩

૧. ભાંગવા ફોડવા અને ઘાત કરવામાં સ્વયં રત રહેવું, અને બીજાની એવી પ્રવૃત્તિ જોઈ ખુશ થવું, તે 'આરંભ ક્રિયા'; ૨. જે ક્રિયા પરિગ્રહનો નાશ ન થવા દેવાને માટે કરવામાં આવે તે 'પારિગ્રહિકી'; ૩. જ્ઞાન-દર્શન આદિ બાબતોમાં બીજાને ઠગવા તે 'માયા ક્રિયા'; ૪. મિથ્યાદૃષ્ટિ પુરુષે, અનુકૂળ પ્રવૃત્તિ કરવા-કરાવવામાં પડેલા માણસને 'તું ઠીક કરે છે' ઇત્યાદિ કહી, પ્રશંસા આદિ દ્વારા તેને મિથ્યાત્વમાં વધારે દૃઢ કરવો, એ 'મિથ્યાદર્શન ક્રિયા'; અને સંયમઘાતી કર્મના પ્રભાવને કારણે પાપવ્યાપારથી નિવૃત્ત ન થવું તે 'અપ્રત્યાખ્યાન ક્રિયા'.

ગૌ૦— હે ભગવન્ ! કરિયાણાંનો વેપાર કરતા કોઈ ગૃહસ્થનું કોઈ માણસ તે કરિયાણું ચોરી જાય; પછી તે કરિયાણાની તપાસ કરનાર તે ગૃહસ્થને કઈ ક્રિયા લાગે ?

મ૦— હે ગૌતમ ! આરંભિકી, પારિગ્રહિકી, માયા-પ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનકી ક્રિયા લાગે; મિથ્યાદર્શન-પ્રત્યયિકી કદાચ લાગે અને કદાચ ન લાગે[1]. વસ્તુ જડ્યા પછી તે બધી ક્રિયાઓ પ્રતનુ થઈ જાય છે.[2]

ગૌ૦— હે ભગવન્ ! કરિયાણું વેચતા ગૃહસ્થનું કરિયાણું કોઈ ખરીદ કરનારે ખરીદ્યું, તથા તેને માટે બાનું આપ્યું પણ હજુ તે કરિયાણું લઈ જવાયું નથી, પણ વેચનારને ત્યાં જ છે. તો તે વેચનાર ગૃહસ્થને તે કરિયાણાથી શું આરંભિકી વગેરે પાંચ ક્રિયા લાગે ? તેમ

---

૧. 'જ્યારે ગૃહસ્થ મિથ્યાદૃષ્ટિ હોય ત્યારે લાગે; અને સમ્યગદૃષ્ટિ હોય ત્યારે ન લાગે.'—ટીકા

૨. 'કારણ કે ચોરાયેલી વસ્તુ હાથ આવતાં તે ગૃહસ્થ શોધવાના પ્રયત્નથી અટકેલો હોય છે, તેથી તે ક્રિયાઓ ટૂંકી—ઓછી થાય છે.' —ટીકા.

જ તે ખરીદનારને તે પાંચ ક્રિયાઓ લાગે ?

મ૦— હે ગૌતમ ! વેચનાર ગૃહસ્થને બાકીની ચાર લાગે, અને પાંચમી મિથ્યાદર્શનપ્રત્યયિકી કદાચ લાગે અને કદાચ ન લાગે.[1] ખરીદ કરનારને તે બધી ક્રિયાઓ પ્રતનુ હોય છે. પરંતુ તે કરિયાણું ખરીદનાર પોતાને ત્યાં લઈ જાય, ત્યારે તેથી ઊલટું બને છે. એટલ કે વેચનારનું પ્રતનુ હોય છે, અને ખરીદનારને મોટા રૂપમાં હોય છે.

ગૌ૦— હે ભગવન્ ! કરિયાણું વેચનાર ગૃહસ્થનું કરિયાણું કોઈ ખરીદનાર ખરીદ કરે, પરંતુ તેની કિંમત હજુ તેને આપી ન હોય, તો ખરીદ કરનારને તે ધનથી કેવી ક્રિયાઓ લાગે, અને વેચનારને તે ધનથી કેવી ક્રિયાઓ લાગે ?

મ૦— હે ગૌતમ ! ઉપર પ્રમાણે ખરીદનારને મોટા રૂપમાં લાગે, અને વેચનારને ઓછા પ્રમાણમાં લાગે.

ગૌ૦— હે ભગવન્ ! તેની કિંમત આપી દીધા પછી શું થાય ?

મ૦— હે ગૌતમ ! વેચનારને મોટા પ્રમાણમાં અને ખરીદનારને ઓછા પ્રમાણમાં લાગે.

—શતક ૫, ઉદ્દે૦ ૬

૪

ગૌ૦— શ્રમણના ઉપાશ્રયમાં રહીને સામાયિક વ્રત આચરનાર શ્રમણોપાસક ગૃહસ્થને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ?

---

૧. જુઓ પા. ૨૭૮, નોંધ ૧.

મ૦— હે ગૌતમ ! ઐર્યાપથિકી ન લાગે, પણ સાંપરાયિકી લાગે. કારણ કે, તે શ્રાવકનો આત્મા હજુ કષાયનાં સાધનોયુક્ત છે; તેથી તેને સાંપરાયિકી લાગે. કપાયરહિત પુરુષને જ માત્ર યોગ એટલે કે પ્રવૃત્તિના નિમિત્તથી ઐર્યાપથિકી ક્રિયા લાગે.

ગૌ૦— હે ભગવન્ ! કોઈ શ્રાવકે જંગમ જીવોનો વધ ન કરવાનું વ્રત લીધું હોય, પણ પૃથ્વીકાય જીવોનો વધ ન કરવાનું વ્રત ન લીધું હોય; તે ગૃહસ્થ પૃથ્વીને ખોદતાં કોઈ જંગમ જીવની હિંસા કરે, તો તેને પોતાના વ્રતમાં અતિચાર-દોષ લાગે ?

મ૦— હે ગૌતમ ! એ વસ્તુ બરાબર નથી, કારણ કે શ્રાવક કાંઈ તેનો વધ કરવા પ્રવૃત્તિ કરતો નથી.[1]

તેમ જ વનસ્પતિના વધનો નિયમ લેનાર પૃથ્વી ખોદતાં કોઈ વૃક્ષના મૂળને છેદી નાખે, તો પણ તેને દોષ નથી.

— શતક ૭, ઉદ્દે૦ ૧

## ૫

રાજગૃહ નગરમાં અન્યતીર્થિક કાલોદાયી પ્રશ્ન પૂછે છે :

કાલોદાયી : હે ભગવન્ ! બે પુરુષોમાંથી એક પુરુષ અગ્નિ સળગાવે, અને બીજો તેને ઓલવે; તે બેમાંથી કયો મહાપાતકવાળો અને કયો અલ્પ પાતકવાળો કહેવાય ?

મં૦— હે કાલોદાયી ! તે બેમાંથી જે ઓલવે છે તે અલ્પ

---

૧. સામાન્ય રીતે અંશતઃ વિરતિ વ્રત લેનાર શ્રાવકને સંકલ્પપૂર્વક કરેલ હિંસાના ત્યાગનું વ્રત હોય છે. તેથી જેની હિંસાનો નિયમ હોય તેની હિંસા કરવા સંકલ્પપૂર્વક જ્યાં સુધી તે પ્રવૃત્તિ ન કરે, ત્યાં સુધી તેને તે વ્રતમાં દોષ લાગતો નથી.

પાતકવાળો છે; અને જે સળગાવે છે, તે મહાપાતકવાળો છે. કારણ કે જે અગ્નિ સળગાવે છે, તે તો ઘણા પૃથ્વીકાયોનો નાશ કરે છે, થોડા અગ્નિકાયોનો નાશ કરે છે, ઘણા વાયુકાયોનો નાશ કરે છે. ઘણા વનસ્પતિકાયોનો નાશ કરે છે, અને ઘણા ત્રસ(જંગમ)કાયોનો નાશ કરે છે. પરંતુ, જે પુરુષ અગ્નિ ઓલવી નાખે છે, તે થોડા પૃથ્વીકાયોનો, થોડા જલકાયોનો, થોડા વાયુકાયોનો, થોડા વનસ્પતિકાયોનો, થોડા ત્રસકાયોનો અને વધારે અગ્નિકાયોનો નાશ કરે છે. તેથી હે કાલોદાયી ! સળગાવનાર કરતાં ઓલવનાર અલ્પ પાતકવાળો છે,

— શતક ૭, ઉદ્દે૰ ૧૦

૬

ગૌ૰— હે ભગવન્ ! કોઈ નિર્ગ્રંથે ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યો હોય, ત્યાં તેનાથી કાંઈ દોષ થઈ જાય; તે વખતે તેના મનમાં એમ થાય કે, 'હું અહીંયાં જ આ કાર્યોનું આલોચન (કબૂલાત) કરી, પ્રાયશ્ચિતરૂપ તપનો સ્વીકાર કરું; ત્યાર પછી સ્થવિરો પાસે જઈને વિધિસર આલોચનાદિ કરીશ.' એમ વિચારી તે નિર્ગ્રંથ સ્થવિરોની પાસે જવા નીકળે પણ ત્યાં પહોંચ્યા પહેલાં તે સ્થવિરો વાતાદિ દોષના પ્રકોપથી મૂક થઈ જાય — અર્થાત્ પ્રાયશ્ચિત ન આપી શકે; તો તે નિર્ગ્રંથ આરાધક છે કે વિરાધક ?

મ૰— હે ગૌતમ ! તે આરાધક છે, વિરાધક નથી. તે પ્રમાણે પહોંચતા પહેલાં તે નિર્ગ્રંથ જ મૂક થઈ જાય કે, તે સ્થવિરો મૃત્યુ પામે કે તે નિર્ગ્રંથ મૃત્યુ પામે વગેરે પ્રસંગોમાં પણ તેમ જ જાણવું.

ગૌ૰— હે ભગવન્ ! એમ આપ શાથી કહો છો?

મ૰— હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ ઊન વગેરેના બે, ત્રણ કે વધારે કકડા કરી, તેને અગ્નિમાં નાખે, તો હે ગૌતમ ! તે છેદાતાં

છેદાયેલું, અગ્નિમાં નંખાતાં નંખાયેલું, કે બળતાં બળેલું એમ કહેવાય કે નહિ ?

ગૌ૦— હે ભગવન્ ! તેમ કહેવાય.

મ૦— હે ગૌતમ ! તે પ્રમાણે આરાધના માટે તૈયાર થયેલો તે નિર્ગ્રંથ આરાધક છે, વિરાધક નથી.

— શતક ૮, ઉદ્દે ૬

૭

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌ૦— હે ભગવન્ ! કોઈ પુરુષ, પુરુષનો ઘાત કરતાં શું પુરુષનો જ ઘાત કરે કે પુરુષ સિવાય બીજા જીવોનો પણ ઘાત કરે ?

મ૦— હે ગૌતમ ! તે અન્ય જીવોનો પણ ઘાત કરે. તે ઘાત કરનારના મનમાં તો એમ છે કે 'હું એક પુરુષને હણું છું.' પણ તે એક પુરુષને હણતાં બીજા અનેક જીવોને હણે છે. તેથી એમ કહ્યું કે, અન્ય જીવોને પણ હણે.

તે જ પ્રમાણે ઋષિને હણનારો અનંત જીવોને હણે છે. [કારણ કે, ઋષિ જીવતો હોય તો અનેક પ્રાણીઓને જ્ઞાન આપે, અને તેઓ મોક્ષે જાય; મુક્ત જીવો તો અનંત જીવોના અહિંસક છે, તેથી તે અનંત જીવોની અહિંસામાં ઋષિ કારણ છે, માટે ઋષિનો વધ કરનાર અનંત જીવોની હિંસા કરે છે.– ટીકા.]

ગૌ૦— હે ભગવન્ ! કોઈ પુરુષ બીજા પુરુષને હણતો પુરુષના વૈરથી બંધાય કે પુરુષ સિવાય બીજા જીવોના વૈરથી પણ બંધાય ?

મ૦— હે ગૌતમ ! તે અવશ્ય પુરુષના વૈરથી તો બંધાય

જ; પરંતુ અન્ય એક જીવના વૈરથી પણ બંધાય કે અન્ય અનેક જીવોના વૈરથી પણ બંધાય. ઋષિને હણનારો તો ઋષિના વેરથી અને ઋષિ સિવાયના અનેકનાં વૈરોથી બંધાય.

— શતક ૯, ઉદ્દે. ૩૪

૮

પૃથ્વીકાયિકાદિ જીવવર્ગો પોતાના સજાતીય તેમ જ વિજાતીય જીવવર્ગોને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે.

ગૌ૰— હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવ પૃથ્વીકાયિકને શ્વાસોચ્છ્વાસરૂપે ગ્રહણ કરે અને મૂકે ત્યારે તેને કેટલી ક્રિયા લાગે ?

મ૰— હે ગૌતમ ! જ્યાં સુધી તેને પીડા ઉત્પન્ન ન કરે, ત્યાં સુધી તેને કાયિકી આદિ ત્રણ ક્રિયા હોય; પીડા કરે ત્યારે પારિતાપનિકી સહિત ચાર હોય; અને તેનો ઘાત કરે, ત્યારે પ્રાણાતિપાતિકી યુક્ત પાંચ ક્રિયા હોય. એ પ્રમાણે અન્ય જીવવર્ગોની બાબતમાં સમજવું.

ગૌ૰— હે ભગવન્ ! વાયુકાયિક જીવ વૃક્ષના મૂળને કંપાવતો કે પાડતો કેટલી ક્રિયાવાળો હોય ?

મ૰— હે ગૌતમ ! (ઉપર પ્રમાણે) કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચારવાળો અને કદાચ પાંચવાળો પણ હોય.

— શતક ૯, ઉદ્દે. ૩૪

૯

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌ૰— હે ભગવન્ ! લોઢાને તપાવવાની ભઠ્ઠીમાં લોઢાના સાંડસા વડે લોઢાને ઊંચું નીચું કરનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ?

મ○— હે ગૌતમ ! પ્રાણાતિપાત સુધીની પાંચે ક્રિયાઓ લાગે છે. વળી જે જીવોના શરીરનું લોઢું બન્યું છે, લોઢાની ભઠ્ઠી બની છે, સાંડસો બન્યો છે, અંગારા બન્યા છે, અંગારા કાઢવાનો ચીપિયો બન્યો છે, અને ધમણ બની છે, તે બધા જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.

તે જ પ્રમાણે લોઢાની ભઠ્ઠીમાંથી લોઢાને લઈને એરણ ઉપર લેતા અને મૂકતા પુરુષને તથા જે જીવોનો ઘણ બન્યો છે, હથોડો બન્યો છે, એરણ બની છે, એરણ ખોડવાનું લાકડું બન્યું છે, ગરમ લોઢાને ઠારવાની પાણીની કૂંડી બની છે, અને લુહારની કોઢ બની છે, તે બધાંને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.

— શતક ૧૬, ઉદ્દે ૧

## ૧૦

ગૌ○— હે ભગવન્ ! છ ટંકના ઉપવાસના તપપૂર્વક નિરંતર આતાપના[૧] લેતા એવા સાધુને દિવસના પૂર્વાર્ધમાં કાયોત્સર્ગ (સ્થિર રહીને ધ્યાન) કરતી વખતે પોતાના હાથ પગ વગેરે સંકોચવા કે પહોળા કરવા ઘટે નહીં; પરંતુ દિવસના પશ્ચિમાર્ધ ભાગમાં પોતાના હાથ પગ વગેરે પહોળા કરવા કલ્પે છે. હવે તે જયારે ધ્યાન કરતો હોય તે વખતે તેની નાસિકામાંથી અર્શો લટકતા જોઈ કોઈ વૈદ્ય તેને ભૂમિ ઉપર સુવાડી તેના અર્શો કાપે, તો તે કાપનાર વૈદ્યને ક્રિયા લાગે ? તેમ જ જેના અર્શો કપાય છે તેને ધર્માંતરાયરૂપ[૨] ક્રિયા સિવાય બીજી પણ ક્રિયા લાગે ?

મ○— હે ગૌતમ ! જે કાપે છે, તેને (શુભ) ક્રિયા લાગે

---

૧. તડકામાં ઊભા રહેવું તે.

૧. શુભધ્યાનમાં વિચ્છેદથી કે અર્શચ્છેદનું અનુમોદન કરવાથી.

છે; અને જેના અર્શો કપાય છે, તેને ધર્માંતરાય સિવાય બીજી ક્રિયા નથી લાગતી.

— શતક ૧૬, ઉદ્દે ૧૪

૧૧

ગૌ૦— હે ભગવન્ ! કોઈ પુરુષ તાડના ઝાડ ઉપર ચઢે અને તેનાં ફળને હલાવે કે નીચે પાડે, તો તેને કેટલી ક્રિયાઓ લાગે ?

મ૦— હે ગૌતમ ! તે પુરુષને પાંચે ક્રિયાઓ લાગે (કારણ કે તે તાડના ફળની અને તેને આશરે રહેલા જીવોની હિંસા કરે છે.) જે જીવોના શરીર દ્વારા તાડવૃક્ષ તથા તાડનું ફળ ઉત્પન્ન થયું છે, તેમને પણ પાંચે ક્રિયાઓ લાગે છે. (કારણ કે, તે બીજા જીવોને સ્પર્શાદિ વડે સાક્ષાત્ હણે છે.)

ગૌ૦— હે ભગવન્ ! તે પુરુષે હલાવ્યા કે તોડ્યા પછી, તે તાડનું ફળ પોતાના ભારથી નીચે પડે અને નીચે પડતા તે તાડના ફળ દ્વારા જીવો હણાય, તો તેથી તે ફળ તોડનારને કેટલી ક્રિયાઓ લાગે ?

મ૦— હે ગૌતમ તે પુરુષને પ્રાણાતિપાત સિવાયની ચાર લાગે; જે જીવોના શરીરથી તાડનું વૃક્ષ નીપજ્યું છે, તેમને પણ તેવી જ ચાર લાગે; પણ જે જીવોના શરીરથી તાડનું ફળ નીપજ્યું છે, તે જીવોને તથા જે જીવો તે નીચે પડતા ફળનો ઉપકારક થાય છે, તેમને પાંચે ક્રિયાઓ લાગે.

— શતક ૧૭, ઉદ્દે ૧

— ઔદારિકાદિ શરીર બાંધતો જીવ જ્યાં સુધી બીજા જીવોનો પરિતાપાદિ ઉત્પન્ન ન કરે, ત્યાં સુધી તેને કાયિકી વગેરે ત્રણ ક્રિયાઓ લાગે; જ્યારે પરને પરિતાપ કરે, ત્યારે ચાર લાગે, અને

અન્ય જીવની હિંસા કરે, ત્યારે પાંચ લાગે.

— શતક ૧૭, ઉદ્દે ૧

## ૧૨

ગૌ૦— હે ભગવન્ ! વરસાદ વરસે છે કે નથી વરસતો એ જાણવા માટે કોઈ પુરુષ પોતાનો હાથપગ સંકોચે કે પસારે તો તેને કેટલી ક્રિયાઓ લાગે ?

મ.— હે ગૌતમ ! તેને પાંચે ક્રિયાઓ લાગે.

— શતક ૧૬, ઉદ્દે ૮

## ૧૩

ગૌ૦— હે ભગવન્ ! શીલરહિત, નિર્ગુણ, મર્યાદારહિત, પોષધોપવાસપહિત, પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, મધનો આહાર કરનારા, તથા મૃત શરીરનો આહાર કરાનારા મનુષ્યો મરણ પછી ક્યાં જશે ?

મ૦— હે ગૌતમ ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે.

ગૌ૦— હે ભગવન્ ! સિંહો, વાઘો, વરુઓ, દીપડાઓ, રીંછો, તરક્ષો[૧], શરભો વગેરે નિઃશીલ જીવો ક્યાં ઉત્પન્ન થશે ?

મ૦— હે ગૌતમ ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે.

ગૌ૦— હે ભગવન્ ! કાગડાઓ, કંકો, વિલકો, જલવાયસો,

---

૧. તરક્ષ : વાઘની એક જાત.

મયૂરો વગેરે નિઃશીલ જીવો ક્યાં ઉત્પન્ન થશે ?

મ૦— હે ગૌતમ ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે.

ગૌ૦— હે ભગવન્ ! તે એ પ્રમાણે છે; હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

— શતક ૭, ઉદ્દે ૬

## ૧૪

ગૌ૦— હે ભગવન્ ! હસતો તથા કાંઈ પણ લેવાને ઉતાવળો થનાર મનુષ્ય કેટલા પ્રકારનાં કર્મ બાંધે ?

મ૦— હે ગૌતમ ! સાત કે આઠ પ્રકારનાં કર્મોને[૧] બાંધે.

ગૌ૦— હે ભગવન્ ! નિદ્રા લેતો કે ઊભો ઊભો ઊંઘતો જીવ કેટલા પ્રકારનાં કર્મ બાંધે ?

મ૦— હે ગૌતમ ! સાત કે આઠ પ્રકારનાં કર્મોને[૧] બાંધે.

— શતક ૫, ઉદ્દે ૪

□ □ □

૧. આયુષ્યકર્મ જીવનમાં એક જ વખત બંધાય છે; તેથી તે કાળે આઠ પ્રકારનાં બાંધે; નહિ તો સાત પ્રકારના.

# ૧૦

# સાધકોની વિવિધ શક્તિઓ

## ૧

ગૌતમ — હે ભગવન્ ! સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરનારો મુનિ (અવધિજ્ઞાનાદિ[1] શક્તિઓ વડે), વૈક્રિયસમુદ્‌ઘાત[2] વડે વિમાનરૂપે ગતિ કરતા દેવને જાણે કે જુએ?

મ૦ — હે ગૌતમ ! 'અવધિજ્ઞાનની શક્તિ કર્મના વૈચિત્ર્યને લીધે વિચિત્ર હોય છે. જેમ કે કેટલાકને જે સ્થળે અવધિજ્ઞાન થયું હોય તે સ્થળ છોડતાં તે જ્ઞાન પણ ચાલ્યું જાય છે; કેટલાકને બધે સ્થળે કાયમ રહે છે; કેટલાકને ધીમે ધીમે વધતું જાય છે; કેટલાકને વધ-ઘટ પામ્યા કરે છે; અને કેટલાકનું સ્થિર રહે છે.' તે મુજબ કેટલાક દેવને જુએ, પણ વિમાનને ન જુએ; કેટલાક વિમાનને જુએ પણ દેવને ન જુએ; કેટલાક દેવ અને યાન બંનેને જુએ તથા કોઈ એ બેમાંથી એકેને ન જુએ.

ગૌ૦ — હે ભગવન્ ! તે ભાવિત-આત્મા સાધુ ઝાડના અંદરના ભાગમાં જુએ કે બહારના ભાગને જુએ ?

મ૦ — હે ગૌતમ ! કોઈ અંદરનો ભાગ જુએ, કોઈ

---

૧. જેના દ્વારા પરોક્ષ રહેલા પણ રૂપવાળા પદાર્થો વિસ્તાર-પૂર્વક દેખાય, તે 'અવધિજ્ઞાન'. આ જ્ઞાન દેવોને અને નારકીઓને જન્મથી જ હોય છે. મનુષ્ય અને તિર્યંચને તેનું પ્રતિબંધક કર્મ તપ વગેરેથી નાશ પામે ત્યારે પ્રાપ્ત થાય છે. વિગત માટે જુઓ આગળ પા. ૨૭, ટિપ્પણ નં. ૩.

૨. જુઓ પા. ૯૨, ટિપ્પણ નં. ૩.

બહારનો જુએ, તથા કોઈ બંનેને જુએ [વગેરે ઉપર મુજબ]

ગૌ૦ — હે ભગવન્ ! ભાવિત-આત્મા સાધુ વૈક્રિય શરીર ધારણ કરી વૈભાર[1] પર્વતને ઓળંગી શકે ?

મ૦ — હે ગૌતમ ! ઓળંગી શકે.

ગૌ૦ — હે ભગવન્ ! તે સાધુ વૈક્રિય શક્તિ વડે જેટલાં રૂપો રાજગૃહ નગરમાં છે, તેટલાં રૂપો બનાવી, વૈભાર પર્વતમાં પ્રવેશ કરી, તે સમ પર્વતને વિષમ કરી શકે ? કે તે વિષમ પર્વતને સમ કરી શકે ?

મ૦ — હા ગૌતમ ! કરી શકે.

— શતક ૩, ઉદ્દે૦ ૪

## ૨

ગૌ૦ — હે ભગવન્ ! ભાવિત-આત્મા સાધુ વૈક્રિય શક્તિ વડે એક મોટું સ્ત્રીરૂપ સર્જવા સમર્થ છે ?

મ૦ — હા ગૌતમ ! સમર્થ છે.

ગૌ૦ — હે ભગવન્ ! તે કેટલાં સ્ત્રીરૂપો સર્જવા સમર્થ છે ?

મ૦ — હા ગૌતમ ! જેમ કોઈ જુવાન પુરુષ પોતાના હાથ વડે જુવાન સ્ત્રીના હાથ પકડે, અર્થાત્ પરસ્પર કાકડા વાળેલા હોવાથી તે બંને જેમ ગાઢ સંલગ્ન દેખાય; તથા જેમ પૈડાની ધરીમાં આરાઓ દૃઢ સંલગ્ન હોય છે, તે પ્રમાણે તે સાધુ પણ આખા જંબુદ્વીપને ઘણાં સ્ત્રીરૂપો વડે ગાઢ સંલગ્ન-આકીર્ણ કરી શકે છે.

---

૧. રાજગૃહથી અડધા ગાઉ જેટલે છેટે પાંચ પહાડો આવેલા છે, વૈભારગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ અને રત્નગિરિ. તેમાંનો એક.

હે ગૌતમ ! આમ કરવાની એની માત્ર શક્તિ છે – વિષય છે; પરંતુ કોઈ વખત એ પ્રકારે વિકુર્વણ થયું નથી, થતું નથી અને થશે નહીં.

— શતક ૩, ઉદ્દે૦,૫

૩

ગૌ૦ — હે ભગવન્ ! કોઈ પુરુષ દોરડાથી બાંધેલી ઘટિકાને લઈને ગરમ કરે, તેવું રૂપ ધારણ કરી, તે આત્મધ્યાની સાધુ ઊંચે આકાશમાં ઊડી શકે ?

મ૦ — હા ગૌતમ ! ઊડે.

ગૌ૦ — હે ભગવન્ ! તે એવાં કેટલાં રૂપો ધારણ કરવાને સમર્થ છે?

મ૦ — હે ગૌતમ ! આખો જંબુદ્વીપ ખીચોખીચ ભરાઈ જાય તેટલા રૂપ ધારણ કરી શકે; પણ તે પ્રમાણે કોઈએ કર્યું નથી, કોઈ કરતા નથી, અને કોઈ કરશે પણ નહિ.

— શતક ૧૩, ઉદ્દે૦ ૯

૪

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌ૦ — હે ભગવન્ ! તે આત્મધ્યાની સાધુ (વૈક્રિય લબ્ધિના સામર્થ્યથી) તરવારની ધાર ઉપર કે અસ્ત્રાની ધાર ઉપર રહે ?

મ૦ — હા ગૌતમ ! રહે.

ગૌ૦ — હે ભગવન્ ! તે ત્યાં છેદાય કે ભેદાય ?

મ૦ — ના ગૌતમ ! કારણ કે ત્યાં શસ્ત્ર સંક્રમતું નથી.

એ પ્રમાણે અગ્નિકાયની વચ્ચોવચ પ્રવેશ કરે; પુષ્કર-સંવર્ત નામના મોટા મેઘની વચ્ચોવચ પ્રવેશ કરે; ગંગા મહાનદીના ઊલટા પ્રવાહમાં પ્રતિસ્ખલન ન પામે, અને ઉદકાવર્ત યા ઉદકબિંદુ વિષે પ્રવેશ કરે અને નાશ ન પામે; ઇત્યાદિ સમજી લવું.

— શતક ૧૮, ઉદ્દે૦ ૧૦

૫

ગૌ૦ — હે ભગવન્ ! પ્રમત્ત સાધુ વૈક્રિયશક્તિ વડે એક વર્ણવાળું એક રૂપ સર્જવા સમર્થ છે !

મ૦ — હા ગૌતમ ! સમર્થ છે.

ગૌ૦ — હે ભગવન્ ! તે અહીં મનુષ્યલોકમાં રહેલાં પુદ્ગલ ગ્રહણ કરીને તે રૂપ સર્જે કે અન્ય સ્થળે રહેલાં ?

મ૦ — હે ગૌતમ ! અહીં રહેલાં પુદ્ગલો ગ્રહણ કરીને.

એ પ્રમાણે તે એક વર્ણવાળા અનેક આકાર, અનેક વર્ણવાળો એક આકાર, અને અનેક વર્ણવાળા અનેક આકાર ધારણ કરવા સમર્થ છે.

તે જ પ્રમાણે તે કાળા પુદ્ગલને નીલ કરી શકે; તથા એ જ પ્રમાણે ગંધ, રસ અને સ્પર્શ પણ બદલી શકે.

— શતક ૭, ઉદ્દે૦ ૯

૬

ગૌ૦ — હે ભગવન્ ! પ્રમત્ત મનુષ્ય વૈક્રિય શક્તિ[૧]નો પ્રયોગ કરે, કે અપ્રમત્ત ?

મ૦ — હે ગૌતમ ! પ્રમત્ત મનુષ્ય જ તેમ કરે.

ગૌ૦ — હે ભગવન્ ! તેનું શું કારણ ?

મ૦ — હે ગૌતમ ! પ્રમત્ત મનુષ્ય ઘી વગેરેથી ખૂબ ચિકાશદાર (પ્રણીત) પાનભોજન કરે છે;[૨] તે પ્રણીત પાનભોજન દ્વારા તેના હાડ અને હાડમાં રહેલી મજ્જા ઘન થાય છે, તથા તેનું માંસ અને લોહી પ્રતનુ (કૃશ) થાય છે. વળી તે ભોજનનાં પુદ્ગલો શ્રોત્ર વગેરે ઈંદ્રિયપણે, હાડપણે, હાડની મજ્જાપણે, કેશપણે, શ્મશ્રુપણે, રોમપણે, નખપણે, વીર્યપણે અને લોહીપણે પરિણમે છે.

પરંતુ, અપ્રમત્ત મનુષ્ય તો લૂખું પાનભોજન કરે છે. એવું ભોજન કરીને તે વમન કરતો નથી. તે લૂખા પાનભોજન દ્વારા તેનાં હાડ, હાડની મજ્જા વગેરે (પ્રતનુ) કૃશ થાય છે, અને તેનું માંસ અને લોહી ઘન થાય છે. તથા તે ભોજનનાં પુદ્ગલો વિષ્ઠા, મૂત્ર, લીંટ, કફ, વમન, પિત્ત, પૂતિ અને લોહીપણે પરિણમે છે. તે કારણથી અપ્રમત્ત મનુષ્ય વિકુર્વણ કરતો નથી.

— શતક ૩, ઉદ્દે૦ ૪

૭

ગૌ૦ — હે ભગવન્ ! પોતાના વિષયમાં શિષ્યવર્ગને

---

૧. રૂપ બદલવાની શક્તિ.

૨. મૂળમાં અહીં, ‘એવું ભોજન કરી કરીને વમન કરે છે,’ એટલું વધારે છે. “વમન અથવા વિરેચન.”—ટીકા.

ખેદરહિતપણે સ્વીકારતા, અને ખેદરહિતપણે સહાય કરતા આચાર્ય કેટલા જન્મ ગ્રહણ કરીને સિદ્ધ થાય ?

મ૦ — હે ગૌતમ ! કેટલાક તે જ ભવ વડે સિદ્ધ થાય, તો કેટલાક બે ભવ ગ્રહણ કરી સિદ્ધ થાય; પણ ત્રીજા ભવને કોઈ અતિક્રમે નહિ.

— શતક ૫, ઉદ્દે૦ ૬

૮

ગૌ૦ — હે ભગવન્ ! કોઈ ભાવિતાત્મા સાધુ સૌધર્માદિ દેવલોકના આ છેડે આવેલા દેવાવાસની સ્થિતિ પ્રાપ્ત થવાને યોગ્ય અધ્યવસાય સ્થાનને ઓળંગી ગયો હોય છે; પરંતુ ઉપર રહેલા સન્ત્કુમારાદિ દેવલોકના સ્થાનને યોગ્ય અધ્યવસાયને પ્રાપ્ત થયો નથી; એ અવસરે તે મૃત્યુ પામે તો ક્યાં ઊપજે ?

મ૦ — હે ગૌતમ ! ઉપર જણાવેલા લોકની પાસે ઈશાનાદિ દેવલોકમાં પોતાની લેશ્યા અનુસાર તે તે લેશ્યાવાળા દેવાવાસોમાં તેની ગતિ અને ઉત્પત્તિ થાય છે. ત્યાં જઈને તે પોતાની લેશ્યા છોડે તો ભાવલેશ્યાથી પડે છે, પણ તેની દ્રવ્યલેશ્યા તો કાયમ જ રહે છે.[1]

— શતક ૧૪, ઉદ્દે૦ ૧

ગૌ૦ — હે ભગવન્ ! કેવલજ્ઞાની છદ્મસ્થ[2]ને જાણે ને જુએ ?

મ૦ — હા.

ગૌ૦ — સિદ્ધ પણ છદ્મસ્થને જાણે અને જુએ ?

---

૧. દેવ અને નારકો દ્રવ્યલેશ્યાથી પડતા નથી; પરંતુ ભાવલેશ્યાથી જ પડે છે; કારણ કે તેમની દ્રવ્યલેશ્યા તો અવસ્થિત જ હોય છે.

૨. જુઓ ભગવતીસારના સિદ્ધાંતખંડમાં જીવવિભાગમાં પ્રકરણમાં લબ્ધિ વિભાગ પરની નોંધ ૧.

મ૦ — હા. તે પ્રમાણે કેવલજ્ઞાની અવધિજ્ઞાનીને, પરમાવધિજ્ઞાનીને અને સિદ્ધને પણ જાણે અને જુએ. તે પ્રમાણે સિદ્ધ પણ સિદ્ધને જાણે અને જુએ.[1]

ગૌ૦ — હે ભગવન્ ! કેવલજ્ઞાની બોલે અથવા પ્રશ્નો ઉત્તર કહે ?

મ૦ — હા. પરંતુ તે પ્રમાણે સિદ્ધ બોલે નહિ અથવા પ્રશ્નોતર ન કહે. કારણ કે કેવલજ્ઞાની, ઊભા થવું, ગમનાદિ ક્રિયા કરવી, બલ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ સહિત હોય છે, પણ સિદ્ધો તે બધાથી રહિત હોય છે.

ગૌ૦ — હે ભગવન્ ! કેવલજ્ઞાની આંખ ઉઘાડે અને મીંચે ?

મ૦ — હા ગૌતમ ! આંખ ઉઘાડે– મીંચે, શરીરને સંકુચિત કરે – પ્રસારે, ઊભો રહે -બેસે, આડે પડખે થાય, તથા શય્યા (વસતિ) અને નૈષેધિકી (થોડા કાલ માટે વસતિ) કરે.

ગૌ૦ — હે ભગવન્ ! કેવલી રત્નપ્રભા વગેરે પૃથિવીને, તથા સૌધર્મ વગેરે કલ્પોને, ‘આ રત્નપ્રભા પૃથિવી વગેરે છે’ એ પ્રમાણે જાણે અને દેખે ?

મ૦ — હા ગૌતમ ! તે પ્રમાણે જાણે અને દેખે. સિદ્ધો પણ એ પ્રમાણે જાણે અને જુએ.

— શતક ૧૪, ઉદ્દે૦ ૧૦

ગૌ૦ — હે ભગવન્ ! કેવલીમનુષ્ય અંતકરને વા અંતિમ શરીરવાળાને જાણે અને જુએ ?

મ૦ — હા ગૌતમ !

---

૧. અહીં અનેક પ્રશ્નોના ઉત્તરો એકસાથે આપ્યા છે.

ગૌ૦ — હે ભગવન્ ! તે પ્રમાણે છદ્મસ્થ પણ જાણે અને જુએ ?

મ૦ — ના ગૌતમ ! પરંતુ સાંભળીને અથવા (અનુમાનાદિ) પ્રમાણથી જાણે અને જુએ.

— શતક ૫, ઉદ્દે૦ ૪

ગૌ૦ — હે ભગવન્ ! કેવલીઓ ઈંદ્રિયો દ્વારા જાણે અને જુએ ?

મ૦ — હા ગૌતમ ! કારણ કે તેઓ તો દરેક દિશામાં મિતને પણ જાણે અને જુએ તથા અમિતને પણ જાણે અને જુએ.

— શતક ૬, ઉદ્દે૦ ૧૦

## ૧૦

ગૌ૦ — હે ભગવન્ ! છદ્મસ્થની પેઠે કેવળજ્ઞાની પણ હસે અને કાંઈ લેવાને ઉતાવળો થાય ?

મ૦ — ના ગૌતમ ! કારણ કે બધા જીવો ચારિત્રમોહનીય કર્મના ઉદયથી હસે છે અને ઉતાવળા થાય છે; પણ કેવળજ્ઞાનીને તો તે કર્મનો ઉદય જ નથી. તે પ્રમાણે દર્શનાવરણીયકર્મનો[1] ઉદય ન હોવાથી કેવળજ્ઞાની છદ્મસ્થની પેઠે નિદ્રા લેતો નથી, તથા ઊભો ઊભો ઊંઘતો નથી.

— શતક ૫, ઉદ્દે૦ ૪

---

૧. દર્શનાવરણીય કર્મ ‘દર્શન’ અર્થાત્ વસ્તુના સામાન્ય બોધને આવરે છે, એટલું જ નહિ પણ, તેનાથી, સહેલાઈથી જાગી શકાય તેવી, કે સહેલાઈથી ન જાગી શકાય તેવી, તથા બેઠાં બેઠાં - ઊભા ઊભા અને ચાલતાં ચાલતાં આવે તેવી નિદ્રા પણ પ્રાપ્ત થાય છે; તથા જાગૃત અવસ્થામાં ચિંતવેલ કાર્ય નિદ્રાવસ્થામાં સાધવાનું બળ પણ પ્રગટે છે. જુઓ આ માળાનું ‘અંતિમ ઉપદેશ’ પુસ્તક, પા. ૨૨૭.

૧૧

ગૌ — હે ભગવન્ ! શૈલેશી[1] અવસ્થાને પ્રાપ્ત થયેલ સાધુ કંપે, અને તે તે ભાવે પરિણમે ?

મ — ના ગૌતમ ! શૈલેશી અવસ્થામાં આત્મા અત્યંત સ્થિરતાને પ્રાપ્ત થયેલ હોવાથી પરપ્રયોગ સિવાય ન કંપે.

યોગ દ્વારા (પ્રવૃત્તિ) આત્મપ્રદેશોનું અથવા પુદ્ગલદ્રવ્યોનું ચલન કે કંપન 'એજના' કહેવાય છે. તેના દ્રવ્યાદિ પાંચ પ્રકાર છે : મનુષ્યાદિ જીવદ્રવ્યોનું કે મનુષ્યાદિ જીવ સહિત પુદગલદ્રવ્યોનું કંપન તે દ્રવ્યૈજના; મનુષ્યાદિ ક્ષેત્રને વિષે વર્તમાન જીવોનું કંપન તે ક્ષેત્રૈજના; મનુષ્યાદિ કાળે વર્તમાન જીવોનું કંપન તે કાલૈજના; ઔદયિકાદિ ભાવમાં વર્તતા જીવોનું કે પુદ્ગલોનું કંપન તે ભાવૈજના; અને મનુષ્યાદિ ભવમાં વર્તતા જીવોની એજના તે ભવૈજના.

—શતક ૧૭, ઉદ્દે૰ ૩

૧૨

રાજગૃહ નગરનો પ્રસંગ છે. મહાવીર ભગવાનના ભદ્ર પ્રકૃતિવાળા શિષ્ય માકંદિપુત્ર પ્રશ્ન પૂછે છે :

માકંદિપુત્ર — હે ભગવન્ ! કાપોતલેશ્યાવાળો પૃથિવીકાયિક જીવ મરણ પામી, તુરત જ મનુષ્યશરીરને પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને સિદ્ધ થઈ સર્વ દુઃખોનો નાશ કરે ?

મ — હા માકંદિપુત્ર ! સર્વ દુઃખોનો નાશ કરે.

તે જ પ્રમાણે કાપોતલેશ્યાવાળા અપ્કાયિક અને

---

૧. ધ્યાનની નિશ્ચલ અવસ્થા. જુઓ 'અંતિમ ઉપદેશ' પા. ૧૮૬, ૧૯૨.

વનસ્પતિકાયિક જીવનું પણ જાણવું.

— શતક ૧૮, ઉદ્દે૰ ૩

## ૧૩

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌ — હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય પરમાણુપુદ્ગલને જાણે અને જુએ, કે ન જાણે અને ન જુએ ?

મ — હે ગૌતમ ! કોઈ જાણે પણ જુએ નહીં, અને કોઈ જાણે નહીં અને જુએ પણ નહીં. એ પ્રમાણે અસંખ્યાત પ્રદેશિક સ્કંધો સુધી જાણવું. અનંતપ્રદેશિક સ્કંધ (સ્થૂલ પણ હોવાથી તેમ)ની બાબતમાં આ પ્રમાણે જાણવું : કોઈ જાણે અને જુએ; કોઈ જાણે પણ જુએ નહીં, કોઈ જાણે નહીં પણ જુએ, અને કોઈ જાણે નહીં તેમ જુએ પણ નહીં.

એ પ્રમાણે અવધિજ્ઞાનનું પણ જાણવું.

ગૌ — હે ભગવન્ ! પરમાવધિજ્ઞાની મનુષ્ય પુદ્ગલ પરમાણુને જે સમયે જાણે તે સમયે જુએ ? અને જે સમયે જુએ તે સમયે જાણે !

મ — હે ગૌતમ ! એ બરાબર નથી. કારણ કે, પરમાવધિજ્ઞાનનું જ્ઞાન સાકાર એટલે કે વિશેષગ્રાહક હોય છે અને દર્શન અનાકાર એટલે કે સામાન્યગ્રાહક હોય છે. માટે જે સમયે જુએ છે તે સમયે જાણતો નથી ઈ.

ગૌ — હે ભગવન્ ! કેવલજ્ઞાની પરમાણુપુદ્ગલને જે સમયે જાણે તે સમયે જુએ ઇ ?

મ — હે ગૌતમ ! જેમ પરમાવધિ વિષે કહ્યું તે પ્રમાણે જ

કેવલજ્ઞાનીનું પણ જાણવું.

— શતક ૧૮, ઉદ્દે૦ ૮

## ૧૪

ચારણ એટલે આકાશમાં ગમન કરવાની શક્તિવાળા મુનિ.

ગૌ — હે ભગવન્ ! ચારણ કેટલા પ્રકારના છે ?

મ — હે ગૌતમ ! ચારણ બે પ્રકારના છે : વિદ્યાચારણ અને જંઘાચારણ.

ગૌ — હે ભગવન્ ! વિદ્યાચારણ મુનિને વિદ્યાચારણ શાથી કહે છે ?

મ — હે ગૌતમ ! નિરંતર છ-છ ટંકના ઉપવાસરૂપ તપકર્મ વડે, અને 'પૂર્વ'નામક શાસ્ત્રોરૂપ વિદ્યા વડે તપશક્તિને પામેલા મુનિને વિદ્યાચારણ નામની લબ્ધિ (શક્તિ) પ્રાપ્ત થાય છે, માટે તે વિદ્યાચારણ કહેવાય છે. હે ગૌતમ ! આ જંબુદ્વીપનો પરિધિ ત્રણ લાખ, સોળ હજાર અને બસોસત્તાવીસ યોજન છે; તે સંપૂર્ણ દ્વીપને કોઈ મહાશક્તિશાળી દેવ ત્રણ ચપટી વગાડે તેટલી વારમાં ત્રણ વાર ફરીને શીઘ્ર પાછો આવે તેવી તેની શીઘ્ર ગતિ છે. તે એક પગલા વડે માનુષોત્તર[1] પર્વત ઉપર પહોંચી જઈ, ત્યાંનાં ચૈત્યોને વંદન કરી, બીજા પગલા વડે નંદીશ્વર દ્વીપમાં[2] જાય, તથા ત્યાંનાં ચૈત્યોને વંદી અહીં પાછો આવે, અને અહીંનાં ચૈત્યોને વંદે. વળી એક જ પગલામાં નંદનવનમાં જાય, અને ત્યાંનાં ચૈત્યોને વંદી, બીજા

---

૧. ત્રીજા પુષ્કર દ્વીપની મધ્યમાં આવેલો પર્વત : મનુષ્યક્ષેત્રની સીમા.

૨. જંબુદ્વીપની આસપાસ વીંટળાઈને આવેલા અનેક દ્વીપોમાંનો આઠમો.

પગલામાં પાંડુકવનમાં[1] જાય, તથા ત્યાંનાં ચૈત્યોને વંદી અહીં પાછો આવી અહીંનાં ચૈત્યોને વંદે.

હે ગૌતમ ! જો તે વિદ્યાચારણ ગમનાગમન સંબંધી પાપસ્થાનકોને આલોચ્યા કે પ્રતિક્રમ્યા વિના મરણ પામે, તો આરાધક થતો નથી; અને જો આલોચીને કે પ્રતિક્રમીને મરણ પામે તો આરાધક થાય છે[2].

□□□

---

૧. મેરુપર્વતના શિખર ઉપર આવેલું વન.

૨. લબ્ધિનો ઉપયોગ કરવો તે પ્રમાદ છે. તેનો ઉપયોગ કર્યો હોય તો તેની આલોચના (કબૂલાત, પ્રાયશ્ચિત અને ત્યાગ) ઇ૦ ન કર્યાં હોય, તો તેને ચારિત્રની આરાધના થતી નથી.

શ્રુતરત્નાકર
૧૦૪, સારપ બિલ્ડીંગ, નવજીવન પ્રેસ સામે, આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪.